G.U.P. 708-303-1-62

[illegible]
વા. ૬-૧-

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૨ના જાન્યુઆરી માસની સભા, શનિવાર, તા. ૬-૧-૧૯૬૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ડી. એલ. શર્મા, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૪. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૫. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન મા. નાણાવટી	ગેરહાજર
૭. શ્રી. ઘનશ્યામલાલ છો. ઓઝા	હાજર
૮. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૯. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૦. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૧. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૩. આચાર્ય સં. ૨. ભટ્ટ	હાજર
૧૪. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૫. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૬. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	હાજર.

...તા. ૧૬-૧૨-૧૯૬૧ના રોજ મળેલ સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની ...નૂરી આપવા બાબત.

...૧૬-૧૨-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટની ખાસ સભાના કામકાજની નોંધને મંજૂર ...વી આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના સને ૧૯૬૦-૬૧ના વર્ષના અગિયારમા વાર્ષિક અહેવાલના મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિએ ઘડેલો ૧૯૬૦-૬૧ના વાર્ષિક અહેવાલનો મુસદ્દો જરૂરી શાબ્દિક કે ભાષાના સુધારા સાથે મંજૂર કરવો.

૩. યુનિવર્સિટીના સને ૧૯૬૧-૬૨ના પુનર્નિર્મિત (revised) અંદાજ અને સને ૧૯૬૨-૬૩ના અંદાજ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૧-૬૨ના પુનર્નિર્મિત (revised) અંદાજ અને સને ૧૯૬૨-૬૩ના અંદાજ મંજૂર કરવા.

૪. સને ૧૯૬૨ના પહેલા છ માસ દરમિયાન લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૨ના પહેલા છ માસ દરમિયાન લેવાનારી આ યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો, મોડરેટરો, પરીક્ષકો વગેરેની નિમણૂકો અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણો જોઈ તપાસીને ઘટતા સુધારા સાથે સિન્ડિકેટ વતી મંજૂર કરવાની સત્તા સાથે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. ઉપકુલપતિશ્રી
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
૩. આચાર્ય સં. ર. ભટ્ટ
૪. આચાર્ય એમ. સી. દેસાઈ
૫. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ.

૫. વડા પ્રધાનના પ્રમુખપણા હેઠળ મળેલી રાજ્યોના મુખ્ય પ્રધાનોની પરિષદે "National Integration"ના પ્રશ્ન પરત્વે, બહાર પાડેલા નિવેદન પરત્વે, બાકી રહેલા કામ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગેની વધુ વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬. સેનેટે તેની તા. ૯/૧૦/૨૯/૩૦-૩-૧૯૬૧ની સભામાં મંજૂર કરેલા નીચેના ઠરાવ પર, સિન્ડિકેટે કરેલ રિપોર્ટ, સેનેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૧ની સભામાં

સિન્ડિકેટને "રિફર બૅક" કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

"છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણનો જે ફેલાવો થઈ રહ્યો છે તેથી આ યુનિવર્સિટીને સંતોષ થાય એ સ્વભાવિક છે; છતાં આ દિશામાં થતા પ્રયાસો એક જ વિસ્તારમાં બેવડાય નહિ, નવી સંસ્થાઓ સ્થાનિક જરૂરિયાતોને અનુલક્ષીને જ સ્થપાય અને આપણાં મર્યાદિત નાણાકીય સાધનોનું પૂરું વળતર મળે એવો વિવેકપૂર્વક ઉપયોગ થાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવા સારુ ભિન્ન ભિન્ન વિદ્યાશાખાઓની ઉચ્ચ શિક્ષણની સંસ્થા કાઢવાને કેટલી ઓછામાં ઓછી પૂર્વતૈયારી સંસ્થાના પુરસ્કર્તાઓએ કરવી જોઈએ, તેને આર્થિક તેમ જ શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમ એકમ બનાવવા કેટલા વિદ્યાર્થી આવશ્યક છે, ને તેનો પૂર્ણ વિકાસ કરવા સારુ એકંદરે કેટલા ભંડોળની જરૂર પડશે ઇત્યાદિ મુદ્દાઓને આવરી લેતો એક પ્રમાણિત મુસદ્દો (blue print) તૈયાર કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭. સિન્ડિકેટની તા. ૯-૯-૧૯૬૧ની સભાના ઠરાવ અન્વયે સ્થાનિક તપાસસમિતિઓને આપવાની સૂચનાઓના કાર્યાલયે ઘડેલા મુસદ્દા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮. સેનેટની છેલ્લી સામાન્ય સભામાં થયેલાં નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત:

૧. કૉલેજોના આચાર્યો માટે પગારધોરણ નક્કી કરવું.
૨. અનુસ્નાતક પરીક્ષાઓ વહેલી લેવી અને નવું સત્ર શરૂ થાય તે પહેલાં તેનાં પરિણામો બહાર પાડવાં.
૩. વિદ્યાર્થીઓને ગુણપત્રકો વિના મૂલ્યે આપવાં અને તે કૉલેજો મારફત વહેંચાય.
૪. પરીક્ષકો, એક્સપર્ટ આસિસ્ટંટ, લેબોરેટરી આસિસ્ટંટ વગેરેના મહેનતાણાંના દરો સુધારવા.
૫. વોકેશનલ ગાઇડન્સ માટે વ્યવસ્થા ઊભી કરવી.
૬. એક કૉલેજને પાંચથી વધારે રમતગમતોમાં ભાગ નહિ લેવા દેવા નિયમ કરવો અને સ્પર્ધાઓ નજીક નજીકની કૉલેજો વચ્ચે રાખવી.
૭. યુનિવર્સિટીના દરેક વિદ્યાભવને પોતાનું સામાયિક (Journal) બહાર પાડવું તથા દરેક વિદ્યાભવને પોતાની સ્વતંત્ર સંશોધન-યોજના (Research Scheme) તૈયાર કરી તે પ્રમાણે સંશોધનનું કામ હાથમાં લેવું.
૮. યુનિવર્સિટીના નીચલા વર્ગના કર્મચારીઓના વેતનમાં સુધારો કરવો જોઈએ.
૯. હિંદી સિવાય બીજી ભાષા ટકશે નહિ માટે પ્રકાશનમાં આપણી સ્થિતિ ઓસ્માનિયા યુનિવર્સિટી જેવી ન થાય તે જોવું જોઈએ.

૧૦. રજિસ્ટ્રારની ઑફિસની પુનર્વ્યવસ્થા કરવી જોઈએ અને જરૂર પડે તો રજિસ્ટ્રાર જેવા બે કે ત્રણ ઑફિસરો રાખીને સીનિયર અધિકારીઓની સંખ્યા વધારવી જોઈએ.

૧૧. પરીક્ષાના ખર્ચમાં બચત ઘણી છે તે જોતાં મોડરેશનની પદ્ધતિનો વિસ્તાર કરવો જોઈએ અને યોગ્ય વેતન આપી મોડરેશનનું કામ વ્યવસ્થિત થાય તે જોવાવું જોઈએ.

૧૨. એકસ્ટર્નલ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અભ્યાસની સગવડ કરી આપવી જોઈએ.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯. ડિપ્લોમા-ઇન-લેબર લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ તથા ડિપ્લોમા ઇન ટેકસેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસનાં અનુસ્નાતક ડિપ્લોમા કેન્દ્ર સ્થાપવા અંગે ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદના પ્રિન્સિપલ તરફથી આવેલ અરજી પરત્વે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૦-૧૧-૧૯૬૧ની બેઠકના નીચેના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ડિપ્લોમાઓ માસ્ટર પદવી તુલ્ય ન હોવાથી તેમને અનુસ્નાતક અભ્યાસક્રમ તરીકે ગણી શકાય નહિ; તેથી આ ડિપ્લોમાઓને પૂર્વસ્નાતક અભ્યાસક્રમ તરીકે ગણીને તેના જોડાણ અંગેનાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૦. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, મોરબીમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કરતા શ્રી. સી. પી. જેરાજાણીની નિમણૂકને બીજા સત્ર પૂરતી કામચલાઉ માન્ય કરવા માટે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— "૫મી નવેંબર ૧૯૬૧ સુધીમાં, યોગ્ય લાયકાત ધરાવનાર પ્રાધ્યાપક નીમવામાં આવશે તો જ આ વ્યવસ્થા ચલાવી શકાશે" એ શરતે પ્રથમ સત્ર પૂરતી આચાર્યશ્રીની વિનંતી માન્ય કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, મોરબીમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે શ્રી. સી. પી. જેરાજાણીની નિમણૂક ચાલુ સત્ર પૂરતી માન્ય કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જૂન ૧૯૬૨થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવશે નહિ તો બી.એ.માં અર્થશાસ્ત્ર (સ્પેશિયલ)ના અભ્યાસ માટે નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ, એમ સદરહુ કૉલેજના આચાર્યને સ્પષ્ટ જણાવવું.

૧૧. શ્રી શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાના આચાર્ય શ્રી. ડી. પી. જોષી છૂટા થયા હોઈ તેમની જવાબદારી શ્રી શારદાપીઠ વિદ્યાસભાના ડિરેક્ટર ડૉ. ટી. એન. દવેએ કામચલાઉ સંભાળવા અંગે મજકૂર વિદ્યાસભાના ડિરેક્ટર તરફથી આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાના આચાર્યની જગ્યા, યુનિવર્સિટીનો પત્ર મળ્યેથી, ભરીને એક મહિનામાં રિપોર્ટ કરવા માટે સદરહુ કૉલેજના સત્તાવાળાઓને જણાવવું.

૧૨. મહારાજા મહેન્દ્રસિંહજી સાયન્સ અને ઉમિયાશંકર એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબીની વિનયનની વિદ્યાશાખા તથા જૂન ૧૯૬૨થી શરૂ કરાનાર વાણિજ્યની વિદ્યાશાખા મળીને કૉલેજનું એક એકમ તથા વિજ્ઞાનની વિદ્યાશાખાનું બીજું એકમ એમ બે જુદી જુદી કૉલેજો રાખવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩. શ્રેયસ કૉલેજ, અમદાવાદ અને મહિલા કૉલેજ, પોરબંદરના વ્યવસ્થાપકોએ કૉલેજનું કામકાજ બંધ કર્યું હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૭ હેઠળ જોડાણ પાછું ખેંચવા અંગેની કાર્યવાહી કરવા અંગે ગુજરાત રાજ્યના કેળવણી અને મજૂરખાતા તરફથી આવેલા પત્ર અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૪. શ્રી. ચી. ન. મહાવિદ્યાલય, અમદાવાદના વ્યવસ્થાપકોએ કૉલેજનું કામકાજ બંધ કર્યું હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૭ હેઠળ જોડાણ પાછું ખેંચવા અંગેની કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૫. સેનેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૧ની સભામાં "રિફર બૅક" કરેલ સ્ટે. ૧૭૯ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૭૯ નીચે પ્રમાણે પંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

St. 179:

"The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed courses at any College or Colleges affiliated to or any Institution or Institutions recognised by, or Department of, the University and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations:

Faculty of Arts including Education :

1. Diploma in Education (Dip.Ed.)
2. Diploma in Journalism (Dip.J.)
3. Diploma in Labour Welfare (D.L.W.)
4. Diploma in Drama (Dip.Dra.)

5. Diploma in Music (Dip.Mus.)
6. Diploma in Printing and Sculpture (Dip.P. & S.)
7. Diploma in Architecture (Dip.Arch.)
8. Diploma in Dancing (Dip.Dan.)
9. Diploma in Physical Education (D.P.Ed.)

Faculty of Law :

10. Diploma in Labour Laws and Practice (D.L.P.)
11. Diploma in Taxation Laws and Practice (D.T.P.)

Faculty of Medicine :

12. Diploma in Ophthalmology (D.O.)
13. Diploma in Anaesthesia (D.A.)
14. Diploma in Paediatrics (D.Paed.)
15. Diploma in Public Health (D.P.H.)
16. Diploma in Laryngology and Otology (D.L.O.)
17. Diploma in Gynaecology and Obstetrics (D.G.O.)
18. Diploma in Veneriology and Dermatology (D.V.&D.)
19. Diploma in Medical Radiology and Electro-Therapeutics (D.M.R.E.)
20. Diploma in Pharmacy (Dip.Pharm.)

Faculty of Commerce :

21. Diploma in Business Management (D.B.M.)
22. Diploma in Industrial Management (D.I.M.)

Faculties of Arts and Commerce :

23 Diploma in Co-operation (Dip.Co-op.)

Faculties of Arts, Science and Commerce :

24. Diploma in Statistics (D.S.)"

૧૬. શ્રી. અતુભાઈ એચ. દેસાઈ, જેઓ સિન્ડિકેટ તરફથી ૧૯૬૨ની સાલની ધારાશાસ્ત્રની પરીક્ષાસમિતિના સભ્ય તરીકે નિયુક્ત થયા છે, પણ હાલમાં તેઓશ્રી ધારાશાસ્ત્રની વિદ્યાશાખાના ડીન તરીકે ચૂંટાઈ આવ્યા હોવાથી ઉપરોક્ત સમિતિના એક્સ-ઑફિશિયો સભ્ય બને છે, તેથી તેમની ખાલી પડેલી જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

(નોંધ. — શ્રી. આઈ. એમ. નાણાવટી ધારાશાસ્ત્ર વિદ્યાશાખામાં પરીક્ષાસમિતિના બીજા નિયુક્ત સભ્ય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર શ્રી. બટુભાઈ હ. દેસાઈની જગ્યાએ શ્રી. બિહારીલાલ ચો. શાહની નિમણૂક કરવી.

૧૭. ઑ. ૧૭૪-એ(૩), ઑ. ૧૭૪-એચ અને ઑ. ૧૭૪-કે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૭૪-એ (૩), ઑ. ૧૭૪-એચ અને ઑ. ૧૭૪-કે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા :

O. 174-A (3) :

"The Registrar shall send before 30th June, an official intimation of registration to every student who has applied for such registration and paid necessary fees, provided the application is in order."

O. 174-H :

"To be admitted to the First Year Arts (Pre-University) Examination in any year, an external student must (*a*) have passed the Entrance Examination or the S.S.C. Examination in the subjects with the percentage of marks required by the University or an equivalent examination, (*b*) have applied for registration before the 1st of April; and (*c*) have allowed an interval of at least one academic year between his passing the Entrance or the S.S.C. Examination and his appearance at the First Year Arts Examination."

O. 174-K :

"No candidate shall be admitted to the Intermediate Arts Examination as an external student unless he has (*a*) passed the First Year Arts (Pre-University) Examination of this University or an equivalent examination, (*b*) have applied for registration as an external student before the 1st of April; and (*c*) unless an interval of two academic years has been allowed between his passing the Entrance or S.S.C. Examination and his appearance at the Intermediate Arts Examination."

૧૮. ગૃહવિજ્ઞાન તથા પુરાતત્ત્વના અનુસ્નાતક વિદ્યાર્થીઓની ટ્યૂશન-ફી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—જે વિદ્યાશાખામાં પ્રાયોગિક કામ હોય છે તેમાં ફીનું ધોરણ નીચે પ્રમાણે હોય છે :

વિજ્ઞાન (ગણિતશાસ્ત્ર સિવાય)	...	સત્ર દીઠ રૂા. ૧૨૫
તબીબી	...	સત્ર દીઠ રૂા. ૧૦૦
વિનયન વિદ્યાશાખાના અન્ય વિષયો માટે	...	સત્ર દીઠ રૂા. ૭૫)

આથી ઠરાવવામાં આવે છે કે, ગૃહવિજ્ઞાન તથા પુરાતત્ત્વના અનુસ્નાતક વિદ્યાર્થીઓની ટ્યૂશન-ફી રૂા. ૧૦૦ રાખવી, તથા આ ઠરાવનો અમલ જૂન ૧૯૬૨થી કરવો.

૧૯. ડિપ્લોમા ઇન બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમ અંગેનો વિભાગ વહેલી તકે ચાલુ કરવા અંગે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ તરફથી આવેલી નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૦. "રેડિયો-ફિઝિક્સ અને ઇલેક્ટ્રોનિક્સ" વિષયમાં અનુસ્નાતક અભ્યાસ તથા સંશોધન પરત્વે યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝના રીડરે તૈયાર કરેલ યોજના પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી રેફરેટ ડિગ્રીના યુનિવર્સિટી દ્વારા સ્વીકૃત મહાનિબંધો (Humanities)ના પ્રકાશન અંગે રૂા. ૧૦,૦૦૦થી વધુ નહિ એવી ૫૦ ટકા જેટલી આર્થિક સહાયની યોજનાને અનુલક્ષીને તે પરત્વે તેવા છપાવવા યોગ્ય મહાનિબંધોની કમિશનને ભલામણ કરવા અંગે તથા બાકીનું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૫૦ ટકા જેટલો ખર્ચ મંજૂર કરવાનો પ્રશ્ન પણ યુનિવર્સિટીએ વિચારવાનો રહે છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૨. "Participation by Students in Political Demonstrations" એ વિષય પરત્વે તા. ૨૧-૧૦-૧૯૬૧ના પત્રાંક એફ. ૩૪-૧૫-૬૧ (કપ) સાથે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ ભારત સરકારના કેળવણી ખાતાના તા. ૨૬-૯-૧૯૬૧ના પત્રાંક એફ. ૧૨-૧૩૬-૬૧ યુ.-૫ (પાંચ) પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૩. પાઠ્યપુસ્તકોને સમયસર પ્રકાશિત કરવા પ્રકાશન અંગેની વહીવટી સમિતિએ ઘડેલી યોજના અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૪. રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, મજૂર-કલ્યાણ અને માનસશાસ્ત્રના વિષયો અંગેની સલાહકાર સમિતિની ભલામણોને અનુસરીને પ્રકાશન અંગેની વહીવટી સમિતિએ કરેલી નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

આથી ભલામણ કરવામાં આવે છે કે—

૧. રાજ્યશાસ્ત્રની સલાહકાર સમિતિની ભલામણ મંજૂર કરી ઠરાવવામાં આવે છે કે—

(૧) *Introduction to Politics* by Roger Salteoના પુસ્તકના અનુવાદનું કામ શ્રી. ડી. એન. પાઠકને સોંપવું તથા પ્રસ્તુત પુસ્તકની પ્રથમ આવૃત્તિની ૨૦૦૦ નકલ છપાવવી. શ્રી. પાઠકને અનુવાદિત કૃતિના (½ ડેમી કદના) પ્રત્યેક પાના દીઠ રૂા. ૬ ના દરે મહેનતાણું આપવું.

[**નોંધ.**—અનુવાદિત કૃતિનાં આશરે પાનાં ૯૦૦ (½ ડેમી કદમાં)

પ્રિન્ટિંગ તથા બાઇન્ડિંગ ખર્ચ આશરે	...	રૂ. ૯,૦૦૦
અનુવાદકનું મહેનતાણું આશરે	...	રૂ. ૫,૪૦૦
આશરે કુલ ખર્ચ	...	રૂ. ૧૪,૪૦૦

ઉપરાંત મૂળ પ્રકાશનના કોપીરાઈટ અંગેનું મહેનતાણું.]

(૨) *History of Political Theory* by Sabineના પુસ્તકના અનુવાદનું કામ શ્રી. વાય. પી. શુક્લને સોંપવું. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં ૧૦૦૦ નકલ છપાવવી તેમ જ શ્રી. શુક્લને જણાવવું કે, વિષયના નિષ્ણાત પાસે જોવડાવી લે તેમ જ સમય-મર્યાદા જણાવે.

અનુવાદના કામ માટે શ્રી. શુક્લને અનુવાદિત કૃતિના (½ ડેમી કદના) પ્રત્યેક પાના દીઠ રૂ. ૬ ના દરે મહેનતાણું આપવું.

[**નોંધ.**— અનુવાદિત કૃતિનાં આશરે પાનાં ૧૨૦૦ (½ ડેમી કદમાં)

પ્રિન્ટિંગ તથા બાઇન્ડિંગ ખર્ચ આશરે	...	રૂ. ૧૦,૦૦૦
અનુવાદકનું મહેનતાણું આશરે	...	રૂ. ૭,૨૦૦
આશરે કુલ ખર્ચ	...	રૂ. ૧૭,૨૦૦

ઉપરાંત મૂળ પ્રકાશકના કોપીરાઈટ અંગેનું મહેનતાણું.]

૨. ભૂગોળની સલાહકાર સમિતિની ભલામણ મંજૂર કરી ઠરાવવામાં આવે છે કે—

Asia by L. Dudly Stamp (Longmans)ના પુસ્તકના અનુવાદનું કામ શ્રી. જી. બી. ઓઝા તથા શ્રી. આઈ. યુ. દવેને સંયુક્ત રીતે સોંપવું. આ કામ માર્ચ, ૧૯૬૨ પહેલાં કાર્યાલયને સોંપવા જણાવવું. તેની પ્રથમ આવૃત્તિમાં ૫૦૦થી ૧૦૦૦ નકલ છપાવવી.

તેના અનુવાદના કામ માટે શ્રી. જી. બી. ઓઝાને તથા શ્રી. આઈ. યુ. દવેને સંયુક્ત રીતે અનુવાદિત કૃતિના (½ ડેમી કદના) પ્રત્યેક પાના દીઠ રૂા. ૫ના દરે મહેનતાણું આપવું.

[**નોંધ.**—અનુવાદિત કૃતિનાં આશરે પાનાં ૯૫૦ (½ ડેમી કદમાં)

પ્રિન્ટિંગ તથા બાઇન્ડિંગ ખર્ચ આશરે	...	રૂ.	૧૧,૨૦૦
અનુવાદકનું મહેનતાણું આશરે	...	રૂ.	૪,૭૫૦
આશરે કુલ ખર્ચ	...	રૂ.	૧૫,૯૫૦

ઉપરાંત મૂળ પ્રકાશકના કોપીરાઇટ અંગેનું મહેનતાણું તથા આકૃતિ, નકશા વગેરેનું ખર્ચ.]

૩. મજૂર-કલ્યાણની સલાહકાર સમિતિની ભલામણ મંજૂર કરી ઠરાવવામાં આવે છે કે—

Industrial Relations in India by Charls Mayersના પુસ્તકના અનુવાદનું કામ શ્રી. પરેશ મજમુદારને સોંપવું. તેની પ્રથમ આવૃત્તિમાં ૧૦૦૦ નકલ છપાવવી. આ કામ ઑક્ટોબર, ૧૯૬૨ સુધીમાં કાર્યાલયને સોંપે તેમ શ્રી. મજમુદારને જણાવવું. અનુવાદના કામ માટે શ્રી. મજમુદારને અનુવાદિત કૃતિના (½ ડેમી કદના) પ્રત્યેક પાના દીઠ રૂા. ૫ના દરે મહેનતાણું આપવું.

[**નોંધ.**—અનુવાદિત કૃતિનાં આશરે પાનાં ૫૦૦ (½ ડેમી કદમાં)

પ્રિન્ટિંગ તથા બાઇન્ડિંગ ખર્ચ આશરે	...	રૂ.	૮,૦૦૦
અનુવાદકનું મહેનતાણું આશરે	...	રૂ.	૨,૫૦૦
આશરે કુલ ખર્ચ	...	રૂ.	૧૦,૫૦૦

ઉપરાંત મૂળ પ્રકાશકના કોપીરાઇટ અંગેનું મહેનતાણું.]

૪. માનસશાસ્ત્રની સલાહકાર સમિતિની ભલામણ મંજૂર કરી ઠરાવવામાં આવે છે કે—

General Psychology by Garretની ત્રીજી આવૃત્તિના પુસ્તકના અનુવાદનું કામ શ્રી. એન. એન. શુક્લને સોંપવું. તેની પ્રથમ આવૃત્તિમાં ૨૫૦૦ નકલ છપાવવી. આ કામનું લખાણ આ કાર્યાલયને માર્ચ, ૧૯૬૨ પહેલાં સોંપવાનું રહેશે. અનુવાદના કામ અંગે અનુવાદિત કૃતિના (½ ડેમી કદના) પ્રત્યેક પાના દીઠ રૂા. ૬ના દરે શ્રી. શુક્લને મહેનતાણું આપવું.

[**નોંધ.**—ગુજરાતી અનુવાદિત કૃતિનાં આશરે પાનાં ૧૦૦૦ (½ ડેમી કદમાં)

પ્રિન્ટિંગ તથા બાઇન્ડિંગ ખર્ચ આશરે	...	રૂ.	૧૦,૫૦૦
અનુવાદકનું મહેનતાણું આશરે	...	રૂ.	૬,૦૦૦
આશરે કુલ ખર્ચ	...	રૂ.	૧૬,૫૦૦

ઉપરાંત મૂળ પ્રકાશકના કોપીરાઇટ અંગેનું મહેનતાણું.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૫. ફાઇનાન્સ કમિટીની તા. ૫-૧૨-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૫-૧૨-૧૯૬૧ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૬. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને વ્યવસાયી માર્ગદર્શન (Employment Counselling) મળે તે અંગેની, યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ બ્યૂરો સ્થાપવા માટેની કમિશનર ઑફ લેબર એન્ડ ડિરેક્ટર ઑફ એમ્પ્લોયમેન્ટ શ્રી. ડી. કે. બધેકાએ તેમના પત્રાંક ડીએ. નં. ડીઈ/૮૧૫૧, તા. ૧-૧૨-૧૯૬૧થી રજૂ કરેલી યોજના પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ બ્યૂરો સ્થાપવા માટેની સદરહુ યોજના મંજૂર કરવી તથા તેના અમલ વગેરેની વિગતો અંગેના પ્રસ્તાવો તૈયાર કરીને રજૂ કરવા માટે કાર્યાલયને સૂચવવું.

(મંજૂર કરવામાં આવેલી યોજનાની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૭. એસ.ઈ. પરીક્ષાના જિયોલોજી વિષયની તથા બી.ઈ. પરીક્ષાના સોઇલ મિકેનિક્સ વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે કેટલો સ્ટાફ રાખવો તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એન્જિનિયરિંગ સહિતની ટેકનિકલ ફેકલ્ટીના ડીનનું સૂચન નીચે પ્રમાણે છે:

Subject	*Days for preparation*	*Days for clearing up*	*Expert Asst.*	*Lab. Asst. Store-keeper*	*Hamal*	*No. of students per batch*
1. S. E. Geology	1	1	1	1	1	20
2. B.E. Soil Mechanics	—	—	—	1	1	50)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલું શ્રી. અધ્યક્ષ (Dean)નું સૂચન મંજૂર કરવું.

૨૮. યુનિવર્સિટી કાર્યાલયમાં ગ્રંથપાલની જગ્યા માટે સિન્ડિકેટની વરણીસમિતિની તા. ૧૬-૧૨-૧૯૬૧ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગ્રંથપાલની જગ્યા માટે સિન્ડિકેટની વરણીસમિતિની તા. ૧૬-૧૨-૧૯૬૧ની સભાની ભલામણ મંજૂર કરવી તથા શ્રી. પુરુષોત્તમ કૂલાભાઈ પટેલની તા. ૨૦-૩-૧૯૬૨થી રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી એક વર્ષના પ્રોબેશન પર નિમણૂક કરવી.

(વરણીસમિતિની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૯. ગ્રંથપાલ શ્રી. કે. આર. દેસાઈ તા. ૨૦-૩-૧૯૬૨ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા હોઈ, તેમણે જેટલાં વર્ષની સેવા બજાવી હોય તેટલા મહિનાના પગારના જેટલી

રકમ ગ્રેચ્યુઇટી તરીકે આપવા અંગેની તેઓની તા. ૨૯-૧૧-૧૯૬૧ની અરજી પર વિચારણા કરવા બાબત (તેઓ તા. ૧-૭-૧૯૫૧ના રોજ ગ્રંથપાલ તરીકે જોડાયા છે).

આથી ઠરાવવામાં આવે છે કે, રૂટે. ૧૯૩(૩) જોતાં, ગ્રંથપાલ શ્રી. કીકુભાઈ ૨. દેસાઈની ઉપર જણાવેલી વિનંતી મંજૂર કરી શકાય નહિ.

૩૦. યુનિવર્સિટી કાર્યાલયમાં હવાલદાર તરીકે કામ કરતા શ્રી. ટી. આર. કડિયાનો અજમાયશી સમય તા. ૯-૧૨-૧૯૬૧ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા ઉપર કાયમી કરવા બાબત.

શ્રી. ટી. આર. કડિયાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. ટી. આર. કડિયાને, તા. ૧૦-૧૨-૧૯૬૧થી હવાલદારની જગ્યા પર કાયમ કરવા.

૩૧. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. પીટર એસ. મેકવાનનો અજમાયશી સમય તા. ૨૧-૧-૧૯૬૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા ઉપર કાયમી કરવા બાબત.

શ્રી. પીટર એસ. મેકવાનની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. પીટર એસ. મેકવાનને, તા. ૨૨-૧-૧૯૬૨થી પટાવાળાની જગ્યા પર કાયમ કરવા.

૩૨. સમાજવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતા શ્રી. જે. એલ. ધોળકિયાનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧-૨-૧૯૬૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા ઉપર કાયમી કરવા બાબત.

શ્રી. જે. એલ. ધોળકિયાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. જે. એલ. ધોળકિયાને સમાજવિદ્યા ભવનમાં રીડરની જગ્યા પર તા. ૨-૨-૧૯૬૨થી કાયમ કરવા.

૩૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. આર. કે. મોદીનો અજમાયશી સમય તા. ૧૩-૧૨-૧૯૬૧ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા ઉપર કાયમી કરવા બાબત.

શ્રી. આર. કે. મોદીની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. આર. કે. મોદીને તા. ૧૪-૧૨-૧૯૬૧થી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે કાયમ કરવા.

૩૪. શ્રી. એસ. જી. સપ્રા (જુનિયર ક્લાર્ક)નું રાજીનામું તા. ૧૬-૧૧-૧૯૬૧થી મંજૂર થયેલ હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા તેમની તા. ૧-૧૨-૧૯૬૧ની અરજી અંગે વિચારણા કરવા બાબત. તેઓ તા. ૧૩-૫-૧૯૬૦થી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે જોડાયા હતા અને તા. ૧૬-૧૧-૧૯૬૧થી કાર્યાલયના સમય બાદ છૂટા થયા છે.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. જી. સપ્રાને, તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ ફાળાની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર આપવી.

૩૫. શ્રી. ગોવિંદ બી. પટેલ, ક્લાર્ક, તા. ૧૦-૧૧-૧૯૬૧થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓની તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તા. ૧-૧૨-૧૯૬૧ની અરજી પર વિચારણા કરવા બાબત. તેઓ તા. ૧-૯-૧૯૬૧થી ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૧૩-૧૧-૧૯૬૧થી કાર્યાલયના સમય બાદ છૂટા થયેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ગોવિંદ બી. પટેલને, તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ ફાળાની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર આપવી.

૩૬. સમાજવિદ્યા ભવનમાં મૂળ રીડર-ઇન-લેબર-વેલ્ફેરની જે જગ્યા હતી તેને તા. ૧૬-૮-૧૯૬૧ની સભામાં લેક્ચરરની જગ્યામાં ફેરવી છે તેને, પાછી રીડરની જગ્યામાં ફેરવવા માટે ભવનના અધ્યક્ષની વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩૭. યુનિવર્સિટી છાત્રાલયના ગૃહપતિને રૂા. ૫૦ની મર્યાદા સુધીનો ખર્ચ કરવાની સત્તા આપવાને ઑર્ડિનન્સ ૬૨-ડીમાં પેટાકલમ (૧૦) ઉમેરીને સુધારવા બાબત.

(નોંધ.—સુધારેલો ઑર્ડિનન્સ ૬૨-ડી(૧૦) નીચે પ્રમાણે વંચાશે :

O. 62-D(10):

A committee consisting of the Rector of the Hostel or any other person for the time being in charge of the University Hostel to sanction all expenditure pertaining to the University Hostel up to Rs. 50/-.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૬૨-ડીમાં પેટાકલમ ૧૦ ઉપર મુજબ વંચાય તે રીતે ઉમેરવી, તથા સુધારેલી કલમને તાત્કાલિક અમલમાં આવેલી ગણવી.

૩૮. મકાન બાંધકામ અંગેના નીચે જણાવેલ ખર્ચની ચાલુ વર્ષ (૧૯૬૧-૬૨)માં જોગવાઈ કરવા બાબત તથા તે અંગેના મેસર્સ ગેનન ડંકરલીના ફાઇનલ બિલો પ્રમાણે બાકી

નીકળતા રૂા. ૬૫૮૦·૭૪ ચૂકવવા બાબત :

	ફાઇનલ સર્ટિફિકેટ મુજબ આપવાની રકમ	નોંધ
૧. વાઇસ-ચાન્સેલરના મકાન-બાંધકામ અંગે ડ્રેનેજ, સેપ્ટિક	રૂા. ૧,૭૦૪·૩૧	સિન્ડિકેટે તા. ૧૪-૭-૧૯૫૬ની સભામાં આ બન્ને મકાનો માટે રૂા. ૧,૩૬,૦૦૦ મંજૂર કર્યા છે. આ વધારાની રકમ ચૂકવતાં ખર્ચ રૂા. ૧,૩૫,૮૫૧·૮૮ થાય છે.
૨. રજિસ્ટ્રારના મકાન-બાંધકામ અંગે ડ્રેનેજ, સેપ્ટિક ટેન્ક વ.	રૂા. ૧,૬૧૫·૮૭	
૩. પમ્પરૂમ અને સર્વન્ટ્સ ક્વાર્ટર્સ	રૂા. ૨,૧૩૨·૮૧	૧૯૫૬-૫૭ના વર્ષના સિન્ડિકેટે મંજૂર કરેલા અંદાજપત્ર મુજબ કુલ ખર્ચ રૂા. ૨૨,૦૦૦ સુધીનો મંજૂર થયો છે, તે સામે આજ અગાઉ રૂા. ૬૬,૬૦૮·૧૪ ફક્ત ખરચ્યા છે.
૪. એડઝી મકાન સેન્ટ્રલ હોલની રેટોન	રૂા. ૮૮૧·૦૦	યુનિવર્સિટી એડઝી મકાન માટે રૂા. ૨૭,૧૪,૧૫૫·૫૨નો અંદાજી ખર્ચ મંજૂર થયેલ તે સામે તા. ૩૦-૬-૧૯૬૧ સુધીમાં રૂા. ૨૨,૨૩,૯૨૯·૦૭નો ખર્ચ થયો છે.
એડઝી મકાન સેનેટરી બ્લૉ. ફિટિંગ્ઝ અંગે.	રૂા. ૨૪૬·૭૫	
કુલ...	રૂા. ૬,૫૮૦·૭૪	

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રૂા. ૬,૫૮૦·૭૪ ન.પૈ.ની રકમ મેસર્સ ગેનન ડંકરલી લિમિટેડને ચૂકવવી.

૩૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ-૫૬-૨૪-૧૯૬૦/એચ, તા. ૩૦-૧૧-'૬૧ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

(સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૦. સમાજવિદ્યા ભવન તથા મનોવિજ્ઞાન વિદ્યાભવનના મકાન માટે રાજ્ય સરકારના હિસ્સાની છેલ્લા હપ્તાની ગ્રાન્ટ રૂા. ૬,૧૭૧·૦૦ મંજૂર કરતા રાજ્ય સરકારના જી.આર. નં. યુએસજી/૧૧૬૧-બી, તા. ૨૮-૧૧-૧૯૬૧ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. ઑક્ટોબર ૧૯૬૧માં લેવાયેલ એમ.ડી., બ્રાન્ચ-૬ની પરીક્ષામાં પ્રાશ્નિક/પરીક્ષક તરીકે નિમાયેલ ડૉ. ભાસ્કર પટેલ અને ડૉ. આર. બી. બીલીમોરિયા પ્રાયોગિક પરીક્ષા લેવા આવી શકે તેમ ન હોવાથી તેમની અવેજીમાં ફક્ત પરીક્ષકો તરીકે ડૉ. આર. બી. પટેલ અને ડૉ. બી. એમ. પૂજારીની નિમણૂકો કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૨. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીના રિપોર્ટને અનુલક્ષીને તેમને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. ચોકસી વાડીલાલ જીવાભાઈ	ગુજરાતી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૩. ટ્યુબરકયુલોસિસ રિલીફ ઑર્ગેનિઝેશન, અમદાવાદના માનદ મંત્રી ડૉ. જે. જે. દેસાઈના પત્ર પરથી તા. ૭-૧૨-૧૯૬૧થી શરૂ થતી ટી.બી. સીલ કેમ્પેઈન માટે રૂા. ૬૦૦ની કિંમતનાં ટી.બી. સીલ ખરીદવા માટેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—ગયે વર્ષે પણ રૂા. ૩૦૦ની કિમતનાં ટી.બી. સીલ ખરીદ્યાં હતાં)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૪. ઇન્ડિયન લૉ ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે આગામી વર્ષના જાન્યુઆરી માસની તા. ૧૫થી ૨૭ દરમિયાન "Legal Philosophy" નામક પરિસંવાદ જે નવી દિલ્હી મુકામે તા. ૧૫થી ૨૭ ફેબ્રુઆરી, ૧૯૬૨ દરમિયાન યોજાનાર છે તેમાં સિન્ડિકેટે તેની તા. ૪૮-૧૧-૧૯૬૧ની સભામાં શ્રી. બટુભાઈ હ. દેસાઈની પ્રતિનિધિ તરીકે નિમણૂક કરી હતી પરંતુ તેમણે અન્ય શિક્ષકની નિમણૂક કરવા જણાવેલ હોઈ આ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્યશ્રી સી. ડી. વ્યાસને મોકલવા.

૪૫. "એસોસિયેશન ઑફ પેડિયાટ્રિશિયન્સ ઑફ ઇન્ડિયા", "કાર્ડિયોલોજિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા", "ન્યૂરોલોજિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા", "ઇન્ડિયન એસોસિયેશન ઑફ ચેસ્ટ ડિસીઝ", "ઇન્ડિયન સોસાયટી ઑફ હેમેટોલોજી" અને "ઇન્ડિયન સોસાયટી ઑફ ગેસ્ટ્રો-એન્ટરોલોજી"ના સહ ઉપક્રમે "એસોસિયેશન ઑફ ફિઝિશિયન્સ ઑફ ઇન્ડિયા"ની આગામી વાર્ષિક પરિષદ આગામી વર્ષની તા. ૧૬થી ૧૯મી જાન્યુઆરી દરમિયાન યોજાનાર હોઈ આ પરિષદમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે "એસોસિયેશન

ઑફ ઇન્ડિયા"ના માનદ સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૨૬મી નવેંબર ૧૯૬૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૪૬. સંસ્કૃતની અભ્યાસસમિતિએ તેની તા. ૧૭-૮-૧૯૬૧ની સભામાં કરેલી નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"વધુમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, વૈદિક સાહિત્યનો પરિચય વિદ્યાર્થીઓને થાય એ હેતુથી બીજા વર્ષમાં વૈદિક પાઠાવલિમાંથી પસંદ કરેલાં સૂક્તો વગેરે આ સભામાં નિયત કરવામાં આવ્યાં છે તેના અનુસંધાનમાં આ બૉર્ડને લાગે છે કે, વિદ્યાર્થીઓને વૈદિક દેવતાઓ, વ્યાકરણ, સ્વર, છન્દ, તેમ જ વેદના સમય વગેરે પ્રશ્નોનો પરિચય થાય તે જરૂરી છે. તેમાંથી નિયત કરેલ ભાગનું ભાષાંતર અને તેના ઉપર જરૂરી વિવરણ થાય તે પણ આવશ્યક છે. વૈદિક પાઠાવલિના નિયત કરેલા ભાગોને ધ્યાનમાં રાખીને આ બધા વિષયો ઉપર ગુજરાતીમાં વિવેચનાત્મક લખાણ તૈયાર કરવાની અને છાપવાની ભલામણ આ બૉર્ડ યુનિવર્સિટીને કરે છે. આ કામ બૉર્ડના સભ્ય શ્રી. જે. ટી. પરીખને સોંપવું એમ આ બૉર્ડ સૂચવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત યુનિવર્સિટીના પ્રકાશન બૉર્ડની વિચારણા માટે મોકલી આપવી.

૪૭. ઑ. ૪૭ હેઠળ બૉર્ડ ઑફ એકૂસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ ઉપર નિમાયેલા નીચેના સભ્યોની બે વર્ષની મુદત તા. ૩૧-૧-૧૯૬૨ના રોજ પૂરી થતી હોવાથી તા. ૧-૨-૧૯૬૨થી બે વર્ષ માટે નવી નિમણૂકો કરવા બાબત :

(૧) ઑ. ૪૭ (૫) હેઠળ મ્યુનિસિપલ સ્કૂલ બૉર્ડ અને ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બૉર્ડના સભ્ય હોય એવા સિન્ડિકેટે નીમવાના બે સભ્યો.

(૨) ઑ. ૪૭ (૬) હેઠળ ઓછામાં ઓછા એકેડેમિક કાઉન્સિલના ત્રણ પ્રતિનિધિઓ એવી રીતે સિન્ડિકેટે નીમવાના સાત સભ્યો.

(૩) ઑ. ૪૭ (૭) હેઠળ મજૂર-મંડળોના પ્રતિનિધિ હોય એવા સિન્ડિકેટે નીમવાના એક સભ્ય.

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ એકૂસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ પર, નીચેના સભ્યોની, તા. ૧-૨-૧૯૬૨થી બે વર્ષ માટે નિમણૂક કરવી :

ઑર્ડિનન્સ ૪૭ (૫) હેઠળ

૧. શ્રી. ચીમનલાલ ચંદુલાલ દેસાઈ
૨. શ્રી. શિવાભાઈ ગોકળભાઈ પટેલ.

ઑર્ડિનન્સ ૪૭ (૬) હેઠળ

૧. આચાર્ય ડૉ. વાય. જી. નાયક
૨. આચાર્ય સં. ૨. ભટ્ટ

૩. આચાર્ય પ્રે. હ. ભટ્ટ
૪. આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર
૫. શ્રી. નાથાલાલ એ. શાહ
૬. ડૉ. અમુભાઈ પી. શુક્લ
૭. શ્રી. ઠાકોરભાઈ શ્રી. ઠાકોર.

ઑર્ડિનન્સ ૪૭(૭) હેઠળ

શ્રી. મનહરલાલ ટી. શુક્લ.

૪૮. તબીબી વિદ્યાશાખાની તા. ૨-૧૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"Considering the letter of the Dean, B. J. Medical College, Ahmedabad, dated 8–6–1961, the Faculty is of opinion that in Forensic Medicine if teachers, according to specification laid down by the Indian Medical Council, are not available, a graduate (M.B., B.S.) of a recognised University with 10 years' experience in Medico-legal work could be permitted to teach this subject to under-graduate students and, therefore, recommends to relax the present minimum qualifications accordingly, if a case so demands."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૪૯. ઑ. ૨૭૪ અને ૨૮૭ મુજબ એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષા એમ.બી., બી.એસ.ની ડિગ્રી લીધા બાદ ત્રણ વર્ષે આપી શકાય તે બાબતમાં મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા તરફથી આવેલા જવાબ અનુસાર મેડિકલ ફેકલ્ટીની તા. ૧૧-૯-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ અનુસાર વિચારણા કરવા બાબત :

"એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષા એમ.બી., બી.એસ. ડિગ્રી મેળવ્યા બાદ ત્રણ વર્ષ પછી આપી શકાય તેમ ઑ. ૨૭૪ અને ઑ. ૨૮૭માં પ્રબંધ છે અને એમ.બી., બી.એસ.ની ડિગ્રી, એમ.બી., બી.એસ.ની પરીક્ષા પાસ કર્યા બાદ ઑ. ૨૭૨ મુજબ ઇન્ટર્નશિપ ટ્રેઇનિંગ લીધા બાદ મળી શકે તેથી ઑ. ૨૭૪ અને ૨૮૭ માટે ત્રણ વર્ષ એમ.બી., બી.એસ.ની ડિગ્રી મેળવ્યા પછી ગણવાં જોઈએ તેવા મેડિકલ કાઉન્સિલના અભિપ્રાય સાથે આ વિદ્યાશાખા સહમત છે અને તેથી જે વિદ્યાર્થીઓ એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષામાં બેસવાના હોય તેમના જૂના રજિસ્ટ્રેશનમાં દર્શાવેલી પરીક્ષા આપવાની તારીખમાં ઘટતો ફેરફાર કરવા આ વિદ્યાશાખા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને ભલામણ કરે છે."

"વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ ફેરફારની જાણ કરવા, અનુસ્નાતક કેન્દ્રોમાં વિદ્યાર્થીનું તે પ્રત્યે ધ્યાન દોરવા, યોગ્ય પ્રબંધ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૦. તબીબી વિદ્યાશાખાની તા. ૨-૧૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"Considering the suggestions of Dr. M. D. Desai, this Faculty recommends that for M.D. and M.S. Examinations there should be separate Examiners for Theory and Practicals, provided the final result is submitted by the joint meeting of the Examiners of Theory and Practicals."

ડૉ. દેસાઈનું સૂચન નીચે મુજબ હતું :

"That there should be at least two separate Examiners in Theory for all M.D. and M.S. Examinations of the University.

Both these Examiners should assess papers separately and submit their marks to the University as it is done in other Faculties for the Post-graduate examinations."

આથી ઠરાવવામાં આવે છે કે, બીજી યુનિવર્સિટીઓમાં "એસેસમેન્ટ" (assessment) અંગે શી પદ્ધતિ છે તેની વિગતો પુછાવીને સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૫૧. અરસપરસના ધોરણે વિદ્યાર્થીઓએ રાખેલાં સત્રોની માન્યતા કાયમી ધોરણે અથવા તો આપણી યુનિવર્સિટીના ઑર્ડિ. ૭૧ મુજબ તારીખ ૩૧મી મે ૧૯૬૨ પછી મુદત વધારી માન્ય કરવા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના મહામાત્ર તરફથી આવેલ પત્રાંક એસી./૧૧૩૮૬, તારીખ ૭-૧૨-૧૯૬૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના વિદ્યાર્થીઓએ રાખેલાં સત્રો પરસ્પર માન્યતાના ધોરણે મંજૂર કરવાનું ચાલુ રાખવું.

૫૨. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૦-૧૧-૧૯૬૧ના રોજ મળેલી સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૦-૧૧-૧૯૬૧ની સભાની ભલામણો નં. ૧થી ૨૭ મંજૂર કરવામાં આવી તથા ભલામણ નં. ૨૮ પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે, બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ચાલતા ગૃહવિજ્ઞાન (Home Science) વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રાયોગિક કામ માટે શ્રીમતી સુનિશા ફોજદાર અને શ્રીમતી રેખા મહેતાને અનુસ્નાતક મદદનીશ શિક્ષક તરીકે માન્ય કરવાં નહિ, પરંતુ તેમને સદરહુ કેન્દ્રમાં પ્રાયોગિક અને શિક્ષણના કામકાજમાં મદદ કરવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ કામ માટે તેમને કશું વેતન આપી શકાશે નહિ, એમ સ્પષ્ટતા કરવી.

(બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૦-૧૧-૧૯૬૧ની સભાની ભલામણો પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૫૩. ત્રીજી પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગોની સામાન્ય જરૂરિયાતો માટે, શિક્ષણ અને સંશોધન માટે વિજ્ઞાનનાં સાધનો ખરીદવા માટે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી રૂા. ૩,૨૫,૦૦૦ની ગ્રાન્ટ મળી છે તે પરત્વે યુ. જી. સી.ના તા. ૧૫-૧૨-૧૯૬૧ના પત્રાંક એફ. ૨૨-૫-૧૯૬૧ (એસ) પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી તથા ઠરાવવામાં આવ્યું કે, સદરહુ ગ્રાન્ટની રકમની વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગોમાં વહેંચણી કરવા માટે ચોક્કસ પ્રસ્તાવો રજૂ કરવા.

૫૪. શ્રી. એસ. વી. તન્ના (પટાવાળા) તા. ૫-૧૨-૧૯૬૧થી રાજીનામું આપી છૂટા થયેલ હોઈ તેઓની તેમને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગેની તા. ૧૩-૧૨-૧૯૬૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧૫-૧-૧૯૫૩થી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૫-૧૨-૧૯૬૧ના રોજ છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. વી. તન્નાને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડ ફાળાની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર આપવી.

૫૫. સમાજવિદ્યા ભવનમાં ખાલી પડેલ લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટે મળેલી વરણીસમિતિના તા. ૬-૧-૧૯૬૨ના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી, તથા શ્રી. ટી. એમ. મિસ્ત્રીની, સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સ તરીકે, રૂા. ૨૫૦-૨૦-૫૦૦ના પગાર ધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૩૨૫થી, તા. ૧૫મી જૂન ૧૯૬૨થી, બે વર્ષના પ્રૉબેશન ઉપર નિમણૂક કરવી.

(વરણીસમિતિની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૬. નીચે દર્શાવેલી પરિષદોમાં તેમનાં નામ સામે જણાવેલ પ્રતિનિધિઓની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ક્રમાંક	પરિષદનું નામ	સ્થળ	પ્રતિનિધિઓનાં નામ
૧.	યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફર્મેશન સર્વિસ અને એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના સંયુક્ત ઉપક્રમે યોજનાર પરિસંવાદ	... વડોદરા	... ૧. શ્રી. ડી. એન. પાઠક ૨. આચાર્ય પી. જી. માવળંકર

ક્રમાંક	પરિષદનું નામ		સ્થળ		પ્રતિનિધિઓનાં નામ
૨.	અખિલ ભારતીય વાણિજ્ય પરિષદ	...	આંધ્ર યુનિવર્સિટી	...	આચાર્ય જે. એચ. અધ્વર્યુ
૩.	ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૧મું અધિવેશન	...	કલકત્તા	...	પ્રો. ઉમાશંકર જોશી
૪.	અખિલ ભારતીય વિજ્ઞાન પરિષદનું આગામી અધિવેશન	...	કટક	...	ડૉ. બી. કે. વૈદ્ય

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૭(૨) મુજબ સેનેટના ૯૦ સભ્યોની સહીથી સેનેટની ખાસ સભા બોલાવવા માટે આવેદનપત્ર આવેલ હોઈ મજકૂર બાબત ઉપર અભિપ્રાય આપવા બાબત.

(સેનેટની ખાસ બોલાવવામાં આવેલી સભા, સેનેટની આગામી સભા જે માર્ચ માસમાં બોલાવવા ધારી છે તેના અગાઉના દિવસે બોલાવવાનું વિચારવા માટે ઉપકુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી.)

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબત, સેનેટનાં બીજાં કામકાજની સાથે, સિન્ડિકેટના અભિપ્રાય માટે હવે પછીની સભા સમક્ષ રજૂ કરવી.

૫૮. તબીબી વિદ્યાશાખાની તા. ૨-૧૧-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ડી.ઓ.એમ.એસ.ની પરીક્ષા અંગે મેડિકલ કાઉન્સિલના સેક્રેટરી તરફથી આવેલા રિપોર્ટ ઉપર તથા તે અંગે બી. જે. મેડિકલ કૉલેજના ડીનના રિપોર્ટ ઉપર અને વિદ્યાશાખાના ડીનના રિપોર્ટ ઉપર વિચારણા કરી આ વિદ્યાશાખા ઠરાવે છે કે, મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને, વિદ્યાશાખાના ડીનના રિપોર્ટ મુજબ જવાબ આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(ભલામણમાં જણાવેલા વિદ્યાશાખાના ડીનના રિપોર્ટની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૯. ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તારીખ ૨૫-૯-૧૯૬૧ની સભામાં મજકૂર અભ્યાસસમિતિ હેઠળ આવતા જુદા જુદા વિષયોમાં માર્ચ/એપ્રિલ ૧૯૬૧ના વર્ષમાં લેવાયેલી પરીક્ષાઓ અંગે પરીક્ષકો તરફથી આવેલ રિપોર્ટો ઉપર વિચારણા કરેલ નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત:

"(1) To request the University to see that nobody is appointed as an Examiner in the Pre-University and other examinations, who, at the time of the examination, is not a member of the staff of a College or University.

(2) Special translator should be appointed for the purpose of translating questions in Gujarati adequately.

(3) To sanction halting allowance to Paper-setter in Mathematics at B.Sc. Examination for the number of days they are required to prepare adequately the question-papers in English and Gujarati. This may be done even by reducing the T.A. to two First Class fares instead of three.

(4) Instead of having a general option of 60% of questions there should be option to each question (but not general option).

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૦. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨)(૩) મુજબ સેનેટના સભ્ય શ્રી. રણછોડજી દયાળજી દેસાઈને વિદ્યાશાખા તથા અભ્યાસસમિતિઓ એનાયત કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, શ્રી. રણછોડજી દયાળજી દેસાઈની સેવાઓ વિનયન વિદ્યાશાખામાં તથા તે વિદ્યાશાખા હેઠળ આવતી શિક્ષણ અને તત્ત્વજ્ઞાનની અભ્યાસસમિતિઓ પર સભ્ય તરીકે લેવી.

૬૧. આયુર્વેદિક મેડિસિનની વિદ્યાશાખાએ તેની તા. ૧૧-૯-૧૯૬૧ની સભામાં કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"બી.એ.એમ.એસ. સ્નાતકોનો દરજ્જો અને દરમાયો ઘટતી કક્ષાએ હલ કરવા માટે આ ફેકલ્ટી ગુજરાત યુનિવર્સિટીને ગુજરાત રાજ્ય સાથે પત્રવ્યવહાર કરવા વિનંતી કરે છે."

આથી ફરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે આ યુનિવર્સિટીને કશું કરવાપણું આવતું નથી.

૬૨. પ્રથમ વર્ષ વિનયન અને દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષાઓ બહારના વિદ્યાર્થીઓ માટે ઑક્ટોબરમાં લેવાનું નક્કી થયું હોવાથી સદરહુ બંને પરીક્ષાઓની અને "પત્રકારત્વના ડિપ્લોમા અભ્યાસક્રમ"ના પહેલા અને બીજા વર્ષની પરીક્ષાઓ શરૂ થવાની અને આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખો નીચે મુજબ કાર્યાલયે સૂચવી છે તે મુજબ તે ઓ. ૧૨૬માં ઉમેરવા બાબત અને ઓ. ૧૭૪-ડી હુવેથી રદ્દ ગણવા બાબત:

Examination	Date of commencement	Closing date for receiving application for Examination	Examination Fees
F.Y. (Pre-Uni.) Arts (External)	... 2nd Monday in October	... 2nd Monday in August	... Rs. 30/-
Intermediate Arts (External)	... Monday following the 15th October	... 16th August	... Rs. 50/-
F.Y. Diploma in Journalism	... 4th Monday in April	... 31st March	... Rs. 40/-
S.Y. Diploma in Journalism	... ,, ,,	... ,,	... Rs. 50/-

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૨૯માં કાર્યાલયે સૂચવ્યા પ્રમાણેના સુધારા મંજૂર કરવા તથા સદરહુ સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૬૩. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૨૫-૯-૧૯૬૧ની સભામાં કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી કે, ટી.ડી. પરીક્ષાના બીજા વિભાગમાં પરીક્ષાના પાઠો ધોરણ પથી ૮ સુધીમાં ગોઠવવા અને બી.એડ. પરીક્ષાના બીજા વિભાગમાં પરીક્ષાના પાઠો ધોરણ ૭થી ૧૦ સુધીમાં ગોઠવવાની સૂચના પરીક્ષાનું સમયપત્રક ઘડનારને આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

૬૪. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની છેલ્લી તા. ૩૧-૧૨-૧૯૬૧ સુધી સિન્ડિકેટે લંબાવી હતી પરંતુ આશરે ૩૦૦ જેટલા નિયમિત વિદ્યાર્થીઓ અને ૧૦૦ જેટલા બહારના વિદ્યાર્થીઓએ ઉપરોક્ત સમયમાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નથી તો તેમને માટે તા. ૩૧-૧-૧૯૬૨ સુધી મુદત લંબાવવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટો કઢાવવાની મુદત તા. ૩૧-૧-૧૯૬૨ સુધી લંબાવવી.

૬૫. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"The Board felt that to facilitate the progressive use of Gujarati as the medium of instruction and examination, it would be very useful to organise a workshop of Physics teachers at the collegiate level. It was noted that for Mathematics, a similar workshop has been organised with Professor Vaidya and Professor Sandil. The Committee suggested that the task of organising a similar workshop for Physics be entrusted to Professor Sandil, Professor Pathak and Professor N. J. Patel."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે માટે રૂા. ૨,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૬૬. પ્રકાશન બૉર્ડ (Publication Board)ના એક સભ્ય શ્રી. જે. બી. સાંડિલ વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન તરીકે નિમાયા હોઈ, અને તેઓ હોદ્દાની રૂએ પ્રકાશન બૉર્ડના સભ્ય બનતા હોઈ, તેમની જગ્યાએ તા. ૧-૧૦-૧૯૬૩ સુધીની મુદત માટે બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય જે. બી. સાંડિલની ખાલી પડેલી જગ્યા પર, બાકી રહેલી મુદત સુધી, આચાર્ય ડૉ. વાય. જી. નાયકની નિમણૂક કરવી.

૬૭. યુનિવર્સિટીઓને ગ્રાન્ટ આપવા અંગેનું ધોરણ ઠરાવવા બાબતમાં રાજ્ય સરકારે નીમેલી કમિટી સમક્ષ યુનિવર્સિટીનું દૃષ્ટિબિંદુ રજૂ કરવા બાબતના શિક્ષણ ખાતાના સંચાલક અને મેમ્બર-સેક્રેટરી શ્રી. ડી. એલ. શર્માના પત્રાંક ડીઓ. એસ. ૯૫-એ, તા. ૨૮-૧૨-૧૯૬૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને એક નોંધ મોકલી આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૮. ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ શ્રી. આર. વી. દેસાઈને રૂા. ૨૩૦-૧૫-૩૫૦ ઈ.બી. ૨૦-૪૩૦ના પગારધોરણમાં રૂા. ૩૫૦ના પગાર પછી તા. ૧-૨-૧૯૬૨થી "એફિશિયન્સી બાર" ઓળંગવા દેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ શ્રી. આર. વી. દેસાઈને તા. ૧-૨-૧૯૬૨થી "એફિશિયન્સી બાર" ઓળંગવાની પરવાનગી આપવી.

૬૯. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગમાં લેક્ચરરની જગ્યા પર શ્રી. બી. એમ. શાહની રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં રૂા. ૨૮૦ના મૂળ પગારથી એપ્રિલ ૧૯૬૧માં નિમણૂક કરવામાં આવી છે. તેમનો મૂળ પગાર પગારધોરણના પગથિયા પર આવતો નથી તો તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. એમ. શાહનો પહેલા વર્ષનો મૂળ માસિક પગાર, રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં, રૂા. ૨૭૫ ગણવો તથા તેમને પહેલા વર્ષ દરમિયાન રૂા. ૫ "પર્સનલ એલાવન્સ" તરીકે અપાય છે તેમ ગણવું, તથા સદરહુ રૂા. ૫નું "પર્સનલ એલાવન્સ" તેમના ભાવિ પગાર વધારામાં ભેળવી દેવું (be merged in future increment).

૭૦. કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એસ. વી. તન્ના તા. ૧૫-૧-૧૯૫૩થી તા. ૫-૧૨-૧૯૬૧ સુધી સેવા આપ્યા પછી છૂટા થયેલ હોઈ રૂટે. ૧૯૩ પ્રમાણે તેમોને ગ્રેચ્યુઈટી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. વી. તન્નાને રૂટે. ૧૯૩ અનુસાર ગ્રેચ્યુઇટી આપવાનું મંજૂર કરવું.

૭૧. તા. ૧૧-૧૨-૧૯૬૧ અને તા. ૨૬-૧૨-૧૯૬૧ની બાંધકામ સમિતિની નીચેની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૭૨. ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન વિજ્ઞાન વિદ્યાભવન માટે સાયન્ટિફિક ઇક્વિપમેન્ટ્સ ખરીદવા રૂા. ૩,૨૫,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૨૨-૫/૬૧(એસ), તા. ૧૫ ડિસેંબર, ૧૯૬૧ની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત પરત્વે આગળ બાબત નં. ૫૩ હેઠળ નોંધ લેવામાં આવી હોઈ તે પરત્વે કાંઈ કરવાપણું રહ્યું નહિ.

૭૩. ગ્રંથાલય સમિતિના નીચેના ઠરાવોની નોંધ લેવા બાબત :

(૧) ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા જુલાઈ, ૧૯૬૧થી સપ્ટેંબર, ૧૯૬૧ સુધીના ત્રૈમાસિક પત્રકની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

(૨) ગ્રંથાલયના તા. ૧-૭-૧૯૬૧થી તા. ૩૦-૯-૧૯૬૧ સુધીના ત્રૈમાસિક આવક-ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

(૩) ગ્રંથાલયના તા. ૧-૭-૧૯૬૦થી તા. ૩૦-૬-૧૯૬૧ સુધીના વાર્ષિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલય સમિતિના ઉપરના ઠરાવોની નોંધ લેવી.

૭૪. ગ્રંથાલય સમિતિની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) સને ૧૯૬૧-૬૨નું સુધારેલું અંદાજપત્ર તથા ૧૯૬૨-૬૩નું કાર્યાલય તરફથી રજૂ થયેલું અંદાજપત્ર ગ્રંથાલય સમિતિની સભામાં થયેલા સુધારા સાથે મંજૂર કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(૨) છેલ્લાં ત્રણ વર્ષથી જુનિયર ક્લાર્ક તથા ક્લાર્ક-ટાઇપિસ્ટની પાંચ જગ્યાઓ કામચલાઉ ચાલુ છે તેને બદલે તે પાંચ જગ્યાઓ કાયમી કરવાની તથા પટાવાળાની એક નવી જગ્યા ઊભી કરવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે (આ જગ્યાઓનો સમાવેશ અંદાજપત્રમાં કરવામાં આવેલો છે).

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલય સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૭૫. શ્રી. જી. એ. દેસાઈ (કાર્યાલય નિયામક) એમ.કૉમ.ની પરીક્ષા આપવાના હોવાથી, તેઓ છ મહિનાની રજા ઉપર હોવાથી, તેઓની જગ્યાએ ઑફિશિયેટિંગ નિમણૂક કરવા બાબત.

(નોંધ.— સિન્ડિકેટની તા. ૨૪/૨૫-૧-૧૯૫૯ની સભામાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. સી. પટેલ હેડ ક્લાર્કની જગ્યા માટેની લાયકાતનું ધોરણ ધરાવતા ન હોઈ તેઓની તે પ્રમાણે નિમણૂક કરી ન શકાય.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ નિયમ ઑફિશિયેટિંગ જગ્યાઓ પરની બધી જ નિમણૂકોને લાગુ પાડવો.")

આથી ઠરાવવામાં આવે છે કે, "ઑફિશિયેટિંગ" (officiating) નિમણૂકો માટે શૈક્ષણિક લાયકાતનાં ધોરણોનો આગ્રહ રાખવો નહિ.

૭૬. યુનિવર્સિટી કાર્યાલયે પ્રકાશનનું કામ હાથમાં લીધેલું હોઈ, યુનિવર્સિટીની પરિભાષાના નીચેના નીતિનિયમો ઉપર પુનર્વિચારણા કરવા બાબત:

તા. ૧૫/૧૬-૧-૧૯૫૫નો સિન્ડિકેટનો ઠરાવ

નીચે મુજબ નીતિનિયમો મંજૂર કરવામાં આવ્યા છે:

1. The Terminology at present in use in the Secondary Schools and in the text-books for the Secondary Schools for teaching different subjects in Gujarati should be retained as basis for teaching respective subjects in the Colleges and the further vocabulary for college studies be based thereon and on those lines.
2. International symbols, signs and formula be retained for use as they are in use at present.
3. English scientific terms may be retained, if suitable Gujarati equivalents cannot be immediately framed or are not available.
4. The Committee envisages that in order to see that the Terminology may not be rigid and it may be elastic, it is desirable that for the time being English equivalents should be shown in brackets along with the Hindi or Gujarati equivalents that may be used.

આથી ઠરાવવામાં આવે છે કે, પરિભાષા અંગેના ઉપરોક્ત નીતિનિયમોમાં જરૂર જણાય ત્યાં અંગ્રેજી પર્યાયો, આંતરરાષ્ટ્રીય સંજ્ઞાઓ વગેરેના ઉપયોગ માટે પૂરતો અવકાશ હોઈ તેમાં ફેરફાર કરવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૭૭. "Co-operative Consumers' Stores in Universities — Organisation of" વિષય પરના ભારત સરકારના સામૂહિક વિકાસ અને સહકાર ખાતાના પત્રાંક નં. ૧-૩૬.૬૧-સીટી, તા. ૨૮-૧૨-૧૯૬૧ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યોજના કૉલેજોને પરિપત્રિત કરવી, તથા યુનિવર્સિટી-કક્ષાએ તેમાં શું થઈ શકે તેમ છે તે અંગેની વિચારણા હવે પછીની સભામાં કરવાનું રાખવું.

(યોજનાની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૭૮. અમદાવાદની ગુજરાત કૉલેજમાં આપવામાં આવેલ એમ.એ. ઉર્દૂ વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એચ. એમ. એસ. શેખની બદલી થઈ હોવાથી તેમની જગ્યાએ ડા. એમ. એ. એચ. ફારૂકીની આ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદમાં ઉર્દૂના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. એમ. એ. એચ. ફારૂકીની નિમણૂક કરવી.

૬૯. ફાઇનાન્સ કમિટીની તા. ૫-૧-૧૯૬૨ની સિન્ડિકેટને ભલામણો.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૫-૧-૧૯૬૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૭૦. ઓપન-એર-થિયેટરના બાંધકામમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની કેટલીક જમીનનું દબાણ થયેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઓપન-એર-થિયેટરના બાંધકામમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની ૧૪ ગુંઠા જેટલી જમીનનું દબાણ થયેલું છે તેને બદલે ફિઝિકલ સ્પેસ લેબોરેટરીના હદને અડીને ૧૪ ગુંઠા જેટલી જમીન તેમને આપવાની મંજૂરી આપવા માટે સેનેટને ભલામણ કરવી.

૭૧. જનરલ એજ્યુકેશન અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન મારફતે તે વિષયના નિષ્ણાત શ્રી. હેન્સ સાયમન્સની સેવાઓ મળેલ હોઈ સામાન્ય શિક્ષણ અંગે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોના આચાર્યો/શિક્ષકોનો એક પરિસંવાદ તા. ૨૯-૧-૧૯૬૨થી તા. ૨-૨-૧૯૬૨ સુધી યોજવા માટે કુલ રૂા. ૬,૦૦૦નો ખર્ચ મંજૂર કરવા બાબત તથા તેમાં ભાગ લેવા માટે અમદાવાદ બહારથી આવતા શિક્ષકોને પ્રથમ વર્ગનું આવવાજવાનું ભાડું તથા રૂા. ૭·૫૦ લેખે દૈનિક ભથ્થું આપવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ તથા તે અંગે રૂા. ૬,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૭૨. તા. ૧૧-૪-૧૯૫૯ની સિન્ડિકેટની સભાએ મંજૂર કરેલા લેખકો અને અનુવાદકો સાથેના કરારનામાના મુસદ્દામાં તા. ૨-૧૧-૧૯૬૧ના રોજ મળેલી સિન્ડિકેટે રૉયલ્ટી અંગેના સુધારાના ઠરાવ મુજબ અનુવાદક તથા લેખકની સાથે કરવાના કરારનામામાં બીજા પરિચ્છેદમાં જે લેખક/અનુવાદકની ઇચ્છા પ્રમાણેનું વૈકલ્પિક ધોરણ અપનાવ્યું છે તે ધોરણને અનુલક્ષીને સુધારેલા મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૨-૧-૧૯૬૧ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે, જે વ્યક્તિઓને પ્રત્યેક પાના દીઠ સંપૂર્ણ કૉપીરાઇટ આપવા માટે ઉપરનો દર માન્ય ન હોય તેમને પુસ્તકના વેચાણ પર, યુનિવર્સિટીના નાણાકીય વર્ષને અંતે, નીચેના દરે રૉયલ્ટી આપવાનું રાખવું :

પહેલી ૫૦૦૦ સુધીની નકલો માટે ૧૫ ટકા,
૫૦૦૧થી ૧૦૦૦૦ સુધીની નકલો માટે ૧૨½ ટકા,
૧૦૦૦૦થી વધુ નકલો માટે ૧૦ ટકા.)

આથી ઠરાવવામાં આવે છે કે, લેખકો/અનુવાદકો સાથે કરવા માટેના કરારનામાની કલમ (૨)નો વૈકલ્પિક પાઠ મંજૂર કરવો તથા જે લેખકો/અનુવાદકો વિકલ્પ (૧) સ્વીકારવા માટે સંમત ન હોય તેમની સાથે વિકલ્પ (૨) અનુસાર કરાર કરવાનું રાખવું.

૮૩. રેફરીઓની નિમણૂકો અંગે જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણો જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૩-૪-૧૯૬૨ની સભાએ મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત :

૧. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૭/૨૮-૯-૧૯૬૧ની સભાની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલી પદવી તથા મહાનિબંધ માટે તે સામે જણાવેલા રેફરીની નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
૧. શ્રી. કે. એમ. પટેલ	એમ.એસસી.	(1) "Chalcones & related compounds derived from p-cresol"	Dr. T. N. Mehta, Laxminarayan Institute, Nagpur. *or* Dr. G. S. Saharia, Reader in Chem., Delhi Uni., Delhi.
		(2) Ketones derived from p-cresol"	
૨. શ્રી. આર. ડી. મહેતા	પીએચ.ડી.	"Some studies in the applications of resins to Cotton"	Dr. J. T. Marsh-Tysley, Bower Road, Hale, Cheshire, England. *or* Dr. D. Fornelli, Member, A. A. T. C. C., Via Bianchardi-4 Milan (Italy).
			for viva voce (1) Dr. G. M. Nabar, Dept. of Chemical Technology, Matunga, Bombay. *or*

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
			(2) Dr. E. H. Daruwala, Dept. of Chemical Technology, Matunga, Bombay.

૨. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૩/૪/૫-૮-૧૯૬૧ની સભાની ભલામણ

નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા મહાનિબંધ માટે તે સામે જણાવેલા રેફરીઓની નિમણૂક કરવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
૧. શ્રી. જી. એમ. શાહ	પીએચ.ડી.	"Atmospheric Studies by Optical Scattering"	(1) Dr. H. U. Dutch, 20, Carlspittalers-trasse, Zurich-53 (Switzerland). *or* (2) Dr. A. W. Brewer, Reader in Meteriology, Clarender Laboratory, Oxford, England.
૨. શ્રી. એસ. એસ. દગાઓનકર	પીએચ.ડી.	"Vertical Distribution of electrons in the ionosphere over Ahmedabad"	Prof. A. Rawer, Insospharen Institute, FIZ der Dtsch, Bunder-Breisach a. Rhine, W. Germany. *or* Prof. W. Dieminger, Institute for Ionospharen Forschung, Lindau, Harz, W. Germany.

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ **External referee for viva voce**
			Dr. A. P. Mitra, National Physical Laboratory, Hillside Rd., New Delhi. *or* Dr. R. Bhargava, Astrophysics Observatory, India Meteriological Dept., Kodaikanal.
૩. શ્રી. બી. એસ. દાંડેકર	પીએચ.ડી.	"Observations of Night Airglow Mount Abu and their discursion"	(*a*) Dr. D. Barbier, Institute d' Astrophysique, 98, bis Boulevard Arago, Paris–14 (France). (*b*) Dr. F. E. Roach, National Bureau of Standards, Boulder,Colorade, U.S.A. **External referee for viva voce** (*a*) Dr. R. Anant Krishnan, Dy. Director General of Observatories, India Meteriological Dept., Poona. (*b*) Dr. Vainu Bappu, Director, Astrophysical Observatory, Kodaikanal.

૩. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૬/૧૭-૮-૧૯૬૧ની સભાની ભલામણ

નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી રેફરીની નિમણૂક કરવા અંગે સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૬/૧૭-૮-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ :

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. કે. એમ. ત્રિવેદી	"Natya-Darpan of Ramchandra and Gunachandra — A Faculty Study"	પીએચ.ડી.

સંસ્કૃતની અભ્યાસસમિતિની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. એમ. ત્રિવેદીના મહાનિબંધ માટે નીચેના રેફરીઓની નિમણૂક કરવી :

૧. શ્રી. વી. રાઘવન, યુનિવર્સિટી ઑફ મદ્રાસ, મદ્રાસ
૨. શ્રી. મનમહોન ઘોષ, કલકત્તા યુનિવર્સિટી, કલકત્તા
૩. શ્રી. જી. સી. ઝાલા, સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈ.

૪. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૫-૯-૧૯૬૧ની સભાની ભલામણ

નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સબંધી આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવા ભલામણ કરવામાં આવે છે :

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરી
૧. શ્રી. વી. એમ. પટેલ	એમ.એડ.	"An investigation into the spelling mistake of Gujarati of the Pupils of Secondary Schools"	(1) Dr. M. P. Vaidya, V. C. Gurukum High School, Ghatkopar, Bombay. *or* (2) Dr. R. P. Raval, C/o. British Council, French Bank Bldg., Homji Street, Fort, Bombay.

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	રેફરીનું નામ
૨. શ્રી. સી. એલ. ભટ્ટ	પીએચ.ડી.	"The Construction and Standardisation of group tests of intelligence for Gujarati Pupils of Std. V, VI & VII"	(1) Mrs. Perin H. Mehta, Central Bureau of Education & Vocational Guidance, C/o. Central Insti. of Education, 33, Probun Rd., Delhi-8. *or* (2) Dr. V. V. Kamat, 136/G, Sare's House, Girgaum Rd., Bombay-4.

૫. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૨-૯-૧૯૬૧ની સભાની ભલામણ

૧૨૨. શ્રી. પીટર એસ. મેકવાન અત્રેના કાર્યાલયમાં પટાવાળા તરીકે જોડાયા હતા અને તેઓ રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ કાર્યાલયમાં તા. ૨૧-૧-૧૯૬૧થી જોડાયા હતા અને તા. ૩૧-૧-૧૯૬૨થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પીટર એસ. મેકવાનને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ આ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૨૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી ડૉક્ટરેટ ડિગ્રી સિવાયના યુનિવર્સિટી દ્વારા સ્વીકૃત મહાનિબંધો (Humanities)ના પ્રકાશન અંગે રૂા. ૧૦,૦૦૦થી વધુ નહિ એમ ૫૦ ટકા જેટલી આર્થિક સહાયની યોજનાને અનુલક્ષીને તે પરત્વે, તેવા છપાવવા યોગ્ય મહાનિબંધોની કમિશનને ભલામણ કરવા અંગેની બાબત જે સિન્ડિકેટે તેની તા. ૨-૧૨-૧૯૬૧ની સભામાં પ્રકાશન અંગેની વહીવટી સમિતિને વિચારણાર્થે મોકલી હતી તે સંબંધે મજકૂર સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

સમિતિની ભલામણ

"ઉપરોક્ત વિષય અંગે ડૉક્ટરેટ ડિગ્રી સિવાયના યુનિવર્સિટી દ્વારા સ્વીકૃત થયેલ મહાનિબંધ એક પણ નથી. ઉપરાંત નોંધમાં દર્શાવેલ નિબંધ એ ભાષાંતર હોઈ આ યોજનામાં લઈ શકાય નહિ."

(નોંધ.—આ અંગે શ્રી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચના પ્રા. હરિહરભાઈ ભટ્ટે કરેલ શ્રી. એસ. બી. દીક્ષિત રચિત *History of Indian Astronomy*ના અનુવાદને પ્રસિદ્ધ કરવા માટે ભલામણ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ડૉક્ટરેટ ડિગ્રી સિવાયના યુનિવર્સિટી દ્વારા સ્વીકૃત મહાનિબંધોની જ ભલામણ થઈ શકે તેમ હોવાથી આ યુનિવર્સિટી તરફથી કોઈ મહાનિબંધની ભલામણ કરી શકાય તેમ નથી.

૧૨૪. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ અનુસાર સિન્ડિકેટની તા. ૬-૧-૧૯૬૨ની સભામાં જે શિક્ષકોને તા. ૧૪-૫-૧૯૬૨ સુધીના સમય માટે માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવી છે તેમને તા. ૧૫-૩-૧૯૬૩ સુધીના સમય સુધીની માન્યતા આપવી કે કેમ તે પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૫. બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૭-૯-૧૯૬૧ની બેઠકમાં ઉનાળાની રજાઓમાં કેવા શિબિર યોજવા તે નક્કી કરવા માટે નિયુક્ત થયેલી ઉપસમિતિની તા. ૨૯-૧-૧૯૬૨ના રોજ મળેલી બેઠકની નોંધમાં જે શિબિરનો પ્રકાર નક્કી કરેલ છે તેને તથા તેના સ્થળ, સમય અને અર્થની વિગત તથા વ્યાખ્યાતાની યાદી વગેરેની વિગતોને મંજૂર કરવા બાબત.

(નોંધ.—બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરના બજેટમાં આ માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ મંજૂર કરેલો જ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ઉપસમિતિએ કરેલી ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણો પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૨૬. જુદાં જુદાં કેન્દ્રો ઉપર પરીક્ષાનાં પ્રશ્નપત્રો છાપવા માટેનાં પ્રેસો અંગેનાં મગાવેલાં ટેન્ડરો તપાસી ઉપકુલપતિશ્રીએ આ સાથેના પરિશિષ્ટમાં બતાવ્યા પ્રમાણેનાં પ્રેસોનાં ટેન્ડરો મંજૂર કર્યાં તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

(મંજૂર કરેલાં ટેન્ડરોની માહિતી પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૧૨૭. સિન્ડિકેટે તેની તા. ૧૦-૩-૧૯૬૧ની બેઠકમાં પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટે પસંદ કરેલા ગદ્યપદ્યસંગ્રહો તૈયાર કરવા માટે અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત, ઉર્દૂ-ફારસી અને અરેબિક એમ ભાષાઓની સમિતિઓ નીમી હતી. તે પૈકી ગુજરાતીના વિષયમાં ગદ્ય અને પદ્યની જે કૃતિઓને સમિતિએ તૈયાર કરી છે તેની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે આવી ત્યારે ઉપકુલપતિશ્રીએ સભાગૃહને જણાવ્યું કે, પ્રસ્તુત સંગ્રહ ૧૯૬૨ના જૂનથી પાઠ્યપુસ્તક તરીકે ચાલુ કરી શકાય તે હેતુથી તેઓશ્રી સદરહુ સંગ્રહ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ મંજૂર કરે છે.

તે પછી સભાગૃહે ઠરાવ્યું કે સદરહુ સંગ્રહનું પ્રકાશન વેળાસર કરવા માટે તથા તે અંગે ઘટતી કાર્યવાહી કરવા માટે પ્રકાશન અધિકારીને જણાવવું, તથા તે માટેનો ખર્ચ મંજૂર કરવો.

૧૨૮. એજ્યુકેશનની અભ્યાસસમિતિએ તેની તા. ૨૫-૯-૧૯૬૧ની સભામાં કરેલા નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"ઑર્ડિ. ૧૨૯ પ્રમાણે બી.એડ.ના પહેલા અને બીજા ભાગની પરીક્ષા વચ્ચે ચાર અઠવાડિયાંનો ગાળો રાખવા શ્રી. રજિસ્ટ્રારને વિનંતી કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા ઑ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

O. 129 :

Examination	*How many times held in a year*	*Date of Commencement*	*Closing date for receiving application for examination*	*Examination fees*
B.Ed., Part II	Once	Last Monday in February	10th January	Rs. 15.

નં. સિં/૧૩૮૫૦-૬૫/૧૯૬૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
માર્ચ ૨, ૧૯૬૨.
ફાલ્ગુન ૧૧, ૧૮૮૩ (શક).

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૬૭

શ્રી. ઉપકુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

અમો, નીચે સહી કરનાર સેનેટના સભ્યો, નીચેના કામની વિચારણા કરવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૭(૨) હેઠળ સેનેટની એક ખાસ સભા બોલાવવા માટે આપને વિનંતી કરીએ છીએ.

"સેનેટની આ સભા માને છે કે, વધતી જતી મોંઘવારીને અનુલક્ષીને યુનિવર્સિટીના ત્રીજા અને ચોથા વર્ગનાં અત્યારનાં પગારધોરણ નીચાં છે. ઉપલા વર્ગના કર્મચારીઓનાં પગારધોરણમાં જે વધારો થયો છે તેના સંદર્ભમાં પણ ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓનાં પગારધોરણ (pay-scales) આ સાથે જોડવામાં આવેલા પરિશિષ્ટ (જુઓ **પરિશિષ્ટ 'અ'**) પ્રમાણે હોવાં જોઈએ.

સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી અને ભલામણ કરે છે કે, આ પગારધોરણો, ઉપરના અધિકારીવર્ગની બાબતમાં બન્યું છે તેમ તા. ૧-૭-૧૯૫૯થી અમલમાં મૂકવામાં આવે અને હાલ અપાતાં મોંઘવારી તેમ જ અન્ય ભથ્થાંઓ અને રાહતોનું ધોરણ ચાલુ રાખી અમલી બનાવવામાં આવે."

લિ. આપના વિશ્વાસુ,

૧. હાકોરલાલ શ્રીપતરાય હાકોર
૨. જયેશ દેસાઈ
૩. ન. પ્ર. વ્યાસ
૪. એસ. આર. મહેતા
૫. એચ. વી. વસા
૬. એસ. સી. કુસુમગર
૭. બુલાખી નવલખા
૮. સી. એલ શાસ્ત્રી
૯. એન. એસ. પંડયા
૧૦. ડી. ડી. દેસાઈ

૧૧. એસ. સી. શાહ
૧૨. એચ. એન. વ્યાસ
૧૩. એન. એમ. શાહ
૧૪. એન. એન. દલાલ
૧૫. દલસુખભાઈ શાહ
૧૬. આર. બી. શાહ
૧૭. ચંપકલાલ એન. શાહ
૧૮. કે. ડી. દેસાઈ
૧૯. રણજિતરાય શાસ્ત્રી
૨૦. પુષ્કરભાઈ ચંદરવાકર
૨૧. રામપ્રસાદ શુક્લ
૨૨. એન. સી. શાહ
૨૩. જે. જે. ત્રિવેદી
૨૪. પી. એલ. શાહ
૨૫. કે. આર. દવે
૨૬. દોલત ત્રિવેદી
૨૭. એસ. બી. પંડ્યા
૨૮. ઈ. એમ. એસ્ટ
૨૯. વી. એ. વ્યાસ
૩૦. આર. એમ. દવે
૩૧. એચ. એમ. પ્રજાભટ્ટ
૩૨. વી. આર. રણદીવે
૩૩. એમ. ડી. અવસારે
૩૪. આર. એસ. ત્રિવેદી
૩૫. એન. જે. પટેલ
૩૬. ગુલાબભાઈ દેસાઈ
૩૭. રામુ પંડિત
૩૮. કુંજવિહારી સી. મહેતા
૩૯. કે. મો. તલાટી
૪૦. C. D. Vyas
૪૧. A. R. Desai
૪૨. B. G. Vaidya
૪૩. K. S. Thaker
૪૪. J. D. Desai
૪૫. B. K. Majmudar
૪૬. M. G. Patel
૪૭. V. B. Shastri
૪૮. S. D. Gandhi
૪૯. V. R. Trivedi
૫૦. K. L. Desai
૫૧. G. S. Desai
૫૨. G. B. Oza
૫૩. H. C. Shukla
૫૪. C. R. Patel
૫૫. Purshottam Ganesh Mavalankar
૫૬. M. S. Pandit
૫૭. K. G. Desai
૫૮. R. G. Chhabria
૫૯. Babaldas Chaudhari
૬૦. Ramanbhai Bhatt
૬૧. Chimanlal P. Patel
૬૨. P. H. Bhatt
૬૩. Nanddas Haridas
૬૪. A. D. Joseph
૬૫. S. V. Desai
૬૬. Anilkumar Jhaveri
૬૭. C. C. Shah
૬૮. L. D. Dave
૬૯. M. M. Parekh
૭૦. P. A. Pandya
૭૧. R. G. Naik
૭૨. C. M. Desai
૭૩. T. M. Oza
૭૪. M. N. Koregaonkar
૭૫. D. B. Parmar
૭૬. J. S. Jetly
૭૭. M. M. Jhaveri
૭૮. S. M. Shah
૭૯. Priyabala Shah
૮૦. Hemlata Desai
૮૧. M. S. Patel

૮૨. T. N. Dave
૮૩. A. V. Doshi
૮૪. H. K. Bukhari
૮૫. J. H. Adhvaryu
૮૬. Shrenik Kasturbhai
૮૭. Indradaman Amratlal
૮૮. A. M. Trivedi
૮૯. H. S. Khandheria
૯૦. S. C. Pathak

परिशिष्ट 'अ'

STATEMENT OF PAY SCALES

1. Superintendent	Rs.	320–20–440
2. Head Clerk	,,	200–12–320
3. Deputy Accountant	,,	300–20–440
4. Assistant Accountant	,,	200–12–320
5. Cashier	,,	200–12–320
6. Stenographer	,,	180–10–300
7. Clerk	,,	75–5–100–8–180–10–250
8. Typist	,,	75–5–100–8–180–10–250
9. Telephone Operator	,,	75–5–100–8–180–10–250
10. Naik	,,	45–2½–70
11. Peon, Mali, Sweeper, etc.	,,	40–2–60
12. Driver	,,	70–5–120

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૬૯

સિન્ડિકેટનો રિપોર્ટ

સદરહુ સમિતિની ભલામણો પર વિચારણા કરીને નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં કૉલેજોના જોડાણ અંગે સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓમાં નીચેના મુદ્દાઓ લક્ષમાં રાખીને સૂચનાઓ ઉમેરવા માટે મુસદ્દો તૈયાર કરીને સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવો.

(૧) એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરો સિવાયના બાકીના વિસ્તારોમાં જ્યાં એક જ કૉલેજ હોય તે સ્થળની પાંચ માઈલની ત્રિજ્યામાં આવતા કોઈ પણ સ્થળે તે જ વિદ્યાશાખાની બીજી કૉલેજ શરૂ કરવા માટે સામાન્ય રીતે પરવાનગી આપવી નહિ.

(૨) એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરોમાં, ગેરવાજબી હરીફાઈને ઉત્તેજન ન મળે તેથી યુનિવર્સિટીએ સ્વીકારેલી નીતિનો આગ્રહપૂર્વક અમલ કરવો તથા આવાં સ્થળોના કૉલેજો માટે ઓછામાં ઓછું રૂપિયા પાંચ લાખનું ભંડોળ રાખવાનું ફરજિયાત રાખવું. બાકીના વિસ્તારો માટે આવા ભંડોળની રકમ ઓછામાં ઓછા ત્રણ લાખ રૂપિયાની રાખવી.

(૩) દરેક કૉલેજ પાસે પોતાનું અલાયદું મકાન ત્રણ વર્ષના ગાળામાં તૈયાર કરવાની લેખિત બાંયધરી લેવી અને અરજી કરતી વખતે, ઓછામાં ઓછું, જે જમીન ઉપર કૉલેજનું મકાન બાંધવાનું હોય તે જમીન મંડળ/સંસ્થાને નામે ચડી ગઈ છે તે બાબતની સ્થાનિક તપાસસમિતિને ખાતરી કરાવવાનું ફરજિયાત રાખવું.

(૪) નીચે પ્રમાણે આર્થિક, શૈક્ષણિક તેમ જ અન્ય આનુષંગિક બાબતો પૂરી પાડી શકે તેવા કૉલેજોને જ જોડાણ આપવાં :

(૧) કૉલેજ ઉઘાડનાર દરેક મંડળે/સંસ્થાએ નીચે પ્રમાણે આર્થિક વ્યવસ્થા રાખવાનું આવશ્યક ગણવું :

(અ) વાણિજ્ય કે વિનયનની એક વિદ્યાશાખા ધરાવતી કૉલેજ માટે ચાલુ ખર્ચ માટે ઓછામાં ઓછા રૂ. ૭૫,૦૦૦ની જોગવાઈ;

(બ) વિજ્ઞાનની વિદ્યાશાખાની કૉલેજ માટે ચાલુ ખર્ચ માટે ઓછામાં ઓછા રૂ. ૧,૦૦,૦૦૦ની જોગવાઈ.

(નોંધ.— (૧) આ રકમ યુનિવર્સિટી અને વહીવટ કરનાર મંડળના સંયુક્ત નામે બેંકમાં જમા રાખવી અને સામાન્ય રીતે જે સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦૦ જેટલી થાય તે સંસ્થાને આર્થિક રીતે સદ્ધર ગણી, આ અનામતમાંથી કુલ ૩૦૦ વિદ્યાર્થીઓના પ્રમાણમાં, જેટલા વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવ્યા હોય તેટલા વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં ગણતાં જે રકમ થાય તે રકમ વર્ષને અંતે કૉલેજના ખર્ચ માટે ઉપાડવા પરવાનગી આપવી. દા.ત., ૧૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા હોય તો એક તૃતીયાંશ જેટલી રકમ ઉપાડી શકાય.

(૨) જે સંસ્થામાં વિનયન કે વાણિજ્ય ઉપરાંત વિજ્ઞાનની વિદ્યાશાખાનો અભ્યાસ શીખવવાની વ્યવસ્થા કરવાની હોય તે સંસ્થા માટે ચાલુ ખર્ચની જોગવાઈ માટેની રકમ ઓછામાં ઓછા રૂ. ૧,૭૫,૦૦૦ની રાખવી.)

(૨) રાયરચીલું, પ્રયોગશાળા, ગ્રંથાલય વગેરે માટે ઉપરોક્ત રકમ પેટે નીચે પ્રમાણે ઓછામાં ઓછી રકમની જોગવાઈ આવશ્યક ગણવી :

		વાણિજ્ય કે વિનયનની એક વિદ્યાશાખા ધરાવતી કૉલેજ માટે	વિજ્ઞાનની વિદ્યાશાખા માટે
રાચરચીલું	...	રૂ. ૪૦,૦૦૦	રૂ. ૪૦,૦૦૦
પ્રયોગશાળા	...	રૂ. —	રૂ. ૭૫,૦૦૦
ગ્રંથાલય	...	રૂ. ૭,૫૦૦	રૂ. ૧૦,૦૦૦

(૩) અરજી કરતી વખતે મકાન માટે ઓછામાં ઓછા એક લાખ રૂપિયા બેંકમાં અલાયદા અથવા બીજી અસ્કયામતરૂપે સંસ્થા પાસે હોવા જોઈએ, અને ત્યાર પછીનાં બે વર્ષમાં દર વર્ષે એક એક લાખ રૂપિયા જુદા મૂકવા, અને કુલ રૂપિયા ત્રણ લાખનું મકાન-ભંડોળ કરવાનું અને ત્રણ વર્ષની આખરે મકાન બાંધવાનું પૂરું કરવાનું આવશ્યક રાખવું. આ રકમ પણ યુનિવર્સિટી અને મંડળના સંયુક્ત નામે બેંકમાં જમા રાખવી, અને જેમ જેમ મકાનનું બાંધકામ આગળ વધતું જાય તેમ તેમ તે રકમ છૂટી કરવા યુનિવર્સિટીએ સંમતિ આપવી. ત્રણ વર્ષના અંતે જો તે સંસ્થા કૉલેજનું મકાન બાંધી ન શકે તો આ રકમની ૨૫ ટકા જેટલી રકમ યુનિવર્સિટી જપ્ત કરવાને હકદાર થશે તેવી બાંયધરી મંડળ પાસેથી લેવી.

(૪) દરેક કૉલેજ ઉઘાડનાર મંડળને કે સંસ્થાને કૉલેજના મકાનની બની શકે તેટલું પાસે, આચાર્યનું નિવાસસ્થાન, ભાડું લીધા વિના, પૂરું પાડવાનું જણાવવું.

(૫) દરેક કૉલેજ ઉઘાડનાર મંડળે કે સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવાનું ફરજિયાત રાખવું તથા છાત્રાલયની દેખરેખ માટે શિક્ષકગણના એક સભ્યની નિમણૂક કરવાનું પણ ફરજિયાત રાખવું અને તેમને માટે પણ છાત્રાલયની પાસે, ભાડું લીધા વગર, રહેવાની ઘટતી સગવડ કરવાનું જણાવવું.

(૬) દરેક કૉલેજને રમતગમતના મેદાનની પૂરતી વ્યવસ્થા રાખવા માટે ફરજ પાડવી.

(૭) હાલ જે કૉલેજોને જોડાણ આપવામાં આવ્યું હોય તે કૉલેજોને ઉપરનાં તમામ ધોરણો અનુસાર આર્થિક તેમ જ અન્ય સગવડો, ત્યાં ન હોય તો ત્રણ વર્ષની મુદતમાં તે પૂરી કરવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ બાબતનો સેનેટને રિપોર્ટ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યાની મર્યાદા ૧૨૦૦ની રાખવી જોઈએ તથા તે માટે ઓ. ૧૨૦-બીમાં જરૂરી સુધારો કરવા માટે ઘટતાં પગલાં લેવાં.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૭૦

જોડાણ-અરજીઓ અંગે નિમાયેલી સ્થાનિક તપાસસમિતિઓને આપવાની સૂચનાઓ

ચાલુ, વધારાના, કાયમી અગર નવા જોડાણ માટેની અરજીઓ મહામાત્ર, ગુજરાત યુનિવર્સિટીને જે વર્ષથી જોડાણ માગ્યું હોય તેના આગળના વર્ષની ૧લી જુલાઈ પહેલાં મળવી જોઈએ. જોડાણ માટેની અરજીનો નમૂનો યુનિવર્સિટી કાર્યાલયમાંથી મળશે અને તેને અનુલક્ષીને અરજી ઘડવી જોઈશે તથા તેની સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના સભ્યોને મોકલવી જરૂરી હોય તેટલી નકલો મોકલવાની રહેશે.

સ્થાનિક તપાસસમિતિઓને સૂચવવામાં આવે છે કે, નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી અંગે હેવાલ આપતી વખતે જે સ્થળે કૉલેજ શરૂ થવાની હોય તે સ્થળની નજીકમાં તેવી જાતની કૉલેજ છે કે નહિ, તે કઈ જાતનું શિક્ષણ આપવા માગે છે, વગેરે જોવું.

વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં નવી કૉલેજના જોડાણ અંગે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લઈને પ્રસ્તુત કૉલેજની આવશ્યકતા આંકવાનું રાખવું :

(૧) એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરો સિવાયના બાકીના વિસ્તારોમાં જ્યાં એક જ કૉલેજ હોય તે સ્થળની પાંચ માઈલની ત્રિજ્યામાં આવતા કોઈ પણ સ્થળે તે જ વિદ્યાશાખાની બીજી કૉલેજ શરૂ કરવા માટે સામાન્ય રીતે પરવાનગી આપવી નહિ.

(૨) એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરોમાં, ગેરવાજબી હરીફાઈને ઉત્તેજન ન મળે તેવી યુનિવર્સિટીએ સ્વીકારેલી નીતિનો આગ્રહપૂર્વક અમલ કરવો, તથા આવાં સ્થળોને કૉલેજો માટે ઓછામાં ઓછું રૂપિયા પાંચ લાખનું ભંડોળ રાખવાનું ફરજિયાત રાખવું. બાકીના વિસ્તારો માટે આવા ભંડોળની રકમ ઓછામાં ઓછા ત્રણ લાખ રૂપિયાની રાખવી.

વધુમાં સ્થાનિક તપાસસમિતિઓને સૂચના આપવામાં આવે છે કે, કૉલેજોનાં સત્તાધીશ મંડળોએ જોડાણ અંગે નીચેની જરૂરિયાતો પૂરી પાડવાની રહેશે તે તેમના ધ્યાન ઉપર લાવવું :

૧. નાણાકીય જોગવાઈ

દરેક કૉલેજે પોતાના ચાલુ ખર્ચ માટે તથા ગ્રંથાલય, પ્રયોગશાળા વગેરેના નિભાવ માટે પૂરતું અનામત ભંડોળ અને આવકનાં સાધનોની જોગવાઈ રાખવી જરૂરી છે. વધુમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાંની કૉલેજોએ નીચે મુજબ ખાસ નાણાકીય જોગવાઈ કરવી જરૂરી છે :

(અ) વાણિજ્ય કે વિનયનની એક વિદ્યાશાખા ધરાવતી કૉલેજ માટે ચાલુ ખર્ચ માટે ઓછામાં ઓછા રૂા. ૭૫,૦૦૦ની જોગવાઈ;

(બ) વિજ્ઞાનની વિદ્યાશાખાની કૉલેજ માટે ચાલુ ખર્ચ માટે ઓછામાં ઓછા રૂા. ૧,૦૦,૦૦૦ની જોગવાઈ.

[નોંધ.—(૧) આ રકમ યુનિવર્સિટી અને વહીવટ કરનાર મંડળના સંયુક્ત નામે બૅંકમાં જમા રાખવી અને સામાન્ય રીતે જે સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦૦ જેટલી થાય તે સંસ્થાને આર્થિક રીતે સદ્ધર ગણી, આ અનામતમાંથી કુલ ૩૦૦ વિદ્યાર્થીઓના પ્રમાણમાં, જેટલા વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવ્યા હોય તેટલા વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં ગણતાં જે રકમ થાય તે રકમ વર્ષને અંતે કૉલેજના ખર્ચ માટે ઉપાડવા પરવાનગી આપવી. દા.ત., ૧૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા હોય તો એક-તૃતીયાંશ જેટલી રકમ ઉપાડી શકાય.

(૨) જે સંસ્થામાં વિનયન કે વાણિજ્ય ઉપરાંત વિજ્ઞાનની વિદ્યાશાખાનો અભ્યાસ શીખવવાની વ્યવસ્થા કરવાની હોય તે સંસ્થા માટે ચાલુ ખર્ચની જોગવાઈ માટેની રકમ ઓછામાં ઓછા રૂા. ૧,૭૫,૦૦૦ની રાખવી.]

રાચરચીલું, પ્રયોગશાળા, ગ્રંથાલય વગેરે માટે ઉપરોક્ત રકમ પેટે નીચે પ્રમાણે ઓછામાં ઓછી રકમની જોગવાઈ આવશ્યક ગણવી :

	વાણિજ્ય કે વિનયનની એક વિદ્યાશાખા ધરાવતી કૉલેજ માટે	વિજ્ઞાનની વિદ્યાશાખા માટે
રાચરચીલું ...	રૂા. ૪૦,૦૦૦	રૂા. ૪૦,૦૦૦
પ્રયોગશાળા ...	રૂા. —	રૂા. ૭૫,૦૦૦
ગ્રંથાલય ...	રૂા. ૭,૫૦૦	રૂા. ૧૦,૦૦૦

૨. મકાનો અને રમતગમતનાં મેદાનો

(૧) કૉલેજે પોતાનું અલાયદું મકાન ત્રણ વર્ષના ગાળામાં તૈયાર કરવાની લેખિત બાંયધરી આપવી, અને અરજી કરતી વખતે, ઓછામાં ઓછું જે જમીન ઉપર કૉલેજનું મકાન બાંધવાનું હોય તે જમીન મંડળ કે સંસ્થાને નામે ચડી ગઈ છે તે બાબતની સ્થાનિક તપાસસમિતિને ખાતરી કરી આપવી.

(૨) અરજી કરતી વખતે મકાન માટે ઓછામાં ઓછા એક લાખ રૂપિયા બૅંકમાં અલાયદા અથવા બીજી અસ્કયામતરૂપે સંસ્થા પાસે હોવા જોઈએ, અને ત્યાર પછીનાં બે વર્ષમાં દર વર્ષે એક એક લાખ રૂપિયા જુદા મૂકવા, અને કુલ રૂપિયા ત્રણ લાખનું મકાન-ભંડોળ કરવાનું અને ત્રણ વર્ષની આખરે મકાનનું બાંધકામ પૂરું કરવાનું આવશ્યક રાખવું. આ રકમ પણ યુનિવર્સિટી અને મંડળના સંયુક્ત નામે બૅંકમાં જમા રાખવી અને જેમ જેમ મકાનનું બાંધકામ આગળ વધતું જાય તેમ તેમ તે રકમ છૂટી કરવા યુનિવર્સિટીએ સંમતિ આપવી. ત્રણ વર્ષના અંતે જો તે સંસ્થા કૉલેજનું મકાન બાંધી ન શકે તો આ રકમની ૨૫ ટકા જેટલી રકમ યુનિવર્સિટી જપ્ત કરવાને હકદાર થશે તેવી બાંયધરી મંડળે આપવાની રહેશે.

(૩) દરેક કૉલેજ ઉઘાડનાર મંડળ કે સંસ્થાએ કૉલેજના મકાનની બની શકે તેટલું પાસે, આચાર્યને, સંલગ્ન નિવાસસ્થાન, ભાડું લીધા વિના, પૂરું પાડવું તથા કૉલેજના જે શિક્ષક છાત્રાલયની સંભાળ રાખતા હોય તેમને પણ છાત્રાલય નજીક સંલગ્ન નિવાસસ્થાનની જોગવાઈ કરી આપવી પડશે.

(૪) કૉલેજ માટેનું મકાન ફક્ત કૉલેજના જ ઉપયોગ માટે વાપરવું આવશ્યક છે. ઉપરાંત એક મકાનમાં એકથી વધુ કૉલેજો ચલાવાશે નહિ.

(૫) કૉલેજના મકાન કે મકાનોમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણે જગ્યાની જોગવાઈ જરૂરી છે:

વિદ્યાર્થી દીઠ ૮ ચોરસવાર જગ્યા. વધુમાં વિદ્યાર્થીઓની એકેકની હાજરીમાં ગોઠવણીનો મુદ્દો સમિતિ ધ્યાનમાં લઈ શકશે.

જરૂર પ્રમાણે વર્ગોના ઓરડાઓ ઉપરાંત નીચે પ્રમાણે જગ્યાની ગોઠવણ કરવાની રહેશે:

(૧) શિક્ષકો માટેનો ખંડ
(૨) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૩) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૪) ગ્રંથાલય અને અધ્યયન માટે ઘટતી જોગવાઈ.

દરેક કૉલેજે સુસ્વાસ્થ્ય માટે સંપૂર્ણ વ્યવસ્થા રાખવી.

રમતગમતના મેદાનની પૂરતી વ્યવસ્થા રાખવી.

૩. છાત્રાલય

દરેક કૉલેજ ઉઘાડનાર મંડળે કે સંસ્થાએ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે. છાત્રાલયમાં નીચે પ્રમાણે જગ્યાની ગોઠવણ રાખવી:

એક વિદ્યાર્થી માટે	...	૧૦૦ ચોરસવાર
બે વિદ્યાર્થીઓ માટે	...	૧૭૫ ,,
ત્રણ વિદ્યાર્થીઓ માટે	...	૨૦૦ ,,

(ઉપરની જોગવાઈ કરવાનું હવે પછી બંધાનાર છાત્રાલયો માટે જ રહેશે.)

૪. સાધનો

કૉલેજોમાં શિખવાડાતા અભ્યાસક્રમની જરૂરિયાત મુજબ ગ્રંથાલય તથા પ્રયોગશાળાઓ સુસજ્જ રાખવાનાં રહેશે.

૫. શિક્ષકગણ

શિક્ષકોની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત અંગે યુનિવર્સિટીએ ઘડેલાં ધારાધોરણોનો તથા તેમની સેવા અંગે કરેલા નિયમોની દરેકની એક એક નકલ આ સાથે મોકલી છે.

૬. પ્રકીર્ણ

પ્રથમ વાર દ્વિતીય વર્ષ સુધીના અભ્યાસક્રમો માટે જોડાણ માગતી કૉલેજોને ફક્ત એક જ વર્ષ માટે જોડાણ મળી શકશે.

જોડાણ અંગે જે જે શરતો મુકાઈ હશે તેનું સંપૂર્ણ પરિપાલન ૧૫મી મે પહેલાં કરવું આવશ્યક રહેશે.

પરિશિષ્ટ "ઘ"
કાગળકામ ક્રમાંક ૭૬

GOVERNMENT OF INDIA

Ministry of Education

No. F/12-136/61-U/5.

NEW DELHI-1.
September 26, 1961.
Asvina 4, 1883 (Saka).

From

Mrs. Muriel Wasi,
Deputy Educational Adviser to the
Government of India.

To

The Educational Secretary,
All State Governments and Union Territories

Subject. — Participation by students in political demonstrations.

Sir,

At the Conference of Inspectors-General of Police held in New Delhi in January, 1960, the question of students' participating in political demonstration came up for consideration. The Conference felt that "using children for political purposes ultimately led to student indiscipline and views to that effect had been expressed by many leading Indian educationists, administrators and politicians themselves." The Conference decided that the Government might be requested to consider steps so that this practice might be prohibited either by convention or by law. In this connection, it was mentioned by the Inspector-General

સિ-૩૬૮ (ફેબ્રુઆરી)
તા. ૬-૨-'૬૨

of Police, Madras, that there was a convention in Madras that students would not be utilised for political purposes and this was being generally observed.

2. The question of prohibiting students from participating in political demonstrations has been under the consideration of the Ministry of Education for some time past. While it is considered that it would not be in the fitness of things to impose any kind of ban on participating in demonstrations. The object can be achieved if educational authorities and educators bring home to students the undesirability of such demonstrations and take disciplinary action, if this becomes necessary, in really bad cases. It is also possible for educational authorities to take the parents into their confidence through "Parent-Teacher Associations" so that the guardians/parents could prevent such activities on the part of their wards.

3. I am to request that if the State Government agree to the views expressed in paragraph 2 above, necessary instructions may kindly be issued to all educational institutions under their control.

4. I am also to request that the action taken may kindly be communicated to this Ministry in due course.

Yours faithfully,
MURIEL WASI (MRS.),
Deputy Educational Adviser.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૧૧૨

સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો ઉપર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની ૧૬મી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર, તા. ૯-૧-૧૯૬૨ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. ડૉ. વાય. જી. નાયક	...	હાજર
૨. પ્રૉ. ઉમાશંકર જોશી	...	હાજર
૩. પ્રિ. એસ. વી. દેસાઈ	...	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન ડૉ. વાય. જી. નાયકે લીધું હતું.

૧. વર્ષ ૧૯૬૧-૬૨ના સમય માટે માસિક રૂા. ૨૦૦ની એક એવી દશ પીએચ.ડી. પદવી માટેના વિદ્યાર્થી માટેની સંશોધન-શિષ્યવૃત્તિમાંથી એક શિષ્યવૃત્તિ ફાજલ રહેતી હોવાથી તે શિષ્યવૃત્તિ કોને આપવી તે નક્કી કરવા બાબત.

નીચે જણાવેલ અરજદારો ચાલુ સત્રથી તેમની પીએચ.ડી. પદવી માટે નોંધાયા હતા:

૧. શ્રી. જયવદન જશવંતલાલ શોક,
શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત;

૨. કુ. હેમલતા ટી. પટેલ,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

એટલે તેમની તથા આ શિષ્યવૃતિ માટે વધુ એક નવા અરજદાર શ્રી. પ્રવીણસાગર શંકરલાલ સત્યપંથી, શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાતની અરજી એમ કુલ્લે ત્રણ અરજીઓ પર ચર્ચાવિચારણા કરી ઠરાવવાનાં આવ્યું કે, આ શિષ્યવૃત્તિ વિજ્ઞાન વિદ્યાભવનની વિદ્યાર્થિની કુ. હેમલતા ટી. પટેલને તેઓ પીએચ.ડી. પદવી માટે નોંધાયાં હોય તે સત્રથી આપવી.

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

જ. મં. ભટ્ટ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૫૧૬

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા તા. ૨-૨-૧૯૬૨ના રોજ બપોરે ૩-૩૦ કલાકે યુનિવર્સિટી પ્રેસમાં પ્રેસ-મૅનેજરની ખાલી પડેલી કાયમી જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વિ. વિ. વૈદ્ય	હાજર
૩. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૫. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૭. શ્રી. ડી. એલ. શર્મા	ગેરહાજર
૮. રૉ. કે. જી. નાયક	હાજર
૯. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૧૦. રૉ. જે. જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. જી. બી. ઓઝા	ગેરહાજર
૧૨. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૧૩. શ્રી. વિક્રમ સારાભાઈ	ગેરહાજર
૧૪. શ્રી. એસ. આર. ભટ્ટ	હાજર
૧૫. શ્રી. એન એસ. શોધન	ગેરહાજર
૧૬. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર.

ગવર્નમેન્ટ પ્રેસના પ્રેસ-મૅનેજર શ્રી. જી. જે. ગણુસ્થલાલની નિષ્ણાત તરીકે નિમણૂક કરી હતી અને તેઓ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા.

નીચેના ઉમેદવારોને પ્રેસ-મૅનેજરની જગ્યા માટે મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એમ. જે. મહેતા	હાજર
૨. શ્રી. બી. બી. હાકર	ગેરહાજર
૩. શ્રી. આર. જે. મહેતા	ગેરહાજર
૪. શ્રી. એસ. જી. વોરા	હાજર
૫. શ્રી. ડી. એચ. પટેલ	હાજર.

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"શ્રી. ડાહ્યાભાઈ એચ. પટેલને પ્રેસ-મેનેજરની કાયમી જગ્યા ઉપર, શરૂઆતના પગાર રૂા. ૪૦૫ના પગારધોરણ રૂા. ૩૦૦-૧૫-૪૨૦ ઈ.બી. ૨૦-૬૦૦માં એક વર્ષના અજમાયશી સમય ઉપર નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "છ/૧"
કામકાજ ક્રમાંક ૧૧૪

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા તા. ૨-૨-૧૯૬૨ના રોજ બપોરે ૪-૦૦ કલાકે સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-ગ્રેડ્સ-વેતફેરની ખાલી પડેલી કાયમી જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું અને ત્રણ ઉમેદવારોની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ ઉપકુલપતિશ્રીને બહાર જવાનું હોવાથી પ્રમુખસ્થાન શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વિ. વિ. વૈદ્ય	હાજર
૩. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૪. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૫. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૭. શ્રી. ડી. એલ. શર્મા	ગેરહાજર
૮. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૯. ડૉ. કે. જી. નાયક	હાજર
૧૦. ડૉ. જે. જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. જી. બી. ઓઝા	ગેરહાજર
૧૨. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૧૩. ડૉ. વિક્રમ સારાભાઈ	ગેરહાજર
૧૪. શ્રી. એસ. આર. ભટ્ટ	હાજર
૧૫. શ્રી. એન. આર. શોધન	ગેરહાજર
૧૬. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર.

કમિશનર ઑફ લેબર, શ્રી. ડી. કે. બધેકાની નિષ્ણાત તરીકે નિમણૂક કરી હતી અને તેઓ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા.

નીચેના ઉમેદવારોને લેક્ચરર-ઇન-લેબર-વેલ્ફેરની જગ્યા માટે મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. બી. કે. રેડ્ડી	હાજર
૨. કુ. જે. જી. દેસાઈ	હાજર
૩. શ્રી. સી. એમ. શાહ	હાજર
૪. શ્રી. જી. એસ. શાહ	હાજર.

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે મુજબ ઠરાવ્યું :

" કુ. જયશ્રી જી. દેસાઈને લેક્ચરર-ઇન-લેબર-વેલ્ફેરની કાયમી જગ્યા પર રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય ઉપર નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "જ"
ક.અકાજ ૬ માંક ૧૧૫

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા તા. ૨-૨-૧૯૬૨ના રોજ બપોરે ૪-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રીની કાયમી જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી.

ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈ બહાર જવાથી પ્રમુખસ્થાન શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	ગેરહાજર
૨. શ્રી. વિ. વિ. વૈદ્ય.	ગેરહાજર
૩. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૪. ડૉ. એમ. ડી. પટેલ	ગેરહાજર
૫ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. એમ સી. દેસાઈ	ગેરહાજર
૭. શ્રી. ડી. એલ. શર્મા	ગેરહાજર
૮. ડૉ. કે. જી. નાયક	હાજર
૯. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૧૦. ડૉ. જે. જે. દેસાઈ	ગેરહાજર
૧૧. શ્રી. જી. બી. ઓઝા	ગેરહાજર
૧૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૧૩. ડૉ. વિક્રમ સારાભાઈ	ગેરહાજર
૧૪. શ્રી. એસ. આર. ભટ્ટ	ગેરહાજર
૧૫. શ્રી. એન. એસ. શોધન	ગેરહાજર
૧૬. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર.

પ્રો. બી. કે. વૈદ્યની નિષ્ણાત તરીકે નિમણૂક કરી હતી અને તેઓ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા.

નીચેના ઉમેદવારોને લેક્ચરર-ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રીની જગ્યા માટે મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા:

૧. શ્રી. કસન સેદરીઝૂમ કસન	ગેરહાજર
૨. શ્રી. જી. એસ. પટેલ	હાજર
૩. શ્રી. ડી. એચ. મહેતા	હાજર
૪. શ્રી. આઈ. જી. વકીલ	હાજર.

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધી અને પછી નીચે મુજબ ઠરાવ્યું:

"શ્રી. આઈ. જી. વકીલને લેક્ચરર-ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રીની જગ્યા ઉપર રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર પતી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૧૨૫

બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૧૭-૯-૧૯૬૧ની બેઠકમાં ઉનાળાની રજાઓમાં કેવા પ્રકારના શિબિરો યોજવા તે અંગે વિચાર કરી રિપોર્ટ કરવા માટે નિયુક્ત થયેલી ઉપસમિતિની બેઠક તા. ૨૯-૧-૧૯૬૨ને સોમવારના રોજ ૩-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેનાં કામો ઉપર વિચારણા કરવા મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. ડૉ. પી. સી. વૈદ્ય	હાજર
૨. પ્રૉ. વી. જે. ત્રિવેદી	હાજર
૩. પ્રૉ. હકૂમત જે. દેસાઈ	હાજર
૪. પ્રૉ. ઇંદિરાબેન ભટ્ટ	હાજર
૫. શ્રી. વી. પી. મહેતા	હાજર.

૧. ડૉ. પી. સી. વૈદ્યે સર્વાનુમતે સભાનું પ્રમુખસ્થાન લીધું હતું.

ત્યાર બાદ નીચે પ્રમાણે કામકાજ કરવામાં આવ્યું હતું :

આગામી ઉનાળાની રજાઓ દરમિયાન સંલગ્ન કૉલેજોના પ્રાધ્યાપકો અને/અથવા વિદ્યાર્થીઓ માટે નાટ્ય તાલીમશિબિર, યુવકપ્રવૃત્તિ તાલીમશિબિર, વિદ્યાર્થીઓના શ્રમશિબિર અગર સામાજિક સેવાના તાલીમશિબિર વગેરેમાંથી કયા શિબિરો યોજવા તે નક્કી કરવા બાબત.

આ અંગે ચર્ચાવિચારણા કર્યા બાદ નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું :

(અ) આથી ઠરાવવામાં આવે છે કે, આ સાલ ઉનાળાની રજાઓમાં સંલગ્ન કૉલેજોના પુરુષ વિદ્યાર્થીઓ માટે યુવક નેતા તાલીમશિબિર યોજવો અને આને માટે દરેક કૉલેજમાંથી પાંચ વિદ્યાર્થીઓનાં નામ તેમની પ્રવૃત્તિઓ અંગેની વિગતો સાથે મગાવવાં અને તેમાંથી વધુમાં વધુ ૬૦ શિબિરાર્થીઓની સંખ્યા પસંદ કરવી. વિદ્યાર્થીઓની વિગતો મગાવવા માટે આવેદનપત્ર તૈયાર કરવાની સત્તા ડૉ. પી. સી. વૈદ્ય અને શ્રી. વી. પી. મહેતાને આપવામાં આવે છે, તેમ જ નામો આવ્યે તે પસંદ કરવાની સત્તા આ બે સભ્યોને આપવામાં આવે છે.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ શિબિરના સંચાલન માટે નીચેના સભ્યો નિયુક્ત કરવા :

૧. પ્રૉ. વી. જે. ત્રિવેદી ૨. શ્રી. વાસુદેવ મહેતા	મુખ્ય સંચાલકો
૧. પ્રૉ. આર. ડી. વસાવડા અગર પ્રૉ. એસ. જે. મણિયાર ૨. શ્રી. મણિભાઈ સી. શાહ	સહસંચાલકો

સહસંચાલકોમાંથી પણ જો કોઈ આવવાની અશક્તિ દર્શાવે તો તેમની જગ્યાએ બીજા સહસંચાલક નીમવાની સત્તા સંચાલકોને આપવામાં આવે છે.

૨. ઉપર એકમાં દર્શાવ્યા પૈકીના જે શિબિરો યોજવાનું નક્કી થાય તે અંગેના સ્થળ-સમય અને અંદાજી ખર્ચની તથા અન્ય વિગતો નક્કી કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે, યુવકનેતા તાલીમશિબિર સૌરાષ્ટ્રમાં હોથલ મુકામે અગર તો દરિયાકાંઠાના કોઈ સાનુકૂળ સ્થળે શિબિરની સગવડ તથા અન્ય જરૂરિયાતો મળી શકે તેમ છે કે કેમ તે જોઈને યોજવો અને આ નક્કી કરવાની સત્તા સ્થળની મુલાકાત લઈને પ્રો. વી. જે. ત્રિવેદી અને શ્રી. વાસુદેવ મહેતાને આપવી.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ શિબિર મેના બીજા અગર ત્રીજા અઠવાડિયામાં યોજવો અને તે ૧૪ દિવસનો રાખવો.

આ શિબિરની અનુકૂળ તારીખ નક્કી કરવાની સત્તા ડૉ. પી. સી. વૈદ્ય અને શ્રી. વાસુદેવ મહેતાને આપવી.

(ક) વધુમાં ઠરાવવામાં આવે છે કે, શિબિરાર્થીઓને એક દિવસ આગળથી બોલાવવા અને તે અંગેનો ખર્ચ મંજૂર કરવો.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે, શિબિરમાં તાલીમ માટેનું માધ્યમ શ્રમ રાખવું અને બપોરના સમયે બૌદ્ધિક વિષયો અંગેનાં વ્યાખ્યાનો અને ચર્ચાસભાઓ રાખવી અને આ માટે નીચે પ્રમાણે આયોજન કરવું :

(ખ/૧) વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે દર્શાવેલ વિષયો ઉપર વ્યાખ્યાન આપવા અગર વાર્તાલાપ યોજવા માટે આમંત્રણ આપવું અને તેમની અનુકૂળ તારીખો પુછાવવી. રોજ એક વ્યાખ્યાન યોજાય તેમ કરવું.

વ્યાખ્યાતા		વિષય	
૧. શ્રી. હરભાઈ ત્રિવેદી, ધરશાળા, ભાવનગર	...	૧. સુતક માનસ ૨. તરુણ અવસ્થાના પ્રશ્નો	... Psychology of Youth Problem of adolsence college going youths.
૨. શ્રી. મનુભાઈ પંચોલી, લોકભારતી, સાણોસરા (સૌરાષ્ટ્ર)	...	૧. ગામડામાં યુવકોના પ્રશ્નો	... Youth problems in villa
૩. શ્રી. બળવંતરાય મહેતા, ભાવનગર	...	૧. વિકસતા અર્થતંત્રમાં યુવકોનું કર્તવ્ય	... The contribution of yo in a developing econon
૪. પ્રિ. જે. બી. સાંડિલ, શામળદાસ કૉલેજ, ભાવનગર	...	૧. વિદ્યાર્થીઓની ગેરશિસ્ત ૨. યુનિ. શિક્ષણના હેતુઓ	... Students' Indiscipline Objectives of Univer Education

વ્યાખ્યાતા		વિષય	
૫. ડૉ. પી. સી. વૈદ્ય, અમદાવાદ	૧.	યુવકનેતાનાં લક્ષણો	... Characteristics of Youth Leader
	૨.	સમૂહચર્ચાનું વિજ્ઞાન	A. B. C. of group discussion
૬. શ્રી. ચીનુભાઈ શાહ, છોટુભાઈ પુરાણી મહાવિદ્યાલય, રાજપીપળા		વિદ્યાર્થીના શારીરિક અને બૌદ્ધિક વિકાસમાં શારીરિક શિક્ષણનું સ્થાન	... Contribution of Physical Education and Sports in the all-round development of a student
૭. પ્રો. હકૂમત દેસાઈ, કૉમર્સ કૉલેજ, સુરત		યુવકનેતૃત્વમાં સંસ્કાર-પ્રવૃત્તિઓનું સ્થાન	... Place of recreation in Youth Leadership
૮. શ્રી. એસ. કે. ભુચ, આચાર્ય ભોગીલાલ મંગળદાસ સ્કૂલ, ભાવનગર		સ્કાઉટિંગ અને કેમ્પિંગ હૂર, હાઈક અને પ્રથમોપચાર	... Scouting, Camping, Hiking and first-aid
૯. પ્રિ. ધીરુભાઈ ઠાકર, મોડાસા		નાટક અને કૉલેજોના સહ-સંમેલનનું આયોજન	... Drama and Youth Festival
૧૦. શ્રી. ભુવકુમાર પંડ્યા, અમદાવાદ		પર્યટન અને પર્વતારોહણ	... Tours, Hikes and Mountaineering
૧૧. કર્નલ ભેટ્ટી			... 1. Man-Management. 2. Youth and Defence needs of the Country.
૧૨. શ્રી. શુક્લા, ડિવિઝનલ કમિશનર રાજકોટ, અગર શ્રી. ટી. એફ. મંકોડી		યુવકકલ્યાણની પ્રવૃત્તિઓ	... Youth Welfare activities in the State.
૧૩. ડૉ. કે. એ. શાહ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ		તંદુરસ્તી, પોષણ અને ભોજનની ટેવો	... Health, Nutrition and our food-habits
૧૪. શ્રી. વી. પી. મહેતા		કૉલેજોમાં શારીરિક કેળવણીનું સ્થાન	... Place of Physical Education in colleges.
૧૫. પ્રિ. વાય. જી. નાયક, ગુજરાત કૉલેજ, અમદાવાદ		વિકસતું વિજ્ઞાન	... Modern Scientific developments.
૧૬. શ્રી. છોટુભાઈ સુથાર		આકારાદર્શન	... —

વ્યાખ્યાતા		વિષય
૧૭. પ્રો. વી. જે. ત્રિવેદી ...	—	... 1. Youth Leadership in Modern India
		... 2. The Professors approach in the youths in college
		... 3. College students approach to Professor
		... 4. Religious and moral education in India.

ઉપરના વ્યાખ્યાતાઓમાંથી કોઈ ન આવી શકે તો તેમની જગ્યાએ જરૂર લાગે તો બીજા વ્યાખ્યાતાઓને બોલાવવાની સત્તા સંચાલકોને આપવામાં આવે છે.

(ખ / ૨) આ શિબિરમાં તાલીમ માટે શ્રમ ઉપરાંત કૉલેજોમાં વિદ્યાર્થી-પ્રવૃત્તિઓ અને તેના સંચાલન માટેનું માર્ગદર્શન મળે તે માટે બૌદ્ધિક વિષયો તરીકે નીચેના વિષયોમાંથી શક્ય હોય તે ઉપર સમૂહચર્ચા યોજવી અથવા તો સ્વાધ્યાય માટે વિદ્યાર્થીઓને પ્રેરવા :

સમૂહચર્ચાના વિષયો

૧. કૉલેજોમાં યુનિયન અને તેનું સંચાલન
૨. યુવકમેળા અને વાર્ષિક દિવસનું સંચાલન
૩. પુસ્તકાલયનો સ્વાધ્યાયમાં ફાળો અને તેના ઉપયોગ વિષે
(Place of Library in their work and how they propose to use it)
4. Youth Programmes at the College and Locality
5. National Integrity.

સ્વાધ્યાયના વિષયો

૧. મારી મહત્ત્વાકાંક્ષા
૨. મારી દૃષ્ટિએ રાષ્ટ્રનો મહત્ત્વનો પ્રશ્ન
૩. સહશિક્ષણના જનીય પ્રશ્નો
૪. કૉલેજ-જીવન વિષેનું મારું દૃષ્ટિબિંદુ.

(ઘ) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ શિબિરનું ઉદ્‌ઘાટન ઉપકુલપતિશ્રીના હાથે રાખવું અને પૂર્ણાહુતિ માટે યોગ્ય વ્યક્તિ નક્કી કરવાની સત્તા શિબિરસંચાલકોને આપવી.

(ચ) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ શિબિર અંગેના ખર્ચના નીચે પ્રમાણેના અંદાજને મંજૂર કરવો :

૧. ભોજનખર્ચ ... રૂા. ૩,૦૦૦-૦૦
(૬૦ વિદ્યાર્થીઓ તથા પાંચ
સંચાલકોના માથાદીઠ
રૂા. ૩-૦૦ની આસપાસ ગણતાં)

૨. વિદ્યાર્થીઓનું ત્રીજા વર્ગનું મુસાફરી-ભાડું તથા બસ-ભાડું	...	રૂા. ૮૫૦-૦૦
૩. આમંત્રિત વ્યાખ્યાતાઓનું ભાડું ભર્યું (યુનિવર્સિટીના નિયમ પ્રમાણે આપવાનું)	...	રૂા. ૭૫૦-૦૦
૪. ટપાલ, વીજળી, મજૂરી, દવા, છાપાં તથા અન્ય જરૂરી વસ્તુઓ માટેનો પરચૂરણ ખર્ચ	...	રૂા. ૪૦૦-૦૦
કુલ	...	રૂા. ૫,૦૦૦-૦૦

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું કરવામાં આવ્યું હતું.

લા. અ. ઠક્કર,
(વતી) મંત્રી,
બોર્ડ ઓફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર.

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૧૨૬

જુદાં જુદાં કેન્દ્રો ઉપર પરીક્ષાનાં પ્રશ્નપત્રો છાપવા માટેનાં પ્રેસો અંગેનાં મગાવેલાં ટેન્ડરો તપાસી ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યાં તેનું કોષ્ટક

ક્રમાંક	કેન્દ્ર	પ્રેસનું નામ	નકલોની સંખ્યા	એક પાનાના	બે પાનાંના	ત્રણ પાનાંના	ચાર પાનાંના	પાંચ પાનાંના	વધારાની ૧૦૦ નકલના	નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧.	ભુજ	કચ્છમિત્ર	૫૦	૨૬	૫૨	૭૮	૧૦૪	૧૩૦	૧.૭૫ એક બાજુના	ઉર્દૂ, પરિવર્તન
		પ્રિ. પ્રેસ	૧૦૦	૨૭	૫૪	૮૧	૧૦૮	૧૩૫	૨.૨૫ બે બાજુના	તથા સિંધી
			૨૦૦	૨૮	૫૬	૮૪	૧૧૨	૧૪૦	૩.૭૫ ત્રણ બાજુના	ભાષાના ટાઈપ
			૩૦૦	૨૯	૫૭	૮૬	૧૧૩–૫૦	૧૪૧–૫૦	૪.૨૫ ચાર બાજુના	નથી.
			૪૦૦	૩૦	૫૮	૮૭–૫૦	૧૧૫	૧૪૩	૫.૦૦ પાંચ બાજુના	
			૫૦૦	૩૧	૫૯	૮૯	૧૧૬	૧૪૫		
			૬૦૦	૩૨	૬૦	૯૧	૧૧૮	૧૪૮–૫૦		
			૭૦૦	૩૩	૬૧	૯૩	૧૨૦	૧૫૨		
			૧૦૦૦	૩૬	૬૪	૯૯	૧૨૬	૧૬૨		
૨.	ભરૂચ	આશા આર્ટ પ્રિ.	૫૦	૧૮	૩૬	૫૪	૭૨	૯૦		૧. ઉર્દૂ તથા પરિવર્તન પેપરના ટાઈપ નથી. ૨. બી.એ. અને બી.એસસી. પેપરના ભાવ આપેલ
			૧૦૦	૨૦	૪૦	૬૦	૮૦	૧૦૦		
			૨૦૦	૨૫	૫૦	૭૫	૧૦૦	૧૨૫		
			૩૦૦	૩૨	૬૪	૯૬	૧૨૮	૧૬૦		
			૪૦૦	૪૦	૮૦	૧૨૦	૧૬૦	૨૦૦		
			૫૦૦	૫૦	૧૦૦	૧૫૦	૨૦૦	૨૫૦		

										ભાવ કરતાં ૩૦ ટકા વધુ થશે.
૩. વલસાડ	આનંદ સાગર પ્રેસ	૧૦૦	૩૦	૬૦	૯૦	૧૨૦	૧૫૦	૧ પાનાના	૩.૦૦	સિંધી, ઉર્દૂ, અરેબિક, અર્ધમાગધી, અવસ્તા-પહલવી, પર્શિયન તથા ફ્રેન્ચ માટેના ટાઈપો નથી.
		૨૦૦	૩૨	૬૪	૯૬	૧૨૮	૧૬૦	૨ પાનાંના	૪.૦૦	
		૩૦૦	૩૫	૭૦	૧૦૫	૧૪૦	૧૭૫	૩ ,,	૬.૦૦	
		૪૦૦	૩૮	૭૪	૧૧૨	૧૪૮	૧૮૬	૪ ,,	૭.૦૦	
		૫૦૦	૪૦	૭૫	૧૧૫	૧૫૦	૧૯૦	૫ ,,	૧૦.૦૦	
		૧૦૦૦	૫૦	૯૦	૧૪૦	૧૮૦	૨૩૦			
૪. ખંભાત	અરુણોદય પ્રિ. પ્રેસ	૫૦	૨૫	૪૮	૬૯	૯૨	૧૧૫			સિંધી અને ઉર્દૂ ભાષાની સામગ્રી નથી.
		૧૦૦	૨૬	૫૦	૭૨	૯૬	૧૨૦			
	સૌથી વધારાની દરેક ૧૦૦ નકલો માટે		૨	૩	૫	૬	૮			
૫. ડભોઈ	જગદંબા ઇલે. પ્રેસ	૫૦	૨૬	૫૧	૭૬	૧૦૦	૧૨૦			ભાવો સાકી તથા ટૅક્સો સાથેના છે તેમજ ગઈ સાલ મુજબના જ છે.
		૧૦૦	૨૭	૫૨	૭૦	૧૦૫	૧૨૫			
		૨૦૦	૨૯	૫૫	૮૫	૧૧૧	૧૩૦			
		૩૦૦	૩૧	૫૮	૯૦	૧૧૭	૧૩૮			
		૪૦૦	૩૩	૬૧	૯૫	૧૨૩	૧૪૪			
		૫૦૦	૩૫	૬૪	૧૦૦	૧૨૯	૧૫૦			
		૬૦૦	૩૭	૬૭	૧૦૫	૧૩૫	૧૫૮			
		૭૦૦	૩૯	૭૦	૧૧૦	૧૪૧	૧૬૪			
		૧૦૦૦	૪૫	૭૯	૧૨૫	૧૫૯	૧૯૦			
	વધારાની ૧૦૦ નકલો માટે		૨	૩	૫	૬	૮			

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૬.	જામનગર	પ્રકાશ પ્રિન્ટર્સ	૫૦	૨૦	૪૦	૬૦	૮૦	૧૦૦	એસ. ટી. જી. ટી. ૫ ટકા એક્સ્ટ્રા	ઉર્દૂ, પર્શિયન, સિંધીનાં પ્રશ્ન-પત્રો છાપી શકાશે નહિ.
			૧૦૦	૨૨	૪૪	૬૬	૮૮	૧૧૦		
			૨૦૦	૨૪	૪૮	૭૨	૯૬	૧૨૦		
			૩૦૦	૨૬	૫૨	૭૮	૧૦૪	૧૩૦		
			૪૦૦	૨૮	૫૬	૮૪	૧૧૨	૧૪૦		
			૫૦૦	૩૦	૬૦	૯૦	૧૨૦	૧૫૦		
			૧૦૦૦	૪૦	૮૦	૧૨૦	૧૬૦	૨૦૦		
			ઉપરના ફરતાં વધારાની ૧૦૦ નકલો દીઠ	૨	૪	૬	૮	૧૦		
૭.	જૂનાગઢ	દોશી પ્રિ. પ્રેસ	૫૦	૩૦	૬૦	૯૦	૧૨૦		વધારાની ૧૦૦ નકલો માટે રૂા. ૨ એક પાનાના રૂા. ૩ બે પાનાંના રૂા. ૫ ત્રણ પાનાંના	૫ ટકા સેલ્સ-ટૅક્ષ અલગ લેવામાં આવશે.
			૧૦૦	૩૨	૬૪	૯૬	૧૨૮			
			૫૦૦	૪૦	૭૦	૧૧૦	૧૪૦			
૮.	ખાલીમોરા	નટવર પ્રિ. પ્રેસ	૧૦૦	૩૦	૬૦	૯૦	૧૨૦	૧૫૦	૧ પાનાના ૩.૦૦ ૨ પાનાંના ૪.૦૦ ૩ પાનાંના ૬.૦૦ ૪ પાનાંના ૭.૦૦ ૫ પાનાંના ૧૦.૦૦	સિંધી ભાષા છાપી શકાશે નહિ.
			૨૦૦	૩૨	૬૪	૯૬	૧૨૮	૧૬૦		
			૩૦૦	૩૫	૭૦	૧૦૫	૧૪૦	૧૭૫		
			૪૦૦	૩૮	૭૪	૧૧૨	૧૪૮	૧૮૬		
			૫૦૦	૪૦	૭૫	૧૧૫	૧૫૦	૧૯૦		
			૧૦૦૦	૫૦	૯૦	૧૪૦	૧૮૦	૨૩૦		
૯.	અમરેલી	મિનરવા પ્રિન્ટર્સ	૫૦	૧૮–૫૦	૩૬	૫૪	૭૩	૯૧		ઉર્દૂ, પર્શિયન, સિંધી વગેરે ભાષા માટે સામગ્રી નથી.
			૧૦૦	૨૧	૪૦	૬૧	૮૦	૧૦૨		
			૨૦૦	૨૩–૫૦	૪૪	૬૬	૮૬	૧૧૨		

		૩૦૭	૨૬	૪૮	૭૧	૯૨	૧૨૨
		૪૦૦	૨૮-૫૦	૫૨	૭૬	૯૮	૧૩૨
		૫૦૦	૩૧	૫૬	૮૧	૧૦૪	૧૪૨
		૬૦૦	૩૩-૫૦	૬૦	૮૬	૧૧૦	૧૫૨
		૭૦૦	૩૬	૬૪	૯૧	૧૧૬	૧૬૨
		૧૦૦૦	૪૦	૭૪	૧૦૧	૧૨૫	૧૮૫
		વધારાની ૧૦૦ નકલો માટે		૪	૫	૬	૧૦
૧૦.	માણસા	સર્વોદય પ્રેસ	૫૦	૨૫-૬૦	૫૦-૬૦	૭૬-૨૦	૧૦૧-૨૦	૧૨૬-૮૦
			૧૦૦	૨૬-૨૦	૫૧-૨૦	૭૭-૪૦	૧૦૨-૪૦	૧૨૮-૬૦
			૨૦૦	૨૭-૪૦	૫૨-૪૦	૧૭૯-૮૦	૧૦૪-૮૦	૧૩૨-૨૦
			૩૦૦	૨૮-૬૦	૫૩-૬૦	૮૨-૨૦	૧૦૭-૨૦	૧૩૫-૮૦
			૪૦૦	૨૯-૮૦	૫૪-૮૦	૮૪-૬૦	૧૦૯-૬૦	૧૩૯-૪૦
			૫૦૦	૩૧-૫૦	૫૬-૦૦	૮૭-૦૦	૧૧૨-૦૦	૧૪૩-૦૦
			૬૦૦	૩૨-૨૦	૫૭-૨૦	૮૯-૪૦	૧૧૪-૪૦	૧૪૬-૮૦
			૭૦૦	૩૩-૮૦	૫૮-૮૦	૯૨-૬૦	૧૧૭-૬૦	૧૫૧-૪૦
			૧૦૦૦	૩૭-૦૦	૬૨-૦૦	૯૯-૦૦	૧૨૪-૦૦	૧૬૧-૦૦
		ઉપરોક્ત નકલો સિવાય વધારાની ૧૦૦ નકલોના રૂ.		૧૧-૦૦				
૧૧.	મોરબી	પી. એચ. ખોખાણી પ્રિ. વર્ક્સ	૫૦	૩૬	૭૨	૧૦૮	૧૧૪	૧૮૦
			૧૦૦	૩૭	૭૪	૧૧૧	૧૪૮	૧૮૫
			૨૦૦	૩૯	૭૮	૧૧૭	૧૫૬	૧૯૫
			૩૦૦	૪૧	૮૨	૧૨૩	૧૬૪	૨૦૫

વધારાની ૧૦૦ નકલના
૧ પાનાના ૨.૦૦
૨ પાનાંના ૪.૦૦
૩ ,, ૬.૦૦
૪ ,, ૮.૦૦
૫ ,, ૧૦.૦૦

સેલ્સ ટૅક્ષ જુદો લેવામાં આવશે.

સિન્ડિકેટ (દેખભાળ) તા. ૩-૨-૬૬

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨.	નડિયાદ	લોકમત	૫૦	૨૯	૫૬	૮૫	૧૧૨	૧૪૧	દરેક	એક પાનાના ઉર્દૂ, પર્શિયન, સિંધી
			૧૦૦	૩૦	૫૮	૮૮	૧૧૬	૧૪૬	રૂા. ૨ લેખે	ભાષાનાં પ્રશ્નપત્રો
			૨૦૦	૩૨	૬૨	૯૪	૧૨૪	૧૫૬		છાપી શકાશે નહિ.
			૩૦૦	૩૪	૬૬	૧૦૦	૧૩૨	૧૬૬		
			૪૦૦	૩૬	૧૭૦	૧૦૬	૧૪૦	૧૭૬		
			૫૦૦	૩૮	૧૭૪	૧૧૨	૧૪૮	૧૮૬		
૧૩.	નવસારી	મણિ મુદ્રણાલય	૫૦	૩૦	૬૦	૯૦	૧૨૦	૧૫૦		
			૧૦૦	૩૨	૬૨	૯૪	૧૨૪	૧૫૬		
			૨૦૦	૩૪	૬૪	૯૮	૧૨૮	૧૬૨		
			૫૦૦	૪૦	૧૭૦	૧૧૦	૧૪૦	૧૮૦		
		વધારાની ૧૦૦ નકલો માટે		૨	૩	૫	૬	—		
૧૪.	પાટણ	પટેલ પ્રિ. પ્રેસ	૫૦	૧૫	૩૦	૪૬	૬૧	૭૬–૫૦		ઉર્દૂ, પર્શિયન
			૧૦૦	૧૬	૩૧	૪૭	૬૨	૭૮		છાપવાની
			૨૦૦	૧૭	૩૨	૪૯	૬૪	૮૧		સામગ્રી નથી
			૩૦૦	૧૮	૩૩	૫૧	૬૬	૮૪		
			૪૦૦	૧૯	૩૪	૫૩	૬૮	૮૭		
			૫૦૦	૨૦	૩૫	૫૫	૭૦	૯૦		
			૬૦૦	૨૧	૩૬	૫૭	૭૨	૯૩		
			૭૦૦	૨૨	૩૭	૬૦	૭૫	૯૭–૫૦		
			૧૦૦૦	૨૫	૪૦	૬૫	૮૦	૧૦૫		
		ઉપરોક્ત કરતાં વધારાની ૧૦૦ નકલના		૨·૩૧	૩·૩૧	૫·૬૨	૬·૬૨	૮·૬૨		
૧૫.	પેટલાદ	શ્રી. કૃષ્ણ પ્રિન્ટરી	૫૦	૨૧	૪૧	૬૨	૮૦			કુલ બિલ ઉપર ૧૦ ટકા વધુ
			૧૦૦	૨૩	૪૪	૬૪	૮૪			

		૫૦૦	૩૫	૪૫	૭૦	૯૦		આગે છે.
		૧૦૦૦	૩૨	૫૨	૮૦	૧૦૪		
		વધારાની ૧૦૦ નકલોના	૨	૨	૩	૩		
૧૬.	પિલવાઈ	ગુજરાત	૫૦	૧૮	૩૬	૫૬	૭૪	૬૬·૬૦
		મુદ્રણાલય	દર સો નકલોના વધારાના દર એક બાજુ પ્રિન્ટિન્ગના રૂા. ૩·૬૦					
૧૭.	પોરબંદર	કાન્તિપ્રિ.	૫૦	૨૩	૪૦	૫૬	૬૮	૮૮
		પ્રેસ	૧૦૦	૨૫	૪૩	૫૯	૭૮	૯૮
			૨૦૦	૨૮	૫૧	૭૬	૯૫	૧૧૫
			૩૦૦	૩૧	૫૮	૮૩	૯૮	૧૨૩
			૪૦૦	૩૪	૬૧	૮૬	૧૦૧	૧૨૬
			૫૦૦	૩૯	૬૪	૮૯	૧૦૪	૧૨૯
૧૮.	સિદ્ધપુર	શ્રી. લક્ષ્મી-	૫૦	૩૦·૫૦	૬૦·૫૦	૯૧	૧૨૧	૧૫૧·૫૦
		વિજય પ્રિ.	૧૦૦	૩૧	૬૧	૯૨	૧૨૨	૧૫૩
		પ્રેસ	૨૦૦	૩૨	૬૨	૯૪	૧૨૪	૧૫૬
			૩૦૦	૩૩	૬૩	૯૬	૧૨૬	૧૫૯
			૪૦૦	૩૪	૬૪	૯૮	૧૨૮	૧૬૨
			૫૦૦	૩૫	૬૫	૧૦૦	૧૩૦	૧૬૫
			૬૦૦	૩૬	૬૬	૧૦૨	૧૩૨	૧૬૮
			૭૦૦	૩૭	૬૭	૧૦૪	૧૩૪	૧૭૧
			૧૦૦૦	૪૦	૭૦	૧૧૦	૧૪૦	૧૮૦
		ઉપર કરતાં વધારાની ૧૦૦ નકલો		૩·૫૦	૪·૫૦	૫·૫૦	૬·૫૦	૮·૫૦
૧૯.	સુરત	અરુણ પ્રિ. પ્રેસ	૫૦	૨૫	૫૦	૭૫	૧૦૦	૧૨૫
			૧૦૦	૨૬	૫૧	૭૭	૧૦૨	૧૨૮

ઉર્દૂ, પર્શિયન, સિંધી વગેરે છાપવા માટેની સામગ્રી નથી.

સેલ્સ ટૅક્ષ પટ્ટા જુદો સમજવાનું જણાવે છે.

ઉર્દૂ, પર્શિયન તથા સિંધી ભાષા

(ટાઈપસેટ) તા. ૩-૨-૬૪

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
			૨૦૦	૨૮	૫૪	૮૨	૧૦૮	૧૩૬		માટેની સામગ્રી
			૩૦૦	૩૦	૫૭	૮૭	૧૧૪	૧૪૪		નથી. સેલ્સટૅક્ષ
			૪૦૦	૩૩	૬૦	૯૨	૧૨૦	૧૫૨		તેમ જ જનરલ
			૫૦૦	૩૫	૬૨	૯૭	૧૨૬	૧૬૦		ટૅક્ષ અલગ
			૬૦૦	૩૭	૬૫	૧૦૨	૧૩૨	૧૬૮		લેવામાં આવશે.
			૭૦૦	૩૯	૬૮	૧૦૭	૧૩૮	૧૭૨		
			૧૦૦૦	૪૫	૭૫	૧૨૦	૧૫૦	૧૯૫		
		વધારાની	૧૦૦							
		પ્રતો માટે		૨	૩	૫	૬	૮		
૨૦.	સુરેન્દ્રનગર	શ્રી. લક્ષ્મી	૫૦	૧૬	૩૧	૪૬	૬૩	૭૬		
		પ્રિ. પ્રેસ	૧૦૦	૧૮	૩૫	૫૩	૭૦	૮૬		
			૨૦૦	૨૦	૪૦	૫૯	૭૬	૯૬		
			૩૦૦	૨૧	૪૨	૬૨	૮૦	૧૦૧		
			૪૦૦	૨૩	૪૪	૬૪	૮૨	૧૦૫		
			૫૦૦	૨૫	૪૬	૭૦	૯૦	૧૧૫		
			૬૦૦	૨૭	૪૮	૭૨	૯૨	૧૨૦		
			૭૦૦	૨૯	૫૦	૭૪	૯૪	૧૨૫		
			૧૦૦૦	૩૪	૫૮	૮૦	૧૧૦	૧૪૫		
		વધારાની	૧૦૦							
		નકલો માટે		૨.૨૫	૩.૫૦	૪.૫૦	૫.૫૦	૭.૫૦		
૨૧.	વીસનગર	વીસનગર	૫૦	૩૨	૬૩	૯૫	૧૨૬	૧૫૮	૧૯૯	ઉર્દૂ, પર્શિયન,
		પ્રિન્ટરી	૧૦૦	૩૪	૬૫	૯૯	૧૩૦	૧૬૩	૧૯૫	સિંધી, અર્ધ-
			૨૦૦	૩૮	૭૦	૧૦૭	૧૩૮	૧૭૬	૨૦૮	માગધી તથા પાલિ
			૩૦૦	૪૦	૭૨	૧૧૨	૧૪૩	૧૮૩	૨૧૨	માટેની સામગ્રી

		૪૦૦	૪૧	૭૩	૧૧૪	૧૪૫	૧૮૬	૨૧૬	નથી.
		૫૦૦	૪૨	૭૪	૧૧૬	૧૪૭	૧૮૯	૨૨૦	
		૬૦૦	૪૪	૭૭	૧૨૧	૧૫૪	૧૯૮	૨૩૩	
		૭૦૦	૪૬	૮૦	૧૨૬	૧૬૧	૨૦૭	૨૪૬	
		૧૦૦૦	૫૩	૯૦	૧૪૨	૧૭૯	૨૩૧	૨૮૪	
	વધારાની ૧૦૦ નકલો માટે	૨·૨૫	૩·૨૫	૫·૨૫	૬·૨૫	૮·૫૦	૧૦·૫૦		
૨૨.	વેરાવળ મધુસૂદન પ્રિ. પ્રેસ	૧૦૦	૩૦	૬૦	૯૦	૧૨૦		૬૨ સો નકલે ૩ા. ૫ વધારે થશે.	ઉર્દૂ, પરિશિયન, સિંધી વગેરે માટે સામગ્રી નથી. મેથેમેટિક્સ પ્રીવિયસ પ્રૂરતી ગોઠવણ થઈ શકશે.
		૨૦૦	૩૫	૬૫	૯૫	૧૨૫			
૨૩.	ભાવનગર ...	સરકારી પ્રેસને તેઓના દરે કામ આપવું.							
૨૪.	રાજકોટ ...	સરકારી પ્રેસને તેઓના દરે કામ આપવું.							

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

૬૫૦–૨–૬૫
(ટ્રાન્સફિલ્મ)

G.U.P. 559-300-3 62

સિન્ડિકેટ (માર્ચ)
તા. 3-3-'૬૨

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૨ના માર્ચ માસની સભા, શનિવાર, તા. ૩-૩-૧૯૬૨ના રોજ, બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. એમ. જે. શાહ, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૪. શ્રી. બાબુભાઈ હ. દેસાઈ	હાજર
૫. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૭. શ્રી. ઘનશ્યામલાલ સી. ઓઝા	હાજર
૮. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૯. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૦. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૧. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૩. આચાર્ય સં. ૨. ભટ્ટ	હાજર
૧૪. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૫. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૬. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	હાજર.

૧. તા. ૩-૨-૧૯૬૨ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૨ના ફેબ્રુઆરી માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૩-૨-૧૯૬૨ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૨ના ફેબ્રુઆરી માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ડૉ. અમુભાઈ શુક્લ તથા શ્રી. ડી. એલ. શર્માને અનુક્રમે તબીબી અને વિનયન વિદ્યાશાખા હેઠળ બે અભ્યાસમિતિઓ બનાવત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. અમુભાઈ પી. શુક્લને (૧) Pre-Clinical subjects comprising Anatomy, Physiology, Pharmacology and Pathology, અને (૨) Medicine comprising Medicine, Preventive Medicine and Forensic Medicine, Surgery comprising Surgery, Ophthalmology, Midwifery and Gynaecologyની અભ્યાસસમિતિઓ; તથા શ્રી. ડી. એચ. શર્માને (૧) મનોવિજ્ઞાન અને (૨) શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૩. અંકડેમિક કાઉન્સિલની તા. ૩૪-૧-૧૯૬૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રૉફેસર અને લેક્ચરરની જગ્યા પર નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ સમિતિની ભલામણોમાં સભાએ સૂચવેલા સુધારા પ્રમાણેનું ધારાધોરણ ઘડવા માટે તથા આ સુધારેલા નિયમો જૂન ૧૯૬૨ પછીની નિમણૂકોને લાગુ પાડવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સંલગ્ન કૉલેજોમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રૉફેસર અને લેક્ચરરની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

આર્ટ્સ : લેક્ચરરની લાયકાત અંગે પેટાનિયમ નં. ૪માં "five years"ને બદલે "seven years" શબ્દો મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૪. વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણને અનુલક્ષીને ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩/૪-૧-૧૯૬૨ની સભામાં ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરને શિક્ષણકાર્ય આપવા અંગેનો જે નિયમ છે તેને બદલે નીચે મુજબનો નિયમ રાખવા કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"A Tutor will be permitted to have a maximum of periods of teaching work of not more than 8 periods per week but, the teaching work in any case shall not exceed ½ of the total lecturing

work in any class. Further, this work of the Tutor will be in addition to the work of at least one full-time Lecturer in the subject."

(નોંધ.—ચાલુ નિયમ નીચે મુજબ છે :

A Tutor will not be given more than four periods of lecturing work per week, provided that not more than one-third of the total lecturing work in any class in any subject shall be assigned to one or more Tutors.)

આથી ઠરાવવામાં આવે છે કે, સંલગ્ન કૉલેજોમાં ટ્યૂટર-ડેમોન્સ્ટ્રેટરે શિક્ષણનું કાર્ય આપવા અંગેનો નિયમ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"A Tutor will be permitted to have a maximum of not more than 8 periods of teaching work per week; but the teaching work in any case shall not exceed ½ of the total lecturing work in the class concerned. Further, this work of the Tutor will be in addition to the work of at least one full-time Lecturer in the subject."

૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૩/૪-૧-૧૯૬૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખામાં ડેમોન્સ્ટ્રેટરની લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

A Demonstrator in Science subjects should at least be a B.Sc. with the subject as his Principal subject provided that—

(1) a Demonstrator holding a Pass Class B.Sc. Degree will be eligible to work as a Demonstrator up to the Intermediate Science standard only and only in his Principal subject;

(2) a Demonstrator holding a B.Sc. Degree in Second Class will be eligible to work up to the B.Sc. Principal level in his Principal subject;

(3) a Demonstrator holding an M.Sc. Degree in Pass Class will be eligible to work as a Demonstrator in the subject in which he has obtained his M.Sc. Degree, up to the B.Sc. Principal level; and

(4) a Demonstrator holding a B.Sc. Degree in Pass Class, will be eligible to work as a Demonstrator in his Subsidiary subject in the Pre-University Class."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬. જરૂરી લાયકાત ધરાવનાર શિક્ષક ન મળવાથી સર્વશ્રી. બી. પી. પટેલ અને સી. એસ. આચાર્યની અનુક્રમે જીવવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તરીકેની નિમણૂકોને ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવા એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રીના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. બી. પી પટેલ, બી.એસસી., જીવવિજ્ઞાન સાથે તથા શ્રી. સી. એસ. આચાર્ય, બી.એસસી. ભૌતિકવિજ્ઞાન સાથે પાસ વર્ગ ધરાવે છે. બન્ને નિમણૂકો બીજા સત્રમાં થઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ, વીસનગરમાં, શ્રી. બી. પી. પટેલ અને શ્રી. સી. એસ. આચાર્યની, અનુક્રમે જીવવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તરીકેની નિમણૂકને તા. ૧૫મી માર્ચ ૧૯૬૨ સુધી મંજૂર કરવી, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, તા. ૧૫મી જૂન ૧૯૬૨ સુધીમાં યોગ્ય લાયકાત ધરાવનાર ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરીને તેનો રિપોર્ટ કરે.

૭. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૧-૮-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"Resolved by 6:2 majority to recommend to the Academic Council and the Syndicate to amend O. 129 in so far as it pertains to F.E., S.E. and B.E. (Civil, Mechanical and Electrical) Examinations so that the words 'Monday following 15th April' in column 3 are altered so as to read 'First Saturday in April'."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ, તથા ઑર્ડિનન્સ નં. ૧૨૯માં કશો ફેરફાર કરવો નહિ.

૮. એકેડેમિક કાઉન્સિલની તા. 3/૪-૧-૧૯૬૨ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૧૩-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

A candidate shall be allowed to appear at the First Examination in Engineering for not more than three attempts,

provided that a candidate who has failed in not more than one subject in his third attempt, shall be allowed one more attempt."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે સુધારેલા ઓર્ડિનન્સ નં. ૨૧૩-એ ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૩/૪-૧-૧૯૬૨ની સભાની ભલામણ મુજબ ઓ. ૩૬૦-ઈ ને મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

Concession O. 360-E. :

"A candidate who has kept requisite terms for M.D., Branch III (Obstetrics and Gynaecology) of this University, prior to October, 1960, and has either appeared and failed thereat and has not appeared at the said examination will be eligible to appear at the examination for Diploma in Gynaecology and Obsterics conducted by this University without keeping terms;

Provided he has been registered for the D.G.O. Examination at least six months before the date of the commencement of the Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિનન્સ નં. ૩૬૦-ઈનો પાઠ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

Concession O. 360-E :

"A candidate who has kept requisite terms for M.D., Branch III (Obstetrics and Gynaecology) of this University, prior to October 1960, and has either appeared, and failed thereat or has not appeared at the said examination will be eligible to appear at the examination for Diploma in Gynaecology and Obstetrics conducted by this University without keeping fresh terms;

Provided he has been registered for the D.G.O. Examination at least six months before the date of the commencement of the Examination."

૧૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૩/૪-૧-૧૯૬૨ની સભાની ભલામણ મુજબ રેગ્યુલેશન ૨૪માં નીચે મુજબ નોંધ ઉમેરવા તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશન ૨૪ને

તાત્કાલિક અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત :

Note :

Paper I—Culture and Civilisation (Old Course)
(Last examination to be held in March/April 1963)

Paper I—Industrial Sociology (New Course)
(First examination to be held in March/April 1962 and onwards)

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે સુધારેલા રે. ૨૪ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૧૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૩/૪-૧-૧૯૬૨ની સભાની ભલામણ મુજબ નીચે ટાંકેલ સુધારેલા રેગ્યુલેશન ૫૨ને મંજૂર કરવા તથા રેગ્યુલેશન ૫૩, ૫૪, ૫૫ અને ૫૬ તેમ જ ઑર્ડિનન્સ ૧૮૯ને રદ કરવા, સુધારેલા રેગ્યુલેશન ૫૨ ને જૂન ૧૯૬૨થી અમલમાં મૂકવા અને સુધારેલા ઑર્ડિનન્સ ૧૨૯ અને ૧૩૬ને મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૨થી અમલમાં મૂકવા બાબત :

"R. 52 :

The M.Ed. Degree may be taken by papers and dissertation only.

(1) M.Ed. Examination by papers and dissertation."

આથી ઠરાવવામાં આવે છે કે, રે ૫૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

"R. 52 :

The M.Ed. Degree be taken only by papers and dissertation."

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુલેશન ૫૩, ૫૪, ૫૫ અને ૫૬ અને ઑર્ડિનન્સ ૧૮૯ને તાત્કાલિક રદ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા ઑર્ડિનન્સ ૧૨૯ અને ૧૩૬ને, ભલામણમાં જણાવ્યા પ્રમાણેના ભાગ તેમાંથી રદ કરીને સુધારવા અને તેને જૂન ૧૯૬૨થી અમલમાં મૂકવા.

(ઑર્ડિનન્સ ૧૨૯ અને ૧૩૬માંથી રદ કરવામાં આવેલા ભાગના પાઠની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૧૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૩/૪-૧-૧૯૬૨ની સભાની ભલામણ પ્રમાણે રેગ્યુલેશન નં. ૭૧માં Circulatory System of Lobsters not for Practicals

એવો સુધારો કરવા તથા સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૬૨થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશન ૭૨ને જૂન ૧૯૬૨થી અમલમાં મૂકવો.

૧૩. ઇજનેરી વિદ્યાશાખાની નીચેની ભલામણને અનુલક્ષીને રેગ્યુલેશન નં. ૭૨ અને ૮૩ને સુધારવા તથા તેને જૂન ૧૯૬૨થી અમલમાં મૂકવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩/૪-૧-૧૯૬૨ની સભાની ભલામણ:

"Resolved by majority to recommend to the Academic Council to amend R. 92(8) so as to delete from F.E. 8 (C., M. & E. Workshop Practice Termwork the sub-head iv)."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ કરવાનું શું પ્રયોજન છે તે અંગે કારણો જણાવવાના સૂચન સાથે તે બાબત ઇજનેરી વિદ્યાશાખાની વિચારણા માટે પાછી મોકલવી.

૧૪. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩/૪-૧-૧૯૬૨ની સભાની ભલામણ મુજબ સુધારેલ રે. ૧૧૧-એનો પાઠ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રે. ૧૧૧-એનો સુધારેલો પાઠ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા રે. ૧૧૧-એના પાઠની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૫. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૮-૮-૧૯૬૧ની સભાએ પ્રી-એન્જિનિયરિંગના અભ્યાસક્રમ અંગે કરેલ નીચેનો ઠરાવ:

"In view of the Five-year Intregrated Course is proposed to be introduced under this Faculty, the courses for Pre-Engineering Class need not be considered at this stage."

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમની યોજના ૧૯૬૨ના જૂનથી અમલમાં મૂકવાનું નક્કી કરેલું હોઈ, પ્રી-એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ ઘડવો આવશ્યક છે એવી સૂચના સાથે, તે અભ્યાસક્રમ તાકીદે ઘડીને રજૂ કરવા માટે સદરહુ વિદ્યાશાખાને જણાવવું.

૧૬. સેનેટની છેલ્લી સામાન્ય સભામાં થયેલાં નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત:

૧. પરીક્ષકો, ઍક્સ્પર્ટ આસિસ્ટંટ, લેબોરેટરી આસિસ્ટંટ વગેરેનાં મહેનતાણાંના દરો સુધારવા;

૨. વોકેશનલ ગાઇડન્સ માટે વ્યવસ્થા ઊભી કરવી;

૩. એક કૉલેજને પાંચથી વધારે રમતગમતોમાં ભાગ નહિ લેવા દેવા નિયમ કરવો અને સ્પર્ધાઓ નજીકની કૉલેજો વચ્ચે રાખવી;

૪. યુનિવર્સિટીના દરેક વિદ્યાભવને પોતાનું સામયિક (Journal) બહાર પાડવું તથા દરેક વિદ્યાભવને પોતાની સ્વતંત્ર સંશોધન-યોજના (Research Scheme) તૈયાર કરી તે પ્રમાણે સંશોધનનું કામ હાથમાં લેવું;

૫. યુનિવર્સિટીના નીચલા વર્ગના કર્મચારીઓના વેતનમાં સુધારો કરવો જોઈએ;

૬. હિંદી સિવાય બીજી ભાષા ટકશે નહિ માટે પ્રકાશનમાં આપણી સ્થિતિ ઓસ્માનિયા યુનિવર્સિટી જેવી ન થાય તે જોવું જોઈએ;

૭. રજિસ્ટ્રારની ઑફિસની પુનર્વ્યવસ્થા કરવી જોઈએ અને જરૂર પડે તો રજિસ્ટ્રાર જેવા બે કે ત્રણ ઑફિસરો રાખીને સીનિયર અધિકારીઓની સંખ્યા વધારવી જોઈએ;

૮. પરીક્ષાના ખર્ચમાં બચત ઘણી છે તે જોતાં મોડરેશનની પદ્ધતિનો વિસ્તાર કરવો જોઈએ અને યોગ્ય વેતન આપી મોડરેશનનું કામ વ્યવસ્થિત થાય તે જોવાવું જોઈએ;

૯. એક્ટર્નલ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અભ્યાસની સગવડ કરી આપવી જોઈએ."

૧૩. શ્રી. એલ. કે. હક્કર (યુનિવર્સિટી એન્જિનિયર)ની તેઓને યુનિવર્સિટીના બાંધકામો ઉપર દેખરેખ રાખવા માટે તથા તે કામ માટે વારંવાર આવવા જવા માટે તેઓને વાહનભથ્થાં આપવા અંગેની તેઓની તા. ૨૨-૨-૧૯૬૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી એન્જિનિયર શ્રી. એલ. કે. હક્કરને યુનિવર્સિટીના કામકાજ અંગે બહાર જવું પડે તે માટે ખરેખર (ઍક્ચ્યુઅલ) ખર્ચ આપવાની જોગવાઈ થઈ શકે છે તે જોતાં વાહનભથ્થું આપવાની તેમની વિનંતી માન્ય કરવી નહિ.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૩૮

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂન વિષયક (Legal) સમિતિની એક સભા, તા. ૯-૨-૧૯૬૧ ને શુક્રવારના રોજ સાંજના ૫-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૪. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૫. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર.

ઉપકુલપતિશ્રીએ સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

૧. ઑક્ટોબર ૧૯૫૯ની સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે યુનિવર્સિટીના પ્રશ્નપત્રો છાપવાની બાબતમાં મેસર્સ પોપ્યુલર બુક સ્ટોર્સે યુનિવર્સિટીના કોપીરાઈટના હક્કનો ભંગ કરવા બદલ જાહેર દિલગીરી વર્તમાનપત્રોમાં દર્શાવેલ છતાં ફરીથી ૧૯૬૦ના બી.કોમ.ના એકાઉન્ટસીના પેપરનાં પ્રશ્નપત્રો છાપીને ફરીથી યુનિવર્સિટીના કોપીરાઈટનો ભંગ કર્યો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની સુધારેલી કલમ ૨૫ (૨) અને (૩) નવેંબર ૧૯૬૧થી અમલમાં આવતી હોવાથી સ્ટે. ૧૧૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત તથા સ્ટે. ૧૧૦માં કંઈ સુધારો કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

St. 110 :

All Boards of Studies shall, save as otherwise provided, be formed every five years at the meeting of the Faculties.

St. 111 :

The persons to be co-opted by a Board of Studies shall be co-opted at the meeting of that particular Board of Studies.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૧૦ અને ૧૧૧ નીચે પ્રમાણે વંચાય તેમ સુધારવાની સિન્ડિકેટને ભલામણ કરવી :

ક-૨૫(૨)માં જે સુધારો થયો છે તે સુધારાને અનુલક્ષીને ઊભા થતા કાનૂની મુદ્દા સમિતિએ તપાસ્યા અને નીચે મુજબ ભલામણ કરે છે :

જે અભ્યાસમંડળો જે જૂની ઉ-૨૫ (૨) મુજબ રચાઈ છે તે અભ્યાસસમિતિની મુદત પાંચ વર્ષની હોઈ સુધારેલા ઉ-૨૫(૨) અનુસાર તેની પુનર્રચના કરવી શક્ય કે જરૂરી નથી.

St. 110:

All Boards of Studies shall, save as otherwise provided, be formed every five years as soon as possible after the general election of the Senate provided that the term of every member of the Board shall be co-terminus with the expiry of the tenure of his membership on the Senate.

St. 111:

The person or persons to be co-opted by a Board of Studies shall be selected at a meeting of that particular Board of Studies.

૩. ચૂંટણી અંગેના સ્ટેચ્યૂટ્સ સુધારવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૪. સિન્ડિકેટે તેની તા. ૭-૧૦-૧૯૬૧ની સભામાં કામકાજ નં. ૭૨થી નીચેની બાબત આ સમિતિને અભિપ્રાય માટે મોકલાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

'ગુજરાત યુનિ. એમ્પ્લોઈઝ યુનિયન'ના ઑનરરી જનરલ સેક્રેટરી તરફથી વર્કસ કમિટી માટે તેમણે સૂચવેલા નામોની યાદી તથા તે કમિટીની સભા બોલાવવા તેમના તા. ૩૦-૯-૧૯૬૧ના કાગળ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી.

૫. સિન્ડિકેટે તેની તા. ૩-૨-૧૯૬૨ની સભામાં કામકાજ નં. ૧૦૭થી નીચેની બાબત આ સમિતિને અભિપ્રાય માટે મોકલાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની તેની તા. ૨૯/૩૦-૬-૬૧ની સભામાં સુધારેલ સ્ટે. ૪(૨)(૫) અંગે કુલપતિશ્રીના નીચેના આદેશ પરત્વે વિચારણા કરવા બાબત :

"As regards amendment to Statute 4, I am desired by the Chancellor to inform you that the Chancellor with holds his assent to the

proposed amendment and the matter may be referred back to the Senate with the following remarks:

That clause (3) applies to graduates of other Statutory Indian or Foreign Universities and certain institutions like Gujarat Vidyapeeth whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area. A declaration to the effect that their mother-tongue is Gujarati is not, therefore, necessary from the graduates who ordinarily reside in the University area. The provisions in clause (5) are in consistent with the provisions in clause (3) in as much as clause (5) requires all the graduate referred to in clause (3) to produce a declaration to the effects that their mother-tongue is Gujarati inspite of the fact that clause (3) provides for the registration of graduates of other Statutory Indian or Foreign Universities or certain institutions like the Gujarat Vidyapeeth, whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area. Clause (5) is not thus happily worded as it does not clarify that graduates who do not ordinarily reside within the University area have to produce such a declaration and not those who ordinarily reside in the University area. It would, therefore, be necessary to revise clause (5) so as to bring out the real intention.

The clauses (2) and (10) of the Statute provide for levy of fee for re-registration of graduates for a period of every five years but the Gujarat University Act does not appear to envisage discontinuation of registration. As such, it would not be proper to provide for re-registration or levy fee for such re-registration. It is, therefore, requested that clause (2) and (10) of the Statute may also please be reconsidered."

આથી સિન્ડિકેટને Clause (5) સુધારીને નીચે મુજબ વંચાય તેમ ભલામણ કરવી:

"(5) All graduates referred to in sub-clauses 3 (*a*) (*b*) (*c*) and (*d*) shall produce alongwith their applications evidence to the satisfaction of the Registrar of their having taken their degrees and shall produce a declaration made before a Megistrate or a J.P. to the effect that their mother-tongue is Gujarati or they ordinarily reside in the Gujarat University area as the case may be."

કુલપતિશ્રીના ઉપરોક્ત આદેશમાં છેલ્લી કંડિકામાં જણાવેલા સૂચન પરત્વે વિચારણા કર્યા પછી સમિતિએ નીચે મુજબ ઠરાવ્યું :

જે સ્નાતકોની નોંધણી કરવામાં આવી હોય તે સ્નાતકોને કાયમી ધોરણે નોંધવા જોઈએ એવો કોઈ નિર્દેશ ગુજરાત યુનિવર્સિટી ધારામાં કરવામાં આવેલો નથી. તે જોતાં તથા સ્નાતકોની નોંધણી અંગે સ્ટેચ્યૂટ ઘડવાની સત્તા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૮ (૭)માં રહેલી છે તે જોતાં સ્નાતકોની નોંધણી મુદત નિયત કરવામાં તથા ફેર-નોંધણીની ફી મુકરર કરવામાં કશી હરકત નથી એમ આ સમિતિનો અભિપ્રાય છે.

એસ. પી. મેઢ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૪૪

માર્ચ/એપ્રિલ અને ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો તેમજ કાર્યાલયના સભ્યોને દસ્તક થયેલ બૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા પરીક્ષાશુદ્ધિ સમિતિની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, તા. ૮-૨-૧૯૬૨ના રોજ, સાંજના ૪-૦૦ વાગ્યે મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. એમ. ડી. પટેલ	હાજર
૩. શ્રી. એમ. પી. દેસાઈ	હાજર
૪. શ્રી. એસ. આર. ભટ્ટ	હાજર
૫. શ્રી. ઇન્દ્રવદન નાણાવટી	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ દેસાઈએ લીધું હતું.

૧(અ) સભાનું કામકાજ શરૂ થતાં પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૯-૧૧-૧૯૬૧ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર રાખવામાં આવી અને ઉપકુલપતિશ્રીએ તે પર સહી કરી.

ત્યાર બાદ તા. ૮-૨-૧૯૬૨ની સભા સમક્ષના પ્રત્યેક કેસ જોઈ તપાસી આ બાબતમાં સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

૧(અ) ઑક્ટોબર ૧૯૬૧માં લેવાયેલ બીજી બીએસ.સી.ની પરીક્ષાના પબ્લિક ઇન્ટર નેશનલ લૉ વિષયની મુખ્ય હસ્તપ્રતમાં સવાલ પહેલાનો જે વિકલ્પ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો તેના ગુજરાતી અને અંગ્રેજી પાઠમાં ફક્ત વિધાન જ આપવામાં આવ્યું હતું. જેના આધારે કેન્દ્ર ઉપર છપાયેલો પ્રશ્નપત્ર પણ તે જ મુજબ છપાયો હતો. તે મુજબ અદલ પ્રાશ્નિકમંડળના સભ્યો સર્વશ્રી એમ. એસ પંડિત, કે. ડી. દેસાઈ અને ડી. કે. ટોપેના દરેકના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૨. ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલ બીજી બીએસ.સી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૨૬ની "પબ્લિક અને પ્રાઈવેટ ઇન્ટરનેશનલ લૉ" વિષયની વિભાગ ૨ની ઉત્તરવહીમાં પ્રશ્ન નં. ૮માં ચાર ગુણને બદલે એક જ ગુણ દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. કે. એમ. છાયાના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.

૩. માર્ચ/એપ્રિલ, ૧૯૬૧માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર-એકના કેટલાંક પ્રશ્નો ચાલુ સાલે પાટણની આર્ટ્સ અને સાયન્સ કૉલેજની સદરહુ વિષયની પ્રિલિમિનરી પરીક્ષાના પ્રશ્નપત્ર સાથે મળતાં આવ્યાનું કાર્યાલયના ધ્યાનમાં આવતાં, આ કેસ બાબતના બધા લાગતાવળગતા કાગળો જોઈ તપાસીને મજકૂર પરીક્ષાના પ્રાશ્નિક-આહ્વાહક શ્રી. પી. એ. પંડ્યાને જવાબદાર ગણી તેમને આગામી ત્રણ વર્ષ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં પ્રાશ્નિક કે પરીક્ષક તરીકે નીમવા નહિ એમ આ સમિતિ ભલામણ કરે છે.

૪. ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલ બી.કૉમ.ની પરીક્ષામાં 'પ્રિન્સિપલ્સ ઑફ ઇકોનોમિક્સ' વિષયના પ્રશ્નપત્ર એક અને એમાં પુછાયેલ સવાલો પૈકી કેટલાક અભ્યાસક્રમ બહારના હતા તેવી ફરિયાદ સ્થાનિક કૉમર્સ કૉલેજના એક શિક્ષક તરફથી આ કાર્યાલયમાં આવતાં તે અંગે પ્રાશ્નિક મંડળના આહ્વાહક શ્રી. વી. સી. શાહનો ખુલાસો મંગાવેલ અને તે ઉપર વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષનો અભિપ્રાય મંગાવેલ. શ્રી. વી. સી. શાહનો ખુલાસો તથા અધ્યક્ષનો તા. ૧૩-૧-૧૯૬૨નો અભિપ્રાય તથા સંબંધકર્તા કાગળો જોઈ તપાસીને તે પર ચર્ચાવિચારણા કર્યા બાદ આ સમિતિને આ બાબતમાં કંઈ પગલાં લેવાંની જરૂર નથી એમ લાગે છે.

૫. એપ્રિલ, ૧૯૬૧માં લેવાયેલ બી.કૉમ.ની પરીક્ષા ટ્રાન્સપોર્ટ વિષયના પ્રશ્નપત્ર ૨ અને ૩ના કેટલાક પ્રશ્નો ભાવનગરની કૉલેજના પ્રિલિમિનરી પરીક્ષાના સદરહુ વિષયના પ્રશ્નપત્રો સાથે સરખાં માલૂમ પડ્યાં હતાં અને તે માટે તા. ૨-૧૨-૧૯૬૧ની સિન્ડિકેટની સભાએ શ્રી. જે. એમ. વચ્છરાજાણીને પાંચ વર્ષ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં પ્રાશ્નિક-પરીક્ષક તરીકે ન નીમવા ઠરાવ્યું હતું.

સદરહુ કેસમાં પુનર્વિચારણા કરવા માટે શ્રી. વચ્છરાજાણીના તા. ૬-૧-૧૯૬૨ અને તા. ૧૫-૧-૧૯૬૨ના કાગળો આવ્યા હતા જે ઉપર વિચારણા કરતાં આ સમિતિને આ બાબતમાં ફરી વિચારણા કરવાની જરૂર જણાતી નથી.

૬. ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલી બી.કૉમ.ની પરીક્ષામાં 'સ્ટેટિસ્ટિક્સ અને સાયન્ટિફિક મેથડ્સ' વિષયમાં વિદ્યાર્થી નં. ૬૫ને જુનિયર સુપરવાઈઝર, શ્રી. સી.જે. દેસાઈ એ હાજર અને ગેરહાજર દર્શાવેલ તે ભૂલ બદલ તા. ૩-૧-૧૯૬૧ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે રૂા. ૫-૦૦નો દંડ કરેલ તેના અનુસંધાનમાં શ્રી. સી. જે. દેસાઈ તરફથી તા. ૫-૧૨-૧૯૬૧નો ખુલાસો આવેલ. તે ઉપર વિચારણા કરતાં સદરહુ ભૂલ માટે તેમનો રૂા. ૫-૦૦ દંડ કરવા અગાઉ જે નિર્ણય લેવામાં આવેલ છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૭. ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલ બી.કૉમ.ની પરીક્ષામાં ભાવનગર કેન્દ્રમાંથી બેઠેલ વિદ્યાર્થી નં. ૪૦૯ની 'સ્ટેટિસ્ટિક્સ અને સાયન્ટિફિક મેથડ્સ' વિષયની ઉત્તરવહી ઉપર નં. ૪૦૯ ઉપર જ નં. ૪૦૭ ઘૂંટેલો માલૂમ પડ્યો હતો. સદરહુ વિષયના ગુણ નં. ૪૦૭માં પુરાયા હતા. અને નં. ૪૦૯ 'સ્ટેટિસ્ટિક્સ અને સાયન્ટિફિક મેથડ્સ'ના વિષયમાં ગેરહાજર દર્શાવાયાની ભૂલ બદલ જુ. સુપરવાઇઝર શ્રી. બી. પી. પારેખને ભવિષ્યમાં આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં જુનિયર સુપરવાઇઝર તરીકે નીમવા નહિ.

૮. ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૭૬૧ને ફક્ત એક જ વિષયની પરીક્ષામાં બેસવાનું હોવાથી તે ફક્ત એક જ વિષયની પરીક્ષામાં તે વિષયની પરીક્ષામાં બેસી તે વિષયમાં ઉત્તીર્ણ થયા હતા તેથી સને ૧૯૬૧ના માર્ચ/એપ્રિલ માસ દરમિયાન લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષાનું પરિણામ જે તે વખતે નીચલી પરીક્ષામાં નાપાસ થવાને કારણે ઑ. ૧૨૭ મુજબ આગળ અનામત રાખવામાં આવેલ તે જાહેર ન કરવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્ય શ્રી. આર. જે. પટેલના રૂા. ૨-૦૦ કાપવા.

૯. માર્ચ/૧૯૬૧માં લેવાયેલ બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૩૭૯ કે જેઓ ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલ બી.એસસી. સપ્લિમેન્ટરીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા તેઓને મુખ્ય વિષયમાં મુક્તિ મળેલ જેની વિદ્યાર્થીએ પરીક્ષાપ્રવેશની અરજીમાં નોંધ કરેલી હોવા છતાં ઑક્ટોબરની પરીક્ષાનું પરિણામ તૈયાર કરતી વખતે તેનું એપ્રિલનું પરિણામ રે. ૧૭૯ મુજબ જાહેર ન કરવાની ભૂલ બદલ કાર્યાલયના સભ્ય શ્રી. આર. જે. પટેલના રૂા. ૨-૦૦ કાપવા.

૧૦. ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલ પ્રથમ બી.એ.એમ.એસ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૩ અને ૬૦ને ઑ. ૧૩૯નો લાભ આપી ઉપલા ધોરણના સત્રો ભરવાનો લાભ આપવાનો રહી જવાની ભૂલ બદલ આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર શ્રી. એસ. પી. મેઠ તથા કાર્યાલય નિયામક શ્રી. એસ. વી. શાસ્ત્રીના દરેકના રૂા. ૨-૦૦ કાપવા.

૧૧. ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલ બી.ઈ. (સિવિલ)ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૯૧ની 'સ્ટ્રક્ચરલ ડ્રોઈંગ અને ડિઝાઇન' વિષયની ઉત્તરવહી ઉપરના ગુણની ચકાસણી કરતાં જણાયું કે ડ્રોઈંગ પેપરના બન્ને બાજુએ આકૃતિ દોરેલી હોવા છતાં ફક્ત એક જ બાજુ જ તપાસવા બદલ પરીક્ષક શ્રી. જે. એ. તારાપોળવાળા સામે કાંઈ પગલાં લેવાં નહિ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૪૬

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા તા. ૩-૩-૧૯૬૨ના રોજ બપોરે ૧૧-૩૦ કલાકે યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાનભવનમાં ખાલી પડેલ લેક્ચરર-ઇન-સાયકોલોજીની કાયમી જગા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી.

ઉપકુલપતિ શ્રી. લાલાભાઈ ૨. દેસાઈએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વિ. વિ. વૈદ્ય	હાજર
૩. શ્રી. બટુભાઈ દેસાઈ	હાજર
૪. ડૉ. એમ. ડી. પટેલ	ગેરહાજર
૫. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. એમ. સી. દેસાઈ	હાજર
૭. શ્રી. એમ. એમ. શુકલ, ડેપ્યુટી ડિરેક્ટર ઑફ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય	હાજર
૮. ડૉ. કે. જી. નાયક	હાજર
૯. શ્રી. આઈ. એમ. નાણાવટી	હાજર
૧૦. ડૉ. જે. જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. જી. બી. ઓઝા	હાજર
૧૨. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૧૩. ડૉ. વિક્રમ સારાભાઈ	ગેરહાજર
૧૪. શ્રી. એસ. આર. ભટ્ટ	હાજર
૧૫. શ્રી. એન. એસ. શોધન	હાજર
૧૬. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર.

મનોવિજ્ઞાન વિદ્યાભવનના રીડર-ઇન-ચાર્જ, ડૉ. સી. ટી. ભોપટકરની નિષ્ણાત તરીકે નિમણૂક કરી હતી. અને તેઓ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા.

નીચેના ઉમેદવારોને લેક્ચરર-ઇન-સાયકોલોજીની જગ્યા માટે મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. આર. એચ. ત્રિવેદી	હાજર
૨. શ્રી. સી. બી. દવે	હાજર
૩. કુ. કુસુમ કે. ભટ્ટ	હાજર.

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"કુ. કુસુમ કે. ભટ્ટની લેક્ચરર-ઇન-સાયકોલોજીની કાયમી જગ્યા ઉપર શરૂઆતના મૂળ પગાર ૩૦૦થી રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગાર ધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ણ"
ફાગકુલ ક્રમાંક ૫૪

Rules and regulations for the award of Grants-in-aid to Science & Humanities Personnel of The Gujarat University to visit Research and Training Centres in India

1. *Purpose of the award* : Purpose of the Travel Grants is to enable Teachers in Subjects under Humanities & Science of this University to get specialised training in their field of work (in order to make progress in their research) at appropriate Centres in India i.e., various University Centres, National Laboratories and other National Institutions like the Indian Institute of Science, Bangalore; Indian Institute of Technology Kharagpur; Forest Research Institute, Dehra Dun; Institute of Nuclear Physics, Calcutta; Tata Institute of Fundamental Research, Bombay; Agricultural Research Institute of Delhi. etc. etc., or such other institutions as the Vice-Chancellor may generally or specifically approve for this purpose.

2. *Elegibility for Travel Grant* : Teachers, Scholars, Technicians (in case of Science Subjects) and such other personnel of Post-graduate Departments in the University and Post-gradute Department of constituent and affiliated colleges, who have put in at least 2 years as Post-graduate Teachers or actually worked as Asst. Post-graduate Teachers are considered suitable for further training in their fields of specialisation, will be eligible for the travel grant.

3. Applications for the travel award should be sent to the Registrar, Gujarat University along with the recommendations of the Heads of the Institutions. Final selection will be made by the University.

4. The applicants should give full particulars regarding their qualifications subject in which they are specialising, the place where they want to go, the subject of the visit, and its duration, alongwith statement of estimated expenditure and the grant asked for.

5. The person selected will be entitled to the following travelling and incidental charges :

(*a*) First Class Railway Fare bothways, or actual expenses incurred, if journey is performed by road.

(*b*) Halting Allowance of Rs. 10/-per day for recognised Post-graduate teachers and Rs.5/-per day for others.

6. Generally, applications for travel grant will be received by the University twice a year i.e., by the end of January and the end of October. The period of travel will ordinarily be during a vacation. The period of stay at the selected Research Centres, should not ordinarily exceed three months and should not be less than a fortnight. However, extension may be given by the Vice-Charcellor if he is satisfied regarding special reasons for the longer stay, and the prior approval of the University is asked for.

7. The candidate concerned should obtain from the Head of the Host Institution a certificate to the effect that the topic, chosen for study, can be studied at the Reseaarch Centre and for which the candidate will be provided all the facilities available at the centre.

8. On the expiry of the visit of the candidate to the Research Centre, the head of the Host Institution will be requested to send to the University, a confidential report on the work and conduct of the awardee, during his stay at the Research Centre.

9. Receipeints of this travel award will be required to submit a brief report on the expiry of their visit indicating to actual time spent, the nature of work done, and the benefit, derived on the visit.

10. All payments under the grant will be made to the candidate concerned, in two instalments:

1. Payable in advance, and
2. the end of the visit after full account of the expenses incurred are submitted to the University.

11. *Audit Certificate*: The head of the institutions concerned will send to the Univresity at the end of the financial year, and an Audit Certificate, in quintuplicate to the effect that the grant has been spent for the purpose for which it has been given, in accordance with the conditions laid down by the University (Proforma for the certificate is given in Appendix 'A').

12. The statement of account of the travel award as implemented by the University may be sent to the University Grants Commission, at the end of each academic year. The proforma to be used is given in Appendix 'B'.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૫૫

સંલગ્ન કૉલેજોના તથા માન્ય સંસ્થાઓના અધ્યાપકવર્ગમાં થતા ફેરફારો ઉપર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની બેઠક તા. ૧૭-૨-૧૯૬૨ને બુધવારના રોજ સાંજના ૪-૦૦ વાગે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. એલ. આર દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ	હાજર
૩. પ્રિન્સિ. ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક	હાજર
૫. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૬. પ્રિન્સિ. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૭. પ્રિન્સિ. વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર
૮. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર.

૧. તા. ૧૬-૮-૧૯૬૧ના રોજ મળેલ સ્થાયી સમિતિની બેઠકની કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૬-૮-૧૯૬૧ના રોજ મળેલ સ્થાયી સમિતની બેઠકના કામકાજની નોંધને બહાલી આપી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગઈ બેઠકમાં ઠરાવ્યા પ્રમાણે એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં ઓપ્થેલ્મોલૉજી અને ગાયનેકોલોજીના ટ્યૂટર તરીકે કામ કરતાં શ્રીમતી ડૉ. કે. એસ. પરીખની નિમણૂક જે તે વિભાગમાં માનદ શિક્ષક અને મદદનીશ માનદ શિક્ષક હોય તો જ તે મંજૂર કરવી તે અંગે મજકૂર કૉલેજ તરફથી આવેલ જવાબના આધારે મજકૂર નિમણૂક માન્ય કરવી કે નહિ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પત્રમાં જણાવેલ છે કે, શ્રીમતી ડૉ. કે. એસ. પરીખ હાલ "મેડિકલ ઑફિસર-ઇન-ચાર્જ ઍન્ટિનેટલ ક્લિનિક ઓપ્થેલ્મોલૉજી અને ગાયનેકોલોજી ડિપાર્ટમેન્ટ"ની જગ્યા સંભાળે છે. તે જગા જુનિયર લેક્ચરરની કક્ષાની છે. તે વિભાગમાં હાલ કોઈ માનદ શિક્ષક કે મદદનીશ નાયબ શિક્ષક તરીકે કામ કરતું નથી.)

મજકૂર વિભાગના ચાર્જમાં કોઈ શિક્ષક ન નિમાય ત્યાં સુધી ટ્યૂટર તરીકે શ્રીમતી કે. એસ. પરીખની નિમણૂક માન્ય થઈ શકે નહિ, તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદમાં ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર તરીકે નિમણૂક માન્ય કરવા બાબત :

(નોંધ.— ૧. હાલના નિયમ મુજબ ડેમોન્સ્ટ્રેટર બી.એસસી. ની પરીક્ષા બીજા વર્ગથી પસાર કરેલી હોવી જરૂરી છે.

૨. સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૧ની (બાબત : ૧૧) સભામાં ઠરાવ્યું છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં ડેમોન્સ્ટ્રેટરના પદ માટેનું ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ બી.એસસી. બીજો વર્ગ અથવા એમ.એસસી. પાસ વર્ગનું રાખવા માટે ઍકેડેમિક કાઉન્સિલને સૂચવવું)

આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદમાં ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા શ્રી. એ. એમ. મહેતાની નિમણૂક ચાલુ બીજા સત્રના અંત સુધી જ માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થયેલા ફેરફાર અંગે આવેલા હેવાલો ઉપર વિચારણા કરવા બાબત.

અ. નીચે જણાવેલ કૉલેજોના નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂક માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા

૧. શ્રી. એમ. જે. ઠાકુર
પરિયનના વ્યાખ્યાતા

૨. ,, એન. એ. બક્ષી
વ્યાયામ માર્ગદર્શક

૩. ,, જી. સી. પટેલ
આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા

૪. શ્રીમતી ચંપાબેન એમ. સોની
જીવવિજ્ઞાનના નિર્દેશક

૫. સર્વશ્રી. એમ. વી. લાડ
ગુજરાતીના વ્યાખ્યાતા

૬. શ્રી. એમ. એચ. પટેલ
અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

સર પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા

૧. શ્રી. આર. સી. અમિહોત્રી
સંસ્કૃતના પ્રાધ્યાપક

૨. શ્રી. એમ. પી. પંડ્યા
થોડા સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક

૩. ,, સી. આર. શાહ
અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

૪. ,, ડી. એચ. મહેતા
રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા

૫. ,, જી. એમ. પટેલ
હિંદીના વ્યાખ્યાતા

૬. ,, એફ. વી. પટેલ
ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા

૭. ,, એમ. જી. ખોખ્ખેવાલા
થોડા સમયના ઉર્દૂ-પર્શિયનના વ્યાખ્યાતા

૮. ,, પી. એમ. વાલ્વેકર
ફક્ત હિંદીના વ્યાખ્યાતા

૯. ,, એન. કે. શાહ
વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનના વ્યાખ્યાતા

૧૦. ,, ડી. વી. પટેલ
ગણિતશાસ્ત્રના ટ્યૂટર

૧૧. ,, બી. કે. શાહ
રસાયણવિજ્ઞાનના ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર

ગુજરાત કૉલેજ, અમદાવાદ-૯

૧. શ્રી. વાય. જે. કામા
અંગ્રેજીના મદદનીશ વ્યાખ્યાતા

૨. ,, સી. એમ. પટેલ
અંગ્રેજીના વ્યાખ્યાતા

૩. કુ. આઈ. પી. પારેખ
અર્થશાસ્ત્રનાં મદદનીશ વ્યાખ્યાતા

૪. શ્રી. આર. એન. દેસાઈ
અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

૫. ,, એચ. બી. ગોહીલ
રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા

૬. ,, આર. બી. શ્રીવાસ્તવ
અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

૫. શ્રી. ડી. એન. વોરા
રસાયણવિજ્ઞાનના મદદનીશ વ્યાખ્યાતા

૮. ,, એન. એન. ઉદવાડિયા
જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા

એલ. એચ. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, માણસા

૧. શ્રી. એસ. એલ. પટેલ
અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

૨. ,, જે. એન. શેલત
સંસ્કૃતના વ્યાખ્યાતા

૩. ,, પી. ડી. આચાર્ય
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૪. શ્રી. આર. એસ. ઉમરાજવાલા
ઇતિહાસના ટ્યૂટર.

૫. ,, એસ. કે. રાણા
અંગ્રેજીના વ્યાખ્યાતા

૬. ,, વી. બી. પટેલ
વ્યાયામશિક્ષક

યુ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ

૧. શ્રી. પી. કે. શાહ
ભૌતિક વિજ્ઞાનના નિર્દેશક

૨. ,, એમ. એમ. મહેતા
અંગ્રેજીના ટ્યૂટર

૩. ,, એન. એમ. દવે
સંસ્કૃતના વ્યાખ્યાતા

૪. ,, બી. એમ. પટેલ
જીવ વિજ્ઞાનના ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર

૫. ,, જે. જે. શુક્લ
તર્કશાસ્ત્ર તથા મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા

૬. ,, એન. બી. જોશી
અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

૭. ,, જી. સી. વસાવડા
તર્કશાસ્ત્ર તથા મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા

૮. શ્રી. વી. સી. પટેલ
વ્યાયામ માર્ગદર્શક

કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ એન્ડ રીસર્ચ, અમદાવાદ

૧. ડૉ. એસ. એન. શાહ
આર્થોપેડિક સર્જરીના મદદનીશ પ્રાધ્યાપક

૨. ડૉ. એચ. ડી. જોશી
મેડિસીનના મદદનીશ પ્રાધ્યાપક

બ. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૧. ડૉ. એમ. ટી. મહેતા
આર્થોપેડિક સર્જરીના આસિસ્ટન્ટ માનદ પ્રાધ્યાપક

૨. ડૉ. એ. પી. ગુપ્તા
મેડિસિનના પ્રાધ્યાપક

૩. ડૉ. એસ. એમ. શાહ
સર્જરીના વ્યાખ્યાતા

૪ ડૉ. આર. બી. ભટ્ટ
ઓબ્સ્ટેટ્રિક અને ગાયનેકૉલોજીના સીનિયર વ્યાખ્યાતા

ધર્મેન્દ્રસિંજી કૉલેજ, રાજકોટ

૧. સર્વશ્રી. એ. જી. મુન્શી
રસાયણ વિજ્ઞાનના વ્યાખ્યાતા

૨. ,, એચ. બી. કોઠારી
રસાયણ વિજ્ઞાનના નિર્દેશક

૩. ,, આર. એસ. દવે
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

૪. ,, એમ. વી. અમરાવતકર
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૫. ,, એમ. એન. દેસાઈ
રસાયણ વિજ્ઞાનના વ્યાખ્યાતા

૬. ,, કનકમેદાલા વેંકટેશ્વરલું
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૭. ,, એ. એન. ભટ્ટ
અંગ્રેજીના વ્યાખ્યાતા

૮. સર્વશ્રી. વી. વી. જોશી
હિન્દીના વ્યાખ્યાતા

૯. ,, એસ. એમ. પુજારા
હિન્દીના વ્યાખ્યાતા

૧૦. ,, એન. જી. રાજપરા
ગુજરાતીના વ્યાખ્યાતા

૧૧. ,, એસ. એચ. ધ્રુવ
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

૧૨. ,, જી. આર. દવે
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૧૩. ,, ઓ. એમ. મહેતા
અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

૧૪. કુ. જે. એચ. શેઠ
રસાયણ વિજ્ઞાનના નિર્દેશક

શ્રી. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર

૧. સર્વશ્રી. જી. આર. દવે
રસાયણ વિજ્ઞાનના મદદનીશ વ્યાખ્યાતા

૨. ,, એસ. ડી. ત્રિવેદી
અર્થશાસ્ત્રના મદદનીશ વ્યાખ્યાતા

૩. ,, આઈ. એ. જોશી
રસાયણવિજ્ઞાનના મદદનીશ વ્યાખ્યાતા

પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૧. સર્વશ્રી. એમ. ટી. ત્રિવેદી
દૃશ્યશ્રાવ્ય Audio-visual મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા

૨. ,, એસ. પી. કાપડિયા
સંસ્કૃતના વ્યાખ્યાતા

૩. ,, એન. યુ. ત્રિવેદી
ઇતિહાસની પદ્ધતિના પ્રાધ્યાપક

૪. ,, એન. આર. ત્રિવેદી
વ્યાખ્યાતા તરીકે — ફકત શિક્ષણ વિભાગ માટે

૫. ,, એચ. જે. પંડિત
વ્યાખ્યાતા તરીકે — ફકત શિક્ષણ વિભાગ માટે

૬. સર્વશ્રી. એમ. ડી. ત્રિવેદી
વ્યાખ્યાતા તરીકે — ફકત શિક્ષણ વિભાગ માટે

૭. ,, એમ. એમ. ત્રિવેદી
હોમ સાયન્સના ડેમોન્ટ્રેટર તરીકે

૮. ,, આર. એસ. ત્રિવેદી
વિનયન વિભાગમાં શીખવી શકે નહિ તે શરતે આચાર્ય તરીકે માન્ય.

શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા

૧. સર્વશ્રી. કે. એમ. પટેલ
ગણિતશાસ્ત્રના ટ્યૂટર

૨. ,, યુ. સી. શ્રોફ
મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા

૩. ,, જે. સી. પાઠક
ફકત ગુજરાતીના વ્યાખ્યાતા

૪. ,, જે. જી. પટેલ
ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા

૪. ,, સી. એ. અમીન
જીવવિજ્ઞાનના ટ્યૂટર

૫. ,, એ. એમ. શાહ
રસાયણશાસ્ત્રના ટ્યૂટર

૬. ,, ટી. આર. શુકલ
ગુજરાતીના પ્રાધ્યાપક

૭. ,, આર. એસ. પટેલ
રસાયણશાસ્ત્રના નિર્દેશક

૮. ,, વી. ટી. સોની
રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા

૯. ,, એ. એ. કાઝી
ઉર્દુ તથા પર્શીયનના વ્યાખ્યાતા

૧૦. ,, એન. સી. દેસાઈ
અંગ્રેજીના ટ્યૂટર

૧૧. ,, સી. સી. પટેલ
વનસ્પતિશાસ્ત્રના નિર્દેશક

શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા

૧. સર્વશ્રી કે. એન. સઈયાલ
અંગ્રેજીના વ્યાખ્યાતા

૨. ,, એન. બી. ત્રિવેદી
સંસ્કૃતના વ્યાખ્યાતા

૩. ,, એન. પી. દવે
હિંદીના વ્યાખ્યાતા

૪. ,, એન. જે. શુક્લ
ગુજરાતીના વ્યાખ્યાતા

૫. ,, એસ. ડી. ત્રિવેદી
ફક્ત અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે

સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત

૧. શ્રીમતી ઉષા જે. મહેતા
આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા

પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ

૧. સર્વશ્રી બી. આર. ગોસ્વામી
અંગ્રેજીના ટ્યુટર

૨. ,, જે. એન. જોશી
અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

૩. ,, બી. એમ. પટેલ
ભૌતિકશાસ્ત્રના નિર્દેશક

પેટલાદ કૉલેજ, પેટલાદ

૧. શ્રી. પી. એ. ચંપરી
અંગ્રેજીના વ્યાખ્યાતા

શ્રી. સોમનાથ કૉલેજ, વેરાવલ

૧. શ્રી. વી. આર. આયા
અંગ્રેજીના વ્યાખ્યાતા

આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર

૧. શ્રી. ડી. વાય. દેસાઈ
ઑરગેનાઇઝેશનના વ્યાખ્યાતા

આર. આર. લાલન કૉલેજ, ભુજ

૧. શ્રી. આર. એચ. બારોટ
ગુજરાતીના વ્યાખ્યાતા

ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ

૧. સર્વશ્રી કે. એચ. દેસાઈ
કૉન્ટ્રાક્ટ ઇક્વિટીના પ્રાધ્યાપક

૨. ,, કે. ડી. શાહ
એલિમેન્ટ્સ ઑફ કૉન્સ્ટિટ્યુશન લૉના પ્રાધ્યાપક

૩. ,, ડી. કે. શાહ
કાયદાના થોડા સમયના પ્રાધ્યાપક

૪. ,, જી. ટી. નાણાવટી
લૉ ઑફ કાઇન્સના થોડા સમયના વ્યાખ્યાતા

૫. ,, એલ. એમ. શુક્લ
ટોરટર્સના થોડા સમયના વ્યાખ્યાતા

સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત

૧ શ્રી. આઈ. જે. દેસાઈ
એકાઉન્ટન્સીના થોડા સમયના વ્યાખ્યાતા

એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ-૯

૧. સર્વશ્રી એમ. બી. જૈન
હિટ એન્જિ.ના વ્યાખ્યાતા

૨. ,, એ. આર. કચ્છલા
હાઈડ્રોલીકસના વ્યાખ્યાતા

૩. ,, વાય. સી. ભટ્ટ
હીટ એન્જિ.ના વ્યાખ્યાતા

૪. ,, પી. જે. પુરોહિત
ઇલેક્ટ્રિકલ પાવરના વ્યાખ્યાતા

લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી

૧. સર્વશ્રી એસ. એસ. પટેલ
મિકેનિકલ એન્જિનિયરિંગના પ્રાધ્યાપક

૨. સર્વશ્રી. આર. સી. સોનપાલ
એપ્લાઇડ મિકેનિક્સના વ્યાખ્યાતા

૩. ,, એસ. એમ. શાહ
એપ્લાઇડ મિકેનિક્સના વ્યાખ્યાતા

શામળદાસ કૉલેજ, ભાવનગર

૧. સર્વશ્રી. વી. વી. ભટ્ટ
ભૌતિકવિજ્ઞાનમાં મદદનીશ વ્યાખ્યાતા

૨. ,, વી. ડી. ચૌહાણ
જીવવિજ્ઞાનના નિર્દેશક

૩. ,, એસ. જી. દેસાઈ
રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા

૪. ,, એ. બી. વસા
ગણિતશાસ્ત્રમાં મદદનીશ વ્યાખ્યાતા

૫. ,, વી. જી. જની
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

૬. ,, એમ. જી. મચ્છર
અંગ્રેજીના વ્યાખ્યાતા

૭. ,, બી. બી. ગાંધી
તત્ત્વજ્ઞાનમાં મદદનીશ વ્યાખ્યાતા

૮. ,, એચ. બી. ગોહિલ
રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા

૯. ,, જે. ડી. ઓઝા
ગણિત શાસ્ત્રના વ્યાખ્યાતા

૧૦. ,, પી. બી. દવે
અંગ્રેજીના વ્યાખ્યાતા

૧૧. ,, એન. જે. શાહ
રસાયણવિજ્ઞાનમાં મદદનીશ વ્યાખ્યાતા

૧૨. ,, જી. એન. દવે
રસાયણવિજ્ઞાનના નિર્દેશક

મહારાજા માલેન્દ્રસિંહજી સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, મોરબી

૧. કુ. આર. જે. શાહ
રસાયણવિજ્ઞાનનાં વ્યાખ્યાતા

૨. સર્વશ્રી. એમ. જી. ભાયાણી
તર્કશાસ્ત્ર-તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા

૩. ,, એસ. કે. ત્રિવેદી
ભૌતિક વિજ્ઞાનના વ્યાખ્યાતા

૪. ,, વી. એસ. ભટ્ટ
વ્યાયામ માર્ગદર્શક

૫. ,, પી. ડી. વૈશ્નવ
અંગ્રેજીના વ્યાખ્યાતા

૬. ,, એચ. આર. પરીખ
જીવનવિજ્ઞાનના વ્યાખ્યાતા

૭. ,, એ. એલ. જાળિયા
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ–૯

૧. શ્રી. આર. એમ. મહેતા
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૨. ,, એસ. કે. પટેલ
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૩. ,, સી. બી. શાહ
રસાયણવિજ્ઞાનના નિર્દેશક

૪. શ્રીમતી બી. બી. ક્રિસ્ટી
અંગ્રેજીનાં વ્યાખ્યાતા

૫. શ્રી. વાય. સી. શાહ
રસાયણવિજ્ઞાનના નિર્દેશક

૬. ,, એસ. પી. ખરીદિયા
રસાયણવિજ્ઞાનના નિર્દેશક

૭. ,, જે. જે. શ્રોફ
રસાયણવિજ્ઞાનના નિર્દેશક

૮. ,, એ. આર. પરીખ
રસાયણવિજ્ઞાનના નિર્દેશક

૯. ,, કે. એચ. પટેલ
ભૌતિકવિજ્ઞાનના નિર્દેશક

૧૦. શ્રી. આર. એન. પટેલ
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

૧૧. ,, એસ. કે. પટેલ
રસાયણવિજ્ઞાનના નિર્દેશક

શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ.

૧. શ્રી. આર. જી. નાયક
રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક

૨. ,, આર. સી. વકીલ
રસાયણવિજ્ઞાનના નિર્દેશક તરીકે આવી શકે ટ્યૂટર તરીકે નહિ.

૩. ,, બી. એન. નાયક
રસાયણવિજ્ઞાનના નિર્દેશક

૪. ,, કે. વી. પટેલ
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૫. શ્રી. આર. એમ. અજમેરી,
ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર

૬. શ્રી. બી. એચ. પટેલ,
જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા

૭. શ્રી. એસ. બી. નાયક,
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

૮. શ્રી. એમ. એમ. નાયક,
ગુજરાતીના પ્રાધ્યાપક

૯. કુ. સી. એ. પટેલ,
ગુજરાતીના વ્યાખ્યાતા

૧૦. શ્રી. એમ. એફ. રાવ,
ફક્ત સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવામાં આવેલ છે.

૧૧. ,, બી. સી. દલાલ,
અંગ્રેજીમાં ટ્યૂટર

૧૨. ,, જે. એસ. શાહ,
વ્યાયામ માર્ગદર્શક

૧૩. ,, એચ. ડી. દેસાઈ,
રસાયણ વિજ્ઞાનના ટ્યૂટર

એન. કે. એમ. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, વલસાડ

૧. શ્રી. ડી. એચ. પટેલ,
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૨. ,, એ. એમ. ઉપાધ્યાય,
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૩. ,, આર. ડી. રાવ,
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

૪. ,, આર. એન. મેક,
જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા

૫. શ્રીમતી બી. એમ. માવલંકર,
સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા

૬. શ્રી. એમ. પી. યાજ્ઞિક,
ભૌતિકવિજ્ઞાનના ટ્યૂટર

૭. ,, ડી. એલ. લાડ,
રસાયણવિજ્ઞાનના ટ્યૂટર

૮. શ્રીમતી એમ. એમ. માનેકશાના,
અંગ્રેજીમાં ટ્યૂટર

વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા

૧. શ્રીમતી પુષ્પાબેન દેસાઈ,
તર્કશાસ્ત્ર-તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા

આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા

૧. શ્રી. જે. એસ. જોષી,
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

સરદાર વલ્લભભાઈ રિજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, સુરત

૧. શ્રી. એમ. એમ. વાસવાની,
મિકેનિકલ એન્જિનિયરિંગના પ્રાધ્યાપક

શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૧. શ્રી. આર. જે. શાસ્ત્રી,
નાટ્યશાસ્ત્રના વ્યાખ્યાતા

સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ

૧. શ્રી. એચ. યુ. જોષી,
કરાર-કાયદાના પ્રાધ્યાપક

૨. શ્રી. એમ. સી. મહેતા,
થોડા સમયના ટ્રસ્ટ અને સ્પેસિફિક રિલીફ એક્ટના પ્રાધ્યાપક

૩. ,, એમ. આર. બારોટ,
થોડા સમયના ઇન્ડિયા કોન્સ્ટિટ્યુએન્સ અને કોન્સ્ટિટ્યુએન્સ લૉના પ્રાધ્યાપક

એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર

૧. શ્રીમતી વી. પટેલ,
ગણિતશાસ્ત્રમાં મદદનીશ વ્યાખ્યાતા

શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા

૧. શ્રી. રામભાણુસિંહ ચૌહાણ,
માનસશાસ્ત્રના વ્યાખ્યાતા

લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી

૧. શ્રી. આઈ. એ. મહેતા,
ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના પ્રાધ્યાપક

સિટી લૉ કૉલેજ, અમદાવાદ

૧. શ્રી. જી. એન. દેસાઈ,
થોડા સમયના કૉન્ટ્રાક્ટ ઍન્ડ ટી. પી. એક્ટના વ્યાખ્યાતા

પી. ટી. આર્ટ્સ અંન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા

૧. શ્રી. જે. જે. શુક્લ,
માનસશાસ્ત્રના વ્યાખ્યાતા

પેટલાદ કૉલેજ, પેટલાદ

૧. શ્રીમતી એમ. એસ. મજમુદાર,
સંસ્કૃત અને જગતના ધર્મોના વ્યાખ્યાતા

શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ)

૧. શ્રી. ડી. કે. મજમુદાર
રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા

ડી. કે. વી. કૉલેજ, જામનગર

૧. શ્રી. એસ. જી. દેસાઈ
ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક

૨. શ્રી. એ. ડી. ટેમ્બે
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૩. ,, એમ. બી. રાણે
વનસ્પતિશાસ્ત્રના પ્રાધ્યાપક

૪. ,, એ. એસ. કાદરી
પર્શિયન તથા ઉર્દૂના પ્રાધ્યાપક

૫. શ્રીમતી પી. એસ. સુબ્રહ્મન્યમ
અંગ્રેજીના વ્યાખ્યાતા

૬. શ્રી. આર. આર. ઉપાધ્યાય
ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા

૭. ,, એલ. એન. જોષી
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

એમ. એન. કૉલેજ, વીસનગર

૧. શ્રી. એમ. એ. મન્છર
અંગ્રેજીના વ્યાખ્યાતા

૨. ,, કે. કે. પટેલ,
ભૌતિકવિજ્ઞાનમાં મદદનીશ વ્યાખ્યાતા

૩. ,, કે. એ. શેખ
પર્શિયનમાં મદદનીશ વ્યાખ્યાતા

૪. કુ. ડી. જે. દવે
ગુજરાતીનાં વ્યાખ્યાતા

૫. શ્રી. એમ. પી. પટેલ
રસાયણવિજ્ઞાનમાં નિર્દેશક

એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી

૧. શ્રી. એ. જે. મહીસી
સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા

૨. શ્રીમતી એ. એમ. મજમુદાર
ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા

૩. શ્રી. એ. જે. પટેલ
ભૌતિકવિજ્ઞાનમાં નિર્દેશક

૪. ,, ટી. એસ. ઝકરિયા
વ્યાયામ માર્ગદર્શક

૫. શ્રી. કે. એમ. ઉપાધ્યાય
ભૌતિકવિજ્ઞાનમાં નિર્દેશક

૬. ,, આર. એ. પાઠક
રસાયણુવિજ્ઞાનમાં નિર્દેશક

ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬

૧. શ્રી. જી. એસ. મેવાડા
રસાયણુ વિજ્ઞાનમાં વ્યાખ્યાતા

એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર

૧. શ્રી. ડૉ. જે. એસ. વેંકટરાવ
પૅથોલોજી અને બેક્ટેરિયોલોજીના સીનિયર વ્યાખ્યાતા

જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ

૧. શ્રી. એ.ટ. ડી. છાયા
પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતા

બી. ડી. કૉલેજ, અમદાવાદ

૧. શ્રીમતી એસ. એસ. ધ્રુ
ગૃહવિજ્ઞાન અને શરીર સ્વાસ્થ્યના વ્યાખ્યાતા

૨. શ્રી. યુ. જે. મહેતા
અંગ્રેજીના ટ્યૂટર

૩. ,, સુનીસા ફોજદાર
હોમ મેનેજમેન્ટના વ્યાખ્યાતા

શ્રી. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત

૧. શ્રી. ડૉ. આર. એચ. શાહ
મેડિસિનના પ્રાધ્યાપક

એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ-૯

૧. સર્વશ્રી. આર. બી. પંડિત
આચાર્ય

૨. ,, બી. કે. ખત્રી
ઇલે. એન્જિનિયરિંગમાં મદદનીશ પ્રાધ્યાપક

૩. શ્રી. સી. એચ. શાહ
એપ્લાઇડ મિકેનિક્સના મદદનીશ પ્રાધ્યાપક

કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ, અમદાવાદ-૬

૧. ડૉ. આર. કે. મોદી
રેડિયોલોજીના પ્રાધ્યાપક

એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર

૧. સર્વશ્રી. ડૉ. કે. એન. મહેતા
પૅથોલોજી અને બૅક્ટ્રીઓલોજીના વ્યાખ્યાતા

૨. ,, જે. એન. પટેલ
મેડિસિનના વ્યાખ્યાતા

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૧. સર્વશ્રી. બી. એચ. ઠાકર
પ્રીવેન્ટિવ અને સોશિયલ મેડિસિનના વ્યાખ્યાતા

૨. શ્રીમતી યુ. ટી. પટેલ
ઑબ્સ્ટેટ્રિક અને ગાયનોકૉલોજીના ટ્યૂટર

પારેખ પ્રધર્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ

૧. શ્રી. એમ. પી. ભાટીઆ,
અંગ્રેજીના વ્યાખ્યાતા

ઉમેદરામ પંચાલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ

૧. સર્વશ્રી. એ. ડી. મહેતા,
વ્યાયામ શિક્ષક

૨. શ્રી. એમ. એમ. ઉપાધ્યાય,
પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતા

(બ) નીચેની કૉલેજોના નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂક માન્ય કરવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૧. શ્રી. બી. આઈ. મહેતા,
હિન્દીના થોડા સમયના વ્યાખ્યાતા,

એ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટ

૧. શ્રી. એમ. સી. જાની,
લૉના પ્રાધ્યાપક

આર. આર. લાલન કૉલેજ, ભૂજ

૧. શ્રી. સી. ડી. પટેલ
ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા

ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા

૧. શ્રી. સી. પી. જી. નાયક,
અંગ્રેજીના વ્યાખ્યાતા

એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી

૧. શ્રી. એસ. ડી. દેસાઈ,
ફિઝિકસના ડેમોન્સ્ટ્રેટર

(ક) નીચે જણાવેલી કૉલેજોના નામ સામે જણાવેલ શિક્ષકો અંગે વધુ માહિતી આવ્યેથી તે અંગેનો આખરી નિર્ણય લેવાની સત્તા વાઈસ ચાન્સેલર સાહેબને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૧. શ્રી. આર. એચ. ત્રિવેદી,	૧. બી.એ.ના વિષયો કયા કયા તે તથા મેળવેલ વર્ગ ? ૨. વિનયન વિભાગ માટે કે શિક્ષણના વિભાગ માટે નિમણૂક કરી છે ?
૨. ,, વી. બા. ભોન્ડે,	૧. માનદ નિમણૂક શા માટે ? ૨. વિનયન વિભાગોમાં ભૂગોળના વિષયો કોણ લે છે ?
૩. ,, એમ. આર. દેસાઈ,	૧. માનદ નિમણૂક શા માટે ? અગાઉ ના કહ્યા છતાં શા માટે માનદ નિમણૂક કરી છે ?
૪. ,, જે. કે, ત્રિવેદી,	૧. માનદ નિમણૂક શા માટે ? ૨. બી.એસસી. તથા એમ.એસસી.ના વિષયો તથા મેળવેલ વર્ગ.

રજની પારેખ આર્ટ્સ કૉલેજ, અંભાત

૧. શ્રી. વી. એ. પટેલ, ૧. બી.એ. તથા એમ.એ.ના વિષયો.

એ. એમ. પી. લૉ. કૉલેજ, રાજકોટ

૧. શ્રી. આઈ. બી. પટેલ, ૧. બી.એ. તથા એમ.એ.ના વિષયો તથા મેળવેલ વર્ગ.

(૬) નીચે જણાવેલ કૉલેજોના નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂક માર્ચ, ૧૯૬૨ સુધી કામચલાઉ માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. એસ. પી. સાયન્સ કૉલેજ, તલોદ

૧. શ્રી. બી. એમ. પટેલ,
ભૌતિકશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર.

એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ

૧. શ્રી. એ. કે. કુલકર્ણી
ઇલેક્ટ્રોન્સ અને ઇલેક્ટ્રિકના વ્યાખ્યાતા.

(૬) સર પી. ટી. સાયન્સ અને શ્રી. કે. ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસામાં ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા શ્રી. જી. પી. દવેને યુનિવર્સિટીએ નક્કી કરેલ પગારધોરણ (૧૫૦-૧૦-૨૫૦) આપવાની શરતે મજકૂર નિમણૂક માર્ચ, ૧૯૬૨ સુધી કામચલાઉ માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

કુ. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૫૬

ફાઇનાન્સ કમિટીની તા. ૨-૩-૧૯૬૨ની ભલામણો

૧. યુનિવર્સિટીની ૧૯૬૨ની પરીક્ષાઓ માટે જુદા જુદા કેન્દ્રો ઉપર પરીક્ષાના પ્રશ્નપત્રો છપાવવા માટેનાં મંગાવેલા ટેન્ડરો તપાસીને શ્રી. વાઈસ-ચાન્સેલર સાહેબે મંજૂર કર્યાં તેની નોંધ લેવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીએ નીચેનાં પરીક્ષાનાં કેન્દ્રો ઉપર પ્રશ્નપત્રો છાપવા માટે તેની સામે જણાવેલા પ્રેસો નક્કી કર્યાં તેની નોંધ લેવી :

કેન્દ્ર	પ્રેસનું નામ
૧. ભરૂચ	આશા પ્રિન્ટરી, ભરૂચ
૨. ગોધરા	શ્રી. કૃષ્ણ પ્રિન્ટિંગ પ્રેસ, ગોધરા
૩. કપડવંજ	કલ્યાણ મુદ્રણાલય, કપડવંજ
૪. તલોદ	સહકારી મુદ્રણાલય, તલોદ

૨. યુનિવર્સિટી લાયબ્રેરી માટે વૉટર કુલર ખરીદવા અંગેના ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી લાયબ્રેરી માટે વૉટર કુલર નં. ૧ મેસર્સ વૉલ્ટાઝ લિમિટેડ પાસેથી રૂા. ૩૬૧૫ની કિંમતે ખરીદવું, ઉપરાંત તે સાથે ફિલ્ટર નં. ૧ તથા ફિલ્ટર પેડ ડઝન રૂા. ૯૦ તથા રૂા. ૪૮ની કિંમતે અનુક્રમે ખરીદવાં.

૩. યુનિવર્સિટી લાયબ્રેરી માટે સ્ટીલનું ફરનીચર ખરીદવા મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી લાયબ્રેરી માટે નીચે પ્રમાણે સ્ટીલનું ફરનીચર ખરીદવું :

વસ્તુનું નામ	જરૂરિયાત	વેપારીનું નામ	ભાવ
			રૂા.
સ્ટીલના શેાડ પ્રકાર એક	૫૨	એન. કે. શેઠ	૩૧ નંગના
સ્ટીલના શેાડ પ્રકાર બે	૪	,,	૮૫ નંગના
,, ,, ,, ૩	૧૦	,,	૮૫ નંગના
,, ,, ,, ૪	૨૨	મહેતા ત્રિપીનચંદ્ર જગજીવનદાસ	૧૧૦ નંગના

ઉપરના ફરનીચરનો એક એક નમૂનો મંગાવી ઉપકુલપતિશ્રીની મંજૂરી લઈ ઓર્ડર મૂકવો.

૪. વિજ્ઞાન વિદ્યાભવન માટે માઇક્રોફિલ્મ રીડર તથા માઇક્રોસ્કોપ ખરીદવા અંગેના અધ્યક્ષશ્રીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવન માટે નીચે પ્રમાણે ઇક્વિપમેન્ટ, મે. ગોરધનદાસ દેસાઈ પ્રાઇવેટ લિમિટેડ, મુંબઈ પાસેથી ખરીદવાં :

1. Zeiss Dokumator Film (Micro-Film) Reader	1	Rs.	3450/-
2. "Dockumator Micro-Film Filling Folders"—			
(*i*) Cover for Slide-in Cards.	2	Rs.	10/-
(*ii*) Slide-in Cards for 5 stips	5	Rs.	10/-
(*iii*) Slide-in Cards for 10 stips	5	Rs.	20/-
(*iv*) Slide-in Cards for 15 strips	5	Rs.	8/-
3. Filament Bulbs T. 12V 50W.	12 (1 Doz.)	Rs.	180/-
Total....		Rs.	3678/—

૫. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગ માટે ૧૨ ફેસીટ કેલ્કયુલેટિંગ મશીનો ખરીદવાના સૂચન ઉપર નિર્ણય લેવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગ માટે ૧૨ ફેસીટ કેલ્કયુલેટિંગ મશીન મે. રવીન્દ્ર એન્ડ કું. પાસેથી રૂા. ૧૨૯૫/- વત્તા ટેક્ષના ભાવે ખરીદવાં.

૬. યુનિવર્સિટીના મકાન પાસેના કૂવાથી બોટાની વિભાગના પાંજરા સુધી ૧$\frac{1}{2}$"ની પાઇપ લાઇન નંખાવવા માટે મંગાવેલ ટેન્ડરો તપાસી નિર્ણય લેવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી મકાનના કૂવાથી બોટેની વિભાગના પાંજરા સુધી ૧$\frac{1}{2}$"ની પાઇપ લાઇન નાંખવા માટેનું પારસનાથ જી. ભટ્ટનું નીચેના ભાવનું ટેન્ડર મંજૂર કરવું :

વિગત	જરૂરિયાત	ભાવ
		રૂા. ન.પૈ.
૧$\frac{1}{2}$" પાઇપ લાઇન	આશરે ૧૮૦૦ ફૂટ	૨.૨૪ રનિંગ ફૂટના
સુઇઝ વાલ્વ	નંગ. ૩.	૨૧.૫૦ નંગના

૭. યુનિવર્સિટી પ્રેસના માટે જુદી જુદી જાતના કાગળના ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસની તાત્કાલિક જરૂરિયાત માટે જુદી જુદી જાતના કાગળને માટે મંગાવેલ ટેન્ડરો તપાસી હાલ પૂરતી જરૂરિયાતના કાગળો ખરીદવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૮. યુનિવર્સિટી પ્રેસ માટે જરૂરી ટાઇપો ખરીદવા મંગાવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસ માટે નીચે જણાવેલ ટાઇપો ખરીદવા :

	વિગત	જરૂરિયાત		વેપારીનું નામ	ભાવ
૧.	ગુજરાતી ૧૨ પોઇન્ટ ટાઇપ	૩૦૦	કિ.ગ્રામ	રાજનગર ટાઇપ ફાઉન્ડરી	૭.૦૦ સારી ધાતુના
	,, ૧૦ પોઇન્ટ	૬૦	,,	,,	૭.૭૦
	,, પૈકા ચાલુ	૫૦	,,	નવજીવન	૬.૦૦
	,, ૧૦ પોઇન્ટ અંગ્રેજી ચાલુ, ઇટાલિક	૩૦	,,	રાજનગર	૯.૪૦
	૧૦ પોઇન્ટ અંગ્રેજી બ્લેક	૧૦	,,	,,	૯.૨૦
	સ્પેસીઝ				
	૮ પોઇન્ટ	૧૦૦	,,	,,	૫.૫૦
	૧૦ ,,			,,	૪.૫૦
	૧૨ ,,			,,	૪.૦૦
	૧૪ ,,			,,	૪.૦૦

પરિશિષ્ટ "દ"
કામકાજ ક્રમાંક ૬૪

તા. ૫-૨-૧૯૬૨ની બાંધકામ સમિતિની ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સ્ટાફ ક્વાર્ટર્સના "બી", "સી" અને "ડી" ટાઇપના રહેઠાણોની બારીઓ ટેન્ડર પ્રમાણે લાકડાની જ રાખવી પણ બારણાં ફ્લશ ડોરનાં રાખવાં.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનનાં મકાનોના પાયામાં તેમ જ પ્લીન્થમાં રેતી પૂરાણ કરવા અંગેનું આવેલું મે. શાહ એન્ડ પટવાનું રૂા. ૧૮ દર ૧૦૦ ઘ.ફૂ.ના ભાવવાળું ટેન્ડર મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, નોન-રેસિડન્ટ સ્ટુડન્ટ સેન્ટરના મકાનમાં ફ્રોલ્ડેડ પ્લેટ સ્લેબનો ભાવ રૂા. ૬ ચો.ફૂ.ના (સ્ટીલ સહિત) મંજૂર કરવા.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, આ સ્લેબ તથા વૉટર પ્રૂફિંગ માટે વધારાનો રૂા. ૨૨,૫૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૪. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, રેક્ટર, શ્રી. જ. જ. શાહના પત્ર પ્રમાણે નીચેની બાબતો માટેનું ખર્ચ રૂા. ૧૨,૦૦૦ મંજૂર કરવું :

(૧) સ્નાનગૃહોમાં સાવરની સગવડ
(૨) ગ્રોમ્બીમાં સ્ટેન્ડ બનાવી માટલાં મૂકવાની સગવડ
(૩) દરેક ઓરડીમાં બારણાંવાળાં કબાટ મૂકાવવાં.

૫. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, અતિથિગૃહ અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રની નોંધ લેવી, તથા તેનું બાંધકામ તાત્કાલિક હાથ ધરી શકાશે નહિ તે જોતાં સ્થપતિ શ્રી. રાજેન્દ્ર કે. ચોકસીને આલેખ અંગેની તેમની ફી ચૂકવી આપવી.

તા. ૨૬-૨-૧૯૬૨ની બાંધકામ સમિતિની ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે અધ્યક્ષના બંગલા માટે વૉટર સપ્લાય અને ડ્રેનેજના કામ માટે કુલ ૧૧ ટેન્ડરો આવેલાં હતાં. આવેલાં ટેન્ડરોની વિગતો તપાસીને અને સમગ્ર રીતે વિચારણા કરીને એવું ઠરાવવામાં આવ્યું કે, આ કામ માટેનું ટેન્ડર મે. નવજીવન કન્સ્ટ્રક્શન કંપનીનું, રૂા. ૧૨,૬૪૧·૫૦ ન.પૈ.નું, ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. નોન-રેસિડન્ટ સ્ટુડન્ટ્સ સેન્ટર, હેલ્થ સેન્ટર તથા અધ્યક્ષના ત્રણ બંગલાના ઇલે. વાયરિંગના કામો માટે કુલ ૭ ટેન્ડરો આવેલાં હતાં. આવેલાં ટેન્ડરોની વિગતોની તપાસીને અને સમગ્ર રીતે વિચારણા કરીને એવું ઠરાવવામાં આવ્યું કે આ કામ માટે મે. દવે રેડિયો એન્ડ ઇલે. કૉર્પોરેશનનું રૂા. ૧૬,૫૯૮·૦૦નું ટેન્ડર, સદરહુ ટેન્ડરની શરતો મુજબ, મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનોના મકાનો માટે વૉટર સપ્લાય, ડ્રેનેજ તથા સ્પેશિયલ લેબોરેટરી સર્વિસના કામ માટે કુલ ૧૦ ટેન્ડરો આવેલાં હતાં. આવેલાં ટેન્ડરોની વિગતો તપાસીને સમગ્ર રીતે વિચારણા કરીને એવું ઠરાવવામાં આવ્યું કે આ કામ માટેનું મે. શાહ એન્ડ પટવાના રૂા. ૭૪,૦૧૬·૦૦ના ટેન્ડરમાંથી ૪·૧૨ ટકા જેટલા ભાવ પ્રત્યેક બાબતમાંથી ઓછા કરવામાં આવે તે શરતે સદરહુ ટેન્ડરોની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. વિજ્ઞાન વિદ્યાભવનોનાં મકાનો માટે ઇલે. વાયરિંગના કામ માટે કુલ ૪ ટેન્ડરો આવેલાં હતાં. આવેલાં ટેન્ડરોની વિગતો તપાસીને સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ એવું ઠરાવવામાં આવ્યું કે, આ કામ માટેનું મે. દવે ઇલેક્ટ્રિક કૉર્પોરેશનનું ટેન્ડર રૂા. ૪૭,૦૫૬·૫૦ ન.પૈ.ના ટેન્ડરમાંથી ૩·૯ ટકા જેટલા ભાવ પ્રત્યેક બાબતમાંથી ઓછા કરવામાં આવે તે શરતે સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારનાં મકાનો, ભવનો, છાત્રાલયો માટે ટયૂબવેલ, ઓવરહેડ ટાંકી તથા પાઇપ લાઇન વગેરે માટેના વૉટર સપ્લાયના કામ અંગે રૂા. ૩,૦૦,૦૦૦·૦૦નો અંદાજ મંજૂર કરવો. ટયૂબવેલ તથા ઓવરહેડ ટાંકી અધ્યક્ષના બંગલા પાસેની ઊંચી ટેકરાવાળી જમીન પર કરવી.

૫. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિદ્યાર્થિનીઓના છાત્રાલયના પાયામાં સારી માટી ન નીકળવાથી તથા ઢાળવાળી જમીન હોવાથી પાયાના ખર્ચમાં રૂા. ૩૪,૦૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૬. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે કે "સી" અને "ડી" ટાઇપના ક્વાર્ટર્સની જમીન ઢાળવાળી તથા પાયાની માટી સારી ન નીકળવાથી પ્લિન્થ સુધીના બાંધકામમાં વધારાનો ખર્ચ થશે તે ખ્યાલમાં રાખી કામ શરૂ કરવાનો આદેશ આપવો.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના છાત્રાલયના પાયામાં સારી માટી ન નીકળવાથી સાત ફૂટ ઊંડા પાયો આવે છે. આથી પ્લિન્થ સુધીના બાંધકામમાં વધારાનો ખર્ચ થશે તે ખ્યાલમાં રાખી કામ શરૂ કરવાનો આદેશ આપવો.

૭. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બૉટનીના ત્રણ મકાનોના સર્વિસ બ્લૉકની નીચે ભોંયરાં કરવા માટેનો કુલ રૂા. ૫૪,૦૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૮. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે "બી" ટાઇપના સ્ટાફ ક્વાર્ટર્સના ચે.કની ઉપર દિવાલ લઈને ઉપર સ્લેબ કરવા માટે તથા તેમાં વેન્ટિલેટર કરવા માટેનું યુનિટ દીઠ ખર્ચ રૂા. ૭૦૦/– મંજૂર કરવું. ૨૬ યુનિટ માટેનો કુલ ખર્ચ રૂા. ૧૮,૨૦૦/– મંજૂર કરવો.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૧૭

તા. ૨૬-૨-૧૯૬૨ના રોજ મળેલ યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની ચૌદમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બપોરના ૩-૩૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. લાલભાઈ આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. પ્રિ. કે. એલ. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. જી. એસ. દેસાઈ	હાજર
૪. પ્રિ. જે. બી. સાન્ડિલ	ગેરહાજર
૫. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર
૬. ડૉ. એન. સી. શાહ	ગેરહાજર
૭. પ્રિ. એમ. સી. દેસાઈ	હાજર
૮. પ્રિ. બી. જી. વૈદ્ય	ગેરહાજર
૯. પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર
૧૦. પ્રિ. આર. પી. પટેલ	હાજર
૧૧. પ્રિ. કે. જી. નાયક	હાજર
૧૨. ડૉ. વિક્રમભાઈ સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. એમ. ડી. દેસાઈ	ગેરહાજર
૧૪. ડૉ. વાય. જી. નાયક	હાજર
૧૫. પ્રૉ. ઉમાશંકર જોશી	હાજર

બેઠકનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ, શ્રી. લાલભાઈ આર. દેસાઈએ લીધું હતું.

૧. પબ્લિકેશન બોર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલ ૧૩મી બેઠકના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડની તા. ૩-૪-૧૯૬૧ના રોજ મળેલ તેરમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. શ્રી. કોઠંડરાવે આપેલ ત્રણ પ્રવચનો (અંગ્રેજીમાં) છપાવવા અંગે વિચારણા કરવા બાબત.

પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શ્રી. કોઠંડરાવના ત્રણ પ્રવચનોની ૨૫૦ નકલો પુસ્તકાકારે છપાવવા (અંગ્રેજીમાં) તથા તે માટે રૂા. ૪૦૦/- સુધીનો ખર્ચ મંજૂર

કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, ભારતની પ્રત્યેક યુનિવર્સિટી તથા આ યુનિવર્સિટી સાથે જોડાયેલી પ્રત્યેક કૉલેજ/સંસ્થા/ભવનને તથા અન્ય જાહેર સંસ્થાઓને તે નકલો વિના મૂલ્યે મોકલવી.

૩. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસાના પ્રિ. ધીરુભાઈ ઠાકરે તૈયાર કરેલ "સુદર્શન અને પ્રિયંવદા"ની હસ્તપ્રત પ્રકાશિત કરવા તેમના તરફથી આવેલ આર્થિક મદદની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ઉમાશંકર જોશીનો પ્રસ્તુત હસ્તપ્રત માટે અભિપ્રાય નીચે મુજબ છે:

હું હસ્તપ્રત જોઈ ગયો છું અને એ પુસ્તક રૂપે પ્રગટ થાય તો ગુજરાતી સાહિત્ય અને સમાજના અભ્યાસીને બહુ મદદકર્તા નીવડશે. એના પ્રકાશનમાં શક્ય તેટલી બધી મદદ કરવા મારી ભલામણ છે.)

આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસાના પ્રો. ધીરુભાઈ ઠાકરને "સુદર્શન અને પ્રિયંવદા" નામના પુસ્તકના પ્રકાશન અર્થે રૂા. ૪૫૦-૦૦ની આર્થિક સહાય નીચેની શરતોએ આપવી:

(૧) પ્રસ્તુત મદદનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો;

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટી સહાય દ્વારા પ્રકાશિત" એમ છપાવવું; અને

(૩) તેની ૧૦ નકલો યુનિવર્સિટીને આપવી.

૪. શ્રી. શિવલાલ ત. જેસલપુરા સંપાદિત કવિ દેહલકૃત "અભિવન ઊઝણું"ના પ્રકાશન અંગે આર્થિક મદદની તેમના તરફથી આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ઉમાશંકર જોશીનો પ્રસ્તુત પુસ્તક માટે નીચે પ્રમાણે અભિપ્રાય છે:

"અભિવન ઊઝણું" પુસ્તક ગુજરાતીના અભ્યાસમાં એક મહત્ત્વના ઉમેરારૂપ બનશે. એક અપ્રસિદ્ધ કૃતિને વ્યવસ્થિત અભ્યાસપૂર્વક પ્રગટ કરવાનો કર્તાનો પ્રયત્ન ઉત્તેજનને પાત્ર છે, તો એના પ્રકાશનમાં શક્ય તેટલી મદદ કરવા ભલામણ છે.)

આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શ્રી. શિવલાલ ત. જેસલપુરા સંપાદિત કવિ દેહલકૃત "અભિવન ઊઝણું" નામના પુસ્તકના પ્રકાશન અર્થે રૂા. ૪૫૦-૦૦ની આર્થિક સહાય નીચેની શરતોએ આપવી:

(૧) પ્રસ્તુત મદદનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો;

(૨) મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાય દ્વારા પ્રકાશિત" એમ છપાવવું; અને

(૩) તેની ૧૦ નકલો યુનિવર્સિટીને આપવી.

૫. ટાગોર શતાબ્દી નિમિત્તે યોજાયેલ પાંચ વ્યાખ્યાનો મૂળ અંગ્રેજીમાં તથા તેના ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— અંદાજી પ્રકાશન ખર્ચ નીચે પ્રમાણે છે:

	કુલ અંદાજી પાનાં	છાપવાની નકલ	અંદાજી પ્રકાશન-ખર્ચ
અંગ્રેજી	૧૫૦	૧૨૦૦	રૂા. ૧,૫૦૦
ગુજરાતી	૧૮૦	૧૨૦૦	રૂા. ૧,૭૦૦
			રૂા. ૩,૨૦૦)

આથી પબ્લિકેશન બૉર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ટાગોર શતાબ્દી નિમિત્તે યોજાયેલ પાંચ વ્યાખ્યાનો મૂળ અંગ્રેજી તથા તેનાં ગુજરાતી અનુવાદનો પુસ્તકાકારે (એક જુદાં જુદાં પુસ્તકોમાં) પ્રકાશિત કરવાં, તથા તે માટે કુલ રૂા. ૩,૨૦૦-૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવા. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, પુસ્તકોની એકેક નકલ ભારતની તમામ યુનિવર્સિટીઓ તથા આ યુનિવર્સિટી હેઠળની કૉલેજો સંસ્થાઓ/ભવનોને વિના મૂલ્યે મોકલી આપવી.

૬. સિન્ડિકેટે તેની તા. ૮-૪-૧૯૬૧ની સભામાં ઠરાવ્યા મુજબ યુનિવર્સિટી જરનલ "વિદ્યા"ના સંપાદનનું કામ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને સોંપવા માટેની યોજના મંજૂર કરી છે જેની નોંધ લેવા બાબત.

પ્રસ્તુત બાબતની નોંધ લેવામાં આવી.

૭. બો. જે. વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૬-૧૦-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી પબ્લિકેશન બૉર્ડની આ સભા ઠરાવે છે કે, શ્રી. ડી. આર. માંકડ સંપાદિત Dhvanyaloke Critical Edition of the text and Gujarati Translationના ગ્રંથ માટે આ યુનિવર્સિટી પ્રકાશન કરવા તૈયાર છે તેમ જણાવીને તે અંગેની શરતો લખી પુછાવવી.

પુસ્તક ક્રમાંક ૨ અંગે તે કયું પુસ્તક છે તથા તે અંગેની માહિતી મોકલવા જણાવવું.

પુસ્તક ક્રમાંક ૩થી ૫ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ઘટતો પત્ર લખીને તે માટે તેઓ શી સહાય આપી શકશે તે પુછાવવું.

૮. રવીન્દ્રનાથ ટાગોરની પસંદ કરેલી કૃતિઓનો એક ગદ્યપદ્ય સંગ્રહ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— ટાગોર શતાબ્દીના એક કાર્યક્રમ તરીકે સિન્ડિકેટે આ કામ હાથ પર લેવાનું નક્કી કરેલું છે અને તે માટે રૂા. ૧૫,૦૦૦-૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.)

આથી પબ્લિકેશન બોર્ડની આ સભા ઠરાવે છે કે, ઉપર જણાવેલ સંગ્રહ પ્રસિદ્ધ કરવાને બદલે રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી તરફથી રવીન્દ્રનાથ ટાગોરની પસંદ કરેલ કૃતિઓનાં જે પુસ્તકો ટૂંક સમયમાં શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ્રસિદ્ધ થવાનાં છે તે, સિન્ડિકેટે નક્કી કરેલ અંદાજી ખર્ચની મર્યાદામાં રહીને ખરીદવાં અને તે પુસ્તકોનો ઓછામાં ઓછો એકેક સમુચ્ચય (સેટ) આ યુનિવર્સિટી હેઠળની પ્રત્યેક કૉલેજ/સંસ્થા/ભવનને વિના મૂલ્યે આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. અંબાલાલ ૫. પટેલ, અમદાવાદ તરફથી "ભારતીય પ્રાચીન સંસ્કૃતિ" પર લખેલ પુસ્તક યુનિવર્સિટીએ છપાવવા અંગેની તેમની માગણી પરત્વે શ્રી. વાય. પી. શુકલનો અભિપ્રાય મંગાવેલ જેમાં 'આ પુસ્તક પ્રકાશન માટે યુનિવર્સિટી જેવી સંસ્થાએ સ્વીકારવા યોગ્ય નથી' એમ તેઓ જણાવે છે (જાણ સારુ).

પ્રસ્તુત બાબતની નોંધ લેવામાં આવી.

ફૂ. ૬. પંડ્યા,
રજિસ્ટ્રાર વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 975-300-5-62

સિન્ડિકેટ (એપ્રિલ)
તા. ૭-૪-'૬૨

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૨ના એપ્રિલ માસની સભા, શનિવાર, તા. ૭-૪-૧૯૬૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ટી. એલ. શર્મા, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૪. શ્રી. જે. બી. સાંડિલ	હાજર
૫. શ્રી. બકુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૪. શ્રી. બી. આર. શેનોય	હાજર
૧૫. શ્રી. સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૬. આચાર્ય ડૉ. કુંવરજી જ. નાયક	ગેરહાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૮. આચાર્ય વલ્લભરામ વી. વૈદ્ય	હાજર

૧. તા. ૩-૩-૧૯૬૨ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૨ના માર્ચ માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૩-૩-૧૯૬૨ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૨ના માર્ચ માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. સેનેટે તેની તા. ૬/૧૦-૧૯-૩૦-૬-૧૯૬૧ની સભામાં મંજૂર કરેલા નીચેના ઠરાવ પર સિન્ડિકેટે કરેલો રિપોર્ટ સેનેટે તેની તા. ૧૨/૧૬-૩-૧૯૬૨ની સભામાં રિફર બૅક કર્યો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

"છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણનો જે ફેલાવો થઈ રહ્યો છે તેથી આ યુનિવર્સિટીને સંતોષ થાય એ સ્વાભાવિક છે. છતાં આ દિશામાં થતા પ્રયાસો એક જ વિસ્તારમાં એકઠા ન થઈ નવી સંસ્થાઓ સ્થાનિક જરૂરિયાતોને અનુલક્ષીને જ સ્થપાય અને આપણાં મર્યાદિત નાણાકીય સાધનોનું પૂરું વળતર મળે એવો વિવેકપૂર્વક ઉપયોગ થાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવા સારુ ભિન્ન ભિન્ન વિદ્યાશાખાઓની ઉચ્ચ શિક્ષણની સંસ્થા કાઢવાને કેટલી બાબતમાં બોર્ડની પૂર્વતૈયારી સંસ્થાના પુરસ્કર્તાઓએ કરવી જોઈએ, તેને આર્થિક તેમ જ શૈક્ષણિક દૃષ્ટિએ કાર્યક્ષમ બનાવવા કેટલા વિદ્યાર્થી આવશ્યક છે, ને તેનો પૂર્ણ વિકાસ કરવા સારુ એકંદરે કેટલા ભંડોળની જરૂર પડશે ઇત્યાદિ મુદ્દાઓને આવરી લેતો એક પ્રમાણિત મુસદ્દો (blue print) તૈયાર કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

સદરહુ બાબત પરત્વે ફૅકલ્ટીના આચાર્યોનાં સૂચનો તા. ૩૧મી મે સુધીમાં મગાવવાં, તથા તે સૂચનો આવેથી સદરહુ બાબત પરત્વે, તે પર આવેલાં સૂચનો લક્ષમાં લઈને, વિચારણા કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય ય. પ્રા. શુકલ
૩. આચાર્ય ચીમનભાઈ જે. પટેલ
૪. આચાર્ય જે. બી. સાંડિલ
૫. આચાર્ય એમ. સી. દેસાઈ
૬. આચાર્ય એ. આર. દેસાઈ
૭. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક
૮. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિને પોતાનો રિપોર્ટ તા. ૩૧મી જુલાઈ, ૧૯૬૨ સુધીમાં રજૂ કરવા જણાવવું.

(નોંધ.—સેનેટમાં થયેલી ચર્ચાની નોંધ સમિતિના સભ્યોને પરિપત્રિત કરવી.)

૩. ગુજરાત યુનિવર્સિટીની સેનેટે તેની તા. ૨૯/૩૦-૬-૧૯૬૧ની સભામાં સુધારેલ સ્ટે. ૪(૨)(૫) અંગે કુલપતિશ્રીના નીચેના આદેશ પરત્વે વિચારણા કરવાની બાબત સેનેટે

તેની તા. ૧૨/૧૩-૩-૧૯૬૨ની સભામાં "રિફર બૅક" કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

As regards amendment to Statute 4, I am desired by the Chancellor to inform you that the Chancellor withholds his assent to the proposed amendment and the matter may be referred back to the Senate with the following remarks :

" That clause (3) applies to graduates of other statutory Indian or foreign Universities and certain institutions like Gujarat Vidyapeeth whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area. A declaration to the effect that their mother-tongue is Gujarati is not, therefore, necessary from the graduates who ordinarily reside in the University area. The provisions in Clause (5) are inconsistent with the provisions in clause (3) in as much as clause (5) requires all the graduates referred to in clause (3) to produce a declaration to the effect that their mother-tonge is Gujarati in spite of the fact that clause (3) provides for the registration of graduates of other statutory Indian or foreign Universities or certain institutions like the Gujarat Vidyapeeth, whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University area. Clause (5) is not thus happily worded as it does not clarify that graduates who do not ordinarily reside within the University area have to produce such a declaration and not those who ordinarily reside in the University area. It would therefore, be necessary to revise clause (5) so as to bring out the real intention.

The clauses (2) and (10) of the Statute provide for a levy of fee for re-registration of graduates for a period of every five years but the Gujarat University Act does not appear to envisage discontinuation of registration. As such, it would not be proper to provide for re-registration or levy fee for such re-registration. It is, therefore, requested that clauses (2) and (10) of the Statute may also please be reconsidered."

(નોંધ.— સ્ટે. ૪ (૨)(૫)નો સુધારેલો પાઠ નીચે મુજબ છે :

St. 4 :

2. All graduates of the University shall be entered in the register of the Registered Graduates on their first graduation in the University and shall pay a fee of Rs. 5/-cash for such regi-

stration which will hold good for five years beginning from the Ist of January of the following year in which they have taken the degree. The registration fee shall be paid along with the fees for admission to the first degree.

5. All graduates referred to in sub-clauses 3 (*a*), (*b*), (*c*) and (*d*) shall produce, along with their application, evidence to the satisfaction of the Registrar of their having taken their degrees and shall produce a declaration made before a Magistrate or a J. P. to the effect that their mother-tongue is Gujarati.

સિન્ડિકેટે તેની તા. ૩-૩-૧૯૬૨ની સભામાં મંજૂર કરેલ કાનૂનવિષયક સમિતિનો અભિપ્રાય નીચે મુજબ છે :

"આથી સિન્ડિકેટને Clause (5) સુધારીને નીચે મુજબ વંચાય તેમ ભલામણ કરવી."

(5) All graduates referred to in sub-clauses 3 (*a*), (*b*), (*c*) and (*d*) shall produce alongwith their application, evidence to the satisfaction of the Registrar of their having taken their degrees and shall produce a declaration made before a Magistrate or a J. P. to the effect that their Mother-Tongue is Gujarati or they ordinarily reside in Gujarat University area as the case may be.

કુલપતિશ્રીના ઉપરોક્ત આદેશમાં છેલ્લી કંડિકામાં જણાવેલા સૂચન પરત્વે વિચારણા કર્યા પછી સમિતિએ નીચે મુજબ ઠરાવ્યું :

"જે સ્નાતકોની નોંધણી કરવામાં આવી હોય તે સ્નાતકોને કાયમી ધોરણે નોંધવા જોઈએ એવો કોઈ નિર્દેશ ગુજરાત યુનિવર્સિટી ધારામાં કરવામાં આવેલો નથી. તે જોતાં તથા સ્નાતકોની નોંધણી અંગે સ્ટેચ્યૂટ ઘડવાની સત્તા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૮ (૭)માં રહેલી છે તે જોતાં સ્નાતકોની નોંધણીની મુદત નિયત કરવામાં તથા ફેર નોંધણીની ફી મુકરર કરવામાં કશી હરકત નથી એમ આ સમિતિનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે, કાનૂનવિષયક સમિતિના અભિપ્રાય સાથે સિન્ડિકેટની આ સભા સંમત છે, અને સેનેટને ભલામણ કરે છે કે રૂલે. ૪(૨)(૫) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"All graduates referred to in sub-clause 3(*a*), (*b*), (*c*) and (*d*) shall produce, along with their applications, evidence to the satisfaction of the Registrar of their having taken their degrees and shall produce a declaration made before a Magistrate or a J. P. or a Member of the Senate of the Gujarat University for the time being to the effect that

their Mother Tongue is Gujarati or that they ordinarily reside in Gujarat University area, as the case may be."

૪. સેનેટે તેની તા. ૧૨/૧૩-૩-૧૯૬૨ની સભામાં સ્ટે. ૧૭૯ "રિફર બૅક" કર્યો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૭૯નો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી:

St. 179 :

The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed courses at any College or Colleges affiliated to, or any Institution or Institutions recognised by, or Department of the University and have passed the qualifying examination for the same in accordance with the Ordinances and Regulations:

Faculty of Arts including Education :

1. Diploma in Education	(Dip.Ed.)
2. Diploma in Journalism	(Dip.J.)
3. Diploma in Labour Welfare	(D.L.W.)
4. Diploma in Drama	[Dip.F.A. (Drama)]
5. Diploma in Music	[Dip.F.A. (Music)]
6. Diploma in Painting & Sculpture	[Dip.F.A. (P. & S.)]
7. Diploma in Architecture	[Dip.F.A. (Arch.)]
8. Diploma in Dancing	[Dip.F.A. (Dancing)]
9. Diploma in Physical Education	(Dip.P.Ed.)

Faculty of Law :

10. Diploma in Labour Laws and Practice	(D.L.P.)
11. Diploma in Taxation Laws and Practice	(D.T.P.)

Faculty of Medicine :

12. Diploma in Ophthalmology	(D.O.)
13. Diploma in Anaesthesia	(D.A.)
14. Diploma in Paediatrics	(D.Paed.)
15. Diploma in Public Health	(D.P.H.)
16. Diploma in Laryngology and Otology	(D.L.O.)

17. Diploma in Gynaecology and Obstetrics (D.G.O.)
18. Diploma in Veneriology and Dermatology (D.V. & D.)
19. Diploma in Medical Radiology and Electro-Therapeutics (D.M.R.E.)
20. Diploma in Pharmacy (Dip.Pharm.)

Faculty of Commerce :

21. Diploma in Business Management (D.B.M.)
22. Diploma in Industrial Management (D.I.M.)

Faculties of Arts and Commerce :

23. Diploma in Co-operation (D.Co.Op.)

Faculties of Arts, Science & Commerce :

24. Diploma in Statistics (D.Stat.)

૫. સેનેટે તેની તા. ૧૨/૧૩-૩-૧૯૬૨ની સભામાં ઑ. ૩૬૫, ૩૬૫-એ અને ૩૬૫-બી "રિફર બેક" કર્યા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑ. ૩૬૫, અને ૩૬૫-બી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા :

O. 365 :

No student shall be admitted to a course of studies leading to a Diploma in Fine Arts in any of its branches, viz. Dramatics, Music, Painting and Sculpture, Architecture or Dancing unless he has passed the S.S.C. Examination of the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects or an examination considered equivalent thereto.

O. 365-B :

1. No student shall be admitted to the First Year Diploma Examination unless he has kept two terms for the course leading to the examination concerned to the satisfaction of the Principal of his College.
2. No student shall be admitted to the Second Year Diploma Examination unless he has, after passing the First Year Diploma Examination in the course concerned, kept two terms for the course in the branch concerned to the satisfaction of the Principal of his College.

3. No student shall be admitted to the Final Examination for the Diploma, unless he has, after passing the Second Year Diploma Examination in the course concerned, kept two terms to the satisfaction of the Principal of his College.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઑ. ૩૬૫–એ નીચેના સૂચન સાથે એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવો :

"લલિતકળાઓના ડિપ્લોમાની પરીક્ષાઓ યુનિવર્સિટીએ કે કૉલેજે લેવાની હોય તેમાં એકવાકયતા હોય તે જોવું જોઈએ."

૬. સેનેટે તેની તા. ૧૧-૩-૧૯૬૨ની આસ સભામાં પસાર કરેલા નીચેના ઠરાવ અંગે આગળ પગલાં લેવા બાબત :

"સેનેટની આ સભા માને છે કે, વધતી જતી મોંઘવારીને અનુલક્ષીને યુનિવર્સિટીના ત્રીજા અને ચોથાવર્ગનાં અત્યારનાં પગારધોરણ નીચાં છે. ઉપલા વર્ગના કર્મચારીઓના પગારધોરણમાં જે વધારો થયો છે તેના સંદર્ભમાં પણ ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓનાં પગારધોરણ (pay-scales) આ સાથે જોડવામાં આવેલા પરિશિષ્ટ "અ" પ્રમાણે લેવાં જોઈએ.

સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી અને ભલામણ કરે છે કે, આ પગારધોરણો, ઉપરના અધિકારીવર્ગની બાબતમાં બન્યું છે તેમ તા. ૧-૭-૧૯૫૯થી અમલમાં મૂકવામાં આવે અને હાલ અપાતાં મોંઘવારી તેમ જ અન્ય ભથ્થાંઓ અને રાહતોનું ધોરણ ચાલુ રાખી અમલી બનાવવામાં આવે."

(પરિશિષ્ટ "અ" આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપરના ઠરાવને અનુલક્ષીને જે પગારધોરણો સુધારવવામાં આવે તે પગારધોરણો પ્રમાણે યુનિવર્સિટીને વધારાનો કેટલો ખર્ચ થાય તે અંગેના ચોક્કસ આંકડા સભાગૃહમાં થયેલી ચર્ચાવિચારણાને અનુલક્ષીને તૈયાર કરવા તથા તે માહિતી સિન્ડિકેટની આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઠરાવમાં જે સભ્યોને આવરી લેવામાં આવ્યા નથી તે સભ્યોને પણ મુંબઈ યુનિવર્સિટીમાં સમકક્ષ જગ્યાઓ માટે નિયત થયેલાં પગારધોરણ આપવામાં આવે તો તે અંગે કેટલું ખર્ચ થાય તેના પણ આંકડા કાઢીને સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઔદ્યોગિક અદાલતના ચુકાદાથી નક્કી થયેલાં પગારધોરણોમાં ફેરફાર કરવા સંબંધી વકીલ શ્રી. જે. બી. મહેતાનો અભિપ્રાય મગાવવો.

(નોંધ. — ગુજરાત સરકારના તા. ૧૩-૪-૧૯૬૧ તથા તા. ૨૬-૩-૧૯૬૨ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૧-૪૮૨૬૭૭ની સભાગૃહને જાણ કરવામાં આવી હતી.)

૬. ચાલુ વર્ષે આવેલ જોડાણ અરજીઓ અંગે સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તેની ચકાસણી માટે તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે પ્રત્યેક કેસમાં જરૂર જણાય ત્યાં સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ (વિજ્ઞાન વિભાગ)ની ત્રિવાર્ષિક તપાસસમિતિના સભ્ય ડૉ. કે. જી. નાયકે, નાદુરસ્ત તબિયતને કારણે ત્રિવાર્ષિક તપાસ કરવા જવાની અશક્તિ દર્શાવી હોઈ તેઓની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજની ત્રિવાર્ષિક તપાસસમિતિના સભ્ય ડૉ. કે. જી. નાયકને બદલે ડૉ. એસ. વી. શાહની નિમણૂક કરવી.

૯. લખધીરજી એન્જિનિયરીંગ કૉલેજ, મોરબીના શિક્ષક શ્રી. વી. કે. ચાવડા કે જેઓ બી.ઈ. (સિવિલ) બીજો વર્ગ તથા ત્રણ વર્ષનો શૈક્ષણિક અને પાંચ વર્ષનો પૉલિટેકનિકનો અનુભવ ધરાવે છે, તેમને સિવિલ એન્જિનિયરિંગના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા વિનંતી કરતા ડિરેક્ટર ઑફ એજ્યુકેશન, અમદાવાદના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિ.ના ધારાધોરણો મુજબ પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચના મકાનમાં રાજ્ય સરકાર તરફથી પૉલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરવા માટે સદ્‌વિદ્યા મંડળ, ભરૂચના ઉપ-મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૨-૨-૧૯૬૨ના સિન્ડિકેટના ઠરાવના અન્વયે મગાવેલી માહિતી નીચે મુજબ છે:

પ્રથમવર્ષ વિનયન અને વિજ્ઞાનમાં બબ્બે વર્ગો છે જ્યારે દ્વિતીય વર્ષ વિનયન અને વિજ્ઞાનમાં ફક્ત એક જ વર્ગ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ડૉ. મ. દ. અવસારેના અભિપ્રાયની નકલ સદરહુ કૉલેજના આચાર્યને મોકલવી તથા કૉલેજના વર્ગો કે પ્રાયોગિક કામકાજને કશી હરકત પડે નહિ તે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે તો કૉલેજના મકાનનો થોડોક ભાગ પૉલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટના ઉપયોગમાં લેવામાં આવે તેમાં યુનિવર્સિટીને વાંધો નથી એમ જણાવવું; પરંતુ કૉલેજ આ અંગે શું વ્યવસ્થા કરે છે તેનો રિપોર્ટ મોકલવા માટે કૉલેજના આચાર્યને જણાવવું.

૧૧. નેત્રવિજ્ઞાનની ૧૯મી આંતરરાષ્ટ્રીય પરિષદ (The XIXth International Congress of Ophthalmology) નવી દિલ્હી મુકામે આગામી ડિસેંબર માસની ૩થી ૯ દરમિયાન યોજાનાર હોઈ, આ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની

નિમણૂક કરવા. પરિષદના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧૬મી માર્ચના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ઈ. ડી. એંકલેસરિયાની નિમણૂક કરવી.

૧૨-અ. કુમારી યુ. વી. વિઠલાણીની ઇસ્ટ આફ્રિકાની "કિંગ જ્યોર્જ સીક્સ્થ" સરકારી હૉસ્પિટલમાં ઇન્ટર્નશિપની તાલીમ લેવા પરવાનગી આપવા અંગેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

૧૨-બ. શ્રી. એ. જે. માધવાનીને ગ્રાન્ટ મેડિકલ કૉલેજ, મુંબઇમાં ઇન્ટર્નશિપની તાલીમ લેવા પરવાનગી આપવા અંગેની તેઓની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુમારી યુ. વી. વિઠલાણીની તથા શ્રી. એ. જે. માધવાનીની વિનંતી માન્ય કરવી નહિ.

૧૩. તબીબી (Medical) કૉલેજોમાં શિક્ષણના માધ્યમ અંગે ભારત સરકારના આરોગ્યખાતા તરફથી આવેલ તા. ૨૦-૩-૧૯૬૨ના પત્રાંક એફ. ૫-૫૨-૬૦-એમ. આઈ. ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૪. ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"The Council strongly opposes the decision of the Gujarat University to impart training in Diploma course in Pharmacy in the medium of Gujarati and requests the University to reconsider the position. The present procedure is likely to cause much confusion when the trained pharmacists are desirous of practising their profession outside the territories of Gujarat."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૫. એપ્રિલ, ૧૯૬૨માં લેવાનારી દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષાના માધ્યમ તરીકે પોતાની માતૃભાષા સિંધીનો ઉપયોગ કરી શકે કે કેમ તે પુછાવતા શ્રી. એસ. આર. મોટવાનીના તા. ૬-૩-૧૯૬૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬. એપ્રિલ ૧૯૬૧માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૦૪૯. શ્રી. ભૂપેન્દ્ર નાયકની ઓટી હાજરી પુરાવવાના કામમાં મદદ કરનાર શ્રી. શુકરભાઈ સી.

પટેલ પર શું પગલાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, શ્રી. શુકરભાઈ સી. પટેલના ચાલુ વર્ષના (૧૯૬૧-૬૨)ના વર્ષનાં સત્રો રદ કરવાં તથા તેમને એપ્રિલ, ૧૯૬૨ની બી.એ.ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી નહિ.

૧૭. ઑક્ટોબર ૧૯૬૧ માં લેવાયેલ બીજી એલએલ.બી. ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૭ શ્રી. ઓઝા હરિપ્રસાદ લાભશંકરે અમદાવાદની સર એલ. એ. શાહ લૉ કૉલેજમાં પ્રથમ એલ.એલ.બી. તેમ જ બીજી એલએલ.બી.ના અભ્યાસક્રમ દરમિયાન તેઓ ભાવનગરમાં નોકરીમાં ચાલુ રહી સદરહુ અભ્યાસક્રમ માટે ખોટી રીતે હાજરી પુરાવવા અંગે ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસે તેમના તા. ૨૧-૧૧-૧૯૬૧ ના નં. એસી. બી. ૨૪૬૧-૧૫૯-૬૧ થી કરેલ રિપોર્ટની હકીકત અંગે વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, શ્રી. ઓઝા હરિપ્રસાદ લાભશંકરને આ યુનિવર્સિટીમાં કોઈ પણ જાતના અભ્યાસક્રમ કરવા માટે પ્રવેશ આપવો નહિ.

૧૮. પ્રથમવર્ષ (પ્રી-યુનિ.) વિનયન એક્ઝર્નલ પરીક્ષાઓ ઑક્ટોબરમાં લેવા અંગેની જોગવાઈ ઓ. ૧૨૬માં કરી હોઈ આ માટેનો આ. ૧૭૪-ડી રદ કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, ઓ. ૧૭૪-ડી રદ કરવો.

૧૯. સિન્ડિકેટે તેની તા. ૮-૪-૧૯૬૧ની સભામાં મંજૂર કરેલી બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ હવે પછી નવા સ્થપાનાર કેન્દ્રોને કે આ પહેલાં સ્થપાઈ ચૂકેલાં અનુસ્નાતક કેન્દ્રોને પણ લાગુ પડશે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત :

> "કોઈ પણ અનુસ્નાતક કેન્દ્રમાં કેન્દ્ર શરૂ કરવાને માટે જે તે કૉલેજ/સંસ્થામાં સ્થાનિક શિક્ષણગણ (Local Staff) ઉપર બે અનુસ્નાતક શિક્ષકો અથવા એક અનુસ્નાતક શિક્ષક અને બે મદદનીશો હોવા જોઈએ."

આથી ફરાવવામાં આવે છે કે, ઉપરનો નિયમ લાલ કામ કરતા અનુસ્નાતક કેન્દ્રોને ૧૯૬૩ના જૂનથી લાગુ પાડવો તથા તે નિયમ પ્રમાણે જે કેન્દ્રો સ્થાનિક શિક્ષકગણ રાખે તેમને જ નવા અનુસ્નાતક વિદ્યાર્થીઓ લેવાની પરવાનગી આપવી.

૨૦. આથી પ્રકાશન અંગેની વહીવટી સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે તા. ૧૧-૪-૧૯૫૬ની સિન્ડિકેટની તેની સભામાં મંજૂર કરેલ લેખક સાથેના કરારનામાના મુસદ્દામાં તેની શરત નં. ૧માં સાથે નિશાનીવાળો પરિચ્છેદ ઉમેરવા અંગે; તથા લેખક અનુવાદકના કરારનામાની કલમ ૭માં નિર્દેશ કરેલા નિશાનીવાળા ઉમેરા અંગે વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, પ્રકાશન અંગેની વહીવટી સમિતિની સદરહુ ભલામણ મંજૂર

કરવી અને તે પ્રમાણે લેખક સાથે કરવાના કરારનામાના મુસદ્દાની શરત નં. ૧માં સુધારો કરવો. સુધારેલી શરત નં. ૧ નીચે પ્રમાણે વંચાશે :

"The full copyright of the said work including the right of translation into any other language shall vest in the publisher, provided that the publisher shall pay to the author 50 (Fifty) percent of the Royalty, if any, as and when it is obtained by the publisher for such translation, in any language other than Gujarati."

૨૧. તા. ૨૬-૨-૧૯૬૨ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે મૂળ પ્રકાશકો પાસેથી અનુવાદના હક્ક ખરીદવા માટે તે અનુવાદના પ્રકાશન માટે જે ખર્ચ અંદાજવામાં આવે તે રીતે પુસ્તકની વેચાણ કિંમત પર ૧૫ ટકાથી વધુ નહિ તેટલી રૉયલ્ટી આપવી. ખાસ સંજોગોમાં પ્રસ્તુત દરથી વિશેષ રૉયલ્ટી આપવાની થાય તો તે નક્કી કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન વહીવટી સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૨. સમાજશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, શિક્ષણશાસ્ત્ર, પ્રાચીન ભારતીય-સંસ્કૃતિ, રાજ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર, વાણિજ્ય, ન્યાયશાસ્ત્ર, મજૂરકલ્યાણ, વનસ્પતિવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનના વિષયો અંગેની પ્રકાશન સલાહકાર સમિતિઓની ભલામણોને અનુસરીને પ્રકાશન અંગેની વહીવટી સમિતિએ કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. ભિન્ન ભિન્ન વિજ્ઞાન વિષયોની ઉપસમિતિઓના આવાહકોની તા. ૧૯-૨-૧૯૬૨ના રોજ મળેલ સંયુક્ત સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંયુક્ત સમિતિની ભલામણો મંજૂર કરવી.

૨૪. યુનિવર્સિટી કાર્યાલયમાં પ્રકાશન વિભાગમાં પ્રકાશન અધિકારી તરીકે કામ કરતાં શ્રી. કે. ડી. પંડ્યાનો અજમાયશી સમય તા. ૧-૫-૧૯૬૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગા પર કાયમ કરવા બાબત :

શ્રી. કે. ડી. પંડ્યાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. ડી. પંડ્યાને તા. ૧-૫-૧૯૬૨થી પ્રકાશન અધિકારી તરીકેની જગા પર કાયમ કરવા.

૨૫. યુનિવર્સિટી વિજ્ઞાનભવનમાં નીચેના કર્મચારીઓનો તેઓના નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમોને તે જગા પર કાયમ કરવા બાબત :

૧.	શ્રી. એસ. આર. પરમાર	ટાઇપિસ્ટ	તા. ૨-૩-૧૯૬૨
૨.	શ્રી. પી. એન. મહેતા	સ્ટોરકીપર	તા. ૬-૩-૧૯૬૨
૩.	શ્રી. અરજુનજી દેવુજી	પટાવાળા	તા. ૧૬-૩-૧૯૬૨
૪.	શ્રી. એમ. આર. મેમન	,,	તા. ૨૭-૨-૧૯૬૨

સદરહુ સભ્યોની કામગીરી અંગેનો આનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. એસ. આર. પરમાર, શ્રી. અરજુનજી દેવુજી અને શ્રી. એમ. આર. મેમનને તેમના નામ સામે જણાવેલ જગ્યાએ અને તારીખથી કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. એન. મહેતાના અજમાયશી સમયની મુદત વધુ એક વર્ષ માટે લંબાવવી તથા તેમની કામગીરીની બાબતમાં તેમને ઘટતી ચેતવણી આપવી.

૨૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ખાલી પડેલી મદદનીશ ગ્રંથપાલની જગા માટે તથા સમાજ વિદ્યાભવનમાં ખાલી પડેલ ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટીકસની જગા માટે સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની તા. ૭-૪-૧૯૬૨ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટિકસની જગા માટે ફરીથી જાહેર ખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

(સદરહુ બાબત અંગે વરણીસમિતિની ભલામણ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે. જુઓ વરણી સમિતિનો ઠરાવ નં. ૬)

૨૭. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં ખાલી રહેલ લેકચરર-ઇન-ગુજરાતી તથા રિસર્ચ આસિસ્ટંટની પ્રત્યેકની જગા માટે સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની તા. ૭-૪-૧૯૬૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં લેકચરર-ઇન-ગુજરાતીની જગા પર ડૉ. રમણલાલ જોલાલાલ જોશીની રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં શરૂઆતના માસિક રૂા. ૩૫૦-૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ બાબત અંગે વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ** "ક" તરીકે સામેલ છે. જુઓ વરણીસમિતિનો ઠરાવ નં. ૨.)

૨૮. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ખાલી રહેલ રીડર-ઇન-કેમેસ્ટ્રીની જગ્યા ભરવા અંગે વિચારણા કરવા બાબત :

સદરહુ બાબતના સંદર્ભમાં ડૉ. એ. એમ. ત્રિવેદીનો તા. ૧૪-૩-૧૯૬૨નો પત્ર રીડર-ઇન-કેમિસ્ટ્રીના જગા પોતાને સ્વીકાર્ય છે, તેમ જણાવતાં તે પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, સિન્ડિકેટની તા. ૪-૭-૧૯૫૯ના ઠરાવ પ્રમાણે ડૉ. એ. એમ. ત્રિવેદીને વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-કેમિસ્ટ્રીની જગા પર રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૭૫૦-૦૦ના પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

સદરહુ બાબતના સંદર્ભમાં ડૉ. કે. એ. હાકરની નિમણૂક અને તેમને તે વખતે આપવામાં અવેલો પગારનો પ્રશ્ન પણ ચર્ચવામાં આવ્યો હતો. તે પછી ચર્ચાવિચારણાને અંતે એમ ઠરાવવામાં આવ્યું કે, ડૉ. કે. એ. હાકરને તા. ૧૭-૧૦-૧૯૬૨થી બે વધુ પગારવધારા (Increments) આપવા.

૨૯. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગ્રંથપાલ તરીકે કામ કરતા શ્રી. કીકુભાઈ આર. દેસાઈ તા. ૨૦-૩-૧૯૬૨ થી નિવૃત્ત થતાં, યુનિવર્સિટીએ આપવાની થતી તથા તેઓને ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ આપવા બાબત:

(તેઓ તા. ૧-૭-૧૯૫૧થી ગ્રંથાલયમાં જોડાયા હતા અને તા. ૧૯-૩-૧૯૬૨ના રોજ નિવૃત્ત થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કીકુભાઈ ર. દેસાઈને ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમને આપવી.

૩૦. શ્રી. કીકુભાઈ આર. દેસાઈ તા. ૨૦-૩-૧૯૬૨થી ગ્રંથપાલ પદેથી નિવૃત્ત થતાં સ્ટે. ૧૯૩ મુજબ તેઓને ગ્રેજ્યુઇટી આપવા બાબત:

(તેઓ ગ્રંથાલયમાં તા. ૧-૭-૧૯૫૧થી જોડાયા હતા અને તા. ૧૯-૩-૧૯૬૨ના રોજ નિવૃત્ત થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કીકુભાઈ ર. દેસાઈને ગ્રેજ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવી.

૩૧. શ્રી. એસ. આર. પટેલ (લેક્ચરર-ઇન-કેમેસ્ટ્રી, વિજ્ઞાનભવન) તા. ૧૯-૬-૧૯૬૧થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવા બાબત:

(તેઓ વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૨૬-૧૨-૧૯૫૯થી જોડાયા હતા અને તા. ૧૯-૬-૧૯૬૧થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. આર. પટેલના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને આપવી.

૩૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતાં શ્રી. બી. એ. દેસાઈની તા. ૯-૩-૧૯૬૨ની પ્રો. ફંડ પરત કરવાની અરજી ઉપર વિચારણા કરવા બાબત:

(તેઓ ભવનમાં તા. ૩-૪-૧૯૬૧ થી જોડાયા હતા અને ૭-૬-૧૯૬૧થી છૂટા થયા છે. તેઓએ યુનિવર્સિટીના નિયમ મુજબ એક માસની નોટિસ નહીં આપવાથી તેઓનું રાજીનામું મંજૂર કરેલ નથી, પરંતુ તેઓનો તા. ૧-૬-૧૯૬૧ થી ૭-૬-૧૯૬૧નો પગાર નોટિસની અવેજીના પગારપેટે કપાત કરવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. એ. દેસાઈના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તેમને આપવી.

૩૩. સ્ટે. ૧૯૩-એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

St. 193-A.

"The employees of the University both teaching and non-teaching, be paid gratuity under the following rules :

1. No gratuity shall be payable to an employee dismissed from service for misconduct.
2. Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of $\frac{1}{2}$ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 year's service; the gratuity shall be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service, on completion of 15 year's service. The total amount of the gratuity shall be a maximum of 15 months' salary or Rs. 15,000/-, whichever is less. Nothwithstanding anything contained above, in the event of the death of an employee, during the course of his employment, gratuity shall be paid at the rate of one month's basic salary for each completed year of service subject to a maximum of 15 months' salary or Rs. 15,000/- whichever is less.
3. Salary for the purpose of gratuity shall mean the average basic salary (excluding all allowances) drawn by the employee during the twelve months' period of active service immediately preceding death, retirement, resignation or termination of service.
4. The University shall establish a fund known as Gratuity Fund for the purpose by providing 5% on basic salary paid to its employee during every accounting year which shall be invested and regulated as may be approved by the Syndicate."

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૯૩-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

૩૪. સને. ૧૯૬૧-૬૨ (જુલાઈ-૧૯૬૧ થી ૩૧ માર્ચ-૧૯૬૨) ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે નક્કી કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૧-૬૨ના વર્ષમાં ૧-૭-૧૯૬૧થી ૩૧-૩-૧૯૬૨ સુધીના મુદત માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડમાં ૩$\frac{1}{2}$ ટકાના દરે વ્યાજ આપવું.

૩૫. શ્રી. કૃષ્ણ રંગનાથ મુધોલકર તરફથી ગુજરાત યુનિવર્સિટી તથા ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરવામાં આવેલ રીટ અરજી બાબતમાં બચાવ કરવા માટે રોકવામાં આવેલ સ્થાનિક ધારાશાસ્ત્રીઓ શ્રી. એમ. કે. હાકોર તથા શ્રી. બી. જી. હાકોરને નીમવામાં આવ્યા હતા તેમનું મહેનતાણું નક્કી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સ્થાયી કાનૂન વિષયક સમિતિનો અભિપ્રાય લઈને ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૬. ઇન્ડિયન લાયબ્રેરી ઇન્સ્ટિટ્યૂટ અને બિબ્લીઓગ્રાફિકલ સેન્ટર, દિલ્હીના અધ્યક્ષ તરફથી પરિપત્રિત કરવામાં આવેલ યોજના અનુસાર યુનિવર્સિટી ગ્રંથાગાર માટે ખરીદવાના તૈયાર કેટલોગકાર્ડ અંગે વાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/– ભરવા અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કેટલોગકાર્ડ અંગેના લવાજમનું વાર્ષિક રૂા. ૨૫૦–૦૦નું ખર્ચ મંજૂર કરવું.

૩૭. ઉપકુલપતિશ્રીના નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

૧. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેઓના નામ સામે જણાવેલ વિષયો તથા પદવીઓ માટે આવેલ મહાનિબંધો અંગે રેફરીઓના રિપોર્ટોને અનુલક્ષીને તેઓને પદવીઓ માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧. શ્રી. શાહ ધીરજલાલ ધનજીભાઈ	ગુજરાતી	પીએચ.ડી.
૨. શ્રી. પંડ્યા નિપૂણ ઇન્દ્રવદન	,,	પીએચ.ડી.
૩. શ્રી. મેશ્રી દયાલદાસ તનુમલ	રસાયણ વિજ્ઞાન	એમ.એસસી.
૪. શ્રી. વશી ઈશ્વરલાલ ગોવિંદજી	,,	પીએચ.ડી.

૨. (૧) એમ.ઇ. (ઇલેક્ટ્રિકલ અને સિવિલ બ્રાન્ચ) "પાસ કલાસ વિથ ડિસ્ટિન્કશન" અને (૨) એમ.ઇ. (ઇલેક્ટ્રિકલ મશીન ડિઝાઈન)ના પહેલા, બીજા અને પાસવર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ માટેના પદવીપ્રમાણપત્રોનો મુસદ્દો મંજૂર કર્યાના

૩. પ્રી.–યુનિ. વર્ગો માટેના હિંદી ગદ્યપદ્ય સંગ્રહમાં શ્રી. જે. સી. માથુરકૃત "ભોર કા તારા" અન્ય કોઈ સંગ્રહમાં લેવા માટે પરવાનગી ન આપવાની આપણે સૂચવેલ શરત લેખકને અસ્વીકાર્ય હોઈ તેમને તે શરતમાંથી મુક્તિ આપવાના

૪. શામળદાસ કૉલેજ, ભાવનગરના પ્રિન્સિપાલે ઑક્ટોબર ૧૯૬૧થી પરીક્ષામાં પરચુરણ ખર્ચ જેવાં કે, હમાલ, પાણીવાળા, વ. માટેના રૂા. ૧૩૫–૪૦ના ખર્ચ (નિયત કરતાં રૂા. ૫૫–૩૦નો વધુ ખર્ચ થયો હતો) તેને મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપર જણાવેલ કાર્યોની નોંધ લેવી.

૩૮. ફાઇનાન્સ કમિટીની તા. ૧૬-૩-૧૯૬૨ની સભાની સિન્ડિકેટને કરેલી ભલામણો સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપર જણાવેલા કાર્યોની નોંધ લેવી.

(સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે).

૩૯. યુનિવર્સિટી મનોવિજ્ઞાનભવનમાં લેક્ચરર-ઇન-સાયકૉલોજી તરીકે કામ કરતા શ્રી. વી. કે. સીંગ તા. ૨૦-૩-૧૯૬૨થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓને ખાતે નીકળતી તથા યુનિવર્સિટીએ આપવાની પ્રો. ફંડની રકમ પરત કરવા બાબત:

(તેઓ મનોવિજ્ઞાનભવનમાં તા. ૧૨-૮-૧૯૫૭થી જોડાયા હતા અને તા. ૨૦-૩-૧૯૬૨થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી વી. કે. સિંગને તેમના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવી.

૪૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એ. એચ. પરમાર તા. ૧૨-૫-૧૯૬૨થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત:

(તેઓ વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૨૫-૨-૧૯૬૧થી જોડાયા હતા અને તા. ૧૨-૫-૧૯૬૧થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. એચ. પરમારને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર આપવી.

૪૧. યુનિવર્સિટીમાં નીમાતા પ્રૉફેસર-રીડરને માટે યોગ્ય લાયકાત ધરાવનાર વ્યક્તિ ન મળે તો તેમની બાબતમાં અનુક્રમે રીડર-લેક્ચરરની લાયકાત ધરાવનાર વ્યક્તિને નીમવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ન્યુ દિલ્હી તરફથી આવેલ તા. ૨૪-૩-૧૯૬૨ના પત્રાંક એફ ૬૩-૨૩-૬૨ (સી.યુ.પી.)ના પરિચ્છેદ બે ઉપર પણ વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. ડિપ્લોમા-ઇન-બીઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ દાખલ કરવા અંગે સમાજ વિદ્યાભવનના અધ્યક્ષના નીચેના સૂચનો ઉપર વિચારણા કરવા બાબત:

૧. અમદાવાદ ખાતે રાજ્ય સરકાર તરફથી ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ • શરૂ થનાર હોઈ તેમ જ મુંબઈ યુનિવર્સિટીમાં પણ આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નજીવી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સુક હોઈ આ અભ્યાસક્રમ શરૂ કરતાં પહેલાં યુનિવર્સિટીએ બહુ સંભાળવા બાબત:

૨. આ અભ્યાસક્રમ શીખવવા માટે નીમવાના શિક્ષકો માટે ખાસ પ્રકારના શૈક્ષણિક લાયકાતના ધોરણો રાખવાં અધ્યક્ષે સૂચવેલ ધોરણો

૩. નીચે દર્શાવેલ વહીવટી કર્મચારીઓની જગા મંજૂર કરવા બાબત.

સિનિયર ક્લાર્ક	...	...	... ૧
સ્ટેનો ટાઈપિસ્ટ	...	...	... ૨
પટાવાળા	...	...	... ૭

૪. અભ્યાસક્રમ અંગે આમંત્રિત વ્યાખ્યાતાઓને વ્યાખ્યાન દીઠ મુંબઈ યુનિવર્સિટી પ્રમાણે રૂા. ૫૦/– કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ધોરણ પ્રમાણે રૂા. ૪૦/–ના દરે માનદ વેતન આપવું.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા-ઇન-બિઝનેસ મેનજમેન્ટનો અભ્યાસક્રમ જૂન, ૧૯૬૨થી શરૂ કરવાનું રાખવું અને તે અંગે જરૂરી તમામ પગલાં લેવા સમાજવિદ્યાભવનના અધ્યક્ષને જણાવવું.

(૨) બિઝનેસ મેનેજમેન્ટના શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાત અને ધોરણો અંગેની બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

(૩) બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમને અંગે સમાજવિદ્યા ભવનના કાર્યાલયમાં નીચે પ્રમાણે જગ્યાઓ પણ ઊભી કરવી:

જુનિયર ક્લાર્ક	...	...	૧ જગ્યા
સ્ટેનોગ્રાફર	...	...	૧ જગ્યા
પટાવાળા	...	...	૨ જગ્યા

(૪) બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમ માટે મુલાકાતી શિક્ષકોને વ્યાખ્યાન દીઠ માનદ્ વેતન રૂા. ૧૫–૦૦નું આપવાનું અગાઉ જે ઠરાવ્યું છે તેમાં કશો ફેરફાર કરવો નહિ.

૪૩. ભૌતિકવિજ્ઞાનના વિષયમાં "વર્કશોપ"ની તૈયાર કરવામાં આવેલી યોજના પરત્વે વિચારણા કરવા બાબત:

(નોંધ.—આ અંગે અંદાજે ખર્ચ નીચે પ્રમાણે રહેશે

૧. રેલવે ભાડું	...	રૂા. ૧૦૦૦
૨. લોજિંગ એન્ડ બોર્ડિંગ	...	રૂા. ૧૦૦૦
૩. સ્ટેશનરી, સાયકલોસ્ટાઇલિંગ તથા ક્લેરિકલ વર્ક	...	રૂા. ૧૫૦૦
૪. પરચુરણ	...	રૂા. ૫૦૦
	આશરે	રૂા. ૪૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાનના વિષયમાં "વર્કશોપ" અંગેની યોજના મંજૂર કરવી તથા તે માટે રૂા. ૪,૦૦૦–૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

(મંજૂર કરવામાં આવેલ યોજનાની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૮. દુર્લભ સંસ્કૃત પુસ્તકોનું પુનર્મુદ્રણ કરાવવાના કામમાં, ખર્ચના ૫૦ ટકા સુધીની સહાય ભારત સરકાર તરફથી મળી શકે તેમ હોઈ તે અંગે પ્રસ્તાવ રજૂ કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. પ્રી-યુનિવર્સિટી વર્ગો માટેના ગુજરાતી ગદ્યપદ્ય સંગ્રહમાં શ્રી. વિનાયક મહેતા કૃત "નંદશંકર જીવનચરિત્ર"માંથી પસંદ કરેલ કૃતિ "દુર્ગારામ મહેતાજી" અન્ય કોઈ સંગ્રહમાં લેવા માટે પરવાનગી ન આપવાની આપણે સૂચવેલ શરત લેખકને અસ્વીકાર્ય હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે. સદરહુ શરતમાંથી શ્રી. વિનાયક મહેતાને મુક્તિ આપવી.

૪૬. પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટે તૈયાર કરવામાં આવેલ હિંદી ગદ્યપદ્ય સંગ્રહ, અન્ય કામકાજના ભારે બોજ હોવાને કારણે યુનિવર્સિટી પ્રેસમાં છાપી શકાય તેમ ન હોઈ તેને બહારના પ્રેસમાં છપાવવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.)નો હિંદી ગદ્યપદ્ય સંગ્રહ બહાર ન છપાવતાં યુનિવર્સિટી મુદ્રણાલયમાં છપાવવાનું રાખવું અને ચાલુ વર્ષે જે સંગ્રહો છાપી શકાય નહિ તે સંગ્રહોને એકેડેમિક કાઉન્સિલની તા. ૩/૪-૧-૧૯૬૨ની સભાના ઠરાવ પ્રમાણે ૧૯૬૨-૬૩ના વર્ષમાં તેના અગાઉના વર્ષમાં નક્કી કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકો ચાલુ રાખવાં.

૪૭. ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ શ્રી. આર. વી. દેસાઈની નિવૃત્તિની મુદત તા. ૧૬-૭-૧૯૬૦થી વધુ બે વર્ષ માટે લંબાવી છે જે તા. ૧૬-૭-૧૯૬૨ના રોજ પૂરી થતી હોઈ તે વધુ લંબાવવા માટે તેમની તા. ૩૦-૩-૧૯૬૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ શ્રી. આર. વી. દેસાઈને તા. ૭-૧૦-૧૯૬૩ સુધી યુનિવર્સિટીની સેવામાં ચાલુ રહેવા માટે પરવાનગી આપવી.

૪૮. વર્ક આસિસ્ટન્ટની જગા માટે, નોંધમાં જણાવેલ લાયકાત પ્રમાણે બે વખત જાહેર ખબર આપવા છતાં લાયક ઉમેદવારો મળી શકતા નથી તેથી લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે ઘટાડવા માટે વિચારણા કરવા બાબત :

"એસ.એસ.સી. પાસ અને મકાનોના બાંધકામનો બે વર્ષનો તથા આર.સી. સી.ના કામનો અનુભવ"

(નોંધ.—લાયકાતનું હાલનું ધોરણ નીચે મુજબ છે :

"એસ.એસ.સી. પાસ અને મકાનોના બાંધકામનો પાંચ વર્ષનો તથા આર.સી.સી.ના કામનો અનુભવ.")

આથી ઠરાવવામાં આવે છે, વર્ક આસિસ્ટન્ટની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ ઘટાડીને નીચે પ્રમાણે રાખવું :

"એસ.એસ.સી. પાસ અને મકાનોના બાંધકામનો તથા આર.સી.સી.ના કામનો બે વર્ષનો અનુભવ."

૪૯. વિજ્ઞાન વિદ્યાભવનના નીચે જણાવેલ શિક્ષકોના નામ સામે બતાવેલ સમય સુધી વેકેશનના સમયમાં ડ્યુ-ચાર્જમાં રાખવા માટે ભવનના અધ્યક્ષના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત:

૧. પ્રૉ. જે. જે. ચીનોય	૧૫મી માર્ચથી ૩૧ માર્ચ સુધી.
૨. ડૉ. એસ. સી. પંડ્યા	૧લી એપ્રિલથી ૧૫મી એપ્રિલ સુધી.
૩. કુ. ઉષા એચ. આચાર્ય	૧૬મી એપ્રિલથી ૩૦મી એપ્રિલ સુધી.
૪. શ્રીમતી આર. જે. મહેતા	૧લી મેથી ૧૫મી મે સુધી.
૫. ડૉ. જે. જે. શાહ	૧૬મી મેથી ૩૧મી મે સુધી.
૬. રૉ. સી. કે. શાહ	૧લી જૂનથી ૧૪મી જૂન સુધી.

આથી ઠરાવવામાં આવે છે કે, વનસ્પતિવિજ્ઞાનના વિભાગની વિશિષ્ટ જરૂરિયાતો લક્ષમાં લઈને વેકેશન દરમિયાન તે વિભાગની દેખરેખ માટે કોઈ જવાબદાર વ્યક્તિની હાજરીની જરૂર જણાઈ હોઇ તે વિભાગમાં જે શિક્ષકોને વેકેશનના સમય દરમિયાન રોકવામાં આવે તેમને તે રોકાણના $\frac{1}{3}$ જેટલી હક રજા આપવી.

૫૦. યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાભવનોમાં કાયમી અને અજમાયશી ધોરણે નિમાયેલા શિક્ષકોએ અનુક્રમે ત્રણ માસ તથા એક માસની નોટિસ કે જે સત્રની અધવચ્ચે ન આવે તેવી રીતે તેઓ સાથેના કરવાના કરારનામામાં સુધારો કરવા બાબત:

(નોંધ—હાલના કરારમાં તેઓએ છ મહિનાની નોટિસ આપવી તેવી જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જે શિક્ષકો જૂન, ૧૯૬૨ કે તે પછી જોડાય તેમને માટે પ્રોબેશનના સમય દરમિયાન ફારેગ થવા માટે કે કરવા માટે, પ્રત્યેક પક્ષે બીજા પક્ષને એક મહિનાની નોટિસ આપવાની જરૂરી રહેશે તે પ્રમાણે હવે પછી જે કરારનામા કરવામાં આવે તેમાં સુધારો કરવાનું રાખવું તથા તે અંગે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી તથા કરારનામાની અન્ય શરતો અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના અનુસ્નાતક વિદ્યાર્થીઓને અભ્યાસ-પ્રવાસ માટે પૂરેપૂરું મુસાફરી ભથ્થું તથા રોકાણ ભથ્થું આપવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. યુનિવર્સિટીએ પરિભાષા અને ગુજરાતીમાં પાઠ્ય પુસ્તકો પ્રસિદ્ધ કરવાની યોજના અંગે કન્ટીન્જન્સી, સ્ટેશનરી, છપામણી ખર્ચ વગેરે માટે રૂા. ૨૮૬૭૮.૪૬નો ખર્ચ અત્યાર સુધી કર્યો છે તેનો ટેક્સ્ટ બુકસના પબ્લિકેશન માટે મળેલ લોન સામે ખર્ચ ફાળવવા બાબતમાં વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીએ પરિભાષા અને પાઠ્યપુસ્તકો પ્રસિદ્ધ કરવાની યોજના અંગે કન્ટિન્જન્સી, સ્ટેશનરી, છપામણી વગેરેનો રૂા. ૬૭૪–૪૭ ન. પૈસાનો ખર્ચ કર્યો છે તે

ખર્ચ પાઠ્યપુસ્તકના પ્રકાશનને મળેલી લોન સામે ખર્ચ તરીકે ફાળવવો તથા ભવિષ્યમાં આ અંગેના ખર્ચને પ્રકાશનના ખર્ચના મથાળા હેઠળ જુદો બતાવવાનું રાખવું

૫૩. શ્રી. પ્રાણલાલ હરકિશનદાસ જેટલી તરફથી રૂા. ૪,૦૦૦ની દાર્શનિક કિંમતનું પ્રદાન "શ્રી. પ્રાણલાલ એચ. જેટલી પારિતોષિક" માટેનું સિન્ડિકેટની તા. ૯-૯-૧૯૬૧ની સભાએ કામકાજ ક્રમાંક ૩૮થી સ્વીકારેલ છે. હવે તેઓશ્રી આ પારિતોષિકને "શ્રી પ્રાણલાલ હરકિશનદાસ જેટલી સુવર્ણચંદ્રક"માં ફેરવવા માગતા હોવાથી અને તે માટે રૂા. ૨,૦૦૦ની દાર્શનિક કિંમતની ગવર્નમેન્ટ લોન આપવાનું જણાવતા હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવનો સાભાર સ્વીકાર કરવો.

૫૪. આંધ્રકામ સમિતિની તા. ૨-૪-૧૯૬૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૫૫. યુનિવર્સિટીના ગ્રંથાલયના નામાભિધાન અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હી તરફથી આવેલ તા. ૨૯-૩-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ગ્રંથાલયના નવા મકાન માટે પ્રીતિદાન અંગેનો ચોક્કસ પ્રસ્તાવ આવેથી વિચારણા કરવાનું રાખવું.

૫૬. યુનિવર્સિટી કાર્યાલયમાં યંત્ર વિભાગ માટે સુપરિન્ટેન્ડન્ડની તથા મદદનીશ (હોલરીથ મશીન) માટેની પ્રત્યેક જગા માટે સિન્ડિકેટની બનેલી વરણી સમિતિની તા. ૭-૪-૧૯૬૨ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એલ. આર. ભિન્ડેની યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષાના કામકાજ અંગેના યંત્રવિભાગ (Hollerith Section)ના સુપરિન્ટેન્ડન્ટ તરીકે રૂા. ૨૩૦-૧૫-૩૫૦ ઈ.બી.-૨૦-૪૩૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૧૦-૦૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ બાબત અંગે વરણી સમિતિની ભલામણ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે. જુઓ વરણી સમિતિનો ઠરાવ નં. ૪.)

૫૭. ગુજરાત રાજ્ય એન. સી. સી.ના સર્કલ કમાન્ડરને હોદ્દાની રૂએ, ગુજરાત યુનિવર્સિટીની સેનેટનાં સભ્ય બનાવવા માટે, યુનિવર્સિટી ધારાની કલમ ૧૬માં જરૂરી સુધારો કરવાની બાબતમાં, યુનિવર્સિટીનું મંતવ્ય જણાવવા માટે, ગુજરાત રાજ્યના શિક્ષણાધિકારી તરફથી આવેલ તા. ૨૨-૩-૧૯૬૨ના પત્રાંક ૨૦૩ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત રાજ્ય એન.સી.સી.ના સર્કલ કમાન્ડરને હોદ્દાની રૂએ સેનેટનું સભ્યપદ આપવાની તરફેણમાં આ સભાગૃહ નથી તેમ રાજ્ય સરકારને જણાવવું.

૫૮. શારીરિક તાલીમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની લેવાની શારીરિક ક્ષમતામાપક કસોટીઓ લઈ શકાઈ ન હોવાથી તેમાંથી એસ.બી. ગાર્ડા કૉલેજના તથા બી.જે. મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષ પૂરતી તેમાંથી મુક્તિ આપવાની સદરહુ કૉલેજના આચાર્યોની વિનંતી પર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી, તથા હવે પછી એ કસોટીઓ આવશ્યક રહેશે, એમ સદરહુ કૉલેજોના આચાર્યોને જણાવવું.

૫૯. તા. ૨૬-૨-૧૯૬૨ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે કરારનામામાં સહી થાય તે તારીખથી ૭ માસ સુધીમાં મૌલિક યા અનુવાદનું કામ પૂરું કરી તેની હસ્તપ્રત કાર્યાલયને સોંપવા જણાવવું તથા કોઈ વિશિષ્ટ સંજોગોમાં સમય મર્યાદા લંબાવી આપવાની જરૂર જણાય તો તે અંગે ઉપકુલપતિશ્રીને ઘટતી સત્તા આપવી".

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન વહીવટી સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૦. ગણિતશાસ્ત્રની પાંચમી સમર સ્કૂલ, દિલ્હી મુકામે ૧૯૬૨ના મે માસમાં યોજાનાર હોવાથી તે સ્કૂલમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા માટે આવેલ તા. ૫-૨-૧૯૬૨ના પત્ર પ્રત્યે વિચારણા કરવા બાબત:

(નોંધ.—આ અંગે આવેલ પત્ર દરેક કૉલેજો-સંસ્થાઓ વગેરેમાં પરિપત્રિત કરેલો તેના જવાબમાં (૧) સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ સુરત તથા (૨) યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરફથી જે નામોનાં સૂચનો આવ્યાં છે તે નીચે મુજબ છે:

સાર્વજનિક કૉલેજ આફ્ સાયન્સ, સુરત.

૧. પ્રો. એસ. રામકૃષ્ણન
૨. પ્રો. જી. ટી. શાહ
૩. શ્રીમતી આર. એસ. દેસાઈ
૪. શ્રી. એમ. યુ. ત્રિવેદી
૫. કુ. યુ. જે. મહેતા
૬. કુ. કે. ટી. ઝવેરી

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ.

શ્રી. દર્શનસિંગ

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રીષ્મશાળામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. દર્શનસિંગ બસનને મોકલવા.

૬૧. બાનગી રાહે અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને માટે એનરોલમેન્ટ સર્ટિફિકેટ અંગેનો નીચે જણાવેલો ઓ. ૬૯-એ મંજૂર કરવા બાબત:

O. 69-A:

"Notwithstanding anything contained in Ordinance 69, an Exaternal candidate who has passed the S.S.C. Examination of Secondary School Certificate Examination Board, Gujarat State, will have to obtain an enrolment certificate by applying in the prescribed form on payment of the prescribed fee of Rs. 10/-. Similarly an external candidate who has passed S.S.C. Examination of the Secondary School Certificate Examination Board, Poona prior to reorganisation of the old State of Bombay i.e. May 1960 and the creation of the Gujarat State shall also be required to apply for enrolment and pay on fee of Rs. 10/- therefor.

In cases of ineligible candidates one half of the enrolment fee will be refundable."

આથી ઠરાવવામાં આવે છે કે, ઓ. ૬૯-એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

O. 69-A :

Notwithstanding anything contained in Ordinance 69, an External candidate who has passed the S.S C. Examination of Secondary School Certificate Examination Board, Gujarat State, as required under Statute 173 will be required to obtain an enrolment certificate by applying in the prescribed form on payment of the prescribed fee of Rs. 10/-. Similarly an external candidate who has passed S.S.C. Examination of the Secondary School Certificate Examination Board, Poona as required under Statute 173 prior to reorganisation of the old State of Bombay i.e., May 1960 and the creation of the Gujarat State will also be required to apply for enrolment and pay on fee of Rs. 10/-, therefor.

In cases of ineligible candidates one half of the enrolment fee will be refundable.

૬૨. નડિયાદ એજ્યુકેશન સોસાયટીને ૧૯૬૨ના જૂનથી સદરહુ સોસાયટીના સંચાલન હેઠળ માધ્યમિક શાળાના વર્ગો, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટના મકાનમાં ચલાવવા દેવાની પરવાનગી આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૩-૩-૧૯૬૨ની સભામાં કરેલ ઠરાવના

અન્વયે શાળાના વર્ગો ચલાવવાની કૉલેજના કામકાજમાં મુશ્કેલી ન પડે તે માટે સોસાયટીએ લીધેલાં સાવચેતીનાં પગલાં અંગેનો રિપોર્ટ (જાણ સારુ).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬૩. જન ૧૬૬૨થી સાર્વજનિક લૉ કૉલેજ, સુરતને શેઠ વી. ટી. ચોકસી ગુરુકુળના મકાનમાં વર્ગો ચલાવવાની તથા મજકૂર કૉલેજનું નામ "શેઠ વિઠ્ઠલદાસ ઠાકુરદાસ ચોકસી સાર્વજનિક લા કૉલેજ" રાખવાની પરવાનગી આપવા અંગે આવેલ આચાર્યશ્રીના તા. ૨૬-૩-૧૬૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત:

(નોંધ.—ત્રિવાર્ષિક તપાસસમિતિના સભ્ય આચાર્ય એમ. એસ. પંડિતે તપાસ કરી સદરહુ બાબતને મંજૂર કરવા ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક લૉ કૉલેજ, સુરતનું નામાભિધાન બદલીને તે "શેઠ વિઠ્ઠલદાસ ઠાકુરદાસ ચોકસી સાર્વજનિક લૉ કૉલેજ" રાખવાની વિનંતી મંજૂર કરવી.

૬૪. તા. ૨૮-૩-૧૯૬૨ના રોજ મળેલ બૉર્ડ ઑફ યુનિવર્સિટી વેલ્ફેરની બેઠકની નીચેની ભલામણ:

"૨-(ઞ) આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, સુદઢ શરીર હરીફાઈ સમિતિની પરિશિષ્ટ "અ"માં જણાવ્યા પ્રમાણેની ભલામણો મંજૂર કરવી અને હરીફાઈ માટે આવનાર હરીફોને ત્રીજા વર્ગનું રેલ્વે ભાડું અને દૈનિક ખર્ચના રૂા. ૫ લેખે ભથ્થું આપવાનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

પરિશિષ્ટ "અ"

સુદઢ શરીર હરીફાઈ સમિતિની ભલામણો

૧. આ હરીફાઈ શરૂ કરી ત્યારે એવું ઠરાવેલું કે દરેક કૉલેજમાં કૉલેજકક્ષાની કસોટીઓ થાય અને તેમાં જે પ્રથમ આવે તે ભાઈ અને/અથવા બહેનને યુનિવર્સિટીની હરીફાઈમાં મોકલવામાં આવે. ચાલુ સાલે એવું જણાય છે કે કૉલેજમાં હરીફાઈ યોજ્યા વેના જ એકેક હરીફને મોકલવામાં આવે છે. તેથી આવતી સાલ માટે આ વાતનો આગ્રહ રાખવો.

૨. સામાન્ય રીતે સ્નાતક કક્ષા સુધીની (ગ્રેજ્યુએટ લેવલની) કૉલેજોમાં વ્યાયામશિક્ષક હોય છે તેથી આ હરીફાઈ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત રાખવી.

૩. હરીફની ઉંમર માટે હાલ કોઈ નિયમ કરવો નહિ પરંતુ ૨૧થી નીચેના અને ૨૧ અને ઉપરના એમ બે વર્ગ પાડી આવતી સાલ (૧૯૬૨-૬૩) આ બે વર્ગોનાં વજન, ઊંચાઈ વગેરેનો તુલનાત્મક અભ્યાસ કરી પછી વિચાર કરવો.

૪. હરીફાઈમાં ભાગ લેનાર હરીફમાં કોઈ પણ પ્રકારનો રોગ (Organi disease) નથી એની કૉલેજ તરફથી ખાતરી મળવી જોઈએ.

૫. હરીફાઈમાં પ્રથમ વિજેતા બની ઇનામ લઈ જનારને બીજી વાર ભાગ લેવા દેવો નહિ.

૬. આ હરીફાઈમાં ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીને યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ ભાડું ભથ્થું આપવું.

૭. હાલ જે કસોટીઓ ચાલુ છે તે આવતી સાલ માટે પણ ચાલુ રાખવી.

(સહી) **નરેન્દ્ર દેસાઈ,**
પ્રમુખ,
સુદઢ શરીર હરીફાઈ સમિતિ.

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ યુનિવર્સિટી વેલ્ફેરની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૫. તા. ૪-૪-૧૯૬૨ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણ :

(૫-બ) વધુમાં આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, સને ૧૯૬૨-૬૩ના વર્ષ માટે આંતર-યુનિવર્સિટી ટેબલ ટેનિસની હરીફાઈઓ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવાનું આમંત્રણ આપવાનું મંજૂર કરવું :

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૬. "આચાર્ય લાલભાઈ રતનજી દેસાઈ સુવર્ણચંદ્રક" સ્થાપવા માટે રૂા. ૫૦૦ની કિંમતની દેણગી સ્વીકારવા અંગે "આચાર્ય લાલભાઈ રતનજી દેસાઈ સન્માન સમિતિ"ના અધ્યક્ષશ્રી તરફથી આવેલા તા. ૨૯-૩-૧૯૬૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

(નોંધ.—માર્ચ ૧૯૬૨માં લેવાયેલ બી. એ.ની પરીક્ષામાં પ્રથમવર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા માટે રૂા. ૨૦૦ની રકમ અલાયદી આપવા અધ્યક્ષશ્રીએ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, "આચાર્ય લાલભાઈ રતનજી દેસાઈ સુવર્ણચંદ્રક" સ્થાપવા માટે રૂા. ૫,૦૦૦-૦૦ના તથા ચાલુ વર્ષ દરમિયાન સુવર્ણચંદ્રક આપવા માટે વધારાના રૂા. ૨૦૦-૦૦ના પ્રીતિદાનનો સાભાર સ્વીકાર કરવો.

૬૭. ભારત સરકારના શિક્ષણખાતા તરફથી "Central Advisory Board of Education—Use of International forms of Indian numerals અંગે આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. ફાઈનાન્સ કમિટીની તા. ૫-૪-૧૯૬૨ની સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૯. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૬-૩-૧૯૬૨ના રોજ મળેલી ત્રીસમી બેઠકની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૦. તા. ૨૮-૩-૧૯૬૨ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ :

(૩) આથી ઠરાવવામાં આવે કે, યુવક કલ્યાણ સમિતિના કામકાજની નોંધ લઈ તેમાં જણાવ્યા પ્રમાણે કામ કરવાની **સત્તા** તેને આપવી અને તે પ્રમાણે કામ કરવા તથા બીજાં જરૂરી કામો માટે આગળ પગલાં લેવા જણાવવું **તથા** તેમાં સૂચવ્યા પ્રમાણે નીચે જણાવેલી ભલામણો મંજૂર કરવા સિન્ડિકેટને વિનંતી કરવી.

(અ) યુનિવર્સિટી યુવક કલ્યાણ **સમિતિ** તથા વિભાગીય યુવક કલ્યાણ સમિતિનું બંધારણ ઑર્ડિનન્સ ૫૭-અ અને ૫૭-બ **સાથે** જોડેલા પરિશિષ્ટ "છ"માં જણાવ્યા પ્રમાણેનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(બ) યુનિવર્સિટી યુવક કલ્યાણ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા કામકાજને યોગ્ય ન્યાય આપવા અને સફળતાપૂર્વક હાથ ધરવા માટે રૂા. ૧૫,૦૦૦ની વધારાની ગ્રાન્ટ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ક) આ કલ્યાણ સમિતિના કાર્યને ભારત સરકારના કેળવણી ખાતાએ સૂચવ્યું છે તે પ્રમાણે વ્યવસ્થિત અને યોગ્ય રીતે થાય તે માટે તેમના તરફથી સૂચવ્યા પ્રમાણે યુવક કલ્યાણ વિભાગ જુદો શરૂ કરવો અને નીચે પ્રમાણેની જગ્યાઓ આ વિભાગ માટે ઊભી કરવાની ભલામણ સિન્ડિકેટને મંજૂર કરવા વિનંતી કરવી.

(૧) એક આસિ. ડાયરેક્ટર ઑફ યુથ વેલ્ફેર,
(૨) એક ક્લાર્ક ટાઇપિસ્ટ,
(૩) એક પટાવાળો,
(૪) યુનિવર્સિટીના ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનનું "ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન ઍન્ડ યુથ વેલ્ફેર" એવું અભિધાન રાખવું અને આ વિભાગના કામકાજની દેખરેખનું કામ એમને સોંપવું.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ઉપરની ભલામણ (અ), (બ) અને (ક) મંજૂર કરવી.

(અંધારણની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૧. સમાજ વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. વાઘેલા ઈશ્વરલાલ આત્મારામનો અજમાયશી સમય તા. ૫-૨-૧૯૬૦ના રોજ પૂરો થયો હોવાથી તેમને કાયમ કરવા બાબત.

શ્રી. વાઘેલા ઈશ્વરલાલ આત્મારામની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. વાઘેલાને તેમની પટાવાળાની જગ્યા પર તા. ૫-૨-૧૯૬૦થી કાયમ કરવા.

નં. સિં./૦૨૧૭૩૧-૭૪૮/૧૯૬૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
મે ૩૧, ૧૯૬૨.
જ્યેષ્ઠ ૧૦, ૧૮૮૪ (શક).

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૬, ૨૭ અને ૫૬

સિન્ડિકેટની સર્વે સભ્યોની બનેલી વરણીસમિતિની એક સભા, તા. ૭-૪-૧૯૬૨ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે યુનિવર્સિટી ગ્રંથાલયમાં ખાલી પડેલ મદદનીશ ગ્રંથપાલની એક કાયમી જગા, ગુજરાતી ભાષા-સાહિત્યભવનમાં ખાલી પડેલ લેક્ચરર-ઇન-ગુજરાતીની એક જગા, રિસર્ચ આસિસ્ટન્ટની એક જગા તથા હૉસ્પેરિથ વિભાગ માટે સુપરિન્ટેન્ડન્ટની તથા આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટની એક જગા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી :

ઉપકુલપતિશ્રી લાલભાઈ ૨. દેસાઈ એ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. વી. વૈદ્ય	હાજર
૩. શ્રી. બચુભાઈ હ. દેસાઈ	હાજર
૪. ડૉ. એમ. ડી. પટેલ	ગેરહાજર
૫. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. ડી. એલ. શર્મા	ગેરહાજર
૭. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૮. આચાર્ય ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૯. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૧૦. શ્રી. જી. બી. ઓઝા	ગેરહાજર
૧૧. ડૉ. જે. જે. દેસાઈ	હાજર
૧૨. ડૉ. વિક્રમ સારાભાઈ	ગેરહાજર
૧૩. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૧૪. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૧૫. શ્રી. એન. એસ. શોધન	હાજર
૧૬. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૧૭. પ્રૉ. બી. આર. શેનોય	હાજર
૧૮. આચાર્ય જે. બી. સાંડિલ	હાજર

૧. મદદનીશ ગ્રંથપાલ :

મદદનીશ ગ્રંથપાલની જગા માટે નિષ્ણાત તરીકે યુનિવર્સિટી ગ્રંથાલયના ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલની નિમણૂક કરી હતી અને તેઓ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા. નીચેના ઉમેદવારને

મદદનીશ ગ્રંથપાલની જગા માટે મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. કનૈયાલાલ એલ. શાહ	હાજર
૨. શ્રી. મુકુંદ હારગોડે	હાજર
૩. શ્રી. ડી. એન. શુકલ	હાજર

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે મુજબ ઠરાવ્યું :

"શ્રી. ડી. એન. શુકલને મદદનીશ ગ્રંથપાલની કાયમી જગા ઉપર રૂા. ૨૩૦-૧૫-૩૫૦ ઈ.બી. ૨૦-૪૩૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૨૩૦-૦૦ થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૨. લેક્ચરર-ઈન-ગુજરાતી :

લેક્ચરર-ઈન-ગુજરાતીની તથા રિસર્ચ આસિસ્ટન્ટની એક જગા માટે નિષ્ણાત તરીકે શ્રી. ઉમાશંકર જોષીની નિમણૂક કરી હતી અને તેઓ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા. લેક્ચરર-ઈન-ગુજરાતીની જગા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. ચન્દ્રશંકર પુરુષોત્તમ શુક્લ	હાજર
૨. શ્રી. વાડીલાલ જીવાભાઈ ચોકસી	હાજર
૩. શ્રી. ઈન્દ્રવદન કાશીનાથ દવે	હાજર
૪. શ્રી. રમણલાલ જેઠાલાલ જોષી	હાજર
૫. શ્રી. જયંતીલાલ સુખલાલ કોઠારી	હાજર
૬. કુ. ચંદ્રિકા અંબાલાલ પટેલ	હાજર
૭. શ્રી. નટવરલાલ ગોકળદાસ રાજપરા	હાજર

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"શ્રી. રમણલાલ જેઠાલાલ જોષીની ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર-ઈન-ગુજરાતીની કાયમી જગા ઉપર શરૂઆતના રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૨૫૦-૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

૩. રિસર્ચ આસિસ્ટન્ટ :

રિસર્ચ આસિસ્ટન્ટની જગા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. બિપિ. સી. આચાર્ય	હાજર
૨. કુ. મનોહરલતા જી. જાપટ	હાજર
૩. શ્રી. બી. એમ. પંડિત	હાજર
૪. કુ. પન્નાબેન સી. પંડ્યા	ગેરહાજર
૫. કુ. ભારતી બી. પ્રજાપતિ	હાજર
૬. કુ. પૂર્ણિમા એમ. શાહ	હાજર

૭. શ્રી. સી. ટી. શેઠ — હાજર
૮. શ્રી. એ. એમ. રાનીંગા — હાજર
૯. શ્રી. પૃથ્વીનાથ શર્મા — ગેરહાજર
૧૦. કુ. મુક્તા ડી. હાકર — હાજર

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે મુજબ ઠરાવ્યું :

શ્રી. એસ. પી. આચાર્યને રિસર્ચ આસિસ્ટન્ટની એક વર્ષની જગ્યા માટે માસિક રૂા. ૨૫૦ના ઉચ્ચક પગારથી એક વર્ષ માટે નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી તથા તેઓ ના પાડે તો કુ. પૂર્ણિમા શાહને તે જગ્યાએ તે પગારથી એક વર્ષ માટે નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સુપરિન્ટેન્ડન્ટ તથા આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે હૉસ્પેરિથ વિભાગના નિષ્ણાત તરીકે આઈ. સી. ટી. કંપનીના પ્રતિનિધિ શ્રી. કારડોઝોની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ તેઓ હાજર રહી શકયા ન હતા અને તેમની જગ્યાએ આઈ. સી. ટી. કંપનીના પ્રતિનિધિ શ્રી. ડી. બી. રપલેકર હાજર રહ્યા હતા.

યુનિવર્સિટી કાર્યાલયના હૉસ્પેરિથ વિભાગ માટે સુપરિન્ટેન્ડન્ટની એક જગ્યા અને આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટની એક જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૪. સુપરિન્ટેન્ડન્ટ :

(૧) શ્રી. શેખ કાસમલાલ — ગેરહાજર
(૨) શ્રી. ભીંડે લક્ષ્મણ રામચંદ્ર — હાજર
(૩) શ્રી. રાણા રસીકલાલ મોહનલાલ — હાજર

૫. આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ :

શ્રી. પી. એમ. વાંઝ — હાજર

સમિતિએ હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"શ્રી. ભીંડે લક્ષ્મણ રામચંદ્રની સુપરિન્ટેન્ડન્ટની હૉસ્પેરિથ વિભાગની કાયમી જગ્યા ઉપર શરૂઆતના રૂા. ૨૩૦-૧૫-૩૫૦ ઈ.બી.-૨૦-૪૩૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૧૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ :

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, સમિતિ આ જગ્યા માટે કોઈ ઉમેદવારની ભલામણ કરી શકી નથી તેથી આ જગ્યા માટે ફરીથી જાહેર ખબર આપી નવેસરથી અરજીઓ મગાવવી.

૬. ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિક્સ :

નિષ્ણાત તરીકે રીડર શ્રી. સી. જે. ખત્રીની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા.

સમાજવિદ્યા ભવનમાં ડેમોન્સ્ટ્રેટરની એક જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા:

(૧) શ્રી. આઈ. એમ. પટેલ	ગેરહાજર
(૨) શ્રી. ચારપાલ્લા શિવપ્રસાદરાવ	ગેરહાજર
(૩) શ્રી. યોગેશ ચીનુભાઈ પટેલ	ગેરહાજર
(૪) શ્રી. બાલાવાઢી સુભાં ભટ્ટ	ગેરહાજર
(૫) શ્રી. મીંડે વસંત ગણેશ	હાજર.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

"સમિતિ આ જગ્યા માટે કોઈ ઉમેદવારની ભલામણ કરી શકતી નથી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે, તે જગ્યા માટે ફરીથી જાહેર ખબર આપી નવેસરથી અરજીઓ મગાવવી."

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૬૮

ફાઇનાન્સ કમિટીની તા. ૧૬-૩-૧૯૬૨ની સિન્ડિકેટને ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ સાથેના પરિશિષ્ટ "ક" માં જણાવ્યા પ્રમાણેની યુનિવર્સિટી કાર્યાલય માટે સ્ટેશનરી ખરીદવી.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મે. ઑરિયેન્ટ ટ્રેડિંગ કું., અમદાવાદ પાસેથી સિલિંગ ફેન ઑરિયેન્ટ ૫૬-ડિલક્ષ નંગ ૨૫ આશરે, નંગ દીઠ રૂ. ૧૭૭-૨૨ ન.પૈ. ની કિંમતે ખરીદવા.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસ માટે નીચે પ્રમાણે કાગળ ખરીદવા :

કાગળની વિગત	જરૂરિયાતી જથ્થો	વેપારીનું નામ	ભાવ
૧	૨	૩	૪
			રૂ. ન.પૈ.
૧. સફેદ બૅંકપેપર (પ્રિન્ટિંગ) ૧૮"×૨૩" ૧૪ રતલી	૧૦૦ રીમ	મે. એન. દેસાઈ ઍન્ડ કું., અમદાવાદ.	૧૨·૫૦ રીમ દીઠ
૨. બૅંક પેપર (રંગીન) ૧૮"×૨૩" ૧૪ રતલી	૧૦૦ ,,	મે. યુનાઈટેડ પેપર માર્ટ રાજકોટ.	૧૨·૩૦ રીમ દીઠ
૩. મેનીફોલ્ડ ૧૭"×૨૩"	૭૫ ,,	મે. મહાદેવ ગંગાપ્રસાદ અમદાવાદ.	૧૪·૧૨ રીમ દીઠ
૪. બૉન્ડ પેપર ૧૮"×૨૩" ૧૭ રતલી	૭૫ ,,	મે. આર. ઓચ્છવલાલ ઍન્ડ કું., અમદાવાદ.	૧૯·૪૩ રીમ દીઠ
૫. (અ) ડબલ ફૂલસ્કેપ ૧૭"×૨૭" ૧૮–૨૦ રતલી	૧૦૦૦ ,,	મે. શ્રીપત ગોરધનદાસ ઍન્ડ સન્સ, અમદાવાદ.	૧૪·૮૯ રીમ દીઠ જાત : બેંગાલ
(બ) ડબલ ફૂલસ્કેપ ૧૭"×૨૭" ૧૮–૨૦ રતલી	૧૦૦૦ ,,	મે. મહાદેવ ગંગાપ્રસાદ અમદાવાદ.	૧૫·૦૦ રીમ દીઠ સીરપુર ક્રીમલેડ

૬.	ન્યૂઝ પ્રિન્ટ ૧૭"×૨૭"	૪૦ રીમ		
૭.	ક્રાઉન પ્રિન્ટિંગ પેપર ૨૦"×૩૦" ૨૬ રતલી	૧૫૦ ,,		
૮.	ન્યૂઝ પ્રિન્ટ ૧૭"×૩૦"	૧૦ ,,		
૯.	ડબલ ડેમી પ્રિન્ટિંગ પેપર ૨૩"×૩૬" ૩૬ રતલી	૧૫૦ ,,		
૧૦.	આર્ટ પેપર ૨૩"×૩૬" ૫૬ રતલી	૫ ,,		
૧૧.	ડ્રોઈંગ પેપર ૨૦"×૩૦" ૭૪ રતલી	૧૦ ,,		
૧૨.	એકાઉન્ટ પેપર ૨૮"×૩૪" ૫૬ રતલી	૪ ,,		
૧૩.	ક્રાફ્ટ પેપર			
	(અ) ૩૬"×૪૬" ૬૭ રતલી	૨૫ ,,	,, ,,	૫૪·૯૫ રીમ દીઠ
	(બ) ૩૬"×૪૬" ૯૧ રતલી	૫ ,,	,, ,,	૮૬·૪૫ રીમ દીઠ
૧૪.	સફેદ કાર્ડ ૨૨"×૨૮" ૨૮ રતલી	૨૫ ગ્રોસ	મે. શ્રીપત ગોરધનદાસ એન્ડ સન્સ, અમદાવાદ.	૨૬·૬૪ ગ્રોસ દીઠ
૧૫.	રંગીન કાર્ડ ૨૨"×૨૮" ૨૮ રતલી	૫ ગ્રોસ	,, ,,	૨૭·૭૨ ગ્રોસ દીઠ

મે. બાલગોવિંદ કુબેરદાસ એન્ડ કું. અમદાવાદ.	૧૨·૧૫ રીમ દીઠ	
મે. એન. દેસાઈ એન્ડ કું. અમદાવાદ.	૧૧·૭૫ રીમ દીઠ	
મે. ન્યૂ ઈન્ડિયા સ્ટેશનરી માર્ટ મુંબઈ.	૧૬·૬૧ રીમ દીઠ	
મે. એન. દેસાઈ એન્ડ કું., અમદાવાદ.	૩૦·૨૫ રીમ દીઠ	
ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩.	ડૉ. એમ. ડી પટેલ	હાજર
૪.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૫.	શ્રી. ડી. એલ. શર્મા	હાજર
૬.	આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૭.	આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૮.	શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૯.	શ્રી. જી. બી. ઓઝા	હાજર
૧૦.	ડૉ. જે. જે. દેસાઈ	ગેરહાજર
૧૧.	ડૉ. વિક્રમ સારાભાઈ	ગેરહાજર
૧૨.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૧૩.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૧૪.	શ્રી. એન. એસ. શોધન	હાજર
૧૫.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૬.	પ્રો. બી. આર. શીનોય	હાજર
૧૭.	આચાર્ય જે. બી. સાન્ડિલ	હાજર.

૧. ડેમોન્સ્ટ્રેટર-ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી

ડેમોન્સ્ટ્રેટર-ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રીની જગ્યા માટે નિષ્ણાત તરીકે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગના પ્રૉ. બી. કે. વૈદ્ય ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા.

નીચેના ઉમેદવારોને ડેમોન્સ્ટ્રેટર-ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રીની જગ્યા માટે મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. અગરવાલ જે. એમ.	ગેરહાજર
૨.	શ્રી. ચીલમાકુરી નારાયણ	ગેરહાજર
૩.	શ્રી. દવે ડી. બી.	હાજર
૪.	શ્રી. દેસાઈ એચ. ડી.	ગેરહાજર
૫.	શ્રી. ખરીદિયા એસ. પી.	હાજર
૬.	શ્રી. સકસેના સુરેન્દ્રકુમાર	ગેરહાજર
૭.	શ્રી. શાહ આર. કે.	હાજર
૮.	શ્રી. શેખ એ. એ.	હાજર
૯.	કુ. શાહ રેખા જે.	ગેરહાજર
૧૦.	શ્રી. શાહ આર. જે.	હાજર.

શ્રી. શેખ એ. એ.ને કાયમી જગ્યા ઉપર રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂા. ૨૦૦થી એ વર્ષના અજમાયશી ધોરણે નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. લેક્ચરર-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટ

લેક્ચરર-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટની તથા ડેમોન્સ્ટ્રેટર-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટની એક જગ્યા માટે નિષ્ણાત તરીકે શ્રી. બી. બી. ભટ્ટ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા.

લેક્ચરર-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. પુનાશેરીપરમપીલ ટી. ઓ.	ગેરહાજર
૨.	શ્રી. જૈન સાયરસમલ	ગેરહાજર
૩.	શ્રી. રાણા ટી. જે.	હાજર.

સમિતિએ હાજર રહેલ ઉમેદવારની મુલાકાત લીધા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"લેક્ચરર-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટ તથા ડેમોન્સ્ટ્રેટર-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપવી અને તેમાં થોડો અનુભવ હોવો જરૂરી છે તેમ પણ ઉમેરવું."

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૬

માર્ચ/એપ્રિલ, ૧૯૬૨માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાંથી ઉપકુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ સુધારેલાં પરિણામોની યાદી :

અનુ. નં.	પરીક્ષાનું નામ	પરીક્ષાનો નંબર જાહેરનામાનં.	અગાઉ જાહેર કરેલ પરિણામ	સુધારેલું પરિણામ	રિમાર્ક
બી–૧.	બી.એડ.	૨૫ ૮	પ્રથમ વર્ગ	દ્વિતીય વર્ગ	કાર્યાલય-ની ભૂલ
બી–૨.	દ્વિતીય વર્ષ વિજ્ઞાન	૪૬૨, ૪૮૪, ૫૬૦, ૧૯૭૬.	૧૨ ઓ. ૧૨૭ મુજબ અનામત.	પ્રથમ વર્ગ	,,
		૨૮૩, ૩૬૪, ૭૪૬, ૯૭૪, ૧૧૭૪, ૧૬૨૭, ૧૮૩૯, ૨૦૪૫, ૨૦૯૮, ૨૧૧૦, ૨૧૬૦, ૨૧૮૬, ૨૨૫૦, ૨૩૨૮, ૨૭૫૧, ૨૭૮૪, ૩૦૯૫, ૩૬૨૪, ૩૭૭૦, ૩૯૧૨, ૩૯૨૭, ૪૦૨૦.	,, ,,	દ્વિતીય વર્ગ	,,
		૧૦૧૩, ૨૧૬૪, ૨૧૮૪.	,, ,,	પાસ વર્ગ	,,
		૨૬૪૮, ૩૪૭૭.	,, ,,	નાપાસ પરંતુ બી.એસસી.નાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે.	
બી–૩.	પ્રથમ વર્ષ વિજ્ઞાન	૫૭૬.	૧૩ દ્વિતીય વર્ષ વિજ્ઞાનનાં સત્રો ભરવાની છૂટ	અનામત	,,
	,,	૬૮૦.	,, નાપાસ	પ્રથમ વર્ગ	,,
	,,	૧૦૧૬.	,, બીજો વર્ગ	દ્વિતીય વર્ષ વિજ્ઞાનનાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે.	,,

અનુ. નં.	પરીક્ષાનું નામ	પરીક્ષાનો નંબર	જાહેરનામા નં.	અગાઉ જાહેર કરેલ પરિણામ	સુધારેલું પરિણામ	રિમાર્કસ
બી-૩.	પ્રથમ વર્ષ વિજ્ઞાન	૫૫૧૫.	૧૩	દ્વિતીય વર્ષ વિજ્ઞાનનાં સત્રો ભરવાની છૂટ	પ્રથમ વર્ગ	કાર્યાલય-ની ભૂલ
બી-૪.	,,	૪૭૫૮.	૧૪	,,	પ્રથમ વર્ગ	,,
બી-૫.	,,	૧૧૨૭.	૧૭	બીજો વર્ગ	પ્રથમ વર્ગ	,,
બી-૬.	,,	૭૨૪.	૧૮	,,	દ્વિતીય વર્ષ વિજ્ઞાનનાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે.	,,
બી-૭.	,,	૬૩૭૮.	૩૬	દ્વિતીય વર્ષ વિજ્ઞાનનાં સત્રો ભરવાની છૂટ	પાસ વર્ગ	,,
બી-૮.	,,	૫૧૫૬	૩૭	બીજો વર્ગ	પ્રથમ વર્ગ	,,
બી-૯.	,,	૧૩, ૪૫૦૭,	૪૩	પાસ વર્ગ	દ્વિતીય વર્ષ વિજ્ઞાનનાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે.	,,
	,,	૬૧૨, ૭૮૧, ૯૨૭, ૨૩૭૯, ૩૭૩૩, ૩૮૨૫, ૪૬૧૯, ૪૬૨૪, ૪૮૬૧, ૪૯૪૯, ૬૩૨૦.	,,	બીજો વર્ગ	,,	,,
બી-૧૦.	દ્વિતીય વર્ષ વિજ્ઞાન	૬૪૩.	સુધારો	બીજો વર્ગ	પાસ વર્ગ	,,
	,,	૧૪૯૮, ૧૫૩૦, ૧૫૩૯,	,,	પાસ વર્ગ	બીજો વર્ગ	,,
	,,	૧૮૩૨, ૩૧૫૯.				
બી-૧૧.	,,	૩૯૧૨.	૩૯	ઑ. ૧૨૭ મુજબ અનામત.	બીજો વર્ગ	,,
બી-૧૧.	પ્રથમ વર્ષ વાણિજ્ય	૧૬૦૨.	૫૯	દ્વિતીય વર્ષ વાણિજ્યનાં સત્રો ભરવાની છૂટ	પાસ વર્ગ	,,
બી-૧૨.	બી.કૉમ.	૧૨૮૮.	૬૨	પાસ વર્ગ	નાપાસ	,,
બી-૧૩.	પ્રથમ વર્ષ વિનયન	૨૬૧૧.	૬૭	નાપાસ	પાસ વર્ગ	,,
બી-૧૪.	એસ.ઈ. (સિવિલ)	૧૬૨.	૬૯	પાસ વર્ગ	બીજો વર્ગ	,,
બી-૧૫.	એસ.ઈ. (મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ)	૨૪૧.	૭૦	નાપાસ	બી.ઈ.નાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે.	કાર્યાલયની ભૂલ

અનુ. નં.	પરીક્ષાનું નામ	પરીક્ષાનો નંબર	જાહેરનામા નં.	અગાઉ જાહેર કરેલ પરિણામ	સુધારેલું પરિણામ	રિમાર્ક
બી-૧૬.	દ્વિતીય વર્ષ વાણિજ્ય	૫૩	૭૨	નાપાસ	પાસ વર્ગ	,,
બી-૧૭.	પ્રથમ વર્ષ વાણિજ્ય	૨૪૫૧.	૭૭	નાપાસ	દ્વિતીય વર્ષ વાણિજ્યનાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે.	,,
બી-૧૮.	પ્રથમ વર્ષ વિજ્ઞાન	૩૦૦૨.	૮૦	પાસ વર્ગ	દ્વિતીય વર્ષ વિજ્ઞાનનાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે.	,,
બી-૧૯.	દ્વિતીય વર્ષ વિનયન	૩૨૩૩.	૮૧	ઑ. ૧૨૭ મુજબ અનામત	બીજો વર્ગ	,,
બી-૨૦.	એફ.વાય. ફાર્મ.	૨૨.	૮૨	નાપાસ	ઇન્ટર ફાર્મનાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવે છે.	,
બી-૨૧.	બી.એ. (રૂપે.)	૮૬૩.	૮૪	નાપાસ	પાસ વર્ગ	,,
બી-૨૨.	દ્વિતીય વર્ષ વિનયન	૫૮૪૩.	૯૧	પાસ વર્ગ	ઑ. ૧૨૭ મુજબ અનામત	,,
બી-૨૩.	બી.એ. (રૂપે.)	૧૭૬૮.	૯૨	બીજો વર્ગ	પાસ વર્ગ	,,
એ-૨૪.	એમ.એસસી.	૧૯૦, ૨૦૬.	૯૪	નાપાસ	પાસ વર્ગ	પરીક્ષકની ભૂલ
,,	,,	૨૨૦.	૯૪	પાસ વર્ગ	બીજો વર્ગ	,,

(નોંધ.—એ=પરીક્ષકની ભૂલ, બી=કાર્યાલયની ભૂલ.)

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 1228 300-8-62

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૨ના ઑગસ્ટ માસની સભા, શનિવાર, તા. ૪-૮-૧૯૬૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. એમ. એમ. શુક્લ, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય જે. બી. સાન્ડિલ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૭. શ્રી. ઇન્દ્રવદન મા. નાણાવટી	ગેરહાજર
૮. શ્રી. ઘનશ્યામભાઈ છો. ઓઝા	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ સા. શેાધન	હાજર
૧૦. ડૉ. જે. જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪. પ્રૉ. બી. આર. શિનોય	હાજર
૧૫. આચાર્ય સં. ૨. ભટ્ટ	હાજર
૧૬. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર.

૧. તા. ૭-૭-૧૯૬૨ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૨ના જુલાઈ માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૭-૭-૧૯૬૨ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૨ના જુલાઈ માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. એમ. એન. કૉલેજ, વીસનગરને જૂન, ૧૯૬૨થી આપવાના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતો પૈકી અંગ્રેજીના લેક્ચરર શ્રી. રવીન્દ્ર પાલ સિંગની નિમણૂકને ચલાવી લેવાની કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. રવીન્દ્ર પાલ સિંગ, બી.એ. બીજો વર્ગ, એમ.એ. પાસ વર્ગ અંગ્રેજી તથા દોઢ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રવીન્દ્ર પાલ સિંગની નિમણૂકને ફક્ત ચાલુ સત્ર પૂરતી માન્ય કરવી.

૩. ભારતીય વિદ્યાભવન, મુંબઈ દ્વારા સંચાલિત ભવન્સ કૉલેજ, ડાકોરને ગણિતશાસ્ત્રના યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા મળતા નહિ હોવાથી શ્રી. એચ. આર. વ્યાસની નિમણૂક કામચલાઉ રીતે માન્ય કરવા બાબત.

(નોંધ.— ૧. શ્રી. વ્યાસ એમ.એસસી. સ્ટેટિસ્ટિક્સ બીજો વર્ગ ધરાવે છે.
૨. તેઓએ શિક્ષકોની નોકરીના નિયમ ૧૦ મુજબ સિદ્ધપુર કૉલેજના આચાર્યશ્રી મારફતે ડાકોર કૉલેજમાં જોડાવા માટે અરજી કરવી જોઈએ તે કરી ન હતી.**)**

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. આર. વ્યાસને ગણિતના લેક્ચરર તરીકે માન્ય કરી શકાય નહિ, તેમ છતાં, તેમને ચાલુ વર્ષ પૂરતા ગણિતના લેક્ચરર તરીકે માન્ય કરવા અંગે, સૈફી જ્યુબિલી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરના આચાર્યની પરવાનગી વગર, ભવન્સ કૉલેજ, ડાકોરમાં તેઓ જોડાયા તે બાબતમાં તપાસ કરીને ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪. ગાંધીધામ મૈત્રી મંડળ, આદિપુર (કચ્છ)ને જૂન, ૧૯૬૨થી આર્ટ્સ કૉલેજ શરૂ કરવા માટે સેનેટે મૂકેલી શરતો પૈકી વ્યાયામ શિક્ષક તથા સિંધીના વ્યાખ્યાતાની નિમણૂકો કામચલાઉ માન્ય કરવા અંગે મજકૂર મંડળ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— (૧) વ્યાયામ શિક્ષક એ.સી.સી. ટ્રેઇન્ડ અને દ્વિતીય વર્ષ વિનયન છે. ચાર વર્ષનો હાઈસ્કૂલનો અનુભવ છે.
(૨) સિંધીના વ્યાખ્યાતા (અ) બી.એ. સિંધીના પુસ્તકોના લેખક તથા કવિ છે; (બ) મુંબઈ યુનિવર્સિટીના સિંધી બોર્ડના સભ્ય છે; (ક) બી.ઈ. બીજા વર્ગ સાથે છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં, શ્રી. એસ. ટી. મંગતાનીને વ્યાયામશિક્ષક તરીકે તથા શ્રી. હરિ દિલગીરીને સિંધીના વ્યાખ્યાતા તરીકે, ફક્ત ચાલુ વર્ષ પૂરતા માન્ય કરવા, તથા જૂન, ૧૯૬૩થી યોગ્ય લાયકાત ધરાવનાર વ્યાયામશિક્ષક તથા સિંધીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે, એમ સદરહુ કૉલેજના સત્તાવાળાઓને જણાવવું.

૫. માંડવી (કચ્છ) ખાતે જૂન, ૧૯૬૨થી માંડવી બરો મ્યુનિસિપાલિટી, માંડવીના સંચાલન હેઠળ શરૂ કરાનાર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજની જોડાણ અરજી પાછી ખેંચ્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬. નવભારત વિદ્યામંડળ, કુબેરનગર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને સિવિક્સ અને એડમિનિસ્ટ્રેશન માટે યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરર નહિ મળતા હોવાથી શ્રી. ડી. પી. ઠક્કરની કામચલાઉ નિમણૂક માન્ય કરવા અંગે મજકૂર કૉલેજના મૅનેજર તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ડી. પી. ઠક્કર બી.એ. બીજો વર્ગ, એમ.એ. પાસ વર્ગ પૉલિટિક્સ સાથે છે. તેમને બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. પી. ઠક્કરની નિમણૂકને ફક્ત ચાલુ સત્ર પૂરતી માન્ય કરવી, તથા આ જગ્યા પૂરવા માટે યોગ્ય લાયકાત ધરાવનાર શિક્ષક મેળવવા માટે સદરહુ મંડળે કયાં પગલાં લીધાં હતાં તેનો વિગતવાર રિપોર્ટ મગાવવો.

૭. કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢના જોડાણ માટે મૂકેલી શરતો પૈકી મદદનીશ પ્રાધ્યાપકો યોગ્ય લાયકાત ધરાવતા ન હોઈ તેમની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત તથા તે કૉલેજની જોડાણ-શરતો અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—મદદનીશ પ્રાધ્યાપકોનાં નામ, લાયકાત, અનુભવ નીચે મુજબ છે :

ક્રમાંક	નામ	શૈક્ષણિક લાયકાત	હોદ્દો	અનુભવ
૧.	ડૉ. એચ. જે. રાનની	એમ.એસસી. (એગ્રિ.) પીએચ.ડી.	આસિ. સૉઇલ સ્પેશિયાલિસ્ટ અને આસિ. પ્રૉફેસર ઑફ કેમિસ્ટ્રી એન્ડ ઑઇલ	૩ વર્ષનો ડેમોન્સ્ટ્રેટર તરીકેનો અનુભવ, ૧૫ વર્ષ ખેતીવાડી કૉલેજ, સકરંદ (સિંધ) + ૧૫ વર્ષ ખેતીવાડી કૉલેજ, પૂના; તથા ૧૧૫ વર્ષ ખેતીવાડી ખાતાનો અનુભવ
૨.	શ્રી. એચ. ડી. અમીન	એમ.એસસી. (એગ્રિ.) એસો. સી.એફ.ડી. આર.ઇ.	આસિ. હૉર્ટિકલ્ચરિષ્ટ અને આસિ. પ્રૉફેસર ઑફ હૉર્ટિકલ્ચર	ખેતીવાડી ખાતામાં આ વિષયનો ૧૫ વર્ષનો અનુભવ
૩.	શ્રી. જી. બી. કાસદ	બી.એસસી. (એગ્રિ.)	આસિ. પ્રૉફેસર ઑફ એક્સ્ટેનશન	એગ્રિકલ્ચર એક્સ્ટેનશન માટે નીઓએલી (પંજાબ)માં ટ્રેનિંગ તથા એક્સટેનશન ટ્રેનિંગ સેન્ટર, જૂનાગઢ ઉપર બે વર્ષનો શૈક્ષણિક અનુભવ તથા ૩૫ વર્ષનો ખેતીવાડી સ્કૂલમાં આચાર્ય તરીકેનો અનુભવ

ક્રમાંક	નામ	શૈક્ષણિક લાયકાત	હોદ્દો	અનુભવ
૪.	શ્રી. એચ. યુ. જોશી	બી.એસસી. (એગ્રિ.) એસો. આઈ.એ.આઈ. આઈ.	આસિ. પ્રોફેસર ઑફ બેક્ટેરિયોલોજી	ખેતીવાડી ખાતામાં આ વિષયને ૧૨ વર્ષનો અનુભવ.

આથી ઠરાવવામાં આવે છે કે, કૃષિવિદ્યાના શિક્ષકોની જગ્યાઓ માટે શૈક્ષણિક અનુભવવાળા ઉમેદવારો ઉપલબ્ધ થઈ શકે તેમ નથી તે વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈને, ઉપરના શિક્ષકોની નિમણૂકોને ખાસ અપવાદ તરીકે માન્ય કરવી.

૮. લાલભાઈ દલપતભાઈ ભારતીય સાંસ્કૃતિક વિદ્યામંદિર, અમદાવાદને જૂન, ૧૯૬૨થી માન્યતા આપવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે મજકૂર સંસ્થા તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડાયરેક્ટરને કાર્યવાહી સમિતિના સભ્ય બનાવવા તેવી શરત છે. સંસ્થા જણાવે છે કે, ડાયરેક્ટરને દરેક કાર્યવાહી સમિતિમાં આમંત્રણ આપવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યામંદિરના અધ્યક્ષને હોદ્દાની રૂએ તેની કારોબારી સમિતિના સભ્ય તરીકે નીમવા આવશ્યક છે, એમ મજકૂર સંસ્થાના સત્તાવાળાઓને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને હસ્તક ચાલતી કૉલેજોના આચાર્યો જે તે કૉલેજની કારોબારીના સભ્ય છે કે કેમ તેની માહિતી મગાવવી.

૯. પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજના આચાર્ય તરફથી તા. ૧૧-૭-૧૯૬૨ના પત્રાંક પીડીએમ./જીટીસી/૧૧૨૭થી તેમની કૉલેજ માટે ઓ. ૧૮૫(૨)(સી) અનુસાર નીચે જણાવેલી શાળાઓ પ્રેક્ટિસિંગ સ્કૂલ્સ તરીકે મંજૂર રાખવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત :

1. Raliatbai Kotak Girls High School,
2. Saurashtra High School,
3. I. P. Mission Girls High School,
4. Sheth G. T. Girls High School,
5. Balkishore Vidyalaya,
6. Swaminarayan Gurukul High School,
7. Kadvibai Virani Vidyalaya.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની શાળાઓને તાલીમ માટેની શાળાઓ (પ્રેક્ટિસિંગ સ્કૂલ્સ) તરીકે મંજૂર કરવી.

૧૦. અખિલ ભારતીય વિજ્ઞાન પરિષદના (૫૦મા અધિવેશનમાં) સુવર્ણજયંતી પ્રસંગે, વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ, ડૉ. જે. જે. ચિનોયને નિમંત્રણ મળેલ હોઈ, ડૉ. ચિનોયને

આ અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે, ડૉ. જે. જે. ચિનોય, આચાર્ય જે. બી. સાન્ડિલ અને ડૉ. જે. જે. ત્રિવેદીને મોકલવા.

૧૧. પંજાબ યુનિવર્સિટીના આશ્રયે ચંદીગઢ મુકામે "નેશનલ એકેડેમી ઑફ સાયન્સીઝ"નું ૩૨મું વાર્ષિક અધિવેશન ફેબ્રુઆરી ૯થી ૧૦, ૧૯૬૩ દરમિયાન યોજાનાર હોઈ આ અધિવેશનમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રીના તા. ૧૦-૭-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એકેડેમીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. આર. રામનાથનને મોકલવા.

૧૨. આગામી ડિસેંબર માસમાં નીચેની પરિષદોમાં વાર્ષિક અધિવેશનો ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજાનાર હોઈ તે અંગેની સ્વાગત-સમિતિની રચના કરવા બાબત:

૧. ધી ઑલ ઇન્ડિયા ઇકોનોમિક કૉન્ફરન્સ,
૨. ધી ઇન્ડિયન એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સ કૉન્ફરન્સ,
૩. ધી ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિક્સ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ઉપકુલપતિશ્રીના પ્રમુખપદે એક તદર્થ (Ad-hoc) સમિતિ નીમવી અને તેમાં નીચેના સભ્યોને નીમવા :

૧. પ્રોફેસર બી. આર. શિનોય
૨. આચાર્ય એસ. વી. દેસાઈ
૩. આચાર્ય સી. જે. પટેલ
૪. શ્રી. નવનીતલાલ સા. શોધન
૫. શ્રી. અમરતલાલ હરગોવિંદદાસ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ તદર્થ સમિતિ પર બીજા સભ્યોને નીમવાની ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩. "ધી ઇન્ડિયન કાઉન્સિલ ફૉર ઍગ્રિકલ્ચરલ એજ્યુકેશન"નું છઠ્ઠું અધિવેશન રાંચી મુકામે ઑક્ટોબર માસમાં મળનાર હોઈ આ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે, "ધી ઇન્ડિયન કાઉન્સિલ ફૉર ઍગ્રિકલ્ચરલ રીસર્ચ" દિલ્હીના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૬-૭-૧૯૬૨ના પત્રાંક ૩. ૨૬-૬૨ Edn. II. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એમ. કે. દેસાઈને મોકલવા.

૧૪. "The Indian Association of Pathologists"ના મંત્રી તરફથી ડિસેંબર માસમાં વેલોર મુકામે મળનાર બેઠકમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા અંગે

એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના આચાર્ય ડૉ. એચ. એચ. શાહની કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૧૫. આચાર્ય વાય. ડી. ભાવેને વિનયન વિદ્યાશાખા હેઠળ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય વાય. ડી. ભાવેને (૧) અંગ્રેજી અને (૨) મરાઠીની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૧૬. તા. ૧૨-૭-૧૯૬૨ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૭. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ચાલુ વર્ષે ડિપ્લોમા-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટનો નવો કોર્સ શરૂ કર્યો હોવાથી પ્રોફેસર અને રીડર-ઇન-બિઝનેસ મૅનેજમેન્ટની જગ્યા માટે તા. ૧૪-૭-૧૯૬૨ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બિઝનેસ મૅનેજમેન્ટના પ્રોફેસર અને રીડરની એ બેઉ જગ્યાઓ માટે ફરીથી જાહેરખબર આપીને અરજીઓ મગાવવી.

૧૮. યુનિવર્સિટી કાર્યાલયમાં તથા ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્ક, ટાઇપિસ્ટ અને પટાવાળાનો તેઓના નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત:

૧.	શ્રી. આર. સી. શાહ	જુ. ક્લાર્ક	કાર્યાલય	તા. ૧૯-૮-૧૯૬૨
૨.	શ્રી. જે. એન. ભટ્ટ	,,	,,	તા. ૩૦-૮-૧૯૬૨
૩.	શ્રી. બી. કે. વાળંદ	,,	,,	તા. ૩૦-૮-૧૯૬૨
૪.	શ્રી. સી. એચ. મોદી	,,	,,	તા. ૩૦-૮-૧૯૬૨
૫.	શ્રી. આઈ. સી. શાહ	,,	,,	તા. ૧-૯-૧૯૬૨
૬.	શ્રીમતી યોગિની બી. જાની	,,	,,	તા. ૧-૯-૧૯૬૨
૭.	કુ. અવંતિકા જે. પીટર	,,	,,	તા. ૫-૯-૧૯૬૨
૮.	શ્રી. એસ. જી. દેસાઈ	ટાઇપિસ્ટ	ગ્રંથાલય	તા. ૧-૯-૧૯૬૨
૯.	શ્રી. કાંતિલાલ મૂળજીભાઈ સોલંકી	પટાવાળા	કાર્યાલય	તા. ૪-૯-૧૯૬૨
૧૦.	શ્રી. જે. બી. શાહ	સ્ટોરકીપર	વિજ્ઞાન વિદ્યાભવન	તા. ૪-૯-૧૯૬૨

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, ઉપરના તમામ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા ઉપર અને તારીખથી કાયમ કરવા.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયમાં રાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. ડી. આર. પટેલ તા. ૧૪-૫-૧૯૬૨થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના બાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ કાર્યાલયમાં તા. ૧૧-૫-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૧૪-૫-૧૯૬૨થી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. આર. પટેલને તેમના બાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પરત કરવી.

૨૦. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-સ્ટેટિસ્ટિક્સ તરીકે કામ કરતા શ્રી. આર. સી. પટેલને "એડવાન્સ સ્ટડીઝ-ઇન-સ્ટેટિસ્ટિક્સ" માટે ચિકાગો યુનિવર્સિટી, યુ.એસ.એ. જવા માટે બે વર્ષની અભ્યાસ-રજા (Study leave) આપવા માટેની તેઓની તા. ૩-૭-૧૯૬૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. સી. પટેલને તેમના બાકીના પીએચ.ડી. પછી ત્રીજામાં ત્રીજા વર્ષ સુધી યુનિવર્સિટીમાં તેઓ પોતાની હાલની જગ્યા પરની નોકરીએ ચાલુ રહેશે તેવી બાંયધરી આપે તે શરતે, બે વર્ષની બિનપગારી [illegible] આપવી.

૨૧. "શ્રી. સેવકલાલ રતનલાલ દેસાઈ પારિતોષિક"ને "શ્રી. સેવકલાલ રતનલાલ દેસાઈ સુવર્ણચંદ્રક"માં ફેરવવા માટેના સુધારેલા નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સુવર્ણ ચંદ્રક માટેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓને પદવીદાન વખતે સુવર્ણચંદ્રક આપવામાં આવે છે કે કેમ તે અંગે બીજી યુનિવર્સિટીઓ પાસેથી માહિતી મગાવવી.

૨૨. શ્રી. છગનલાલ પ્રાણલાલ જેતલી તરફથી "શ્રીમતી હીરાલક્ષ્મી છગનલાલ જેતલી સુવર્ણચંદ્રક" અને "શ્રીમતી મૂળીબા પ્રાણલાલ જેતલી ગૃહવિજ્ઞાન સુવર્ણચંદ્રક" માટે મળેલ પ્રદાનના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સુવર્ણચંદ્રક માટેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૩. પ્રેસ-મૅનેજરનું નિવાસસ્થાન નાનું હોઈ તેની જોડાજોડ ચોકીદારને રહેવા માટે બાંધેલી ઓરડીઓ સાથે જોડી દઈને આખું મકાન હાલના પ્રેસ-મૅનેજરને રહેવા માટે આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રેસ-મૅનેજરના નિવાસસ્થાન સાથે, તેની જોડાજોડ ચોકીદારને રહેવા માટે જે ઓરડીઓ બાંધી છે તે ઓરડીઓ જોડી દઈને, આખું મકાન તેમના ઉપયોગ માટે આપવું.

૨૪. યુનિવર્સિટી ગ્રંથાલયના પુસ્તકો બંધાવવા માટેના નીચે પ્રમાણેના ભાવ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વેપારીનું નામ	ભાવ	રેકર્ડીનના નંગ
૧. મે. રાજ ઍન્ડ કું. ...	... રૂા. ૪૫૦	૧૦૦ નંગના
૨. શ્રી. પોપટલાલ ચુનીલાલ મહેતા	... રૂા. ૪૫૦	૧૦૦ નંગના

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૨૫. "Voluntary organisations in a small City" એ વિષય પર સમાજવિદ્યા ભવનના લૅક્ચરર શ્રી. બી. વી. શાહે તૈયાર કરેલ સંશોધન યોજનાના અંદાજી ખર્ચ રૂા. ૧,૫૫૦ની મંજૂરી માટે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીની તા. ૧૦-૭-૧૯૬૨ની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રૉફેસર બી. આર. શિનોયને સદરહુ બાબતમાં ઘટતી તપાસ કરીને તેનો રિપોર્ટ આપવા માટે જણાવવું.

૨૬. ગુજરાત રાજ્યની અલગ સ્થાપના થવાથી મુંબઈ યુનિવર્સિટીની પ્રથમ પદવી લઈ આ યુનિવર્સિટીની બીજી પદવી લેનાર પાસે પદવી માટેની ફી રૂા. ૧૦થી વધારીને રૂા. ૨૦ (રજિસ્ટ્રેશનના રૂા. ૫ સહિત) કરવા ઑ. ૧૧૦માં સુધારો કરવા બાબત:

(નોંધ.—ઑ. ૧૧૦નો પાઠ નીચે મુજબ છે:

O. 110:

Every person who passes an examination for a Degree or a Post-graduate Diploma of the University shall be eligible on payment of a fee of Rs. 15/- on his first graduation in the University and Rs. 10/- on his Second or subsequent graduation to be admitted to the respective Degree, or Diploma in person or in Absentia at his option at a Convocation and in testimony whereof a Degree or a Diploma as the case may be, shall be awarded to him. A candidate taking Second

Degree or Post-graduate Diploma in this University after having taken a First Degree or a Post-graduate Diploma in the Bombay University shall pay Rs. 10/- as admission fee to his Degree or Post-graduate Diploma in this University.

In the case of an under-graduate Diploma, a certificate shall be given to the candidate on his passing the Examination for the same on payment of a fee of Rs. 10/-.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિનન્સ ૧૧૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા તેને જા-યુઆરી, ૧૯૬૩થી અમલમાં મૂકવો :

"O. 110 :

Every person who passes an examination for a degree or a post-graduate diploma of the University shall be eligible on payment of a fee of Rs. 15/- on his first graduation in the University and Rs. 10/- on his second or subsequent graduation, to be admitted to the respective degree or diploma in person or in absentia at his option at a Convocation and in testimony whereof a degree or a diploma as the case may be, shall be awarded to him.

In the case of an under-graduate diploma, a certificate shall be given to the candidate on his passing the examination for the same on payment of a fee of Rs. 10/-"

૨૭. યુનિવર્સિટી વિસ્તારમાં રસ્તા બાંધવા માટે કોન્ટ્રાક્ટર શ્રી. દીનુભાઈ કરશનભાઈ પરમાર સાથે કરવાના કરારનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા કરારનામાના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૮. નવી કૉલેજોના જોડાણ અંગે પ્રમાણિત મુસદ્દો તૈયાર કરવા અંગેનો સિન્ડિકેટનો રિપોર્ટ સેનેટે પુનર્વિચારણા માટે મોકલતાં તે અંગે પુનર્વિચારણા કરીને હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિએ તૈયાર કરેલ હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, સભાગૃહે કરેલા સુધારા સાથેનો રિપોર્ટ મંજૂર કરવો તથા તેને સેનેટની વિચારણા માટે મોકલી આપવો. વધુમાં ઠરાવવામાં આવે છે કે, જોડાણ માટે અરજીની સાથે અ[illegible] આપવાની હોય છે તે રૂા. ૨૦૦થી વધારીને રૂા. ૧,૦૦૦ની કરવી તથા તે અંગે ઓર્ડિનન્સમાં ઘટતો સુધારો [illegible]ંજૂર કરવામાં આવેલા રિપોર્ટની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૯. નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીઓના રિપોર્ટોને અનુલક્ષીને પદવી માટે પાત્ર નીવડેલા જાહેર

કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

નામ	વિષય	પદવી
શાહ ગોવિંદલાલ મોહનલાલ	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૦. કુ. જ્યોતિકા જ્યોતીન્દ્ર ઓઝાએ પ્રી-યુનિવર્સિટી વિનયનના બાકી રહેલ વિષયની પરીક્ષા પાસ કરેલ હોઈ સિન્ડિકેટના તા. ૩-૩-૧૯૬૨ના ઠરાવને અનુલક્ષીને બી.એ.ની પરીક્ષા માટે તેમણે ભરેલ સત્રો માન્ય રાખી બી.એ.ની પરીક્ષામાં બેસવા દેવા મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સિન્ડિકેટનો તા. ૩-૩-૧૯૬૨નો ઠરાવ નીચે મુજબ છે :

"આથી ઠરાવવામાં આવે છે કે, કુ. જ્યોતિકા જ્યોતીન્દ્ર ઓઝાને તેઓ તેમની પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષાના બાકી રહેલા વિષયમાં ઉત્તીર્ણ થાય નહિ ત્યાં સુધી બી.એ.ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બી.એ.ની પરીક્ષા માટેનાં તેમનાં સત્રો મંજૂર કરવાની બાબત તેઓ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષાના બાકી રહેલા વિષયમાં ઉત્તીર્ણ થાય તે પછી વિચારવાનું રાખવું.")

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. જ્યોતિકા જ્યોતીન્દ્ર ઓઝાએ બી.એ.ની પરીક્ષા માટે ભરેલાં સત્રો અપવાદ તરીકે માન્ય કરવાં, તથા તેમને ૧૯૬૩ કે તે પછીની બી.એ.ની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવી.

૩૧. ૧૯૬૨-૬૩ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી વિસ્તારમાં ઘાસ ચરાવવા માટેના મોસમી હકો શ્રી. એંગારભાઈ માધાભાઈને રૂા. ૧૦,૦૦૦માં આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.— ૧૯૬૧-૬૨ના વર્ષના બાકી રહેલા રૂા. ૪,૫૦૦ની રકમ આપવા પણ સદરહુ શખ્સે બાંયધરી આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૨. યુનિવર્સિટી કાર્યાલયમાં ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. વી. પી. મહેતાને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ જગ્યા માટે સૂચવેલ રીડરનું પગારધોરણ આપવા માટે તેઓની તા. ૯-૭-૧૯૬૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની જગ્યા માટેનું પગાર સુધારીને રૂા. ૫૦૦-૨૫-૮૦૦નું રાખવું, તથા તે જગ્યા પર કામ કરતા શ્રી. વી. પી. મહેતાને, આ સુધારેલું પગારધોરણ તા. ૧-૮-૧૯૬૨થી લાગુ પાડવું.

૩૩. સ્થાયી કાનૂન વિષયક સમિતિની તા. ૨૦-૭-૧૯૬૨ તથા તા. ૨૫-૭-૧૯૬૨ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૦-૭-૧૯૬૨ તથા તા. ૨૫-૭-૧૯૬૨ની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ ભલામણોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૪. નીચેની સંસ્થાઓ/કૉલેજો તરફથી જૂન, ૧૯૬૩થી જોડાણ મેળવવા માટે આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત:

ક્રમાંક	કૉલેજ/સંસ્થા		વિષય
૧.	યુ. એન. મહેતા આર્ટ્સ એન્ડ ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી	...	પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય તથા દ્વિતીય/પ્રથમ વર્ષ વાણિજ્યના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ
૨.	કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ	...	પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય તથા પ્રથમ વર્ષ વાણિજ્યના અભ્યાસક્રમ માટે જોડાણ
૩.	શ્રી. વિદ્યોત્તેજક મંડળ, જામનગર	...	પ્રથમ વર્ષ કાયદાના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ કાયદાના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ
૪.	શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પી. સાયન્સ કૉલેજ, તલોદ	...	બી.એ. (રૂપે.)માં ગુજરાતી તથા બી.એ. (જન.)માં સંસ્કૃત તથા દ્વિતીય વર્ષ વિનયન અને વિજ્ઞાન માટે ચાલુ જોડાણ અને બી.એ. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર, હિંદી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અને માનસશાસ્ત્ર તથા બી.એ. (જન.)માં ગણિતશાસ્ત્ર, હિંદી, તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર તથા બી.એસસી. (મુખ્ય)માં ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (ગૌણ)માં પ્રાણીશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના વિષયો માટે વધારાનું જોડાણ
૫.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	...	બી.એ. (રૂપે.) અને (જન.) અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી, માનસશાસ્ત્ર, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્રના તથા પ્રી-યુનિવર્સિટી વિનયન અને વિજ્ઞાનના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ, તથા બી.એસસી. (મુખ્ય)માં રસાયણશાસ્ત્ર તથા બી.એસસી. (ગૌણ)માં ભૌતિકશાસ્ત્રના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ

ક્રમાંક	કૉલેજ / સંસ્થા		વિષય
૬.	ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર	...	નીચે પ્રમાણે કાયમી જોડાણ : પ્રથમ બી.એ.એમ.એસ. ૧૪-૬-'૬૩થી, દ્વિતીય બી.એ.એમ.એસ. ૪-૧૧-'૬૩થી, અને તૃતીય બી.એ.એમ.એસ. ૧૪-૬-'૬૩થી.
૭.	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	...	બી.એ. (રૂપે. અને જન.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને માનસશાસ્ત્ર તથા બી.એ. (જન.)માં અંગ્રેજી, હિંદી, ઇતિહાસ તથા બી.એસસી. (મુખ્ય)માં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (ગૌણ)માં ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ તથા બી.એ. (રૂપે. અને જન.)માં હિંદી અને અર્ધમાગધી માટે વધારાનું જોડાણ
૮.	ભારતીય વિદ્યાભવન કૉલેજ, ડાકોર	...	દ્વિતીય વર્ષ વિનયન તથા વિજ્ઞાન માટે ચાલુ જોડાણ તથા બી.એ. (રૂપે. અને જન.)માં ગુજરાતી, સંસ્કૃત, અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (જન.)માં હિંદી, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, સંસ્કૃત, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા બી.એસસી. (ગૌણ અને મુખ્ય)માં રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (ગૌણ)માં ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ.
૯.	ન્યૂ સિટી લૉ કૉલેજ, અમદાવાદ	...	લેબર લૉઝ અને પ્રેક્ટિસ તથા ટેક્ષેશન લૉઝ અને પ્રેક્ટિસના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ.
૧૦.	શ્રી. મહુવા કેળવણી સહાયક સમાજ, મહુવા	...	પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના અભ્યાસક્રમ શિખવવા માટે જોડાણ

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેની કૉલેજોની જોડાણ અરજીઓ બાબત તેમનાં નામ સામે જણાવ્યા મુજબ સ્થાનિક તપાસની વ્યવસ્થા કરવી :

૧.	યુ. એન. મહેતા આર્ટ્સ એન્ડ ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી	...	મોરબી ખાતેની આ કૉલેજોમાં વિનયન અને વિજ્ઞાન વિભાગની જોડાણ અરજી માટે ઉપકુલપતિશ્રીએ નીમેલ બે સભ્યો પ્રિ. એસ. આર. ભટ્ટ અને પ્રિ. જે. બી. સાન્ડિલ ઉપરાંત ત્રીજા સભ્ય તરીકે પ્રિ. એમ. સી. દેસાઈને નીમવા અને તે સભ્યોની સમિતિને સંયુક્ત રીતે વિનયન અને વિજ્ઞાન વિદ્યા-શાખાની અરજી તેમજ વાણિજ્યની અરજી એ બંને માટે તપાસ કરી રિપોર્ટ કરવા વિનંતિ કરવી.

૨. કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ	...	કપડવંજ ખાતેની કૉલેજમાં વિનયન અને વિજ્ઞાન વિભાગની જોડાણની અરજી માટે ઉપકુલપતિશ્રીએ નીમેલ બે સભ્યો પ્રિ. એસ. વી. શાહ અને પ્રિ. એન. એન. ભરૂચા ઉપરાંત ત્રીજા સભ્ય તરીકે પ્રિ. એ. આર. દેસાઈને નીમવા અને તે ત્રણ સભ્યોની સમિતિને સંયુક્ત રીતે વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાની અરજી તેમજ વાણિજ્યની અરજી એ બંને માટે તપાસ કરી રિપોર્ટ કરવા વિનંતિ કરવી.
૧૦. શ્રી. મહુવા કેળવણી સહાયક સમાજ, મહુવા	...	(૧) આચાર્ય એ. આર. દેસાઈ (૨) આચાર્ય એસ. આર. મહેતા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કૉલેજો નં. ૩થી ૯ના બાબતમાં સ્થાનિક તપાસ-સમિતિઓ નીમવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૫. એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, જામનગરને વાણિજ્યના વિષયો માટે જૂન, ૧૯૬૨થી આપવાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન પૈકી નીચે જણાવેલ નિમણૂકો ચલાવી લેવા (કૉન્ડોન કરવા) અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

(નોંધ.— ૧. વાણિજ્યના પ્રાધ્યાપક : શ્રી. પી. એચ. પંડ્યા : બી.કૉમ. પાસ વર્ગ, એમ. કૉમ. બીજો વર્ગ તથા પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ. નિયમ મુજબ એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.

૨. એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક : શ્રી. રિંદાણી : બી.કૉમ. બીજો વર્ગ તથા સી. એ. છે. સાત વર્ષની પ્રેક્ટિસ છે તથા એક વર્ષનો શૈક્ષણિક અનુભવ છે.

૩. અંગ્રેજીના વ્યાખ્યાતા : શ્રી. એન. ડી. ઝાટ્રા : બી.એ. બીજો વર્ગ, એમ.એ. પાસ વર્ગ તથા એક વર્ષનો શૈક્ષણિક અનુભવ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. એચ. પંડ્યાને તથા શ્રી. એન. ડી. ઝાટ્રાને, અનુક્રમે વાણિજ્યના પ્રાધ્યાપક અને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે ફક્ત ચાલુ વર્ષ પૂરતા માન્ય કરવા અને સદરહુ કૉલેજના સત્તાવાળાઓને જણાવવું કે, જૂન, ૧૯૬૩થી જરૂરી લાયકાત ધરાવનાર વ્યક્તિઓની આ જગાઓ પર નિમણૂક કરવી આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. રિંદાણીને એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા નહિ, અને તેમની જગ્યાએ યોગ્ય લાયકાત ધરાવનાર વ્યક્તિની તાકીદે નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજના સત્તાવાળાઓને જણાવવું.

૩૬. પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીના જોડાણ માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત:

(નોંધ.—વિનયન વિભાગ:

શરત ક્રમાંક ૨ (૩) : બી. એ. (રૂપે.)માં ઇતિહાસ શીખવવા માગતા નથી, તેથી તે અંગેની નિમણૂક તેમણે કરી નથી એમ તેઓ જણાવે છે.

શરત ક્રમાંક ૨(૪) : અર્થશાસ્ત્ર માટે યુનિવર્સિટીએ નક્કી કરેલ લાયકાતનું ધોરણ ધરાવનાર પ્રાધ્યાપક મળ્યા નથી.

શરત ક્રમાંક ૨(૫) અને (૭) : અંગ્રેજીના એક વ્યાખ્યાતા નીમવાને બદલે ટચૂટર નીમ્યા છે, તેથી જૂના વ્યાખ્યાતા અને નવા ટચૂટરથી અંગ્રેજીના શિક્ષણનું કાર્ય ચાલશે.

શ્રી. સી. આર. પંડ્યાની વ્યાયામ શિક્ષક તરીકે નિમણૂક કરી છે, તેઓ નિયમ મુજબ લાયકાત ધરાવતા નથી. તેઓએ દ્વિતીય વર્ષ વિનયન, રાજપીપળાનો સી.પી.એડ. તથા મુંબઈ વિદ્યાપીઠની "સાહિત્ય સુધાકર" પરીક્ષા પસાર કરી છે. તેઓ કહે છે કે તે બી.એ. સમકક્ષ છે.

શરત ક્રમાંક ૩ : વિનયન વિભાગ માટે કુલ રૂા. ૬૦૦૦નાં પુસ્તકોની શરત પૈકી લગભગ રૂા. ૨,૪૦૦નાં પુસ્તકો કૉલેજમાં આવ્યાં છે. બાકીનાં પુસ્તકો માટે ઑર્ડર મૂકેલો છે, અને તે એકાદ માસમાં કૉલેજમાં પહોંચશે એમ જાણવા મળે છે.

વિજ્ઞાન વિભાગ:

શરત ક્રમાંક ૨ : રૂા. ૭૫,૦૦૦નાં લેબોરેટરીનાં સાધનોની શરત અંગે નીચે મુજબ પરિસ્થિતિ છે: (૧) રૂા. ૨૫,૦૦૦નાં સાધનો વસાવ્યાં છે, (૨) બીજાં રૂા. ૧૦,૦૦૦નાં સાધનો આવશે, અને (૩) આ ઉપરાંત નવા મકાનમાં રૂા. ૧૫ થી ૨૦ હજાર સુધીનું ફરનિચર ચાલુ વર્ષ માટે વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં, ઉપરનાં સાધનો પર્યાપ્ત છે તેમ તેઓ જણાવે છે. પરંતુ જરૂર જણાય તો પૂરો ખર્ચ કરવાની તેમની તૈયારી છે.

શરત ક્રમાંક ૩(૫)(૮) અને (૯) : અંગ્રેજી, હિંદી અને ગુજરાતીના વ્યાખ્યાતા તથા ફિઝિકલ ટ્રેનિંગ ઇન્સ્ટ્રક્ટર માટે વિનયનનો સ્ટાફ કામ કરશે એમ તેઓ જણાવે છે; પરંતુ આ પૈકી અંગ્રેજીના વ્યાખ્યાતા નીમ્યા નથી, તેમ જ ફિઝિકલ ટ્રેનિંગ ઇન્સ્ટ્રક્ટર જરૂરી લાયકાત ધરાવતા નથી.

શરત ક્રમાંક (૪) : વિજ્ઞાન વિભાગ માટે રૂા. ૫,૦૦૦નાં પુસ્તકો પૈકી રૂા. ૧,૪૦૦નાં પુસ્તકો કૉલેજમાં આવી ગયાં છે. બાકીના રૂા. ૩,૬૦૦નાં પુસ્તકોનો ઑર્ડર મૂકેલો છે અને એકાદ માસમાં આવી જશે એમ જાણવા મળે છે.

આ સિવાય અન્ય શરતોનું પરિપાલન થયેલું છે.)

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના અર્થશાસ્ત્ર (સ્પેશિયલ)ના વિષયના જોડાણ માટે ભલામણ કરવી નહિ તથા તે વિષયમાં કોઈ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ તેમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૨. આથી ઠરવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન અંગ્રેજીના લેક્ચરરને બદલે ટ્યૂટરની નિમણૂકને, તથા વ્યાયામશિક્ષક તરીકે શ્રી. સી. આર. પંડ્યાની નિમણૂકને ચલાવી લેવી, પણ જૂન, ૧૯૬૩થી તે જગ્યાઓએ યોગ્ય લાયકાત ધરાવનાર વ્યક્તિઓની નિમણૂક કરવી આવશ્યક રહેશે એમ સદરહુ કૉલેજના સત્તાવાળાઓને જણાવવું.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિભાગ માટે બાકી રહેલાં રૂા. ૨,૪૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદાઈ ગયાં છે કે કેમ તેની ખાતરી કરાવવા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, પ્રયોગશાળા માટે, શરતોમાં જણાવ્યું છે તે પ્રમાણે, રૂા. ૬૫,૦૦૦નાં સાધનો વસાવવાં જરૂરી છે એમ સદરહુ કૉલેજના સત્તાવાળાઓને જણાવવું.

૫. આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિભાગ માટે બાકી રહેલા રૂા. ૩,૬૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદાઈ ગયાં છે કે કેમ તેની ખાતરી કરાવવા માટે કૉલેજના આચાર્યને જણાવવું.

૩૭. જે સંલગ્ન કૉલેજોનું ૧૯૬૩-૬૪ના શૈક્ષણિક વર્ષ દરમિયાન દ્વિતીય વર્ષ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યનું જોડાણ ચાલુ રહે છે, તે અંગે અભ્યાસક્રમ માટે જોડાણ માગવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજોને નવા ત્રિવાર્ષિક અભ્યાસક્રમના અમલના સંદર્ભમાં જોડાણ માટે તા. ૧૫મી સપ્ટેંબર, ૧૯૬૨ સુધીમાં અરજી કરવા માટે ઘટતા પત્રો લખવા.

૩૮. ફર્સ્ટ, સેકન્ડ અને ફાઈનલ બી.એ.એમ.એસ.ના નવા અભ્યાસક્રમ જૂન, ૧૯૬૧થી શરૂ થતા સત્રથી ત્રણેય પરીક્ષા માટે અમલમાં આવતા હોઈ જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા લેવી કે કેમ, તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ, સેકન્ડ અને ફાઈનલ બી.એ.એમ.એસ.ના જૂના અભ્યાસ-ક્રમ પ્રમાણેની પરીક્ષાઓ વધુ બે વખત (two trials) લેવાનું રાખવું.

૩૯. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-બોટાની તરીકે કામ કરતાં શ્રીમતી એસ. આર. દેસાઈ તા. ૧-૮-૧૯૬૨થી તા. ૩૧-૭-૧૯૬૩ સુધી અભ્યાસ-રજા (Study leave) (કપાતે પગારે) રજા પર હોવાથી તેઓની જગાએ હાલમાં ડેમોન્સ્ટ્રેટર-ઇન-બોટાની તરીકે કામ કરતાં કુ. ઉષા એચ. આચાર્યને તેઓની જગ્યાએ નીમવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૫-૬-૧૯૬૨ના પત્રાંક એસસીઆઇ. આઇ. ૩. ૧૪૦૧-૧૯૬૨, ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કુ. ઉષા એચ. આચાર્યને, કાર્યકારી ધોરણે (in acting capacity) તા. ૧૫-૩-૧૯૬૩ સુધી, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં બોટાનીનાં લેક્ચરર તરીકે નીમવાં.

૪૦. આથી પ્રકાશન વહીવટી સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, પ્રકાશનો અંગેનાં અંતિમ પ્રૂફ જોઈ જવાની જવાબદારી લેખક/અનુવાદકની રહેશે. આ અંગે નીચે પ્રમાણેનો પાઠ લેખક અથવા અનુવાદકના કરારનામામાં ઉમેરવો :

7-D :

It shall also be the responsibility of the writer/translator to correct, or get corrected by a competent person, the final proofs of the printed matter of the first edition and all subsequent editions; if any published during his life time.

In the event, however, the writer/translator failing to read the final proof, he shall agree to reimburse the publisher the cost of proof-reading.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૧. સીનિયર એમ.એ.ના વર્ગમાં અભ્યાસ કરતા શ્રી. એમ. પી. જયસિંઘાણીની ૧૯૬૨માં લેવાનાર બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષા માટે નામ નોંધવાની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિદ્યાર્થીને જુનિયર એમ.એ.નાં સત્રો ભરવાની સાથે સાથે ૧૯૬૨ની બી.એ. એક્ટર્નલ પરીક્ષા માટે નામ નોંધવાની પરવાનગી તા. ૭-૧૦-૧૯૬૧ના રોજ મળેલ સિન્ડિકેટે આપી હતી. તેઓ સદરહુ પરીક્ષામાં બેઠા નહોતા તે બાબતનો ખુલાસો મંગાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. જયસિંઘાણીને ૧૯૬૩માં બી.એ.ની પરીક્ષામાં એક્ટર્નલ વિદ્યાર્થી તરીકે બેસવાની પરવાનગી આપવી.

૪૨. સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭-૬-૧૯૬૨ની સભામાં પ્રી-યુનિવર્સિટી વિનયનની જૂના એટલે કે ૧૯૬૧-૬૨ના વર્ષમાં અમલમાં હતા તે અભ્યાસક્રમો પ્રમાણેની પરીક્ષાઓ કૉલેજમાં સત્રો રાખીને ભણેલા અને ફરીથી "એક્સ-સ્ટુડન્ટ્સ" તરીકે બેસવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે બે વર્ષ માટે એટલે કે માર્ચ, ૧૯૬૪ સુધી લેવાનું ઠરાવ્યું છે, તો આ વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૯૬૪માં ન લેતાં ઑક્ટોબર, ૧૯૬૨માં લેવા માટે મળેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરનું સૂચન મંજૂર કરવું નહિ.

૪૩. ઓવરહેડ ટાંકી માટેના કન્સલ્ટિંગ એન્જિનિયર ડૉ. રાસવિહારી એન. વકીલ સાથે કરવાનું કરારનામું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા કરારનામાના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૪. સને ૧૯૬૨ના માર્ચ-એપ્રિલ માસ દરમિયાન લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓમાં ગેરરીતિની અજમાયશ કરી હોય તેવા કેટલાક વિદ્યાર્થીઓના કેસો ઉપર વિચારણા કરવા તથા યંત્રથી થયેલ ભૂલો અંગે વિચારણા કરવા મળેલ તા. ૧૮-૭-૧૯૬૨ની પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૮-૭-૧૯૬૨ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

૪૫. બાંધકામ સમિતિની તા. ૯-૭-૧૯૬૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૯-૭-૧૯૬૨ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૬. પર્વતારોહણની પ્રવૃત્તિમાં ગુજરાતની જે ત્રણ બહેનોએ ઉચ્ચ પ્રકારની સિદ્ધિ હાંસલ કરી છે તેમને ઉત્તેજન આપવા અંગે ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૭. "ઑક્ટોબર ૧૯૬૧માં લેવાયેલ બીજી એલએલ.બી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૭ શ્રી. એચ. એલ. ઓઝાએ, સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં પહેલી તથા બીજી એલએલ.બી. પરીક્ષાના અભ્યાસક્રમ માટે ખોટી હાજરી પુરાવેલ તે બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૭-૪-૧૯૬૨ તથા ૧૬/૧૭-૬-૧૯૬૨ની સભામાં સદરહુ વિદ્યાર્થીને એલએલ.બી.ની પૂરવી આપવી નહિ તેમ ઠરાવેલ, તેના અનુસંધાનમાં શ્રી. એચ. એલ. ઓઝા તરફથી સદરહુ બાબતમાં પુનઃવિચારણા કરવાની વિનંતિ કરતા આવેલ તા. ૨૩-૬-૧૯૬૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. નીચે જણાવેલી કૉલેજોને જૂન, ૧૯૬૨થી જોડાણ માટે જાહેરનામાં બહાર પાડવા માટે રાજ્યસરકારને ભલામણ કર્યા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

કૉલેજનું નામ	વિષય
૧. પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ... પાટણ	બી.એ. (રૂપે.) માનસશાસ્ત્ર અને બીએસ.સી.માં ભૌતિકવિજ્ઞાન (મુખ્ય) અને વનસ્પતિવિજ્ઞાન (ગૌણ) માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૨ થી ૧૪-૬-૧૪ સુધી).

કૉલેજનું નામ		વિષય
૨. ડભોઈ આર્ટ્સ કૉલેજ, ડભોઈ	...	(૧) બી.એ. (સ્પે.)માં હિન્દી અને બી.એ. (જન.)માં સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર. (૨) દ્વિતીય વર્ષ વિનયનમાં સમાજશાસ્ત્ર અને ગણિત અને (૩) દ્વિતીય વર્ષ વિજ્ઞાન માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૩ સુધી).
૩. સર્વોદય એજ્યુ. સોસાયટી સંચાલિત કોમર્સ કૉલેજ, મોરબી	...	દ્વિતીય વર્ષ વાણિજ્ય માટે જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી તા. ૧૪-૬-૧૯૬૩ સુધી).
૪. ડી. વી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ (આર્ટ્સ કૉલેજ) સંખેડા	...	દ્વિતીય વર્ષ વિનયન માટે જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૩ સુધી).
૫. શ્રી. સોમનાથ કૉલેજ, વેરાવળ		દ્વિતીય વર્ષ વાણિજ્ય માટે ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી).
૬. આયુર્વેદ કૉલેજ, જામનગર		તૃતીય વર્ષ બી.એ.એમ.એસ. માટે ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૬૩ સુધી).
૭. એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા	...	બી.એ. (સ્પે.) (જન.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર, બી.એ. (જન.)માં હિન્દી અને માનસશાસ્ત્ર અને બી.એસ.સી. (મુખ્ય અને ગૌણ)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (ગૌણ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિ વિજ્ઞાન અને ગણિત માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી).
૮. એમ. પી. શાહ મ્યુનિ. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર	...	પ્રથમ વર્ષ એલએલ.બી. માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૩ સુધી).
૯. મોડાસા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, મોડાસા	...	બી.એસસી. (મુખ્ય)માં રસાયણવિજ્ઞાન અને ગણિત, અને બી.એસસી. (ગૌણ)માં ભૌતિકવિજ્ઞાન માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી તા. ૧૪-૬-૧૯૬૩ સુધી).
૧૦. ભાવનગર એજ્યુકેશન સંચાલિત લૉ કૉલેજ, ભાવનગર.	...	પ્રથમ અને દ્વિતીય વર્ષ એલએલ.બી. માટે જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૩ સુધી).

કૉલેજનું નામ	વિષય
૧૧. સરદાર વલ્લભભાઈ રિજિયોનલ કૉલેજ... ઑફ એન્જિનિયરિંગ ઍન્ડ ટેકનોલોજી, સુરત	પ્રથમ વર્ષ એન્જિનિયરિંગ માટે ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ એન્જિનિયરિંગ માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૩ સુધી).
૧૨. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, ... અમદાવાદ	(૧) ...(રૂપે. અને જન.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન "બી" (માનસશાસ્ત્ર) અને હિન્દી તથા બી.એ. (જન.)માં રાજ્યશાસ્ત્ર માટે ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૭ સુધી). (૨) બી.એ. (જન.)માં સ્ટેટિસ્ટિકલ મેથડ માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી).
૧૩. શ્રીમતી બી. સી. જલુંધવાળા સાયન્સ... કૉલેજ, ખંભાત	(૧) દ્વિતીય વર્ષ વિજ્ઞાન માટે ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી). (૨) બી.એસસી. (મુખ્ય)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (ગૌણ)માં ભૌતિકવિજ્ઞાન માટે વધારાનું જોડાણ (તા. ૧૯-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી).
૧૪. સિટી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (રૂપે. અને જન.)માં હિન્દી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને માનસશાસ્ત્ર અને બી.એ. (જનરલ)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, અને સ્ટેટિસ્ટિકલ મેથડ્સ અને બી.કૉમ.માં બૅન્કિંગ અને એકાઉન્ટિંગ માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી).
૧૫. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, ... અમદાવાદ	(૧) બી.એ. (રૂપે.)માં ગૃહવિજ્ઞાન, બી. એ. (રૂપે. અને જન.)માં ગુજરાતી, હિંદી અને તત્ત્વજ્ઞાન અને બી.એ. (જન.)માં ઇતિહાસ અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ માટે ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨થી ૧૪-૬-૧૯૬૫ સુધી). (૨) બી.એડ. અને ટી. ડી માટે ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨થી ૧૪-૬-૧૯૬૫ સુધી).

કૉલેજનું નામ		વિષય
૧૬. ઉપલેટા મ્યુનિ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઉપલેટા	...	(૧) દ્વિતીય વર્ષ વિનયન અને વાણિજ્ય માટે ચાલુ જોડાણ (૨) બી. એ. (રૂપે. અને જન.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત અને ગુજરાતી તથા બી. એ. અંગ્રેજી, હિન્દી, રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને સ્ટેટિસ્ટિકલ મેથડ્ઝ માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨થી ૧૪-૬-૧૯૬૪ સુધી).
૧૭. ન્યૂ સિટી લૉ કૉલેજ, અમદાવાદ	...	(૧) પ્રથમ અને દ્વિતીય વર્ષ એલએલ.બી માટે ચાલુ જોડાણ તા. ૧૫-૬-૧૯૬૨થી ૧૪-૬-૧૯૬૫ સુધી). (૨) લેબર લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ તથા ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસના ડિપ્લોમા માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૩ સુધી).
૧૮. કલોલ મ્યુનિ. આર્ટ્સ કૉલેજ, કલોલ	...	(૧) દ્વિતીય વર્ષ વિનયન માટે ચાલુ જોડાણ; (૨) બી એ. (રૂપે. અને જન.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર અને બી.એ. (જન.)માં સંસ્કૃત હિંદી અને અંગ્રેજી માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૪ સુધી).
૧૯. સંગીત, નૃત્ય, નાટચ મહાવિદ્યાલય, રાજકોટ		પ્રથમ વર્ષ નૃત્ય, નાટચ અને સંગીત માટે ચાલુ જોડાણ અને દ્વિતીય વર્ષ નૃત્ય, નાટચ અને સંગીત માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૩ સુધી).
૨૦. ભરૂચ જિલ્લા આદિવાસી સેવાસંઘ કેળવણી મંડળ, રાજપીપળા સંચાલિત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, રાજપીપળા	...	દ્વિતીયવર્ષ વિનયન અને વાણિજ્ય માટે જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૩ સુધી).
૨૧. એસ. જે. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિંહપુર	...	(૧) દ્વિતીય વર્ષ વિનયન અને વાણિજ્ય માટે ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી). (૨) બી.કૉમ.માં એકાઉન્ટ્સ તથા બી.એ. (રૂપે.)માં અર્થશાસ્ત્ર તથા બી એ. (જન.)માં અરેબિક, ગુજરાતી, સંસ્કૃત, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૩ સુધી).

કૉલેજનું નામ		વિષય
૨૨. નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદર	...	(૧) દ્વિતીય વર્ષ વાણિજ્ય તથા બી.એ. (સ્પે.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ.(જન.)માં અંગ્રેજી, ગુજરાતી, હિંદી, ઉર્દૂ, સંસ્કૃત, પ્રાકૃત, પર્શિયન, તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ, અર્વાચીન ભારત રાજ્યનીતિશાસ્ત્રનાં મૂળતત્ત્વો, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, અર્થશાસ્ત્ર, અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, અર્થ-શાસ્ત્રનો ઇતિહાસ, સમાજ અને સામાજિક ઉત્ક્રાંતિ, ભારતના આર્થિક પ્રશ્નો અને સામાન્ય સમાજશાસ્ત્ર માટે ચાલુ જોડાણ (૨) બી.કૉમ.માં એકાઉન્ટિંગ અને ઑડિટિંગ માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી).
૨૩. એન. કે. એમ. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, વલસાડ	...	બી.એ.(સ્પે. અને જન.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (જન.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને હિંદી; બી.એસસી. (મુખ્ય)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી.(ગૌણ)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિ-શાસ્ત્ર માટે ચાલુ જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી).
૨૪. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ અને શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	...	દ્વિતીય વર્ષ વિનયન અને વિજ્ઞાન માટે ચાલુ જોડાણ બી.એ.(સ્પે. અને જન.)માં ગુજરાતી અને બી.એ., (જન.)માં હિંદી, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, તત્ત્વ-જ્ઞાન, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને અંગ્રેજી તથા બી.એસસી. (મુખ્ય અને ગૌણ)માં રસાયણ-વિજ્ઞાન અને બી.એસસી. (ગૌણ)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિત માટે વધારાનું જોડાણ (તા. ૧૫-૬-૧૯૬૨ થી ૧૪-૬-૧૯૬૪ સુધી).

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૯. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પિલવાઈને સમાજશાસ્ત્રના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતા નહિ મળવાથી, તે વિષય માટેની ટ્યૂટરની કામચલાઉ નિમણૂક માન્ય કરવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં સમાજશાસ્ત્રના વિષયમાં લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક છે તેમ તે કૉલેજના આચાર્યને જણાવવું.

૫૩. ગ્રંથાલય સમિતિની તા. ૩-૯-૧૯૬૨ની સભાની નીચેની ભલામણ :

(અ) કામ નં. ૯ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ભવનોના જુદા જુદા વિષયો માટે પુસ્તકો ખરીદવા રૂ. ૨,૫૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે તેની નોંધ લેવા બાબત અને આ અંગે ગ્રંથાલયમાં કામચલાઉ વધારાનો સ્ટાફ નીમવા બાબત.

ઠરાવ નં. ૯ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ભવનોના જુદા જુદા વિષયો માટે પુસ્તકો ખરીદવા રૂ. ૨,૫૦,૦૦૦ની ગ્રાન્ટ મળી તેની નોંધ લેવામાં આવે છે. આ ગ્રાન્ટમાંથી પુસ્તકો જે તે ભવનના અધ્યક્ષની સંમતિથી ગ્રંથાલયે ખરીદવા અને ભવનમાં અધ્યક્ષની જરૂરિયાત પ્રમાણે આપવા. આ કામ અંગે નીચે મુજબ ગ્રંથાલયમાં વધારાનો કામચલાઉ સ્ટાફ ત્રીજી પંચવર્ષીય યોજનાના બાકી રહેલા સમય માટે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

૧. ટેક્નિકલ આસિસ્ટન્ટ	...	૧
૨. કારકુન	...	૨
૩. ટાઇપિસ્ટ	...	૧
૪. પટાવાળા	...	૧

આ ઉપરાંત ગ્રંથાલયના ઇસ્યુ વિભાગનું કામકાજ પ્રતિદિન વધતું જતું હોવાથી તે વિભાગ માટે પટાવાળાની કાયમી બે નવી જગ્યા ઊભી કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(બ) કામ નં. ૮ : ૧૯૬૨-૬૩ના વર્ષ દરમિયાન ગ્રંથાલય માટે પુસ્તકો ખરીદવા માટે બુક-એજન્ટો નીમવા બાબત.

ઠરાવ નં. ૮ : યુનિ.ની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૬૨-૬૩ના વર્ષ દરમિયાન નીચેના પુસ્તકવિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમજ માન્ય રાખેલી શરતો તથા દરોએ તા. ૩૧-૮-૧૯૬૩ સુધી યુનિવર્સિટી ગ્રંથાલય માટે પુસ્તકો મંગાવવાનું ઠરાવવામાં આવે છે :

૧. મેસર્સ ટુડે એન્ડ ટુમોરો બુક એજન્સી, મુંબઈ.
૨. મેસર્સ બુક સેન્ટર પ્રાઇવેટ લિ., મુંબઈ.
૩. મેસર્સ ઇન્ટરનેશનલ બુક હાઉસ પ્રાઇવેટ લિ., મુંબઈ.
૪. મેસર્સ બાલગોવિંદ કુબેરદાસની કું., અમદાવાદ.
(અંગ્રેજી ઉપરાંત હિંદી પુસ્તકો માટે)
૫. મેસર્સ ગુડ કમ્પેનિયન્સ, વડોદરા.
૬. મેસર્સ એચ. ઈચર, મુંબઈ.

૭. મેસર્સ આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી.
(અંગ્રેજી ઉપરાંત હિંદી પુસ્તકો માટે)

૮. મેસર્સ ઑક્ષફર્ડ યુનિવર્સિટી પ્રેસ, મુંબઈ.
(તેમનાં તથા જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમના પ્રકાશનો માટે)

૯. મેસર્સ ઓરિયેન્ટ લૉંગમેન્સ લિ., મુંબઈ.
(તેમનાં તથા જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમના પ્રકાશનો માટે)

૧૦. મેસર્સ ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ.

૧૧. મેસર્સ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ, મુંબઈ.
(કાયદાનાં પ્રકાશનો માટે)

૧૨. મેસર્સ કોઠારી બુક ડિપો, મુંબઈ.
(મેડિકલ પ્રકાશનો માટે)

૧૩. મેસર્સ ડબલ્યુ ડી. વિલીસ, મુંબઈ.
(જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)

૧૪. મેસર્સ મેકમિલન કંપની, મુંબઈ.
(જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)

૧૫. મેસર્સ સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.
(સંસ્કૃત, હિંદી અને ગુજરાતી પ્રકાશનો માટે)

૧૬. મેસર્સ મુનશીરામ મનોહરલાલ, દિલ્હી.
(હિંદી પ્રકાશનો માટે).

૧૭. મેસર્સ કેમ્બ્રિજ બુક સ્ટેશનરી સ્ટોર્સ, દિલ્હી.
(હિંદી પ્રકાશનો માટે).

પરંતુ અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જો પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવામાં ઉપરનાં કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં.

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલય સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની મુલતવી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૫૨. રાષ્ટ્રીય એકાત્મતા કેળવવાના એક પગલા તરીકે, યોગ્ય વિદ્યાર્થીઓને આંતરરાજ્ય શિષ્યવૃત્તિઓ આપવાની એક યોજના, રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે તે યોજના હેઠળ, રાજસ્થાન સરકાર પોતાના તરફથી આંકડાશાસ્ત્રના વિષયમાં એક, અને ભૌતિક-વિજ્ઞાનના વિષયમાં એક, એમ કુલ બે અનુસ્નાતક વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાર્થીઓ તરીકે મોકલવા ઇચ્છે છે, તો આ તબક્કે, ગુજરાત યુનિવર્સિટીએ

બે વિદ્યાર્થીઓને અનુસ્તાક વિદ્યાર્થીઓ તરીકે સ્વીકારશે કે કેમ, તે અંગે ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણખાતાના તા. ૩જી ઑગસ્ટ, ૧૯૬૨ના પત્રાંક એસસીએચ/૧૭૬૨/૫૫૦૨૭-બી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બે વિદ્યાર્થીઓને, જો તેમને પદવી પરીક્ષામાં પહેલો કે ઊંચા પ્રકારનો બીજો વર્ગ મળ્યો હોય તો તેમને આ યુનિવર્સિટીના અનુસ્નાતક વિદ્યાર્થીઓ તરીકે સ્વીકારવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૭૦૮૩૬/૧૯૬૨.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.

ઑગસ્ટ ૧૮, ૧૯૬૨.
શ્રાવણ ૨૭, ૧૮૮૪ (શક).

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૧૬

સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧૨-૭-૧૯૬૨ના રોજ બપોરના ચાર વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૪. ડૉ. જે. જે. દેસાઈ	હાજર
૫. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૬. શ્રી. ડી. એલ. શર્મા	ગેરહાજર.

૧. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૪-૧-૧૯૬૨ના પત્ર નં. એસસીઆઈ-૧-૪-૨૫૭-૬૨ પ્રમાણે વધારાના સ્ટાફની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવન માટે એક જુનિયર ક્લાર્ક (હિસાબ) અને એક ક્લાર્ક-ટાઇપિસ્ટની જગા યુનિવર્સિટીએ નક્કી કરેલા પગારધોરણ રૂા. ૫૫-૫-૧૧૦-૮-૧૫૦ ઈ.બી. ૧૦-૧૯૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૨. યુનિવર્સિટી પ્રેસમાં મંજૂર કરેલી આસિ. પ્રેસ-મૅનેજરની જગ્યા માટેની લાયકાતનું ધોરણ નક્કી કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આસિ. પ્રેસ-મૅનેજરની લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

"સ્નાતક અને સાત વર્ષનો ઑફિસ કામનો અનુભવ જેમાંથી ઓછામાં ઓછા ત્રણ વર્ષનો પ્રેસના-કામનો અનુભવ હોવો જોઈએ.

"અન્ડર ગ્રેજ્યુએટ અને દશ વર્ષનો ઑફિસ કામનો અનુભવ જેમાંથી ઓછામાં ઓછો પાંચ વર્ષનો પ્રેસ-કામનો અનુભવ હોવો જોઈએ."

૩. તા. ૨૪-૨-૧૯૬૨ના રોજ મળેલ સ્થાયી સમિતિના ઠરાવ પ્રમાણે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી તરફથી ટપાલની આવકજાવકના આંકડા મંગાવેલા તે અંગે તેઓના તા. ૨૯-૫-૧૯૬૨ના પત્ર નં. ૯૨૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનના કાર્યાલય માટે વધુ એક ક્લાર્ક-ટાઇપિસ્ટ અને વધુ એક સ્ટેનોગ્રાફરની નવી જગાઓ યુનિવર્સિટીએ નિયત કરેલા પગારધોરણ અનુક્રમે રૂા. ૫૫-૫-૧૧૦-૮-૧૫૦ ઈ.બી. ૧૦-૧૬૦ અને રૂા. ૧૨૦-૮-૨૦૦-૧૦-૨૨૦ ઈ.બી. ૧૦-૨૮૦માં ઊભી કરવી.

૪. કાર્યાલયમાં પ્રકાશન વિભાગ માટે એક ક્લાર્ક અને ક્લાર્ક-ટાઇપિસ્ટની વધારાની નવી જગા ઊભી કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, હાલ પ્રકાશન વિભાગ માટે કોઈ નવી જગા ઊભી કરવાની જરૂર જણાતી નથી.

૫. યુનિવર્સિટી કાર્યાલયમાં લિફ્ટ ચલાવવા માટે વ્યવસ્થા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, કાર્યાલયમાં લિફ્ટ ચલાવવા માટે વધુ એક પટાવાળાની જગા યુનિવર્સિટીએ નિયત કરેલા પગારધોરણ રૂા. ૩૦-૧-૪૫માં ઊભી કરવી. તે દરમિયાન આ કામ હાલના કોઈ પટાવાળાને સોંપવું અને તેમને તે માટે માસિક રૂા. ૫-૦૦નું વર્ક-એલાવન્સ આપવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૧

"શ્રી. સેવકલાલ રતનલાલ દેસાઈ સુવર્ણચંદ્રક" સંબંધમાં

૧. દાન કરનાર સભ્ય / સંસ્થાનું નામ : શ્રી. બટુભાઈ એચ. દેસાઈ,
રાયપુર, બહુઆની પોળ,
અમદાવાદ.

૨. દાનની રકમ તથા પ્રયોજન : રૂ. ૫,૦૦૦ રોકડા સુવર્ણચંદ્રક આપવા માટે.

૩. દાનનો પ્રકાર : એક સુવર્ણચંદ્રક.

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૧૬-૪-૧૯૬૦ની સભામાં કામકાજ નં. ૬૯ તથા તા. ૧૬-૭-૧૯૬૦ની સભાના કામકાજ નં. ૩૪ તથા તા. ૨૮-૪-૧૯૬૨ની સભાના કામકાજ નં. ૨૯થી મંજૂર કર્યું છે.

નિયમો

૧. "શ્રી. સેવકલાલ રતનલાલ દેસાઈ સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂ. ૧૮૦નો એક સુવર્ણચંદ્રક દર વર્ષે જે વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સિટીની માર્ચ/એપ્રિલમાં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયન (પ્રી-યુનિ. આર્ટ્સ) પરીક્ષામાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેને એનાયત કરવામાં આવશે.

૨. સુવર્ણચંદ્રક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે.

૩. સુવર્ણચંદ્રક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ આવશે નહિ.

૪. આ પ્રીતિદાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. આ પ્રીતિદાનની વાર્ષિક આવકમાંથી બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ગ" (૧)
કામકાજ કમાંક ૨૨

"શ્રીમતી મૂળીબા પ્રાણલાલ જેતલી ગૃહવિજ્ઞાન સુવર્ણચંદ્રક"

૧. દાન કરનારનું નામ : રાવબહાદુર શ્રી. છગનલાલ પ્રાણલાલ જેતલી, બી.એ., ૩૭, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

૨. દાનની રકમ : રૂા. ૬,૦૦૦ની ઇન્ડિયા ગવર્નમેંટની ૩ ટકાની ૧૯૮૬ની કન્વરઝન લોન.

૩. દાનનો પ્રકાર : એક વાર્ષિક સુવર્ણચંદ્રક.

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૯-૯-૧૯૬૧ અને ૧૬-૬-૧૯૬૨ની સભામાં કામકાજ નં. ૩૮ તથા ૩૩થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "શ્રીમતી મૂળીબા પ્રાણલાલ ગૃહવિજ્ઞાન સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂા. ૧૭૦નો એક વાર્ષિક સુવર્ણચંદ્રક દર વર્ષે જે વિદ્યાર્થિની બી.એ.ના ગૃહવિજ્ઞાનના ૮૦૦ ગુણાંકના પ્રશ્નપત્રોમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણાંકથી બીજા વર્ગમાં ઉત્તીર્ણ થાય તેને એનાયત કરવામાં આવશે.

૨. સુવર્ણચંદ્રક વિજેતાનું નામ બી.એ.ની પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે.

૩. સુવર્ણચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. સુવર્ણચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને અર્પણ કરવામાં આવશે.

૫. ઉપરનો સુવર્ણચંદ્રક આપતાં જે બચત રહે તે મૂળ પ્રીતિદાનની રકમમાં ઉમેરવામાં આવશે.

૬. આ પ્રીતિદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત કરીને યુનિવર્સિટીના ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "ગ" (૨)
કામકાજ ક્રમાંક ૨૨

"શ્રીમતી હીરાલક્ષ્મી છગનલાલ જેતલી સુવર્ણચંદ્રક"

૧. દાન કરનારનું નામ : રાવબહાદુર શ્રી. છગનલાલ પ્રાણુલાલ જેતલી, બી એ.
૩૭, પ્રીતમનગર, એલિસબ્રિજ,
અમદાવાદ-૬.

૨. દાનની રકમ : રૂા. ૬,૦૦૦ની ઇન્ડિયા ગવર્નમેંટની ત્રણ ટકાની ૧૯૮૬ની કન્વરઝન લોન.

૩. દાનનો પ્રકાર : એક વાર્ષિક સુવર્ણચંદ્રક.

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૯-૯-૧૯૬૧ અને ૧૬-૬-૧૯૬૨ની સભામાં કામકાજ નં. ૩૮ તથા ૩૩થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "શ્રીમતી હીરાલક્ષ્મી છગનલાલ જેતલી સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂા. ૧૭૦નો એક વાર્ષિક સુવર્ણચંદ્રક દર વર્ષે બી.એ.ના (૧) સ્પેશિયલ સંસ્કૃત, (૨) સ્પેશિયલ ગુજરાતી, (૩) એન્ટાયર સાયકોલોજી; અને (૪) એન્ટાયર ફિલોસોફી વિષયો રાખી પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થિનીઓ પૈકી જે વિદ્યાર્થિની સૌથી વધારે ગુણાંક મેળવી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થાય તેને એનાયત કરવામાં આવશે. પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીના અભાવે, બીજા વર્ગમાં ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણાંકથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિનીને એનાયત કરવામાં આવશે.

૨. સુવર્ણચંદ્રક વિજેતાનું નામ બી.એ.ની પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે.

૩. ઉપરનો સુવર્ણચંદ્રક આપતાં જે બચત રહે તે મૂળ દાનની રકમમાં ઉમેરવામાં આવશે.

૪. આ દાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના ફંડમાં લઈ જવામાં આવશે.

૫. સુવર્ણચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૬. સુવર્ણચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને અર્પણ કરવામાં આવશે.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૨૭

ARTICLES OF AGREEMENT made the day of 196 between the Vice-Chancellor of the Gujarat University, Ahmedabad-9. Here inafter called "The Employer") on the one part and _____ _____of (or whose Registered Office is situated at)_____ _____(Thereinafter called "the Contractor") on the other part.

WHEREAS the Employer is desirous for the work of construction of two Roads: (1) Road from open-air-theatre to grid pylon passing parallel to grid line; (2) Road from Pharmacy bus-stand to Cinder Truck via Health Centre & Hostel for Men students, at Gujarat University Campus, Ahmedabad-9, and has caused drawings and a specification describing the work to be executed prepared by the Gujarat University and the same and the bills of quantities have been signed by or on behalf of the parties hereto.

AND WHERES the Contractor has agreed to execute upon the subject of the conditions hereinafter set forth (and referred to as "the said Conditions") the works shown upon the said drawings and described in the Specification and the said bills of quantities and rates as shown in the tender accepted by the University (hereinafter referred to as "the Contract Works") for the sum of Rs. (hereinafter referred to as "the Contract Sum").

NOW IT IS HEREBY AGREED AS FOLLOWS

1. In consideration of the Contract Sum to be paid by the Employer at the times and in the manner set forth in the said conditions the Contractor will upon and subject to the said conditions execute and complete the Contract Works.

2. The Employer will pay the contractor the Contract Sum or such other sum as shall become payable hereunder at the times and in the manner in the said conditions set forth.

3. The work will be supervised by the supervisory staff of the University and the final authority regarding technical matters shall be vested with the University Engineer. The contract shall carry out the entire work as directed by the University Engineer.

4. The said conditions and Appendix thereto shall be construed as forming part of this contract and the parties hereto respectively shall abide by and observe, perform and comply with the terms stipulations and agreements therein contained and on their part to be observed performed and complied with respectively.

As witness our hands this day of 1962.

Signed by the said Vice-Chancellor
in the presence of Employer
Shri
Address & occupation

Sign by the said contractor
in the presence of Contractor
Shri
Address & Occupation

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૨૮

સેનેટે સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ, નવી કૉલેજોનાં જોડાણ અંગે પ્રમાણિત મુસદ્દો તૈયાર કરવા અંગેના રિપોર્ટ પર, વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિએ કરેલા રિપોર્ટ પર સિન્ડિકેટે તેની તા. ૪-૮-૧૯૬૨ના રોજ મળેલી સભામાં ચર્ચાવિચારણા કરી, તેમાં સુધારાવધારા સાથે નીચે મુજબનો રિપોર્ટ સેનેટ સમક્ષ રજૂ કરવા માટે મંજૂર કર્યો હતો :

૧. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં કૉલેજોનાં જોડાણ અંગે સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓમાં નીચેની સૂચના ઉમેરવી :

"કોઈ પણ તાલુકામાં કોઈ પણ એક વિદ્યાશાખાવાળી કૉલેજમાં ૩૦૦, અને બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં ૫૦૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓ દાખલ થયા ન હોય ત્યાં સુધી તે વિદ્યાશાખાની અથવા વિદ્યાશાખાઓની બીજી કૉલેજની જરૂરિયાત નિરીક્ષણ-સમિતિએ સ્વીકારવી નહિ."

(નોંધ.—જે તાલુકામાં કૉલેજ પહેલી જ વાર સ્થપાતી હોય ત્યાં પણ પાસેના તાલુકાની કૉલેજ અને નવી સ્થપાનારી કૉલેજ વચ્ચે જ્યાં પાંચ માઈલનું અથવા તેથી ઓછું અંતર હોય ત્યાં પણ ઉપરનો જ નિયમ લાગુ પાડવો.)

૨. એક લાખ કે તેથી વધુ વસ્તીવાળાં શહેરોમાં જોડાણ ધરાવનારી કોઈ પણ ચાલુ સંસ્થા તે એક વિદ્યાશાખાવાળી હોય તે દાખલામાં ૫૦૦, અને બે વિદ્યાશાખાવાળી હોય તે દાખલામાં ૭૫૦ની વિદ્યાર્થી-સંખ્યા ધરાવતી ન હોય ત્યાં સુધી એ જ વિદ્યાશાખા અથવા વિદ્યાશાખાઓવાળી નવી સંસ્થાની આવશ્યકતા સ્વીકારવી નહિ.

(નોંધ.—(૧) વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને, જેવી કે, અધ્યાપન કૉલેજને આ નિયમ લાગુ પડશે નહિ.

(૨) સ્ત્રી-શિક્ષણની ચાલુ સંસ્થા એક વિદ્યાશાખાવાળી હોય તે દાખલામાં ૩૦૦, અને બે વિદ્યાશાખાવાળી હોય તે દાખલામાં ૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી હોય તો સ્ત્રી-શિક્ષણની નવી સંસ્થાની આવશ્યકતા સ્વીકારી શકાય.)

૩. (અ) પહેલો નિયમ લાગુ પડે તેવી ગ્રામવિસ્તારની સંસ્થાઓ માટે, અરજી કરતી વેળા, ઓછામાં ઓછા રૂા. ૧,૦૦,૦૦૦ની અસ્કયામત અને અથવા રોકડ રકમ તેને ખાતે જમા હોય એ જોડાણ માટે આવશ્યક ગણાશે અને સ્થાનિક તપાસસમિતિ તપાસ માટે આવે તે વખતે તેને તેની ખાતરી કરાવવી જોઈશે.

(બ) બીજો નિયમ લાગુ પડે તેવી નગર-વિસ્તારની સંસ્થાઓ માટે, અરજી કરતી વેળાએ, ઓછામાં ઓછા રૂા. ૧,૫૦,૦૦૦ની અસ્કયામત અને અથવા રોકડ રકમ તેને ખાતે જમા હોય એ જોડાણ માટે આવશ્યક ગણાશે અને સ્થાનિક તપાસસમિતિ તપાસ માટે આવે તે વખતે તેને તેની ખાતરી કરાવવી જોઈશે.

૪. (અ) નવી કૉલેજ માટે જોડાણ માગનાર, વિનયન કે વાણિજ્યની એક જ વિદ્યાશાખા ધરાવતી કૉલેજ માટે, ચાલુ કે વધારાના જોડાણ માટેની નવી અરજી કરતી વખતે, ચાલુ ખર્ચ માટે ઓછામાં ઓછા રૂા.૧,૦૦,૦૦૦ની જોગવાઈ, ઉપર નં.૩માં જણાવેલી જોગવાઈ ઉપરાંત રાખેલી હોવી જોઈએ.

(બ) જે સંસ્થામાં વિનયન અને અથવા વાણિજ્યની સાથે વિજ્ઞાનની વિદ્યાશાખાનો અભ્યાસક્રમ શીખવવાની પણ વ્યવસ્થા કરવાની હોય તે સંસ્થા માટે, ચાલુ ખર્ચની જોગવાઈ માટેની રકમ, ઓછામાં ઓછા રૂા. ૧,૫૦,૦૦૦ની રાખવી.

૫. કોઈ પણ નવી સંસ્થા માટે, તે એક વિદ્યાશાખાવાળી હોય તો પ્રથમ વર્ષમાં ૮૦ વિદ્યાર્થીઓ, અને બે વિદ્યાશાખાની હોય તો ૧૫૦ વિદ્યાર્થીઓ જોડાવાની શક્યતા સંચાલકોએ પુરવાર કરવાની રહેશે.

(**નોંધ.**—વિશિષ્ટ શિક્ષણની સંસ્થાને, જેવી કે, અધ્યાપન કૉલેજને, આ નિયમ લાગુ પડશે નહિ.)

૬. કોઈ પણ નવી સંસ્થાના જોડાણ માટેની અરજી સાથે યુનિવર્સિટીમાં રૂા. ૧,૦૦૦ની અનામત મૂકવાની રહેશે. જોડાણ આપવાની ભલામણ જેની બાબતમાં થયેલી હોય અથવા તે માટેની કારવાઈ ચાલતી હોય તે દરમિયાન જોડાણ અંગેની શરતો નહિ પાળનાર અથવા તો જોડાણ માટેની અરજી પાછી ખેંચનાર, અથવા તો જોડાણ આપ્યા છતાં અસ્તિત્વમાં નહિ આવનાર સંસ્થાની અનામત રકમ જપ્ત કરવામાં આવશે.

૭. સંસ્થા શરૂ થયા પછી ત્રણ વર્ષના ગાળામાં કૉલેજ માટેનું મકાન અને આચાર્યનું નિવાસસ્થાન, તેમ જ છાત્રાલયની વ્યવસ્થા જોડાણ મેળવનાર સંસ્થાએ પૂરી કરી આપવી પડશે.

૮. જોડાણ મેળવનાર દરેક કૉલેજને માટે રમતગમતના મેદાનની જોગવાઈ કરવી ફરજિયાત ગણાશે.

૯. હાલ જે કૉલેજોને જોડાણ આપવામાં આવ્યું હોય તે પૈકીની જે કૉલેજો ઉપરનાં ધોરણોને અનુસરતી આર્થિક તેમ જ અન્ય સગવડો ધરાવતી ન હોય તેમણે ત્રણ વર્ષની મુદતમાં તે પૂરી કરી આપવી.

૧૦. કોઈ પણ ચાલુ કૉલેજ નિયમ ૧ અને ૨માં દર્શાવેલી લઘુતમ વિદ્યાર્થી-સંખ્યા પોતાની સ્થાપના પછીનાં પાંચ વર્ષને અંતે પણ મેળવી શકી ન હોય તો તે વિસ્તારમાં નવી સંસ્થા ખોલવા દેવાની છૂટ આપી શકાશે.

૧૧. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઊંડી તપાસ કરીને ખાતરી કરવી જોઈશે, તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે.

પરિશિષ્ટ "છ" (૧)
કામકાજ ક્રમાંક ૩૩

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂની વિષયક (Legal) સમિતિની એક સભા તા. ૨૦-૭-૧૯૬૨ને શુક્રવારના રોજ સાંજના ૫-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૪. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૫. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર

ઉપકુલપતિશ્રીએ સભાનું પ્રમુખસ્થાન સંભાળ્યું હતું.

૧. બી.એ. ડિગ્રી એક્સ્ટર્નલ પરીક્ષા, ૧૯૬૧ના તપાસ હેઠળના કેસો પૈકી નીચે દર્શાવેલ બેઠક નંબરવાળા વિદ્યાર્થીઓએ તેમની રજિસ્ટ્રેશનની અરજીમાં રહેઠાણ અંગે ખોટાં સરનામાં આપેલ છે, તે દર્શાવતો તા. ૨૯-૧-૧૯૬૨નો પત્ર ડી. આઈ જી. પી., સી. આઈ. ડી.નો હેવાલ આવેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

નં. ૩૭૨૦, ૩૮૩૮, ૪૩૦૩, ૪૨૯૩, ૪૩૦૨, ૪૩૦૦, ૩૮૯૬, ૩૭૧૩, ૪૨૯૨, ૩૭૨૨, ૩૭૩૭, ૩૭૦૭, ૪૧૬૪, ૪૧૬૨, ૪૧૭૨, ૪૦૬, ૪૧૬૫, ૨૮૯૧ અને ૪૨૪૮.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિદ્યાર્થી નં. ૩૭૨૦, ૩૮૩૮, ૪૨૯૩, ૪૩૦૨, ૪૩૦૦, ૩૮૯૬, ૩૭૧૩, ૪૨૯૨, ૩૭૨૨, ૩૭૩૭, ૩૭૦૭, ૪૧૬૪, ૪૧૬૨, ૪૦૬, ૪૧૬૫, ૨૮૯૧ અને ૪૨૪૮નાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં. તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા વગેરેની ફી જપ્ત (forfeit) કરવી તથા તેમનાં પરિણામ રદ થયેલાં ગણવાં.

વિદ્યાર્થી નં. ૪૧૭૨ અને ૪૩૦૩ બાબતમાં વધુ પત્રવ્યવહાર કરીને માહિતી મંગાવવી.

૨. બી.એ. ડિગ્રી એક્સ્ટર્નલ પરીક્ષા ૧૯૬૧ના તપાસહેઠળના રાજકોટ જૂથના વિદ્યાર્થી શ્રી. શર્મા જગદીશપ્રસાદનું તેમની રજિસ્ટ્રેશનની અરજીમાં રહેઠાણ અંગેનું વિધાન ખોટું છે એમ પોલીસનો અહેવાલ છે. તદુપરાંત આ ભાઈ નિયમ મુજબ રજિસ્ટ્રેશનની અરજીની તારીખથી સતત ૭ માસ જૂના મુંબઈ રાજ્યમાં રહ્યા નથી તેમ તપાસમાં જણાયું છે. તો તેમના રજિસ્ટ્રેશનના પરિણામ વગેરે બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા વગેરેની ફી જપ્ત (forfeit) કરવી તથા તેમનું પરિણામ રદ થયેલું ગણવું.

૩. બી.એ. ડિગ્રી એક્સ્ટર્નલ પરીક્ષા, ૧૯૬૧ના તપાસહેઠળના વિદ્યાર્થી શ્રી. ચૌહાણ ટી. એસ.એ તેમની રજિસ્ટ્રેશનની અરજીમાં રહેઠાણ બાબતનું ખોટું સરનામું આપેલ છે તેમ જ તેમની માતૃભાષા ગુજરાતી નહિ પણ હિંદી છે તેમ પોલીસની તપાસમાં જણાયું છે, તો તેમના રજિસ્ટ્રેશનના પરિણામ વગેરે બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે. આ વિદ્યાર્થી જેમને ત્યાં રહેતા હતા તેમને સદરહુ વિદ્યાર્થીની માતૃભાષા તથા રહેઠાણની બાબતમાં પુછાવવું. વિદ્યાર્થીને પણ પોલીસરિપોર્ટના આધારે માતૃભાષા અંગે પુછાવવું.

૪. બી.એ. ડિગ્રી એક્સ્ટર્નલ પરીક્ષા, ૧૯૬૧ના તપાસહેઠળના વિદ્યાર્થી શ્રી. કુમાર સુભદેવે રજિસ્ટ્રેશનની અરજીમાં રહેઠાણ બાબતનું ખોટું વિધાન કરી રજિસ્ટ્રેશન મેળવેલ છે. તો તેમના રજિસ્ટ્રેશન, પરિણામ વગેરે બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું, તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા વગેરેની ફી જપ્ત (forfeit) કરવી તથા તેમનું પરિણામ રદ થયેલું ગણવું.

૫. ઑક્ટોબર, ૧૯૫૯ની સિન્ડિકેટના ઠરાવ પ્રમાણે યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રો છાપવાની બાબતમાં મેસર્સ પોપ્યુલર બુક સ્ટૉર્સે યુનિવર્સિટીના કૉપીરાઈટના હકનો ભંગ કરવા બદલ જાહેર દિલગીરી વર્તમાનપત્રોમાં દર્શાવેલ, છતાં ફરીથી તેને ૧૯૬૦નાં બી કૉમનાં એકાઉન્ટન્સીનાં પ્રશ્નપત્રો છાપીને ફરીથી યુનિવર્સિટીના કૉપીરાઈટનો ભંગ કર્યો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ બાબતમાં યુનિવર્સિટીના કૉપીરાઈટના હકનો ભંગ કરવા બદલ મેસર્સ પોપ્યુલર બુક સ્ટૉર્સને નુકસાની માટે નોટિસ આપવી.

૬. સિન્ડિકેટે તેની તા. ૭-૧૦-૧૯૬૧ની સભામાં કામકાજ નં. ૭૨થી નીચેની બાબત આ સમિતિને અભિપ્રાય માટે મોકલાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઈઝ યુનિયનના ઑનરરી જનરલ સેક્રેટરી તરફથી વર્કસ કમિટી માટે તેમણે સૂચવેલાં નામોની યાદી તથા તે કમિટીની સભા બોલાવવા તેમના તા. ૩૦-૯-૧૯૬૧ના કાગળ ઉપર વિચારણા કરવા બાબત."

આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૭. શ્રી. કૃષ્ણ રંગનાથ મુચોલકર તરફથી ગુજરાત યુનિવર્સિટી તથા ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરવામાં આવેલ રિટ અરજી બાબતમાં બચાવ કરવા માટે રોકવામાં આવેલ સ્થાનિક ધારાશાસ્ત્રીઓ શ્રી. એચ. કે. ઠાકોર, તથા શ્રી. બી. જી. ઠાકોરને

નીમવામાં આવ્યા હતા તેમનું મહેનતાણું નક્કી કરવા બાબત. સિન્ડિકેટની તા. ૭-૪-૧૯૬૨ની સભામાં કામકાજ નં. ૩૫થી ઠરાવેલ છે કે સદરહુ બાબત અંગે સ્થાયી કાનૂન વિષયક (Legal) સમિતિનો અભિપ્રાય લઈને ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી. તો તે અંગે વિચારણા કરવા બાબત.

ગુજરાત હાઈકોર્ટમાં થયેલ મજબૂર રિટ અરજીના કેસ અંગે શ્રી. બી. જી. ઠાકોર તથા શ્રી. એચ. કે. ઠાકોર દરેકને રૂા. ૭૫૦ મહેનતાણાના આપવા તથા રૂા. ૭૦ ખર્ચના આપવા તેવી ભલામણ કરવામાં આવે છે.

૮. ૧૯૬૧ની બી.એ. ડિગ્રી એક્ઝટર્નલ પરીક્ષાના તપાસહેઠળના વિદ્યાર્થીઓ કે જેમનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ઠરાવવામાં આવેલ હોય, તેમનાં માઇગ્રેશન સર્ટિફિકેટ પરત કરવા બાબત.

It is recommended to the Syndicate that the Migration certificates of those persons whose Registration has been cancelled, be returned on request without prejudice to the result of inquiry if any regarding his application for Registration as an external student or any question arising therefrom. Further more an appropriate intimation be sent to the authority issuing his Migration Certificate.

૯. બી.એ. ડિગ્રી એક્ઝટર્નલ પરીક્ષા, ૧૯૬૧ના રજિસ્ટ્રેશન અંગેના રહેઠાણ બાબતની તપાસ હેઠળના કેસો પૈકી નીચે જણાવેલ નંબરવાળા વિદ્યાર્થીઓએ એક સરખી એફિડેવિટ પુરાવા તરીકે મોકલેલ, પરંતુ એફિડેવિટમાં તેઓ જુના મુંબઈ રાજ્યમાં સતત રહ્યા છે તેમ જણાવેલ નહિ હોવાથી તેઓને વ્યક્તિગત પત્રો લખવામાં આવ્યા હતા. હજુ સુધી તેમના તરફથી નવેસરથી એફિડેવિટ આવેલ નહિ હોવાથી તેમના કેસોની વિચારણા કરવા બાબત:

નંબર ૩૭૬૪, ૩૭૭૦, ૩૯૦૮, ૪૧૧૦, ૪૧૮૯, ૪૨૩૮, ૪૨૯૫, ૪૩૦૮, અને ૪૩૦૯.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરના નંબરવાળા દરેક વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું, તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા ફી વગેરે જપ્ત (forfeit) કરવી તથા તેમનાં પરિણામ રદ થયેલાં ગણવાં.

૧૦. બી.એ. ડિગ્રી એક્ઝટર્નલ પરીક્ષા ૧૯૬૧ના રજિસ્ટ્રેશન અંગેના રહેઠાણ બાબતની તપાસ હેઠળના કેસો પૈકી નીચે જણાવેલ નંબરવાળા વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન માટેના રહેઠાણ અંગેના પુરાવા મોકલવા વ્યક્તિગત પત્રો લખવામાં આવ્યા હતા. તેમના તરફથી હજુ સુધી કોઈ પણ જાતનો પુરાવો રજૂ કરવામાં આવેલ નહિ હોવાથી તેમના કેસોની વિચારણા કરવા બાબત:

નંબર ૮૧૨, ૩૭૧૫, ૩૭૧૭, ૩૭૫૯, ૩૮૯૭, ૩૮૯૯, ૪૨૨૧, ૪૨૯૪, ૪૩૦૫ અને ૪૩૧૦.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરના દરેક વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું, તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા ફી વગેરે જપ્ત (forfeit) કરવી તથા તેમનાં પરિણામ રદ થયેલાં ગણવાં.

૧૧. બી.એ. ડિગ્રી એક્ઝટર્નલ પરીક્ષા ૧૯૬૧ના રજિસ્ટ્રેશન અંગેના રહેઠાણ બાબતમાં તપાસ હેઠળના કેસો પૈકી નીચે જણાવેલ વિદ્યાર્થીઓને તેમના ખુલાસા મોકલવાનું જણાવવામાં આવેલ. સદરહુ વિદ્યાર્થીઓએ કોઈ પણ જાતનો ખુલાસો રજૂ કરેલ નહિ હોવાથી તેમના કેસોની વિચારણા કરવા બાબત :

(નોંધ.—આ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા છે :

નંબર ૩૭૪૫, ૩૭૬૯, ૩૯૦૧, ૪૨૯૬ અને ૪૩૦૭.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરના દરેક વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું, તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા ફી વગેરે જપ્ત કરવી.

૧૨. બી.એ. ડિગ્રી એક્ઝટર્નલ પરીક્ષા ૧૯૬૧ના રજિસ્ટ્રેશન અંગેની તપાસ હેઠળના વિદ્યાર્થી નં. ૧૯૨૮ અને ૧૯૩૦ બાબતમાં ડિવિઝનલ સુપ્રિન્ટેન્ડન્ટ, વેસ્ટર્ન રેલવે, જયપુરે તેમના તા. ૧૭-૫-૧૯૬૧ના પત્રમાં જણાવ્યા અનુસાર સદરહુ વિદ્યાર્થી તેમના રજિસ્ટ્રેશન અંગેની અરજીની તારીખ પહેલાંના સતત છ માસ સુધી જૂના મુંબઈ રાજ્યમાં રહ્યા હોય તેમ જણાતું નથી, તે આધારે તેમના રજિસ્ટ્રેશન અંગેના કેસ ઉપર વિચારણા કરવા બાબત :

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરના બંને વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં, તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા ફી વિગેરે જપ્ત (forfeit) કરવી તથા તેમનાં પરિણામ રદ થયેલાં ગણવાં.

૧૩. બી.એ. ડિગ્રી એક્ઝટર્નલ પરીક્ષા, ૧૯૬૧ના રજિસ્ટ્રેશન બાબતના રહેઠાણ અંગેની તપાસ હેઠળના કેસો પૈકી વિદ્યાર્થી નં. ૧૩૪૪ અને ૧૩૪૬એ તેમના ખુલાસામાં જણાવેલ છે કે તેઓને રહેઠાણ અંગેની શરતનું કડક પાલન કરવાનું હોય છે તેનો ખ્યાલ ન હોતો. તેઓએ નિયમ મુજબ જૂના મુંબઈ રાજ્યમાં જરૂરી વસવાટ કર્યો નથી તે આધારે તેમના કેસની વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થી નં. ૧૩૪૬ બાબતમાં ટ્રેઝરી ઑફિસરના તા. ૩-૬-૧૯૬૧ના પત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે સદરહુ વિદ્યાર્થી રજિસ્ટ્રેશન માટેના રહેઠાણના સમયમાં તેમને ત્યાં નોકરીમાં હતા અને લાંબી રજા ઉપર નહોતા.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ઉપરના બન્ને વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં, તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા ફી વગેરે જપ્ત (forfeit) કરવી તથા તેમનાં પરિણામ રદ થયેલાં ગણવાં.

૧૪. બી.એ. ડિગ્રી એક્ઝટર્નલ પરીક્ષા ૧૯૬૧ના રજિસ્ટ્રેશન અંગેના રહેઠાણ બાબતની તપાસ હેઠળના વિદ્યાર્થી નં. ૪૧૯૧એ તેઓએ રજિસ્ટ્રેશનની અરજીની પહેલાં સતત છ માસ સુધી જૂના મુંબઈ રાજ્યમાં વસવાટ કર્યો છે તે અંગે એફિડેવિટ પુરાવા તરીકે મોકલેલ તે ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિદ્યાર્થી બાબતમાં ફરિયાદમાં જણાવ્યા અનુસાર તેઓ રાજસ્થાનમાં નોકરી કરતા હતા. તેની તપાસ કરતાં તેઓ ઉપરોક્ત સમય દરમિયાન નોકરીમાં હતા નહિ તેમ જણાવે છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ વિદ્યાર્થીનું પરીક્ષાનું, પરિણામ જાહેર કરવું.

૧૫. બી.એ. ડિગ્રી પરીક્ષા એફ્સ્ટર્નલ ૧૯૬૧ના રજિસ્ટ્રેશન અંગેના રહેઠાણ બાબતની તપાસના વિદ્યાર્થી નં. ૩૩૩૭ જેઓએ રજિસ્ટ્રેશન માટે જૂના મુંબઈ રાજ્યમાં જરૂરી વસવાટ કર્યો નથી તેમ તેમના ખુલાસામાં જણાવેલ છે, તો તેમના રજિસ્ટ્રેશન અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું, તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા ફી વગેરે જપ્ત (forfeit) કરવી તથા તેમનું પરિણામ રદ થયેલું ગણવું.

૧૬. બી.એ. ડિગ્રી એફ્સ્ટર્નલ પરીક્ષા, ૧૯૬૧ના રજિસ્ટ્રેશન અંગેની તપાસ હેઠળના વિદ્યાર્થી શ્રી. શર્મા હીરાલાલે તેમના ખુલાસામાં જણાવેલ છે કે રજિસ્ટ્રેશન માટેના જરૂરી રહેઠાણ અંગેની શરતની ખબર તેઓને નહોતી જેનો પાછળથી ખ્યાલ આવવાથી પરીક્ષા માટે ફી મોકલેલ, પરંતુ આવેદનપત્ર મોકલેલ નહિ, તો તેમની રજિસ્ટ્રેશન તથા પરીક્ષા ફી પરત કરવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી સિન્ડકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું તથા રજિસ્ટ્રેશન ફી જપ્ત (forfeit) કરવી, પણ તેમણે ભરેલ પરીક્ષા ફી પરત કરવી.

બાકીની બાબતો સમયના અભાવે મુલતવી રાખવામાં આવી હતી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "છ" (૨)
કામકાજ ક્રમાંક ૩૩

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂન વિષયક (legal) સમિતિની એક સભા તા. ૨૫-૭-૧૯૬૨ને બુધવારના રોજ સાંજના ૪-૩૦ વાગે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. બચુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૪. શ્રી. ઘનશ્યામભાઈ સી. ઓઝા	ગેરહાજર
૫. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર

૧. બી.એ. ડિગ્રી એક્ઝૉર્નલ પરીક્ષા, ૧૯૬૧ના રજિસ્ટ્રેશનની તપાસ હેઠળના નીચે જણાવેલ નંબરવાળા વિદ્યાર્થીઓને તેમના જૂના મુંબઈ રાજ્યના જરૂરી વસવા'ટ અંગેના પુરાવા રજૂ કરવા પત્રો લખવામાં આવ્યા હતા, પરંતુ તેમના તરફથી કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી, તો તેમનાં રજિસ્ટ્રેશન અંગે વિચારણા કરવા બાબત :

નંબર ૪૧૫૮, ૪૧૮૫, ૪૨૦૫ અને ૪૨૩૭.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ તમામ વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં તથા તેમનાં પરિણામ રદ ગણવાં અને તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા વગેરેની તમામ ફી જપ્ત (forfeit) કરવી.

૨. બી.એ. ડિગ્રી એક્ઝૉર્નલ પરીક્ષા ૧૯૬૧ના રજિસ્ટ્રેશનની તપાસ હેઠળના નીચે જણાવેલ નંબરવાળા વિદ્યાર્થીઓએ તેમણે રજૂ કરેલા રહેઠાણ અંગેની એફિડેવિટમાં 'સતત' શબ્દ વાપર્યો નહિ હોવાથી નિયમાનુસાર નવેસરથી એફિડેવિટ મોકલવા જણાવેલ. સદરહુ વિદ્યાર્થીઓ તરફથી નવેસરથી એફિડેવિટ નહિ હોવાથી તેમના કેસો ઉપર વિચારણા કરવા બાબત :

નંબર ૪૨૦ અને ૩૩૫૫.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ બન્ને વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં તથા તેમનાં પરિણામ રદ ગણવાં અને તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા વગેરે તમામ ફી જપ્ત (forfeit) કરવી.

૩. બી.એ. ડિગ્રી એક્ઝ્ટર્નલ પરીક્ષા ૧૯૬૧ના રજિસ્ટ્રેશન અંગેની તપાસ હેઠળના કેસો પૈકીના નીચે જણાવેલ નંબરવાળા વિદ્યાર્થીઓને તેમના વસવાટ અંગેના પુરાવા મોકલવા પત્રો લખવામાં આવેલ. સદરહુ પત્રો ટપાલ ખાતા તરફથી પરત આવ્યા હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

નંબર ૭૧૭ અને ૩૨૬૦.

(નોંધ.—વિદ્યાર્થી નં. ૭૧૭ના રજિસ્ટર્ડ કવર ઉપર 'માલિક ચાલ્યા ગયાની' નોંધ ટપાલખાતા તરફથી કરવામાં આવી છે.

વિદ્યાર્થી નં. ૩૨૬૦ના રજિસ્ટર્ડ કવર ઉપર 'માલિક રાખવાની ના પાડે છે' તેવી નોંધ છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, બન્ને વિદ્યાર્થીઓનાં રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવાં, તેમનાં પરિણામ રદ ગણવાં તથા તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા ફી વગેરે જપ્ત (forfeit) કરવી.

૪. ૧૯૬૧ની બી.એ. ડિગ્રી એક્ઝ્ટર્નલ પરીક્ષાના રજિસ્ટ્રેશન અંગેની તપાસ હેઠળના વિદ્યાર્થી નં. ૪૨૨૯ બાબતમાં જે પુરાવા રજૂ કરવામાં આવ્યા છે તે આધારે તેમના કેસ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિદ્યાર્થીએ રજૂ કરેલ પુરાવા સંતોષકારક નહિ હોવાથી વધુ પુરાવો રજૂ કરવા એક છેલ્લી તક આપવી, તેમ જ જે ભાઈને ત્યાં આ વિદ્યાર્થી રહેતા હતા તેમને પણ આ ભાઈની રહેણાણ બાબતની માહિતી માટે ફરીથી લખવું.

૫. ૧૯૬૧ની બી.એ. ડિગ્રી એક્ઝ્ટર્નલ પરીક્ષાના રજિસ્ટ્રેશનની તપાસ હેઠળના વિદ્યાર્થી નં. ૪૧૯૮ની ઉત્તરવહીઓ રજૂ કરવામાં આવી છે. આ વિદ્યાર્થી બાબતમાં જે ખુલાસા રજૂ થયા છે તે આધારે તેમના કેસ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—રજિસ્ટ્રેશનની અરજીમાં આ ભાઈએ માતૃભાષા ગુજરાતી દર્શાવી રજિસ્ટ્રેશન કરાવેલ છે.)

આ કેસની તપાસમાં જણાયું હતું કે, આ ભાઈએ રજિસ્ટ્રેશનની અરજીમાં પોતાની માતૃભાષા ગુજરાતી જાહેર કરી હોવા છતાં તેમની પરીક્ષાની ઉત્તરવહીઓમાં તે વખતે અમલમાં હતા તે નિયમની વિરુદ્ધ માધ્યમ તરીકે હિંદીનો ઉપયોગ કર્યો હતો, તથા તેમણે કોઈ પણ જાતનો પુરાવો રજૂ કર્યો નહોતો. તે પછી ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, તેમનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું તથા પરીક્ષાનું પરિણામ રદ ગણવું અને તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા ફી વગેરે જપ્ત (forfeit) કરવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. ૧૯૬૧ની બી.એ. ડિગ્રી એક્ઝ્ટર્નલ પરીક્ષાના રજિસ્ટ્રેશનની તપાસ બાબતના વિદ્યાર્થી નં. ૪૨૬૩ની ઉત્તરવહીઓ રજૂ કરવામાં આવી છે. તેમની બાબતમાં જે ખુલાસા રજૂ થયા છે તે આધારે તેમના કેસ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—રજિસ્ટ્રેશનની અરજીમાં આ ભાઈએ માતૃભાષા ગુજરાતી દર્શાવી રજિસ્ટ્રેશન કરાવ્યું છે

આ કેસની તપાસમાં જણાયું હતું કે, આ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશનની અરજીમાં પોતાની માતૃભાષા ગુજરાતી જાહેર કરી હોવા છતાં તેમની પરીક્ષાની ઉત્તરવહીઓમાં તે વખતે અમલમાં હતા તે નિયમની વિરુદ્ધ માધ્યમ તરીકે હિંદીનો ઉપયોગ કર્યો હતો તથા તેમણે કોઈ પણ જાતનો પુરાવો રજૂ કર્યો નહોતો. તે પછી ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, તેમનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું તથા પરીક્ષાનું પરિણામ રદ ગણવું અને તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા વગેરેની તમામ ફી જપ્ત (forfeit) કરવી, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. બી.એ. ડિગ્રી એક્સ્ટર્નલ પરીક્ષા ૧૯૬૧ના રજિસ્ટ્રેશનની તપાસ હેઠળના વિદ્યાર્થી નં. ૪૨૨૭ની ઉત્તરવહીઓ રજૂ કરવામાં આવી છે. તેમની બાબતમાં જે ખુલાસા તથા પુરાવા રજૂ થયા છે તે આધારે તેમના કેસ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—રજિસ્ટ્રેશનની અરજીમાં આ ભાઈએ તેમની માતૃભાષા ગુજરાતી દર્શાવી નામ નોંધાવેલ છે.)

આ કેસની તપાસમાં જણાયું હતું કે, આ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશનની અરજીમાં પોતાની માતૃભાષા ગુજરાતી જાહેર કરી હોવા છતાં તેમની પરીક્ષાની ઉત્તરવહીઓમાં તે વખતે અમલમાં હતા તે નિયમની વિરુદ્ધ માધ્યમ તરીકે હિંદીનો ઉપયોગ કર્યો હતો તથા તેમણે રજૂ કરેલ પુરાવો સંતોષકારક નહિ જણાતાં ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, તેમનું રજિસ્ટ્રેશન અમાન્ય (invalid) ગણવું તથા પરીક્ષાનું પરિણામ રદ ગણવું અને તેમની રજિસ્ટ્રેશન, પરીક્ષા વગેરેની તમામ ફી જપ્ત (forfeit) કરવી, એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. બી.એ. ડિગ્રી એક્સ્ટર્નલ પરીક્ષાના રજિસ્ટ્રેશન અંગેના રહેઠાણ બાબતમાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓ બાબતમાં રિપોર્ટ મોકલવામાં આવશે તેમ પોલીસખાતા તરફથી જણાવેલું. તે મોકલવા પોલીસને જણાવેલ છે તે જાણ માટે :

નંબર ૩૭૧૪, ૩૭૧૬, ૩૭૧૯, ૩૭૭૨, ૩૭૨૩, ૩૭૮૦, ૩૮૩૫, ૩૮૬૮, ૩૯૦૨ અને ૪૨૧૩.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ વિદ્યાર્થીઓ બાબતમાં પોલીસનો રિપોર્ટ બનતી ત્વરાએ મોકલવા માટે શ્રી. આઈ. જી. પી., ગુજરાત રાજ્યને વિનંતી કરવી.

૯. સિન્ડિકેટે તેની તા. ૭-૧૦-૧૯૬૧ની સભામાં કામકાજ નં. ૭૨થી નીચેની બાબત આ સમિતિને અભિપ્રાય માટે મોકલાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોઈઝ યુનિયનના ઑનરરી જનરલ સેક્રેટરી તરફથી વર્ક્સ કમિટી માટે તેમણે સૂચવેલાં નામોની યાદી તથા તે કમિટીની સભા બોલાવવા તેમના તા. ૩૦-૯-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત."

આ બાબત વધુ વિચારણા માટે મુલતવી રાખવામાં આવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

એસ. પી. મેઢ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૪૩

AN AGREEMENT MADE THIS THE day of 196 between the Gujarat University, Ahmedabad, hereinafter referred to as the '*Employers*' (which expression shall wherever the context so requires or admits, include their successors and assignee) of the one part and *Dr. Rasvihari N. Vakil*, Hindu, resident of Ahmedabad, and carrying on business as Consulting Engineer at 15, Govt. Society, Navrangpura, Ahmedabad, herein-after referred to as '*Consulting Engineer*' (which expression shall wherever the context so requires or admits, include their respective heirs, executors, administrators and assignee) of the other part.

Whereas the Employers are desirous for construction of an over-head Water Tank for Gujarat University and hereinafter referred to as '*Water Tank*' of obtaining the services of the Consulting Engineer to get the Water Tank constructed and whereas the Consulting Engineer have agreed to serve the Employers as Consulting Engineer on the terms and conditions hereinafter set out.

NOW THEREFORE THIS AGREEMENT WITNESSETH AND THE EMPLOYERS DO HEREBY AGREE WITH THE CONSULTING ENGINEER

1. That they, the Employers will pay to the consulting Engincer as follows:

The Employers will pay to the Consulting Engineer a sum of equalling three and half per cent of the Water Tank cost for his services as Consulting Engineer. The amount payable to the Consulting Engincer as aforesaid shall be paid to him on the following basis:

1. On submission of preliminary design and cost estimates, one-third of the total fees shall be paid on the tendered cost.

2. On completion of the working drawings and specifications, one-third of the total fees shall be paid on the tendered cost.

3. The remaining one-third of the total fees shall be paid on the tendered cost by instalments as the construction proceeds upon submission of such bills by the Consulting Engineer.

4. The final installment of the total fees shall be paid on 3½ per cent of the final actual total cost of the work, less the amount already paid as per sub-clause No. 1, 2, and 3.

2. The amount payable to the Consulting Engineer as aforesaid shall be paid to them from time to time as the work of preparing plans, etc., proceeds as stated above. The final fee of 3½ per cent will be adjusted as per the actual cost of works.

3. And the Consulting Engineer do in consideration of the convenant aforesaid, hereby undertake and agree with the Employers:

II. That they, the Consulting Engineer shall take all instructions, prepare preliminary plans, final and detailed plans, a bill of quantities, prepare requirements of steel and cement, assist to obtain the N. A. permission, and permission from other authorities like the Municipal Corporation, U.G.C., etc., advise to prepare necessary tender forms, specifications and Conditions of Contract for the purpose of obtaining tenders and advise on all tenders and in the preparation of all contracts and the employers, all copies of plans, specification and conditions, tender all services in the construction of the Water Tank measure, check materials, workmanship, value and issue all certificates for payments and pass and certify all accounts and generally perform each and all duties whatsoever as consulting engineer incidental to the carrying out and completion of the Water Tank without any extra charge whatever and shall be responsible for seeing that the completed Water Tank is handed over to the satisfaction of the Vice-Chancellor of the Gujarat University in Ahmedabad.

III. The Consulting Engineer shall prepare the plans and estimates for alterations and variations in the works to be carried out and shall advise the employers for settling the rates of extra items.

AND IT IS HEREBY MUTUALLY AGREED BETWEEN THE PARTIES

1. That the Consulting Engineer has authority to give such orders on behalf of the Employers as are necessitated in the Employer's interests by constructional emergencies without increasing any cost to the Employers and in accordance with the conditions of the Contract.

2. That the Consulting Engineer is empowered to make such deviations, alterations, additions and omissions, as they may reasonably consider desirable in the Employer's interests in carrying out the works provided that no addition to the cost of the contract is caused thereby and *with the permission of the Employers.*

3. That all drawings, specifications and documents prepared by the Consulting Engineer shall remain their property, the copyright in the same being reserved to them.

4. The consulting Engineer shall supply two copies of the final plans when the Water Tank is completed.

5. The Consulting Engineer shall be entirely responsible for the construction work of the said Water Tank and it is further agreed that this engagement may be terminated by either party by giving one month's notice.

In Witness, the parties hereto have hereunto set their respective hands, the day and year first above mentioned.

Signed by the said Vice-Chancellor
in the presence of
Shri.....

on behalf of the
Gujarat University

Signed by the said Consulting Engineer
in the presence of
Shri.....

Consuliting Engineer

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૪૫

બાંધકામ સમિતિની તા. ૯-૭-૧૯૬૨ની સભાની ભલામણો

આથી હરાવવામાં આવે છે કે પ્રેસ બિલ્ડિંગમાં ભોંયરાના વેન્ટિલેટર્સમાં તેમ જ પ્રેસ-મેનેજરના મકાનમાં વરંડામાં લોખંડની જાળી 'ગ્રીલ' નાખવા માટે નીચેના ભાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

	જથ્થો	પેઢી	ભાવ
૧. પ્રેસના વેન્ટિલેટર્સમાં ગ્રીલ મૂકવા બાબત યુનિ.ના મકાનના ભોંયરાના વેન્ટિલેટર્સના જેવી ગ્રીલ.	૩૦૦ ચો. ફૂટ	લક્ષ્મી આયર્ન વર્કસ	રૂા. ૯-૧૫ ચો. ફૂટ
૨. પ્રેસ-મેનેજરના વરંડામાં ગ્રીલ	૮૦ ચો. ફૂટ	,,	,, રૂા. ૭-૨૫ ચો. ફૂટ

૩. સમાજવિદ્યા ભવન માટે તથા મુદ્રણાલયના મકાન માટે સાયકલ શેડના બાંધકામ માટે સ્થપતિ શ્રી. બી. વી. દોશીએ રજૂ કરેલા શેડ માટેના આલેખો પૈકી "એ" ટાઈપના આલેખ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી, તથા તે શેડના કામ માટેનો કુલ અંદાજ રૂા. ૪૩૪૭-૦૦ એક નંગ માટે. રૂા. ૮૬૯૪-૦૦ બંને મકાનો માટે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—સ્ટેન્ડ અંગેની બાબત પર તેનો ઊભી સાયકલો રહે તેવી ડિઝાઇનનો આલેખ તૈયાર કરાવીને તેના અંદાજી ખર્ચ સાથે ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું સૂચવવામાં આવ્યું.)

૪. ઉપકુલપતિશ્રી તથા રજિસ્ટ્રારશ્રીના બંગલાના કંપાઉન્ડ પાસે યુનિવર્સિટીની મોટર ગાડીઓ માટે ગેરેજના બાંધકામ માટે આવેલાં ૪ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. ગુજરાત ટ્રેડર્સનું રૂા. ૬૨૫૬-૦૦ નું ટેન્ડર, જે સૌથી ઓછું છે, તેમાં જણાવેલી શરતોએ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. આથી હરાવવામાં આવે છે કે સભામાં રજૂ થયેલ સાઈટ પ્લાન પ્રમાણે ટયૂબવેલ અને ઓવરહેડ ટાંકીની સાઈટ માટે ઉપકુલપતિશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવી.

૬. આથી ઠરાવવામાં આવે છે કે, ટયૂબવેલ માટે ૬" અને ૧૩"ના સ્ટીલપાઈપોની ખરીદી અંગે યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સ વગેરે મકાનોને પાણીનો પુરવઠો મળે તે માટે ઉપકુલપતિશ્રીના બંગલા પાસેના કૂવામાં સેન્ટ્રીફ્યુગલ પંપ મોટર મૂકીને પાણી લેવાનું રાખવું અને તે માટે રૂા. ૨,૦૦૦-૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વર્કશોપ શેડ માટે આર.સી.સી. સ્પેશિયાલિસ્ટ શ્રી. રાસવિહારી એન. વકીલની નિમણૂક કરવી અને તેમને આર.સી.સી.ની કિંમત ઉપર ૩ ટકા મહેનતાણું આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

G.U.P. 1297-300-9-62

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક ખાસ સભા, શનિવાર, તા. ૨૫-૮-૧૯૬૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. એમ. એમ. શુકલ, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય જે. બી. સાન્ડિલ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન મા. નાણાવટી	હાજર
૮. શ્રી. ઘનશ્યામભાઈ છો. ઓઝા	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૧૦. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૪. પ્રૉ. બી. આર. શિનોય	હાજર
૧૫. આચાર્ય સં. ૨. ભટ્ટ	હાજર
૧૬. આચાર્ય ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર.

૧. તા. ૪-૮-૧૯૬૨ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૨ના ઑગસ્ટ માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૪-૮-૧૯૬૨ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૨ના ઑગસ્ટ માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

તે પછી, સભાગૃહની સંમતિથી, બાબત નં. ૨૪ની વિચારણા પહેલી હાથ ધરવામાં આવી.

૨૪. સિન્ડિકેટે તેની તા. ૨૮-૪-૧૯૬૨ની સભામાં (બાબત નં. ૨) યુનિવર્સિટીના નીચલી કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણો સુધારવા અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

(નોંધ.— આ બાબતના સંદર્ભમાં સિન્ડિકેટની તા. ૬-૪-૧૯૬૨ની સભાના ઠરાવ અન્વયે મંગાવવામાં આવેલો ધારાશાસ્ત્રી શ્રી. જયંતિલાલ ભા. મહેતાનો અભિપ્રાય, જે તેમણે તેમના તા. ૨૩-૪-૧૯૬૨ના પત્રથી મોકલી આપ્યો હતો, તે સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. આ અંગે આગળ વિચારણા કરવા બાબત.)

સદરહુ બાબત પર લંબાણ ચર્ચા-વિચારણાને અંતે બહુમતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

૧. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના નીચેની કક્ષાના કર્મચારીઓનાં પગારધોરણો નીચે પ્રમાણે સુધારવામાં આવે, તથા આ સુધારેલાં પગારધોરણોનો અમલ તા. ૧લી જુલાઈ, ૧૯૬૨થી કરવામાં આવે:

(૧)	ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ	રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦
(૨)	હેડ ક્લાર્ક	રૂા. ૨૦૦-૧૨-૨૬૦ ઈ.બી. ૧૨-૩૨૦
(૩)	ડેપ્યૂટી એકાઉન્ટન્ટ	રૂા. ૩૦૦-૨૦-૩૮૦ ઈ.બી. ૨૦-૪૪૦
(૪)	આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ	રૂા. ૨૦૦-૧૨-૨૬૦ ઈ.બી. ૧૨-૩૨૦
(૫)	કેશિયર	રૂા. ૨૦૦-૧૨-૨૬૦ ઈ.બી. ૧૨-૩૨૦
(૬)	સ્ટેનોગ્રાફર	રૂા. ૧૮૦-૧૦-૨૨૦ ઈ.બી. ૧૦-૩૦૦
(૭)	જુનિયર ક્લાર્ક	રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી. ૧૦-૨૫૦
(૮)	ટાઇપિસ્ટ	રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી. ૧૦-૨૫૦
(૯)	ટેલિફોન ઓપરેટર	રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી. ૧૦-૨૫૦
(૧૦)	નાયક	રૂા. ૪૫-૨½-૭૦
(૧૧)	પટાવાળા, માળી, સફાઈકામદાર, વગેરે	રૂા. ૪૦-૨-૬૦
(૧૨)	ડ્રાઇવર	રૂા. ૭૦-૫-૧૨૦

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર ૧માં જણાવેલ કક્ષાના કર્મચારીઓ પૈકી જે સભ્યો તેમની હાલની જગ્યા પર તા. ૧-૭-૧૯૫૯થી તા. ૩૦-૬-૧૯૬૨ સુધી સતત ત્રણ વર્ષ સુધી યુનિવર્સિટીની સેવામાં રહ્યા હોય તેમને તે જગ્યા માટેના ઉપર મુજબના સુધારેલા પગારધોરણમાં એક પગારવધારો આપવો.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર બાબત નં. ૧માં ઠરાવ્યા પ્રમાણે જે સભ્યોને કોઈ પણ પ્રકારે આર્થિક લાભ થાય તે સભ્યોના ભવિષ્યના વાર્ષિક પગારવધારા તા. ૧લી જુલાઈથી ગણવામાં આવે.

૨. રાજ્ય સરકાર સંચાલિત સંલગ્ન કૉલેજોમાં કામ કરતા વ્યાખ્યાતા, મદદનીશ વ્યાખ્યાતા વર્ગ ત્રીજો, ડેમોન્સ્ટ્રેટર વર્ગ ત્રીજો તથા લાયબ્રેરિયનના પગાર સુધારા કર્યા અંગેનો રાજ્ય સરકારનો આવેલો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩. સને ૧૯૬૨ના માર્ચ-એપ્રિલ માસ દરમિયાન લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરરીતિનો ઉપયોગ કર્યો હતો તે પૈકીના કેટલાક કેસો ઉપર વિચારણા કરવા તેમ જ પ્રાશ્નિક, પરીક્ષક, નિરીક્ષક અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા મળેલી પરીક્ષા-શુદ્ધિ-સમિતિની તા. ૭-૮-૧૯૬૨ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૩-૭-૧૯૬૨ના પત્રાંક એફ.૨૭-૨૮-૫૭ (સી) અનુસાર આ યુનિવર્સિટીમાં હોળી વર્કશોપની સ્થાપના અંગે ઉપકુલપતિશ્રીએ નીમેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યૂરલ સ્ટડીઝની તા. ૨૦-૬-૧૯૬૨ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

(૧) ચાલુ વર્ષે નીચે પ્રમાણે ગ્રીષ્મ વર્ગો "સમર સ્કૂલ કેમ્પ" યોજવાનું ઠરાવવામાં આવ્યું:

ક્રમાંક	સ્થળ	વિષય	સંચાલક
૧.	સૌરાષ્ટ્રમાં જૂનાગઢની આજુબાજુ	કૃષિવિદ્યા	પ્રિ. એમ. કે. દેસાઈ, આચાર્ય એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ
૨.	બાલારામ	વિજ્ઞાનની પ્રગતિ	પ્રિ. પી. એ. પંડ્યા, આચાર્ય પાટણ કૉલેજ, પાટણ
૩.	અનુકૂળતા પ્રમાણે નક્કી કરવું	સમાજશાસ્ત્ર	શ્રી. આર. ડી. પરીખ, અથવા શ્રી. બી. વી. શાહ

(૨) ચાલુ વર્ષમાં સ્વામી શ્રી. વિવેકાનંદ તથા પંડિત મદનમોહન માલવિયાની જયંતીઓ ઉજવવાનું ઠરાવવામાં આવ્યું અને તે અંગે કાર્યક્રમ તૈયાર કરવા નીચેના સભ્યોની સમિતિ નીમવી. :

૧. પ્રિ. એસ. આર. ભટ્ટ
૨. પ્રિ. પી. એચ. ભટ્ટ
૩. પ્રિ. યશવંત શુકલ
૪. ડૉ. અમુભાઈ શુકલ
૫. પ્રિ. એમ એસ. પંડિત.

આ વર્ષ દરમિયાન ટાગોર-વ્યાખ્યાનો ભાવનગરમાં યોજવાનું રાખવું.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, છાપેલી યોજનાના "બ-૨"માંથી બીજી લીટીમાં આવતા શબ્દો "૧૦૦" અને "તે અંગે" શબ્દો કાઢી નાખવા. સુધાર્યા મુજબની કલમ બ-૨ નીચે મુજબ વંચાશે :

"જે કૉલેજ પોતાના શિક્ષકો દ્વારા ઓછામાં ઓછાં પાંચ વ્યાખ્યાનો કૉલેજની આસપાસનાં જુદાં જુદાં ગામોનાં યોજે તે કૉલેજને મદદ આપવી. આ વ્યાખ્યાનો ગુજરાતી ભાષામાં જ અને ગ્રામવિસ્તાર માટેનાં પોપ્યુલર લેક્ચર્સ જેવાં હોવાનું આવશ્યક છે. દરેક કૉલેજમાં કયા ગામમાં સમાજકલ્યાણની પ્રવૃત્તિ અને કયા શિક્ષક કે શિક્ષકોનાં કયા વિષયનાં વ્યાખ્યાન ગોઠવવા ઇચ્છે છે તે દર્શાવતી યોજના તૈયાર કરી તે યોજના યુનિવર્સિટી કાર્યાલયને દર વર્ષે તા. ૧૫મી જુલાઈ સુધીમાં મળી જાય તે રીતે મોકલવી. ઉપરની બાબત નં. ૧ અને ૨ની પ્રવૃત્તિ બાબતમાં મદદ કરવાનું ધોરણ નીચે મુજબ રાખવું :

"યુનિવર્સિટી તરફથી તેમને કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૨૦૦માંથી જે ઓછા હોય તે મદદ તરીકે આપવા. આશરે ૫૦ કૉલેજ આ યોજના પ્રમાણે કામ કરશે એમ અંદાજી તેને માટે અંદાજી ખર્ચ રૂા. ૧૦,૦૦૦."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬. ચાલુ વર્ષમાં રવીન્દ્રનાથ ટાગોર જન્મશતાબ્દી વ્યાખ્યાનમાળા હેઠળ વ્યાખ્યાનો યોજવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિક્સની એક જગ્યા માટે, તા. ૨૫-૮-૧૯૬૨ના રોજ સિન્ડિકેટની બનેલી વરણી સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે, શ્રી. જે. ડી. પટેલને કેવળ હંગામી ધોરણે, ચાલુ સત્રના અંત સુધી, એટલે કે તા. ૧૫-૧૦-૧૯૬૨ સુધી, રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં રૂા. ૨૦૦ના મૂળ માસિક પગારથી, સમાજવિદ્યા ભવનમાં ડેમોન્સ્ટ્રેટર-ઇન-સ્ટેટિસ્ટિક્સની જગ્યા પર નીમવા, તથા તે પછી ચાલુ રાખવાના સવાલ પર, સત્રના અંત પછી સમાજવિદ્યા ભવનના અધ્યક્ષનો રિપોર્ટ આવ્યેથી વિચારવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની ભલામણ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૯. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. પાલજીભાઈ કે. પરમારનો અજમાયશી સમય તા. ૧૦-૮-૧૯૬૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. પાલજીભાઈ કે. પરમારને, યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળાની જગ્યા પર તા. ૧૧-૮-૧૯૬૨થી કાયમ કરવા.

૧૦. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. વી. એમ. ઠાકર, તા. ૩૧-૧-૧૯૬૨થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના બાકે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.— તેઓ વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૧૩-૧૧-૧૯૬૧થી જોડાયા હતા અને તા. ૩૧-૧-૧૯૬૨થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી વી. એમ. ઠાકરને બાકે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પરત કરવી.

૧૧. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણ વિભાગમાં ડૉ. કે. એ. ઠાકર રીડર તરીકે તા. ૧૭-૧૦-૧૯૫૯થી મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી જોડાયા છે અને ડૉ. અશ્વિન એમ. ત્રિવેદી તા. ૩-૭-૧૯૬૨થી મૂળ માસિક પગાર રૂા. ૬૫૦થી જોડાયા છે. આ બંનેમાંથી સીનિયર કોને ગણવા તે અંગેના રસાયણ વિભાગના પ્રો. બી. કે. વૈદ્યના તા. ૧૩-૬-૧૯૬૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. ગુજરાત રાજ્ય સરકાર તરફથી બહાર પડેલ ૪½ ટકાની ગુજરાત સ્ટેટ ડેવલપમેન્ટ લોન ૧૯૭૪માં યુનિવર્સિટી તરફથી નાણાં રોકવા માટે શિક્ષણ અને મજૂર બાતાના પત્રાંક ડી.ઓ.મીસે. ૧૦૬૨-૯૨૫૮૯ જે. તા. ૭ ઑગસ્ટ, ૧૯૬૨ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ડેવલપમેન્ટ લોનમાં યુનિવર્સિટીના જનરલ ફંડમાંથી રૂા. ૨,૦૦,૦૦૦નું રોકાણ કરવું, તથા તે અંગે જરૂરી સહીસિક્કા કરવા માટે શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી.

૧૩. ઉપકુલપતિશ્રીના નીચેના કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) માર્ચ-એપ્રિલ ૧૯૬૨માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓમાં યાદીમાં જણાવેલ વિદ્યાર્થીઓનાં પરિણામોમાં ભૂલ જણાયાથી તે સુધાર્યાના,

(૨) યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિક વિભાગમાં સ્ટોર-કીપર તરીકે કામ કરતા શ્રી. જી. જે. પરમાર ઇન્ટરની પરીક્ષા આપવા માટે ૭ માસની રજા ઉપર જતાં, તેઓની ખાલી પડેલ જગા માટે શ્રી. એમ. વી. ચમારને તેઓની જગાએ હંગામી ધોરણે નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૩. "ઇન્ડિયન સ્ટાન્ડર્ડઝ ઇન્સ્ટિટ્યૂશન"નું તૃતીય અધિવેશન કલકત્તા મુકામે, તા. ૨૮ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી, ૧૯૬૩ દરમિયાન યોજાનાર હોઈ, આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા "ઇન્ડિયન સ્ટાન્ડર્ડઝ ઇન્સ્ટિટ્યૂશન"ના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૮ ઑગસ્ટ, ૧૯૬૨ના પત્રાંક પી.વાય.-કોન. ૭-૧૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪. "ડૉ. કે. જી. નાયક ગોલ્ડ મેડલ" વિનયન વિદ્યાશાખાનો સને ૧૯૬૧-૬૨નો ચંદ્રક આપવા માટે સંશોધનો વગેરે તપાસી લાયક વ્યક્તિની ભલામણ કરવા માટે નિષ્ણાતોની સમિતિના સભ્ય તરીકે શ્રી. એમ. બી. દેસાઈની નિમણૂક સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૧ની સભામાં કરેલ, પરંતુ શ્રી. દેસાઈ તે સમિતિ ઉપર કામ કરવા માટે અશક્તિ દર્શાવતા હોઈ તેમના તા. ૭-૮-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ચંદ્રક અંગે નિમાયેલી સમિતિમાં બાકીના બે સભ્યોથી ચલાવવું.

૧૫. તા. ૨૫-૭-૧૯૬૨ના રોજ મળેલી યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણ :

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ સિવાયના વિભાગની મુસાફરી ખર્ચની તથા જમવા અંગેની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને તથા કૉલેજોની સંખ્યાની પરિસ્થિતિ પણ ધ્યાનમાં લઈને નીચે પ્રમાણે ગ્રાન્ટની વહેંચણીને મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

અમદાવાદ વિભાગ	...	રૂ. ૩,૪૦૦
ઉત્તર-દક્ષિણ વિભાગ	...	રૂ. ૫,૭૭૫
પશ્ચિમ વિભાગ	...	રૂ. ૪,૮૨૫
કુલ	...	રૂ. ૧૪,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૬. તા. ૭-૮-૧૯૬૨ના રોજ મળેલી યુનિવર્સિટી યુવક-કલ્યાણ-સમિતિની બેઠકની નીચેની ભલામણ :

"(અ) આથી વિભાગીય યુવક-કલ્યાણ-સમિતિ પોતાના વિભાગમાં આવેલી કૉલેજોના વિદ્યાર્થીઓ માટેના કાર્યક્રમો બરાબર રીતે યોજી શકે તે હેતુથી જે તે વિભાગીય સમિતિના અધ્યક્ષને દરેક કૉલેજના આચાર્યશ્રીએ કૉલેજના દરેક વિદ્યાર્થી દીઠ ૦.૨૫ ન.પૈ. પ્રમાણે કૉલેજમાંથી વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના હિસાબે થતી રકમ ફાળા તરીકે મોકલી આપવાનું મંજૂર કરવા માટે આ સમિતિ સિન્ડિકેટને વિનંતી કરે છે.

"(અ) વધુમાં અમદાવાદની બે વિભાગ સિવાયની બીજી છ વિભાગીય સમિતિઓ આ રીતે ફાળાની રકમ ઉઘરાવીને, જેટલી રકમ એકઠી કરે તેટલી, વધુમાં વધુ રૂા. ૧,૫૦૦ સુધીની રકમ અને અમદાવાદ શહેરની બે વિભાગીય સમિતિઓને તેમણે ભેગા કરેલા ફાળાની રકમ ૫૦ ટકા જેટલી વધુમાં વધુ રૂા. ૧,૦૦૦ સુધીની રકમ યુનિવર્સિટી તરફથી જે તે વિભાગને ગ્રાન્ટ તરીકે આપવાનું મંજૂર કરવા માટે આ સમિતિ સિન્ડિકેટને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી યુવક-કલ્યાણ-સમિતિની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

૧૭. આચાર્ય શ્રી. પી. જી. ઉપાધ્યાયને બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય પી. જી. ઉપાધ્યાયને ગુજરાતીની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું, અને તેમને જણાવવું કે ભૂગોળની અભ્યાસસમિતિનું સભ્યપદ તેમને આપી શકાશે નહિ, તેથી તેમણે બીજા વિષયની અભ્યાસસમિતિ માટે પોતાની પસંદગી સૂચવવી.

૧૮. ઑક્ટોબર, ૧૯૬૨માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂક કરવા માટે જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષાસમિતિઓએ કરેલી ભલામણો, જેની તા. ૨૦-૮-૧૯૬૨ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાએ નોંધ લીધી છે. તે ભલામણો પરત્વે વિચારણા કરીને પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી પ્રાશ્નિકો-પરીક્ષકોની યાદી સામેલ કરવામાં આવેલ નથી).

૧૯. ૧૯૬૨ના એપ્રિલ માસમાં લેવાયેલ એમ.એ.ના અર્થશાસ્ત્રની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી વિદ્યાર્થી નં. ૫૦૪ તથા ૫૦૮ના વકીલો અને બીજાઓ તરફથી આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૨ના એપ્રિલ માસમાં લેવાયેલ એમ.એ.ની પરીક્ષાના "ઇન્ટરનેશનલ ઇકોનોમિક્સ"ના બે પ્રશ્નપત્રો પૈકી કોઈ પણ પ્રશ્નપત્રમાં, જે વિદ્યાર્થીઓએ ચાર કરતાં ઓછા પ્રશ્નોના ઉત્તર આપ્યા હોય તેમને, તે પ્રશ્નપત્રમાં તેમને મળેલા ગુણ, સરાસરી ધોરણે (prorata) ગણીને ચાર પ્રશ્નોના ઉત્તરોના ગુણ ગણીને, તેમનું પરિણામ સુધારવું.

૨૦. ખ્યાતનામ શિક્ષકો તથા તજ્ઞ વિદ્વાનોને અમુક સમય માટે યુનિવર્સિટી યુનિવર્સિટી વચ્ચે અરસપરસ અદલાબદલી કરવા વાસ્તેની યોજના બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૩-૮-૧૯૬૨ના પત્રાંક એફ. ૧૦-૧-૬૨ (જી) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. પ્રી-યુનિવર્સિટીના અંગ્રેજી ગદ્ય-પદ્યના સંગ્રહ તૈયાર કરવા માટે નિમાયેલ સમિતિના આવાહક (Convener) આચાર્ય કે. એલ. દેસાઈની જગાએ આચાર્ય ડિસોઝાની નિમણૂક થયેલ હોઈ, આચાર્ય ડિસોઝાની જગાએ અન્ય કોઈ સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર બાકીના બે સભ્યોથી ચલાવવું.

૨૨. તા. ૨૬-૭-૧૯૬૨ના રોજ મળેલ પ્રકાશન-વહીવટી-સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"લખાણને જોઈ, તપાસી જવા માટે ૪૦૦ સુધીનાં છાપેલાં પાનાંની હસ્તપ્રત માટે રૂા. ૧૦૦, ૪૦૦થી ૬૦૦ સુધીનાં છાપેલાં પાનાંની હસ્તપ્રત માટે રૂા. ૧૫૦ અને ૬૦૦થી વધારે છાપેલાં પાનાંની હસ્તપ્રત માટે રૂા. ૨૦૦ના પુરસ્કારનું ધોરણ અપનાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. યુનિવર્સિટીએ અનુવાદ અંગે કેટલાંક સર્વમાન્ય પુસ્તકો હાથ પર લીધેલ હોઈ તે અંગે તેના મૂળ પ્રકાશકો તરફથી ગ્રંથસ્વામિત્વના અધિકાર મેળવવા માટે જુદાં જુદાં કરારનામાં કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. આ બાબતની વિચારણા, બાબત નં. ૧ પછી કરવામાં આવેલ હોઈ તેની નોંધ તે સ્થળે આપવામાં આવેલી છે.

૨૫. યુનિવર્સિટી કાર્યાલયમાં શારીરિક શિક્ષણ વિભાગમાં મદદનીશ ડિરેક્ટર ઑફ યુથ-વેલ્ફેરની જગ્યા માટે તા. ૨૫-૮-૧૯૬૨ના રોજ મળનાર વરણી-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે યુનિવર્સિટી કાર્યાલયમાં, આસિસ્ટન્ટ ડિરેક્ટર ઑફ યુથ-વેલ્ફેરની જગ્યા પર, શ્રી. કે. એચ. દવેને, અને તેઓ નિમણૂક ન સ્વીકારે તો શ્રી. પી. જી. મહેતાને, રૂા. ૨૦૦-૧૦-૪૦૦ના પગારધોરણમાં, મૂળ માસિક પગાર રૂા. ૨૦૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(વરણીસમિતિની સદરહુ ભલામણ, આગળ બાબત નં. ૭ ઉપરના ઠરાવમાં જણાવેલ પરિશિષ્ટ "ક"માં આપવામાં આવેલી છે).

૨૬. તા. ૨૩-૮-૧૯૬૨ના રોજ મળનાર ફાઇનાન્સ કમિટીની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે).

૨૭. બાંધકામ સમિતિની તા. ૬-૮-૧૯૬૨ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.

૨૮. ગ્રંથાલય સમિતિની નીચેની ભલામણો:

(૧) સને ૧૯૫૯-૬૦, ૧૯૬૦-૬૧ અને ૧૯૬૧-૬૨ના વર્ષના અંતમાં ગ્રંથાલયનાં પુસ્તકોની વાર્ષિક મેળવણી કરતાં નીચેનાં ૧૭ પુસ્તકો જેની કિંમત આશરે રૂા. ૮૮ થાય છે તે મળતાં નથી, તો તે કમી થયેલાં ગણી તેને માંડી વાળવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે:

૧. लोकमंगा

૨. प्रबोध चंद्रोदय

૩. कवि कल्पलता

૪. Annual Report of the Yeravade Industrial School, Poona for the year 1955–56

૫. Autobiography of John Stuart Mill

૬. Capital

૭. Educational Psychology

૮. General Knowledge and Intelligence Tests (All solved)

૯. Government Publications — Supplements for the year 1949–1954, Catalogue of Civil Publications

૧૦. I.A.S. General Economics

૧૧. Jadavpur University Extension Lectures

૧૨. My Observations on Training

૧૩. Psychological Problems in Mental Deficiency

૧૪. Proceedings of the 3rd Session held at New Delhi, 14th to 16th February, 1958

૧૫. Social Training from Childhood to Maturity

૧૬. Standard Essays for I.A.S. Examinees

૧૭. Catering Calculations.

(૨) ગ્રંથાલયના સને ૧૯૬૧-૬૨ના વાર્ષિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

(૩) ગ્રંથાલયના તા.૧-૭-૧૯૬૧થી તા. ૩૧-૩-૧૯૬૨ સુધીના નવમાસિક આવક-ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે, અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

(૪) ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા ઑકટોબર, ૧૯૬૧થી જૂન, ૧૯૬૨ સુધીના નવમાસિક પત્રકની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ નં. (૧) મંજૂર કરવી, તથા ભલામણ નં. (૨), (૩) અને (૪)ની નોંધ લેવી.

૨૯. સ્વામી ભગવદાચાર્યજી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદના સંચાલન હેઠળ જૂન, ૧૯૬૩થી પ્રી-યુનિવર્સિટી વિનયન અને વાણિજ્યના અભ્યાસક્રમો શરૂ કરવા તેના મેનેજિંગ ટ્રસ્ટી તરફથી આવેલ જોડાણ અરજી અંગે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. શ્રી. ડોલરરાય ર. માંકડ,

૨. આચાર્ય એ. આર. દેસાઈ.

૩૦. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૮-૮-૧૯૬૨ની સભાની ભલામણો, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧ ઑગસ્ટ, ૧૯૬૨ની સભાએ મંજૂરી આપી છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે).

૩૧. નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી મોકલવામાં આવેલા મહાનિબંધ માટે નીચે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક અંગે જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણો, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની સભાએ મંજૂરી આપી છે, તે પર વિચારણા કરવા બાબત:

(૧) ગુજરાતીની અભ્યાસસમિતિ

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. આઇ. આર દવે	પીએચ.ડી.	ગુજરાતી લિરિકલ પ્લેઝ ઑફ ન્હાનાલાલ -એ સ્ટડી	૧. શ્રી. વી. આર. ત્રિવેદી, સુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત

સિન્ડિકેટ (ઓગસ્ટ)
તા. ૨૫-૮-'૬૨

નામ	પદવી	વિષય	ફેરીનું નામ
			૨. શ્રી. ત્રિભોવનદાસ પી. લુહાર, અરવિંદ આશ્રમ, પોંડીચેરી
			૩. શ્રી. આર. એમ. જોશી, તપ્તેશ્વર પ્લોટ, કૉલેજ, રોડ, ભાવનગર

(૨) પ્રાચીન ભારતીય સંસ્કૃતિની અભ્યાસસમિતિ

શ્રી. કે. એમ. સોમપુરા	પીએચ.ડી.	Ancient Indian Culture A Historical Survey of the Structural temples built in Gujarat upto 1600 A.D.	1. Dr. V. S. Agraval, Head of the Dept. of Arts & Architecture, Banaras Hindu University, Varanasi-5(U.P.) 2. Muni Jinvijayji, Director, Rajasthan Puratattva Mandir, Jodhpur, (Rajasthan) 3. Dr. Krishna Dev, Surveyer of Temles, Northern Circle, Dept. of Archaeology, Bhopal (Madhya Bharat)

(૩) માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિ

શ્રી. એસ. સી. પાધ્યા	પીએચ.ડી.	Microbiology studies on Xanthomonas Spp.	1. Dr. M. P. Starr, Dept. of Bacteriology, Uni. of California, Davis Calif. (U.S.A.)

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
			2. Dr. J. B. Kendrick Ph.D., Professor Emeritus Division of Plant Pathology, Davis, California, (U.S.A.)
			3. Dr. I. M. Melhus, Ph.D. Professor Emeritus, Iowa State Univerisity Ames, Iowa, (U.S.A.)

Referee for Viva

1. Dr. M. J. Thirumalachar, D.Sc., F.N.I., Chief Research Division, Hindustan Antibiotics Ltd., Pimpri, Poona.
2. Dr. G. Rangaswamy, Ph.D., F.A.Sc., Head, Microbiology Division, Annamalai University, Annamalainagar (Madras State)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિઓની ભલામણો, જેને એકેડેમિક કાઉન્સિલે મંજૂરી આપી છે, તે મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૩૨. અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક અંગે એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે તે ચલાવી લઈને નિમણૂક માન્ય કરવા માટે શ્રી. અમરેલી જિલ્લા વિધાસભાના મંત્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી.

૩૩. ઉપકુલપતિશ્રીના બંગલાની સામેના રસ્તામાં આવેલી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની માલિકીની જમીન આશરે ૧૭૮૬ વાર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના બંગલાની સામે આવેલા રસ્તા પરની આશરે ૧૭૮૬ ચોરસ વાર જમીન ખરીદવી તથા તે માટે ઉપકુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૩૪. એલિસબ્રિજ, અમદાવાદમાં જૂન, ૧૯૬૩ થી પ્રી-યુનિવર્સિટી વિનયન અને વિજ્ઞાનના અભ્યાસક્રમો શરૂ કરવા માટે ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદના મંત્રી તરફથી આવેલ જોડાણ અરજી પર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય જે. બી. સાન્ડિલ,
૨. આચાર્ય એન. એન. ભરૂચા.

૩૫. ૧૯૬૨ના એપ્રિલમાં લેવાયેલી ઇજનેરી વિદ્યાશાખાઓની પરીક્ષાઓનાં પરિણામો અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પરત્વે ચર્ચા-વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે, ઇજનેરી વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓની તા. ૧૬-૭-૧૯૬૨ના રોજ મળેલી સંયુક્ત સભાએ કરેલા ઠરાવના નીચે જણાવેલા ભાગ પરત્વે, ૧૯૫૯-૬૦, ૧૯૬૦-૬૧ અને ૧૯૬૧-૬૨નાં એફ.ઈ., એસ.ઈ. અને બી.ઈ.ની પરીક્ષાઓનાં પરિણામો જોઈ તપાસીને તે અંગે રિપોર્ટ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. શ્રી. ભગતભાઈ પ્ર. દેસાઈ,
૨. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ,
૩. આચાર્ય જે. બી. સાન્ડિલ.

ઇજનેરી વિદ્યાશાખાની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાના ઠરાવનો સંબંધકર્તા ભાગ :

This meeting discussed the question of introducing A.T.K.T. in the First and Second Year of Engineering examinations. There are eight subjects in First Year Engineering and eleven subjects in Second Year Engineering examination. On account of ever increasing range in all the Engineering subjects as also on account of uncertainty on the part of certain examiners, particularly external, to properly gauge the standard of teaching in colleges, it has become a matter of yearly occurance that in all the three years, unusually high percentage of failures occur in one subject or the other. This results in many students coming down in examination for failure in one subject only. As for example, in the 1962 April examinations, the following results have been given :

Examination	*No. of Students appeared*	*No. of Subjects*	*No. of Students passed*	*Subject in which unusually high percentage of failures has been recorded*
F.E.	471	8	309	84 failed in Applied Mechanics

Examination	*No. of Students appeared*	*No. of Subjects*	*No. of Students passed*	*Subject in which unusually high percentage of failures has been recorded*
S.E. (civil)	172	-	105	43 failed in Materials and Structure
S.E. (Mech. & Elect.	185	10	124	21 students failed in Materials and Structure 21 failed in Hydraulics 20 failed in Electrical Energy
B.E. (Civil)	153	10	102	22 failed in Structural Design 20 failed in Theory of Structure
B.E. (Mech.)	116	9	78	33 failed in Electrical Technology
આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર સુધારવામાં આવેલ ઑર્ડિનન્સ નં. ૨૪૦, રે. ૧૩૧-આઈ અને રે. ૧૩૧–જે ને મંજૂર કરવા, તથા તેને જૂન, ૧૯૬૨થી એટલે કે ૧૯૬૩ની પરીક્ષાથી અમલમાં આવેલા ગણવા.

(સુધારેલા રે. ૧૩૧–જે ના પાઠની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૬. આયુર્વેદની અભ્યાસસમિતિની તા. ૧૩-૩-૧૯૬૨ની સભામાં કરેલ ઠરાવ અન્વયે આયુર્વેદિક અનુસ્નાતક અભ્યાસક્રમને લગતા ઓ. ૩૬૬, ૩૬૬–એ, ૩૬૬–બી, ૩૬૬–ડી, ૩૬૬–ઈ, ૩૬૬–એફ, ૩૬૬–જી, ૩૬૬–એચ, ૩૬૬–આઈ, ૩૬૬–જે અને રેગ્યુ. ૨૫૦ને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની સભાની ભલામણ અનુસાર મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર નવા ઘડવામાં આવેલા ઑર્ડિનન્સ ૩૬૬, ૩૬૬–એ, ૩૬૬–બી, ૩૬૬–સી, ૩૬૬–ડી, ૩૬૬–ઈ, ૩૬૬–એફ, ૩૬૬–જી, ૩૬૬–એચ, ૩૬૬–આઈ, અને ૩૬૬–જે તથા રે. ૨૫૦ને મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સો અને રે. ૨૫૦ની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૭. રેગ્યુલેશન નં. પ્રી–૯, પ્રી–૧૪ અને પ્રી–૧૯ને મંજૂર કરવા તથા તેને ૧૯૬૩ની પરીક્ષાથી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧–૮–૧૯૬૨ની સભાની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર સુધારેલા રેગ્યુલેશન પ્રી–૯, પ્રી–૧૪ અને પ્રી–૧૯ને મંજૂર કરવા, તથા તેને જૂન, ૧૯૬૨થી એટલે કે, ૧૯૬૩ની પરીક્ષાથી અમલમાં આવેલા ગણવા.

(મંજૂર કરવામાં આવેલા રેગ્યુલેશન નં. પ્રી–૯, પ્રી–૧૪ અને પ્રી–૧૯ની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૭. રેગ્યુલેશન નં. પ્રી-૧૩ને સુધારીને મંજૂર કરવા. તથા તેને તાત્કાલિક, એટલે કે, જૂન. ૧૯૬૩ની પરીક્ષા થી અમલમાં મૂકવા અંકડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨ -૮-૧૯૬ ની સભાની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર સુધારેલ રેગ્યુલેશન પ્રી-૧૩ ને મંજૂર કરવો, તથા તેને જૂન, ૧૯૬૨થી, એટલે કે, ૧૯૬૩ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા રેગ્યુલેશન પ્રી-૧૩ની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૮. ઉજાતરી વિદ્યાશાખામાં પાંચ વર્ષનો અભ્યાસક્રમ રાખવાના એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨ - -૧૯૬ ની સભાના ઠરાવ અન્વયે તથા ઉજાતરી વિદ્યાશાખાએ તૈયાર કરેલા ઓર્ડિનન્સ નં. ન્યૂ-૧, ન્યૂ-૨, ન્યૂ-૩ તથા રેગ્યુલેશન નં. ન્યૂ-૧, ન્યૂ-૨, ન્યૂ-૩ ન્ય-૪ તથા ન્યૂ-૫ને મંજૂર કરવાની અકડેમિક કાઉન્સિલની મજકૂર સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર, ઓર્ડિનન્સ નં. ન્યૂ-૧, ન્યૂ-૨ અને ન્યૂ-૩ તથા રેગ્યુલેશન નં. ન્યૂ-૧, ન્યૂ-૨, ન્યૂ-૩, ન્યૂ-૪ અને ન્યૂ-૫ને મંજૂર કરવા તથા તેને જૂન, ૧૯૬૩થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા ઓર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૬. મરાઠી સાહિત્ય સંમેલનનું ૪૪મું અધિવેશન સતારા મુકામે તા. ૩૦ થી ૪ દરમ્યાન મળનાર હોઈ આ અધિવેશનમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદના મંત્રીઓના તા. ૨ જી સપ્ટેમ્બર ૬૨ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૩૭. ગુજરાતના સંશોધન કાર્યકરોની ૪થી પરિષદ અમદાવાદ મુકામે તા. ૧૯થી ૨૧ ઓક્ટોબર, ૧૯૬૨ દરમ્યાન મળનાર હોઈ આ પરિષદમાં પ્રતિનિધિ તરીકે કોઈની નિમણૂક કરવા ગુજરાત સંશોધન મંડળના માનદ્ અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૨૩મી જૂન, ૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈને નીમવા.

૩૮. અખિલ ભારતીય શૈક્ષણિક અને વ્યવસાયી માર્ગદર્શન પરિષદ (All India Education & Vocational Guidance Conference)નું સાતમું વાર્ષિક અધિવેશન

મુંબઈ મુકામે તા. ૩ થી ૬ નવેંબર, ૧૯૬૨ દરમિયાન યોજાનાર હોઈ, આ અધિવેશનમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના સહ-માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૪-૯-૧૯૬૨ના પરિપત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય સી. સી શાહ (સુરત)ને નીમવા.

૪૨. પંજાબ યુનિવર્સિટીના આશ્રયે ચંદીગઢ મુકામે તા. ૧૦થી ૧૩ ઑક્ટોબર, ૧૯૬૨ દરમિયાન યોજાનાર "અખિલ ભારતીય વાણિજ્ય શિક્ષણ પરિસંવાદમાં"માં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા, સદરહુ પરિસંવાદના આવાહક તરફથી આવેલ તા. ૮ સપ્ટેંબર, ૧૯૬૨ના પરિપત્રાંક ૧૦૮૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે આચાર્ય એમ. સી. દેસાઈને મોકલવા.

૪૮. ચાલુ વર્ષમાં રવીન્દ્રનાથ ટાગોર જન્મશતાબ્દી વ્યાખ્યાનમાળા હેઠળ વ્યાખ્યાનો યોજવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યાખ્યાનમાળા ચાલુ વર્ષે ભાવનગર ખાતે યોજવી તથા તે માટે શ્રી. સૌમ્યેન્દ્રનાથ ટાગોરને નિમંત્રણ આપવું, અને તે અંગે ઘટતાં પગલાં લેવા તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૪. નવેંબર, ૧૯૬૨માં લેવાનાર એમ.ઈ. (ઇલેક્ટ્રિકલ મશીન ડિઝાઇન)ની પરીક્ષા માટે પ્રાશ્નિક/પરીક્ષકની નિમણૂક થયેલ નહિ હોવાથી માર્ચ/એપ્રિલ, ૧૯૬૨ની સદરહુ પરીક્ષા માટે સૂચવાયેલ પ્રાશ્નિક/પરીક્ષકોને નીમવાના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઇજનેરી વિદ્યાશાખાના ડીને કાર્યાલયના ઉપરના સૂચનને સંમતિ આપી છે.)
આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૬૦. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેઓનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એલ. એ. ઠક્કર	આસિસ્ટન્ટ ડી.પી.ઈ.	તા. ૧-૧૦-૧૯૬૨
૨.	શ્રી. એમ. જી. મરાઠા	પટાવાળા	તા. ૩-૧૦-૧૯૬૨
૩.	શ્રી. દિનકરલાલ ટી. સુતરિયા	,,	તા. ૨૦-૧૦-૧૯૬૨

ઉપરના સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, ઉપરના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલી જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૬૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેઓનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત :

નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧. શ્રી. એન. એ. ગઢવી	સ્ટેનોગ્રાફર	તા. ૧૦-૧૦-૧૯૬૨
૨. શ્રી. કે. એમ. કોટડિયા	રીડર	તા. ૧૫-૯-૧૯૬૨
૩. કુ. ઉષા એચ. આચાર્ય	ડેમોન્સ્ટ્રેટર	તા. ૧૫-૯-૧૯૬૨

ઉપરના સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી, ઠરાવવામાં આવ્યું કે, ઉપરના સભ્યોને તેમનાં નામ સામે બતાવેલી જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૬૩. તા. ૧૯-૯-૧૯૬૨ના રોજ મળેલ ફાઇનાન્સ કમિટીની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૯-૯-૧૯૬૨ના રોજ મળેલી ફાઇનાન્સ કમિટીની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૪. તા. ૭-૯-૧૯૬૨ના રોજ મળેલ યુનિવર્સિટી યુવક-કલ્યાણ-સમિતિના નીચેના ઠરાવોને મંજૂરી આપવા બાબત :

"(૩) આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના કાર્યક્રમ અંગે યુવકમહોત્સવના પરિશિષ્ટ "અ"માં આપ્યા પ્રમાણેના વિગતવાર ખર્ચને મંજૂર કરવો અને આમાં જરૂરી ફેરફાર કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

"(૫) આથી ઠરાવવામાં આવે છે કે દરેક વિભાગીય યુવક-કલ્યાણ-સમિતિની સભા દરેક સત્રમાં એક વાર અને આખા વર્ષમાં બે વાર જ બોલાવવી અને આ સભામાં હાજરી આપવા આવનાર વિદ્યાર્થી પ્રતિનિધિઓને અને આચાર્ય અગર તેમના પ્રતિનિધિઓને બીજા વર્ગનું જવાઆવવાનું રેલવેભાડું અને/અથવા ખરેખર થયેલ મોટરભાડું આપવું અને તેઓના રહેવા-જમવાની વ્યવસ્થા તથા તેના ખર્ચની વ્યવસ્થા વિભાગીય સમિતિએ કરવાનો શિરસ્તો પાડવો. આ પ્રમાણે થતાં ખર્ચનો બોજો એક જ કૉલેજના આચાર્ય ઉપર ન પડે તે માટે જરૂર પડે તો સભાઓ વિભાગમાં જુદા જુદા સ્થળે વારાફરતી યોજવાનું રાખવું.

ઉપર જણાવ્યા પ્રમાણેનું મુસાફરી ખર્ચ વિભાગીય યુવક-કલ્યાણ-સમિતિના સભ્યોને યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે, યુવક-કલ્યાણ-સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(યુવક-કલ્યાણ-સમિતિના કાર્યક્રમો અંગેના ખર્ચની વિગતોની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૬૮. તા. ૭-૯-૧૯૬૨ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકના નીચેના ઠરાવને મંજૂરી આપવા બાબત :

"૪ (અ) આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સાલે ઑકટોબરની રજાઓમાં યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના હરીફોને તાલીમ મળે તે માટે વૉલીબૉલની રમત માટે કોચિંગ કૅમ્પ અમદાવાદમાં દસ દિવસ માટે તા. ૧૬-૧૦-૧૯૬૨થી તા. ૨૫-૧૦-૧૯૬૨ સુધી યોજવો અને તે માટે કૉલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષમાં ભણતા અને વૉલીબૉલની રમતમાં આશાસ્પદ ખેલાડી હોય તેવા નીચે દર્શાવ્યા પ્રમાણેની સંખ્યાના હરીફોનાં નામ જે તે વિભાગના પ્રમુખશ્રીની મારફત મંગાવવાં અને કોચ તરીકે શ્રી. સી. એસ. ભાલવાલાને નિયુક્ત કરવા.

૧. અમદાવાદ વિભાગ ૧૨ હરીફો
૨. ઉત્તર-દક્ષિણ વિભાગ ૯ હરીફો
૩. પશ્ચિમ વિભાગ ૯ હરીફો.

"(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે બીજા વિભાગના હરીફોને અમદાવામાં એક દિવસ અગાઉથી બોલાવવા અને કોચિંગ માટે હરીફોને અમદાવાદ આવવાજવાના ત્રીજા વર્ગના રેલ્વે-ભાડાનો ખર્ચ આપવો તથા ૩૦ હરીફોનો જમવાનો ખર્ચ યુનિવર્સિટીએ આપવો તથા કોચને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ભાડું આપવું તથા કૅમ્પના તમામ ખર્ચ માટે રૂા. ૧,૨૦૦ની રકમ મંજૂર કરવી.

"(ક) વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટીની હરીફાઈઓમાં ભાગ લેવા જતી જુદી જુદી રમતો માટેના હરીફોને ભાગ લેવા જતાં અગાઉ એકઠા કરીને શક્ય તેટલા દિવસો કોચિંગ આપવાની વ્યવસ્થા કરવી અને તે માટે નિમાતા કોચને સ્થાનિક હોય તો રૂા. ૫ માનદ્ વેતન આપવું અને બહારગામના હોય તો યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ભાડું-ભથ્થું આપવું.

"(ખ) ઉપર (અ) અને (ક) માં દર્શાવેલ તમામ ખર્ચ કોચિંગ કૅમ્પ માટે મંજૂર કરવામાં આવેલ રૂા. ૫,૦૦૦ની રકમમાંથી કરવાનું મંજૂર કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬૯. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થી તરફથી તેમના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીઓના રિપોર્ટને અનુલક્ષીને પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાની :

નામ	વિષય	પદવી
શ્રી. દેમાંઓકર શ્રીનિવાસ સદાશિવ	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.

(૨) ઑકટોબર, ૧૯૬૨માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો ઉપર સીનિયર સુપરવાઇઝરોની કરેલ નિમણૂકોની;

(૩) જરૂરી ફૂંડિયામણના અભાવે સિલોન મુકામે યોજનારી આંતર-યુનિવર્સિટી ટેબલ ટેનિસ હરીફાઈઓ મોકૂફ રહી છે તેથી તા. ૭-૪-૧૯૬૨ની સિન્ડિકેટની બેઠકમાં સને ૧૯૬૨-૬૩ની

આ હરીફાઈ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવાનું આમંત્રણ આપવાનું મંજૂર કરેલ હતું, તે અન્વયે તા. ૭-૯-૧૯૬૨ની બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકમા તે આમંત્રણ ફરીથી મોકલવા અંગેના કરેલા ઠરાવને આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

(નોંધ.—આ અંગે રૂા. ૫૦૦ સુધીની આર્થિક જવાબદારી વધશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૩. **હાલના પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના અભ્યાસક્રમોના** આં. પ્રી-૧૯૬, આં. પ્રી-૧૬૦ અને આં. પ્રી-૧૬૪ હેઠળ આચાર્યોને, વિદ્યાર્થી સત્રને અંતે વિદ્યાશાખા બદલવા માગે તો તે અંગે મંજૂરી આચાર્ય આપી શકે છે, પણ હવે અભ્યાસ-ક્રમોમાં "ઇન્ટર્નલ ઇવેલ્યુએશન" દાખલ થઈ જે વિદ્યાર્થી ઉપરોક્ત નિરીક્ષાર્ન મર્યાદામાં વિદ્યાશાખા બદલે તેમના ઇન્ટર્નલ ઇવેલ્યુએશનના ગુણ આપવામાં મુશ્કેલી ઊભી થાય તેમ હોવાથી ઉપરોક્ત નિયમો નીચે વિદ્યાશાખા બદલવાની જે છૂટછાટ આપાય છે તે નિયમો રદ કરવાના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર ચર્ચાવિચારણા કરવામાં આવી, તે પછી વધુ વિચારણા માટે સદરહુ બાબત બાકી રાખવામાં આવી.

૬૪. **સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. સી. એલ. શાહના નીચેના ઠરાવ પર અભિપ્રાય આપવા બાબત :**

"આથી સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોએ આગામી દસેક વર્ષમાં પોતાના કાયમી અધ્યાપકો માટે રહેઠાણો બાંધવાં જોઈએ તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી તેમ જ ગુજરાત યુનિવર્સિટી પાસેથી યોગ્ય મદદ કૉલેજોને મળે તે અંગે સિન્ડિકેટ ઘટતાં પગલાં લે એવી વિનંતી છે."

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પોતે આ બાબતમાં આર્થિક સહાય આપી શકે તેમ નથી એવી સ્પષ્ટતા સાથે આ ઠરાવ સેનેટની ચર્ચાવિચારણા માટે મોકલી આપવો.

૬૫. **સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનારા શ્રી. આર. બી. શાહના નીચેના ઠરાવ પર અભિપ્રાય આપવા બાબત :**

"આથી સેનેટની આ સભા, સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ અને બીજી લાગતીવળગતી સમિતિઓને ભલામણ કરે છે કે, યુનિવર્સિટી અને સંલગ્ન સંસ્થાઓમાં ગ્રંથવાચન સુવ્યવસ્થિત બને તે હેતુથી ગ્રંથપાલો માટેનો ડિપ્લોમા અભ્યાસક્રમ રચીને શિક્ષણનું કામ યુનિવર્સિટીમાં શરૂ કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં છે એમ સેનેટને અભિપ્રાય આપવો.

૬૮. સંલગ્ન કૉલેજોના તથા માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર ઉપર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૧-૯-૧૯૬૨ની બેઠકની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૧-૯-૧૯૬૨ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧-૯-૧૯૬૨ની સભાની નોંધની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૮-૮-૧૯૬૨ના પત્રથી મંજૂર કરવામાં આવેલ ઇન્ટેન્સિવ ડેવલપમેન્ટ પ્રોજેક્ટસ મેનેજમેન્ટના અંડ-સમયની અધ્યાપકની ગોઠવણ અમલમાં મૂકી શકી નથી. તેથી આ તક બચવા પેટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન હાલ કોઈ આર્થિક મદદ આપી શકે તેમ હોઈ તે મતલબના તેમના તા. ૩૦-૮-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૮૦. તા. ૧-૯-૧૯૬૨ના રોજ મળેલ સ્થાયી સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૧. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) જૂન ૧૯૬૩ની જોડાણમાન્યતા મેળવવા માટે નીચે જણાવેલ કૉલેજ/સંસ્થાની જોડાણમાન્યતાની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિઓ નીમ્યાના:

ક્રમાંક	કૉલેજનું નામ	વિષયો	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	આર્ટસ અને સાયન્સ કૉલેજ, માંગરોળ	ઇન્ટર આર્ટ્સ અને સાયન્સ માટે ચાલુ જોડાણ; બી એસસી. (મુખ્ય અને ગૌણ) ગણિત; બી.એ. (રૂપે.) ગુજરાતી અને અર્થશાસ્ત્ર; બી.એ. (જન.) ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી, માનસશાસ્ત્ર, સંસ્કૃત અને ઇતિહાસ માટે વધારાનું જોડાણ	(૧) શ્રી. ડી. જી. વશી (૨) શ્રી. પી. જી. માવલંકર
૨.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	બી.એ. (રૂપે.) ઇતિહાસ માટે વધારાનું જોડાણ	શ્રી. એન. બી. નાયક
૩.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ વાણિજ્ય અને બી કૉમમાં બૉકકીંગ અને ઑકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ માટે કાયમી જોડાણ	શ્રી. એસ. આર. મહેતા

ક્રમાંક	કૉલેજનું નામ	વિષયો	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૪.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ વિનયન તથા બી.એ. (સ્પે.) અર્થશાસ્ત્ર, હિંદી અને ગુજરાતી; બી.એ. (જનરલ) માનસશાસ્ત્ર, સંસ્કૃત, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, ફિલોસોફી ગ્રુપ (એ) અને (બી); અને અંગ્રેજી માટે કાયમી જોડાણ	(૧) શ્રી. ડી. પી. ઠાકર (૨) શ્રી. આઈ. વી. ત્રિવેદી
૫.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	બી.એ. (જનરલ) માનસશાસ્ત્ર અને ગણિત; બી.એસસી (મુખ્ય) રસાયણશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિશાસ્ત્ર (ગૌણ); બી.એ. (જનરલ) ગણિત અને બી.એસસી. ગણિત (ગૌણ) માટે કાયમી જોડાણ (નોંધ.—રૂા. ૨૦૦ અનામત પછીથી મોકલવા તેઓએ લખ્યું છે.)	(૧) ડૉ. બી. કે. વૈદ્ય (૨) ડૉ. પી. સી. વૈદ્ય
૬.	સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિ. એન્ડ ટેકનોલોજી, સુરત	એફ.ઈ. અને એસ.ઈ. (સિવિલ, મિકે. અને ઇલે. એન્જિ.) માટે ચાલુ જોડાણ; બી.ઈ. (સિવિલ, મિકે. અને ઇલે. એન્જિ.) માટે વધારાનું જોડાણ	(૧) શ્રી. જી. એસ. દેસાઈ (૨) શ્રી. આર. વી. પંડિત
૭.	સોમનાથ કૉલેજ, વેરાવળ	ઇન્ટર કૉમર્સ માટે ચાલુ જોડાણ; બી.એ. (સ્પે. અને જન.) સંસ્કૃત, તત્ત્વજ્ઞાન અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.એ. (જન.) હિંદી, ઇતિહાસ અને અંગ્રેજી માટે ચાલુ જોડાણ; બી.એ. (જન.) સમાજશાસ્ત્ર અને બી.કૉમમાં (૧) એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, (૨) બૅંકિંગ, (૩) થિયરી એન્ડ પ્રેક્ટિસ ઑફ કૉ-ઑપરેશન માટે વધારાનું જોડાણ	(૧) શ્રી. એમ. એમ. ઝવેરી (૨) પ્રિ. એસ. સી. પાઠક
૮.	રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત	બી.એ. (સ્પે. અને જન.) ગુજરાતી, સંસ્કૃત, હિંદી અને અર્થશાસ્ત્ર; બી.એ. (જન.) મનોવિજ્ઞાન, પર્શિયન ઇતિહાસ, ઉર્દૂ અને અંગ્રેજી માટે ચાલુ જોડાણ	(૧) શ્રી. પી. એચ. ભટ્ટ (૨) શ્રી. રણધીર ઉપાધ્યાય
૯.	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, મોડાસા	બી.એ. (સ્પે. અને જન.)માં અર્થશાસ્ત્ર ગુજરાતી, સંસ્કૃત અને હિંદી; બી.એ. (જનરલ)માં અંગ્રેજી, ઇતિહાસ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન માટે કાયમી જોડાણ	(૧) શ્રી. પી. જી. માવલંકર (૨) ડૉ. પી. એચ. પ્રભુ

ક્રમાંક	કૉલેજનું નામ	વિષયો	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧૦.	ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત	પ્રથમ વર્ષ દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ બી.એ.એમ.એસ. માટે કાયમી જોડાણ	(૧) શ્રી. પી. એમ. મહેતા (૨) શ્રી. એન. આર. દેસાઈ
૧૧.	સંગીત, નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, રાજકોટ	સંગીત, નૃત્ય-નાટ્યના તૃતીય વર્ષ માટે વધારાનું જોડાણ	(૧) શ્રી. એસ. આર. ભટ્ટ (૨) શ્રી. આર. સી. મહેતા
૧૨.	દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજિકલ રિચર્સ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકા	સંસ્કૃત વિષયમાં પી.એચડી. પદવી	પ્રો. આર. બી. આથવલે
૧૩.	વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કૉલેજ, સુરત	ડિપ્લોમા કોર્સ : ૧. લેબર લૉઝ એન્ડ પ્રેક્ટિસ, ૨. ટેક્સેશન લૉઝ એન્ડ પ્રેક્ટિસ માટે વધારાનું જોડાણ	(૧) શ્રી. બટુભાઈ એચ. દેસાઈ (૨) શ્રી. એમ. એસ. પંડત
૧૪.	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ, બીલીમોરા	બી.એસસી.(મુખ્ય) આંકડાશાસ્ત્ર; બી.એસસી. (ગૌણ) આંકડાશાસ્ત્ર અને ગણિત માટે વધારાનું જોડાણ	શ્રી. પી. સી. વૈદ્ય
૧૫.	શ્રીમતી બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત	બી.એસસી. (ગૌણ) ગણિત	શ્રી. એ. આર. રાવ
૧૬.	ઉપલેટા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઉપલેટા	પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.કૉમ, માટે ચાલુ જોડાણ; બી.એ. (સ્પે. અને જન.) હિંદી; બી.એ. (જન.) તત્ત્વજ્ઞાન માટે વધારાનું જોડાણ	(૧) પ્રિ. એમ. સી. દેસાઈ (૨) પ્રિ. એમ. એમ. ઝવેરી

(૨) નીચે જણાવેલ કૉલેજોની સામે દર્શાવેલ વિષયોમાં જૂન, ૧૯૬૨થી જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવા રાજ્ય સરકારને ભલામણ કર્યાના :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષયો
૧.	એમ. બી. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, જામનગર	પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ — તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૩ સુધી.
૨.	સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત	બી.એડ.નાં અભ્યાસ માટે ચાલુ જોડાણ — તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૫ સુધી.

ક્રમાંક	કૉલેજનું નામ		વિષયો
૩.	ભવન્સ કૉલેજ, ડાકોર	...	દ્વિતીય વર્ષ વિનયન અને વિજ્ઞાનના અભ્યાસક્રમ માટે જોડાણ—તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૩ સુધી.
૪.	ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર	...	દ્વિતીય વર્ષ વિનયનના અભ્યાસક્રમ માટે જોડાણ—તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૩ સુધી.
૫.	નેશનલ કૉલેજ, કુમેરનગર	...	દ્વિતીય વર્ષ વિનયનના અભ્યાસક્રમ માટે જોડાણ—તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૩ સુધી.
૬.	પી. ડી. એમ. ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ	...	બી.એડ.ના અભ્યાસક્રમ માટે જોડાણ—તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૩ સુધી.
૭.	વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા	...	દ્વિતીય વર્ષ વિનયન અને વિજ્ઞાનના જોડાણ, તથા બી.એ. (સપ્ટે. અને જાન.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી, ગણિતશાસ્ત્ર; અને બી.એ. (જાન.)માં માનસશાસ્ત્ર, અંગ્રેજી, ઇતિહાસ, સંસ્કૃત; તથા બી.એસસી. (મુખ્ય)માં (આંકડાશાસ્ત્રના વિકલ્પ સાથે) અને બી.એસસી. (ગૌણ)માં ભૌતિકશાસ્ત્ર અને જીવવિજ્ઞાનમાં વધારાનું જોડાણ—તા. ૧૫-૬-૧૯૬૨થી તા. ૧૪-૬-૧૯૬૪ સુધી.

(૩) માર્ચ/એપ્રિલ, ૧૯૬૨માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલ જણાયાથી તે સુધાર્યાના;

(૪) યુનિવર્સિટી ગ્રંથાલય માટેનાં પુસ્તકો બાંધવા માટેના મંગાવેલા ભાવો તપાસીને મે. રાજ એન્ડ કું. તથા પોપટલાલ ચુનીલાલ મહેતાને તે કામ આપ્યાના;

(૫) "ઇન્ડિયન એસોસિયેશન ઑફ સ્પેશિયલ લાયબ્રેરીઝ એન્ડ ઇનફરમેશન સેન્ટર" તરફથી ચંદીગઢ મુકામે યોજાયેલા તા. ૨૮-૯-૧૯૬૨થી તા. ૧-૧૦-૧૯૬૨ સુધીના સેમિનારમાં હાલના ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલને પ્રતિનિધિ તરીકે હાજરી આપવાની પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૯૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. પી. એફ. પંડ્યાનો અજમાયશી સમય તા. ૧૦-૧૦-૧૯૬૨ના રોજ પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત.

શ્રી. પી. એફ. પંડ્યાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી, ઠરાવવામાં આવ્યું કે, શ્રી. પી. એફ. પંડ્યાનો પ્રોબેશનનો સમય વધુ એક વર્ષ લંબાવવો.

૯૬. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૮-૮-૧૯૬૨ની બેઠકમાંનો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની તા. ૨૮-૮-૧૯૬૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઙ" તરીકે સામેલ છે.)

૯૯. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં કામ કરતા શિક્ષકો માટે શિક્ષણકાર્યના વધુમાં વધુ અઠવાડિક "સમયો" નીચે પ્રમાણે રાખવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની સભાની ભલામણ:

૧. લેક્ચરરો	...	ટ્યુટોરિયલ્સ સહિત કુલ ૨૧ "સમયો" જેમાં લેક્ચરોની સંખ્યા ૧૫થી વધે નહિ.
૨. માન્ય અનુસ્નાતક શિક્ષકો	...	ટ્યુટોરિયલ્સ સહિત કુલ ૧૮ "સમયો" જેમાં લેક્ચરોની સંખ્યા ૧૩થી વધે નહિ.
૩. સંશોધનથી પીએચ.ડી.ની પદવી માટેના માન્ય થયેલા શિક્ષકો માટે	...	ટ્યુટોરિયલ્સ સહિત કુલ ૧૪ "સમયો" જેમાં લેક્ચરોની સંખ્યા ૧૦થી વધે નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯૯. ડિપ્લોમા-ઇન-ગાયનેકૉલોજી ઍન્ડ ઑબ્સ્ટ્રેટ્રિક્સમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પદવીદાન સમારંભમાં પદવીપ્રમાણપત્ર આપવાનો પાઠ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પદવીપ્રમાણપત્રનો પાઠ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા પદવીપ્રમાણપત્રના પાઠની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૦૦. યાજ્ઞિક મુકુલચંદ્ર પોપટલાલના ભૌતિકવિજ્ઞાન વિષય પરના પીએચ.ડી. પદવી માટેના તથા મૌખિક પરીક્ષા માટેના નિમાયેલ રેફરીઓના મહાનિબંધ પરના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. યાજ્ઞિક મુકુલચન્દ્ર પોપટલાલે ભૌતિકવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કરેલો મહાનિબંધ સ્વીકારવો; તથા તેમને પીએચ.ડી.ની પદવી માટે પાત્ર ગણવા.

૧૦૨. (૧) કૉ-ઑપરેશન અને (૨) પંચાયતરાજ એ બન્ને વિષયો ઉપર યુનિવર્સિટીની કૉલેજો માટે એક એક આંતર-કૉલેજીય વક્તૃત્વ સ્પર્ધા યોજવા તેમ જ તે અંગે બે "શીલ્ડો" સ્વીકારવા ભારત સરકારના "કૉમ્યુનિટી ડેવલપમેન્ટ, પંચાયતરાજ અને કૉ-ઑપરેશન" મંત્રણાલય તરફથી આવેલી દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ હરીફાઈ યોજવાનું સ્વીકારવામાં આવે તો ઝોરિયા કમિટીઓ દ્વારા પ્રાથમિક હરીફાઈઓ યોજી આંતર-વિભાગીય હરીફાઈ યોજવા સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ "શીલ્ડો" સ્વીકારવા અને આંતર-કૉલેજ વક્તૃત્વ સ્પર્ધાઓ ઝોરિયા કમિટીઓ દ્વારા યોજવાનું રાખવું.

૧૦૪. સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂન વિષયક (Legal) સમિતિની તા. ૧૯-૯-૧૯૬૨ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૭-૯-૧૯૬૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૦૫. બાંધકામ સમિતિની તા. ૪-૯-૧૯૬૨નીં ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૪-૯-૧૯૬૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૧૦૬. યુનિવર્સિટી વિસ્તારમાં "વૉટર સપ્લાય"ની યોજના માટે સને ૧૯૬૨-૬૩ના વર્ષના બજેટમાં રૂા. ૨,૨૫,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા બાબત.

(**નોંધ.**—સને ૧૯૬૨-૬૩ના વર્ષ માટે રૂા. ૭૫,૦૦૦ની અંદાજી જોગવાઈ છે, પરંતુ સિન્ડિકેટે તેની તા. ૩-૩-૧૯૬૨ની સભામાં મંજૂર કરેલ યોજના અને અંદાજી ખર્ચ પ્રમાણે ટયુબવેલ, પંપ, ઓવરહેડ ટાંકી તથા પાઇપો વગેરે માટે રૂા. ૨,૨૫,૦૦૦ની વધારાની જોગવાઈ સને ૧૯૬૨-૬૩ના વર્ષ માટે કરવાની જરૂર છે. આ ખર્ચ "કૅમ્પસ ડેવલપમેન્ટ ફંડ" ખાતે કરવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં વૉટર સપ્લાયની યોજના માટે, સને ૧૯૬૨-૬૩ના બજેટમાં રૂા. ૨,૨૫,૦૦૦ની વધારાની જોગવાઈ કરવી.

૧૦૭. શ્રી. મહેતા રજનીકાંત દશરથલાલના રાસાયણવિજ્ઞાન વિષય પરના પીએચ.ડી. પદવી માટેના તથા મૌખિક પરીક્ષા માટેના નિમાયેલ રેફરીઓના મહાનિબંધ પરના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મહેતા રજનીકાન્ત દશરથલાલે રસાયણવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કરેલો મહાનિબંધ સ્વીકારવો, તથા તેમને પીએચ.ડી.ની પદવી માટે પાત્ર ગણવા.

નીચેની બાબતોની વિચારણા બાકી રાખવામાં આવી :

૧૫. ઇજનેરી વિદ્યાશાખામાં શિક્ષકોની નિમણૂક અંગેના શૈક્ષણિક લાયકાતના ધોરણોમાં નીચે મુજબ સુધારો કરવાના એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની સભાના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

Lecturer :

(1) At least a Second Class Bachelor's degree or a Master's degree (by papers) in the subject concerned; and

(2) Three years' teaching experience in a degree Engineering College or five years' teaching experience in Diploma Engineering institute or three years' Professional experience or a combined teaching experience in a Degree Engineering College or Diploma Engineering Institute and Professional experience for a total period of five years.

or

Corresponding qualification approved by the Syndicate.

Lecturer in Mechanical Workshop Technology :

(1) At least B.E. (Second Class) with three years of workshop and or teaching experience in a Degree Engineering College.

or

(2) B.E. (Pass Class) with at least five years of teaching experience in Degree Engineering College and or workshop experience.

Lecturer in Tele-Communications :

(1) A B.Sc. Degree in at least Second Class with Physics as a special subject plus a Master's or higher degree in Physics with Radio Physics and Electronics as a special subject or at least a Bachelor's degree at least in Second Class in Tele-Communications.

(2) Experience of Electronics and Radio Engineering for not less than three years in Industry or Industrial Research or Broadcasting or Radio Communication or in two or more of these or with three years' teaching experience to degree students in Engineering.

Professors :

(1) At least a Second Class Bachelor's Degree or a Master's degree (by papers) in the subject concerned and at least five years' experience in a position of responsibility, three of which should have been spent on works and two in a Designing office or in a research work or five years as a teacher in an Engineering College, or seven years' teaching experience in a Diploma Engineering Institute or a combined teaching and professional experience of seven years.

or

(2) Corresponding qualifications approved by the Syndicate.

(*Note.*—For subject like Mathematics, English, Geology and Physics the qualifications shall be the same as those which are laid down by the Syndicate for the Arts and Science teachers.)

૧૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની ભલામણ મુજબ આયુર્વેદ વિદ્યાશાખામાં શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગે નીચે પ્રમાણેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

"The following shall be the minimum standard for the appointment of teachers in the Faculty of Ayurvedic Medicine :

(*a*) (1) The minimum general education shall be the passing of S.S.C. or its equivalent examination; and

(2) The teachers must have qualified from an Ayurvedic Institution recognised by the Government, which offers $4\frac{1}{2}$ years' training course.

(*b*) The minimum teaching experience for teachers in the subjects of Ayurveda shall be as follows :

For Lecturers :

Two years' teaching or five years' professional standing.

For Assistant Professors :

Three years' teaching or seven years' Professional standing.

For Professors :

Five years' teaching or ten years' professional standing.

(*Note.*— Teaching experience as contemplated in these rules shall mean teaching experience in an Institution of Ayurveda recognised by Government.)

(*c*) In case of teachers imparting instruction in the subjects of Modern Medicine, the minimum qualifications shall be the same as those prescribed for teachers in the Faculty of Medicine;

(*d*) For appointment to the post of Demonstrator, no teaching experience shall be insisted upon."

૧૭. ટ્યુટોરિયલ્સ માટે વર્ગદીઠ, વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યાની મર્યાદા ૪૦ની રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૨૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની સભાની નીચેની ભલામણો:

૧. ઓર્ડિનન્સ ૨૧૬, ૨૨૩ અને ૨૩૦ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા:

"A candidate who has passed in all subjects but one at the First Year Examination in Engineering and has obtained a minimum of 50% of marks in the aggregate of the remaining subjects other than the one in which he has failed, will be permitted to keep terms and appear for the Second Examination in Engineering, but will not be declared to have passed the Second Examination in Engineering until he has passed in the remaining subject of the First Examination in Engineering."

૨. ઓર્ડિનન્સ ૨૧૭, ૨૨૪ અને ૨૩૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા:

"A candidate who has passed in all subjects but one at the Second Year Examination in Engineering and has obtained a minimum of 50% of marks in the aggregate of the remaining subjects other than the one in which he has failed, will be permitted to keep terms and appear for the Third Examination in Examination in Engineering (Civil, Mechanical or Electrical) but will not be declared to have passed the Third Examination in Engineering until he has passed in the remaining subject of the Second Examination in Engineering."

૨૫. લલિતકળાના ડિપ્લોમાઓ માટે પરીક્ષાઓનું એક સરખું ધોરણ રાખવાના સૂચન સાથે સિન્ડિકેટે એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ નીચેનો ઓ. ૩૬૫-એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની અને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

O. 365-A:

"There shall be an examination by the University at the end of every year or two academic terms for the Three Year Diploma Course called the First Year Diploma Examination, Second Year Diploma Examination and Final Examination for Diploma in (*i*) Dramatics, (*ii*) Music, (*iii*) Painting and Sculpture, (*iv*) Architecture; and (*v*) Dancing, as the case may be."

૩૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી નીચેની વધારાની જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

૧. સમાજવિદ્યા ભવન	...	રીડર-ઇન-ઇકોનોમિક્સ	૧ જગ્યા
		લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સ	૧ જગ્યા
		રિસર્ચ આસિસ્ટન્ટ	૧ જગ્યા
૨. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન	...	લેક્ચરર-ઇન-ઇંગ્લિશ	૧ જગ્યા
૩. મનોવિજ્ઞાન વિદ્યાભવન	...	રીડર-ઇન-એજ્યુકેશન	૧ જગ્યા
		લેક્ચરર-ઇન-એજ્યુકેશન	૧ જગ્યા
૪. વિજ્ઞાન વિદ્યાભવન	...	લેક્ચરર-ઇન-ફિઝિક્સ	૧ જગ્યા
		રીડર-ઇન-કેમિસ્ટ્રી	૧ જગ્યા.

૩૧. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ડેમોન્સ્ટ્રેટર-ઇન-બિઝનેસ મેનેજમેન્ટની એક નવી જગ્યા ઊભી કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૩૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં માસિક રૂા. ૨૦૦ની એક એવી નીચે પ્રમાણે રિસર્ચ ફેલોશિપ સ્થાપવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૧-૮-૧૯૬૨ની સભાની ભલામણ:

વિષય		ફેલોશિપ રિસર્ચની સંખ્યા
ભૌતિકવિજ્ઞાન	...	ચાર
રસાયણવિજ્ઞાન	...	ચાર
વનસ્પતિવિજ્ઞાન	...	બે
મેથેમેટિક્સ અને સ્ટેટિસ્ટિક્સ	...	ચાર.

૩૩. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ મુકામે (૧) અખિલ ભારતીય અર્થશાસ્ત્ર પરિષદ, (૨) અખિલ ભારતીય કૃષિઅર્થશાસ્ત્ર પરિષદ; અને (૩) અખિલ ભારતીય શ્રમ-અર્થશાસ્ત્ર પરિષદ મળનાર હોઈ તેમાં હાજરી આપવા આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા બાબત.

૩૪. અખિલ ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદનું ૩૭મું અધિવેશન પંજાબ યુનિવર્સિટીના આશ્રયે ચંદીગઢ મુકામે આગામી ડિસેંબર માસની તા. ૨૭થી ૩૦ દરમિયાન મળનાર હોઈ આ અધિવેશનમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા મજકૂર સંસ્થાના મંત્રીશ્રીના તા. ૧૭-૭-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૩૫. લખનૌ યુનિવર્સિટીના આશ્રયે, લખનૌ મુકામે અખિલ ભારતીય અંગ્રેજી શિક્ષકોનું ૧૩મું અધિવેશન તા. ૨૮થી ૩૦મી ડિસેંબર, ૧૯૬૨ દરમિયાન મળનાર હોઈ આ

અધિવેશનમાં હાજરી આપવા આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રીના તા. ૧૪-૮-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૩૯. અખિલ ભારતીય વિજ્ઞાન પરિષદનું સુવર્ણ જયંતી અધિવેશન, જે દિલ્હી મુકામે તા. ૩થી ૯ જાન્યુઆરી, ૧૯૬૩ દરમિયાન યોજાનાર છે તેમાં "માનસશાસ્ત્ર અને શૈક્ષણિક વિજ્ઞાન" વિભાગમાં પ્રતિનિધિ તરીકે હાજરી આપવા માટે પોતાને મોકલવા માટે ડૉ. પી. એચ. પ્રભુની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. ડૉ. પ્રભુ માનસશાસ્ત્ર વિભાગના પ્રમુખ ચૂંટાયેલા છે.

૨. તા. ૪-૮-૧૯૬૨ના રોજ મળેલ સિન્ડિકેટે આ જયંતીમાં હાજરી આપવા નીચેના પ્રતિનિધિઓની નિમણૂક કરેલી છે:

(૧) ડૉ. જે. જે. ચિનોય,
(૨) આચાર્ય જે. બી. સાણ્ડલ,
(૩) ડૉ. જે. જે. ત્રિવેદી.)

૪૦. ચંદીગઢ મુકામે તા. ૮થી ૧૦ ફેબ્રુઆરી, ૧૯૬૩ દરમિયાન યોજાનાર "નેશનલ એકેડેમિક ઓફ સાયન્સીઝ"ના ૩૨મા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિયુક્ત થયેલ ડૉ. કે. આર. રામનાથને અશક્તિ દર્શાવેલ હોઈ અન્ય પ્રતિનિધિની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

૪૧. "ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યુશન"નું તૃતીય અધિવેશન કલકત્તા મુકામે તા. ૨૮ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી, ૧૯૬૩ દરમિયાન યોજાનાર હોઈ આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા "ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂશન"ના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૮મી ઑગસ્ટ, ૧૯૬૨ના પત્રાંક પીવાય-કૉમ. ૭-૧૪ પર વિચારણા કરવા બાબત.

૪૩. નવી દિલ્હી મુકામે તા. ૧૭થી ૧૯ ડિસેંબર, ૧૯૬૨ દરમિયાન યોજાનાર "હાઉસિંગ ફિનાન્સ" અંગેના પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા ભારત સરકારના તા. ૫-૯-૧૯૬૨ના પરિપત્રાંક ૧૦ (૩)-૬૦ સોશિયો-ઇકો. પર વિચારણા કરવા બાબત.

૪૪. "ઇન્ટર-નેશનલ કૉંગ્રેસ ઑન ડિસીસીઝ ઑફ ચેસ્ટ"નું આઠમું અધિવેશન તા. ૨૦થી ૨૪ ફેબ્રુઆરી ૧૯૬૩ દરમિયાન નવી દિલ્હી મુકામે મળનાર હોઈ આ અધિવેશનમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા સદરહુ કૉંગ્રેસના પ્રમુખશ્રીના તા. ૧૮-૬-૧૯૬૨ના પત્રાંક ઇન્ટ. કૉંગ્રેસ-૬૩-ઇન્વી-૫૦ પર વિચારણા કરવા બાબત.

૪૫. જયપુર મુકામે આગામી ડિસેંબર માસના છેલ્લા સપ્તાહમાં યોજાનાર "ધી એસોસિયેશન ઑફ ફિઝિયોલોજિસ્ટ એન્ડ ફાર્માકોલોજિસ્ટ ઑફ ઇન્ડિયા"ની વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે સદરહુ સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૪-૯-૧૯૬૨ના પરિપત્ર પર વિચારણા કરવા બાબત.

૪૬. સિન્ડિકેટની તા. ૨૮-૪-૧૯૬૨ની સભાની કાર્યવાહીમાં કામકાજ ક્રમાંક ૨૪ના ઠરાવમાં અનુસ્નાતક ઑર્ડિનન્સો ૩૧૮, ૩૨૦, ૩૨૩, અને ૩૨૪-સી અનુસ્નાતક અભ્યાસને લગતા અન્ય ઑર્ડિનન્સોની સાથે સુધારવામાં આવ્યા છે તેમ દર્શાવ્યું છે, પરંતુ તેમના પાઠમાં કોઈ સુધારો થતો નથી તેની નોંધ લેવા બાબત.

૪૭. ખ્યાતનામ શિક્ષકો તથા તજ્ઞ વિદ્વાનોને અમુક સમય માટે યુનિવર્સિટી યુનિવર્સિટી વચ્ચે અરસપરસ અદલાબદલી કરવા વાસ્તેની યોજના બાબત યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલા તા. ૩-૮-૧૯૬૨ના પત્રાંક એફ. ૧૦-૧-૬૨(જી) પરત્વે વિચારણા કરવા બાબત.

૪૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૩-૭-૧૯૬૨ના પત્રાંક એફ. ૩૭-૨૮-૫૭(સી) અનુસાર આ યુનિવર્સિટી હોમી વર્કશોપની સ્થાપના કરવા અંગે ઉપકુલપતિશ્રીએ નીમેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

૪૯. તા. ૨૮-૪-૧૯૬૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં અનુવાદકોને આપવાના મહેનતાણા અંગેનો નીચેનો ઠરાવ પ્રકાશન વહિવટી સમિતિને ફેર વિચારણા અર્થે મોકલી આપવામાં આવતાં, તે પર સદરહુ સમિતિની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટની તા. ૨૮-૪-૧૯૬૨ની સભાની ભલામણ

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભવિષ્યમાં અનુવાદ માટે મહેનતાણું આપવાના દરની બાબતમાં જુદા જુદા વિષય માટે જે ભેદભાવ રાખવામા આવે છે તે અંગે ફરીથી વિચાર કરવા પ્રકાશન વહીવટી સમિતિને જણાવવું."

પ્રકાશન વહીવટી સમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, હવેથી ભવિષ્યમાં અનુવાદ અંગેના મહેનતાણા માટે અનુવાદિત કૃતિના ½ ડેમી કદના છાપેલા પાના દીઠ રૂા. ૬ના દરે પુરસ્કાર આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ અગાઉ જેમને રૂા. ૫ના દરે પુરસ્કાર આપવાનું ઠરાવ્યું છે, તેમને પણ ઉપરના દરે એટલે કે ½ ડેમી કદના પ્રત્યેક છાપેલા પાના દીઠ રૂા. ૬નું મહેનતાણું આપવું."

૫૧. તા. ૨૯-૬-૧૯૬૨ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"લખાણને જોઈતપાસી જવા માટે છાપેલાં ૪૦૦ સુધીનાં પાનાંની હસ્તપ્રત માટે રૂા. ૧૦૦, ૪૦૦થી ૬૦૦ સુધીનાં છાપેલાં પાનાંની હસ્તપ્રત માટે રૂા. ૧૫૦ અને ૬૦૦થી વધારે છાપેલાં પાનાંની હસ્તપ્રત માટે રૂા. ૨૦૦ના પુરસ્કારનું ધોરણ અપનાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૫૨. યુનિવર્સિટીએ અનુવાદ અંગે કેટલાંક સર્વમાન્ય પુસ્તકો હાથ પર લીધેલ હોઈ તે અંગે તેના મૂળ પ્રકાશકો તરફથી ગ્રંથસ્વામિત્વના અધિકાર મેળવવા માટે જુદાં જુદાં કરારનામાં અંગે વિચારણા કરવા બાબત.

૫૩. નીચે જણાવેલ ત્રણ મહાનિબંધોના અંદાજી પ્રકાશનઅર્ચના ૫૦ ટકા અર્ચ કરવા આપણી યુનિવર્સિટી તૈયાર છે કે કેમ તે પુછાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૮-૮-૧૯૬૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત

૫૫. પોતાની કૉલેજમાં શિક્ષણનું અને પરીક્ષાનું માધ્યમ હિંદી હોઈ પ્રી-યુનિવર્સિટી અને દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રોમાં ગુજરાતી અને અંગ્રેજી ઉપરાંત હિંદીનો પાઠ પણ આપવામાં આવશે એવી આશા વ્યક્ત કરતા ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર (કચ્છ)ના આચાર્યના તા. ૧-૯-૧૯૬૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૫૬. એપ્રિલ ૧૯૬૨માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષાના ફિશિયન વિષયના સમગ્ર ગુણપત્રકમાં કુલ ૧૧ વિદ્યાર્થીઓના ગુણ ઉત્તરવહી ઉપરથી ઉતારતાં ખોટા પુરાવાની ભૂલ બહલ તા. ૨૪-૮-૧૯૬૨ના રોજ મળેલ પરીક્ષા-શુદ્ધિ સમિતિની, પરીક્ષક શ્રી. ડી. એસ. પાઠકજીના મહેનતાણામાંથી રૂા. ૫૫-૦૦ કાપવા માટે અને એક વર્ષ માટે આ યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષામાં પ્રાશ્નિક-પરીક્ષક તરીકે નીમવા નહિ તેવી, ભલામણ પર વિચારણા કરવા બાબત.

૫૭. સને ૧૯૫૬-૫૭માં બી.એ. ની પરીક્ષા માટે રાખેલા સત્રોની હાજરી ખોટી રીતે પુરાવવા માટે સુરતના શ્રી. ઘનશ્યામ એન. પંડ્યા સામે થયેલ ફરિયાદ અંગે વિચારણા કરવા બાબત.

૫૮. ઑક્ટોબર, ૧૯૬૧માં લેવાયેલ બીજી એલએલ.બી.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૭ શ્રી. એચ. એલ. ઓઝાએ સર એલ. એ. શાહ લૉ કૉલેજ અમદાવાદમાં પહેલી તથા બીજી એલએલ.બી. પરીક્ષાના અભ્યાસક્રમ માટે ખોટી હાજરી પુરાવેલ તે બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૭-૪-૧૯૬૨ તથા તા ૧૬/૧૭-૬-૧૯૬૨ની સભામાં સદરહુ વિદ્યાર્થીને એલએલ.બી.ની પદવી આપવી નહિ તેમ ઠરાવેલ તેના અનુસંધાનમાં શ્રી. એચ. એલ. ઓઝા તરફથી સદરહુ બાબતમાં પુનર્વિચારણા કરવાની વિનંતી કરતા આવેલ તા. ૨૩-૭-૧૯૬૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૫૯. યુનિવર્સિટી કાર્યાલયમાં હૉલેરિથ વિભાગ માટે મદદનીશ સુપરિન્ટેન્ડન્ટ માટે ત્રણ વખત જાહેરખબર આપ્યા છતાં નિયત કરેલા લાયકાતના ધોરણે કોઈ ઉમેદવાર મળેલ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—સિન્ડિકેટે તે જગ્યા માટે લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે નક્કી કરેલ છે :
"Matriculate with 5 five years' experience of Hollerith Machine.")

૬૨. સિન્ડિકેટની તા. ૬-૬-૧૯૬૨ની સભાની બાબત ક્રમાંક ૩૨માં સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષપદે કાયમી ધોરણે નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

૬૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિભાગમાં ડૉ. કે. એ. ઝાકર રીડર તરીકે તા. ૧૬-૧૦-૧૯૫૬થી મૂળ માસિક પગાર રૂા. ૫૦૦થી જોડાયા છે અને ડૉ. અસ્લિન

એમ. ત્રિવેદી તા. ૩-૭-૧૯૬૨થી મૂળ માસિક પગાર રૂા. ૭૫૦થી જોડાયા છે. આ બંનેમાંથી સીનિયર કોને ગણવા તે અંગેના રસાયણ વિભાગના પ્રો. બી. કે. વૈદ્યના તા. ૧૩-૭-૧૯૬૨ના પત્ર પર ઉપર વિચારણા કરવા બાબત.

૬૫. યુનિવર્સિટી છાત્રાલયમાં, સિન્ડિકેટના ઠરાવ અનુસાર નિયમિત હાજરી લેવાનું સરળ બને તે હેતુથી, છાત્રાલયમાં "ફેલો" કે "પ્રિફેક્ટ" તરીકે વિદ્યાર્થીને નીમવાની વ્યવસ્થા કરવા, છાત્રાલયના ગૃહપતિ શ્રી. જ. જ. શાહના તા. ૧૮-૭-૧૯૬૨ના પત્રાંક એકા.હો.નં. ૧૨૮-૬૨ પર વિચારણા કરવા બાબત.

૬૬. સિન્ડર ટ્રેકની અંદર આવેલા ફૂટબૉલ ગ્રાઉન્ડ માટે રૂા. ૫,૦૦૦ની રકમની અંદાજી જોગવાઈ સને ૧૯૬૨-૬૩ના વર્ષ માટે કરવા બાબત.

(નોંધ.—આ કામ માટે સને ૧૯૬૧-૬૨ના વર્ષમાં રૂા. ૧૫,૦૦૦ની અંદાજી જોગવાઈ કરેલી હતી, પરંતુ આ કામ અંગે સને ૧૯૬૧-૬૨ના વર્ષ દરમિયાન ફક્ત રૂા. ૩,૨૭૬.૮૦ ન.પૈ.નું પેમેન્ટ થયું હતું અને બાકીની રકમ ચૂકવવાની હોવાથી વર્ષ માટે રૂા. ૫,૦૦૦ની જોગવાઈ કરવી આવશ્યક છે.)

૬૯. એક કૉલેજને પાંચથી વધારે રમતમાં ભાગ નહિ લેવા નિયમ કરવા અંગેના સેનેટના સૂચન ઉપર તા. ૩-૩-૧૯૬૨ની સિન્ડિકેટમાં બૉર્ડ ઑફ સ્પોર્ટ્સનો અભિપ્રાય મંગાવવા કરેલા ઠરાવ અન્વયે તા. ૨૫-૭-૧૯૬૨ની બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકમાં કરેલો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટને જણાવવું કે આ બૉર્ડ આ બાબતમાં સંમત નથી."

૭૨. એપ્રિલ, ૧૯૬૨માં લેવાયેલ એમ.એ. પરીક્ષામાં સંસ્કૃત, વેદાંત તથા વધારાના વેદાંતના પ્રશ્નપત્રમાં સૌથી વધુ ગુણ મેળવનાર કોઈ વિદ્યાર્થી ન હોવાથી ગોસ્વામી વ્રજલાલ મહારાજ સુવર્ણજયંતી પારિતોષિક એનાયત કરવામાં આવ્યું ન હતું, તેથી આ પારિતોષિક માટેના નિબંધ-સ્પર્ધાના કાર્યાલયે સૂચવેલા નિયમો પર વિચારણા કરવા બાબત.

૭૩. ફાર્મસીના અભ્યાસક્રમમાં શિક્ષણના માધ્યમ અંગે ભારત સરકારના આરોગ્ય ખાતા તરફથી આવેલ તા. ૪-૫-૧૯૬૨ના પત્રાંક એફ. ૭-૨૩-૬૨-ડી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૭-૪-૧૯૬૨ની સભામાં ફાર્મસી કાઉન્સિલના તા. ૫-૧૨-૧૯૬૧ના ઠરાવની નોંધ લેવામાં આવી હતી.)

૭૬. એક જ પરીક્ષામાં કેટલાક વિષયો, પ્રશ્નપત્રોના જવાબ અંગ્રેજી અને કેટલાકના ગુજરાતીમાં આપી શકાય કે કેમ તે અંગે કાર્યાલયને થતી પૂછપરછ અંગે શો જવાબ આપવો તે પરત્વે વિચારણા કરવા બાબત.

૭૭. જરૂરી લાયકાત ધરાવનાર વ્યાખ્યાતાઓ નહિ મળવાથી ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઉપલેટામાં કામ કરતા અંગ્રેજીના તથા અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા અનુક્રમે સર્વશ્રી. આર. પી. મહેતા તથા જે. જી. ભટ્ટની કામચલાઉ નિમણૂકને એક વર્ષ માટે માન્ય કરવા વિનંતી કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સર્વશ્રી. મહેતા અને ભટ્ટ બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ધરાવે છે, પરંતુ વ્યાખ્યાતા થવા માટેનાં બે વર્ષનો ટ્યૂટર તરીકેનો જરૂરી અનુભવ ધરાવતા નથી.)

૭૯. અખિલ ભારતીય ગણિત મંડળ (The Indian Mathematical Society)ની ૨૮મી વાર્ષિક પરિષદ જે આંધ્ર યુનિવર્સિટીના આશ્રયે તા. ૨૫થી ૨૭ ડિસેંબર, ૧૯૬૨ના દિવસોએ વૉલ્ટેર મુકામે મળનાર છે, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે સદરહુ મંડળના મંત્રીના તા. ૧-૯-૧૯૬૨ના પરિપત્ર પર વિચારણા કરવા બાબત.

૮૦. પ્રી-યુનિવર્સિટીના નવા અભ્યાસક્રમમાં આવતા વિષયો અંગે જે તે કૉલેજોના લાગતાવળગતા શિક્ષકોને વધુ પરિચય આપી શકાય તે માટે વિવિધ પરિસંવાદો યોજવા વધુ રૂા. ૫,૦૦૦નું ખર્ચ મંજૂર કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટના તા. ૭-૭-૧૯૬૨ના ઠરાવથી ત્રણ વિષયો અંગે પરિસંવાદો યોજવા માટે રૂા. ૫,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવામાં આવ્યું હતું.)

૮૧. ભારતની યુનિવર્સિટીઓની તબીબી વિદ્યાશાખાઓની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન ધ્ન્ડિયન મેડિકલ કાઉન્સિલ દ્વારા જે પર્યવેક્ષણો (Inspection) થાય છે તે સંબંધી આંતર-યુનિવર્સિટી બૉર્ડ તેની તા. ૧૬/૧૭-૨-૧૯૬૨ની સભામાં ચોક્કસ સંબંધો અને ધોરણો નક્કી કરવા જે પેટાસમિતિ નીમી હતી તેના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ ઠરાવ સહિતના પત્રાંક ૧૮૧૫-૧૮૫૩-આર-૫-૬૨-૬૩, તા. ૨-૯-'૬૨ની નકલ સામેલ છે.)

૮૨. શિક્ષણમાં સુધારો કરવા અંગે નીચેના અભ્યાસક્રમના વિષયોમાં, પરિસંવાદ યોજવા જરૂરી ખર્ચ મંજૂર કરવા બાબત:

(૧) ગણિતશાસ્ત્ર-ભૌતિકશાસ્ત્ર,
(૨) રસાયણશાસ્ત્ર-જીવવિજ્ઞાન,
(૩) ભાષાઓ,
(૪) તર્કશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અને શિક્ષણશાસ્ત્ર, અને
(૫) સામાજિક વિજ્ઞાન અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અંગે ઇતિહાસ

૮૩. ગુજરાત યુનિવર્સિટીની બાસિક રૂા. ૨૦૦ની સંશોધન-શિષ્યવૃત્તિ અંગેના નિયમોમાં નીચે જણાવેલ નિયમ અને બાંયધરીની શરતોમાં નીચે જણાવેલી શરતો ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત:

નિયમ નં. ૮

Before claiming the first instalment of the award, the research student will produce a suitable financial guarantee to the satisfaction of the Vice-Chancellor.

શરત નં. ૫

To refund to the University the full amount of the scholarship awarded to me, if I fail to complete my terms or having completed cannot submit my Thesis in the period prescribed under post-graduate Rule No. 18, of this University Hand Book Part II, i.e., within two years of the completion of the required duration.

૮૫. "Scheme of Correspondence Courses and Evening Colleges" એ વિષય પરત્વે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશનના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

૮૬. એકેડેમિક કાઉન્સિલ, પરીક્ષા સમિતિ અને સિન્ડિકેટના સભ્યો જો પરીક્ષક તરીકે નિમાય તો તેઓને પણ બીજા પરીક્ષકોની જેમ આપવાના પુરસ્કાર અંગે બીજી યુનિવર્સિટીની મંગાવેલ વિગતો ઉપર વિચારણા કરવા બાબત.

બીજી યુનિવર્સિટીઓની વિગતો નીચે મુજબ છે :

(૧) મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ—સિન્ડિકેટના સભ્ય જો તેઓ પરીક્ષક તરીકે નિમાય તો તેઓને રૂા. ૧૦૦ માનદ વેતન તરીકે અપાય છે. બીજી સમિતિઓના સભ્યોના પરીક્ષા વેતન અંગે વર્ષમાં રૂા. ૧૦૦૦ની મર્યાદા મૂકવામાં આવેલ છે.

(૨) એમ. એસ. યુનિવર્સિટી, બરોડા—સિન્ડિકેટના સભ્ય, એકેડેમિક કાઉન્સિલના સભ્ય તથા પરીક્ષા કમિટીના સભ્ય જો તેઓ પરીક્ષાને લગતું કામકાજ કરે તો તેઓને આપવાના વેતનમાં બીજા પરીક્ષકો કરતાં કાંઈ જુદી મર્યાદા નક્કી કરેલી નથી.

(૩) સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગર—નં. ૨ મુજબ.

૮૮. પરીક્ષાના કામકાજ અંગે પરીક્ષકોને હાલ આપવાનાં પ્રશ્નપત્રોમાં તથા દૈનિક ભથ્થાનાં દરો વગેરે અંગે તપાસ કરી ભલામણ કરવા માટેની સિન્ડિકેટે નીમેલી સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

૮૯. શારદાગ્રામ ખાતે યુનિવર્સિટી તરફથી ગ્રીષ્મ શિબિર યોજવામાં આવેલો તેના સંચાલકોને બદલ અંગે રૂા. ૧૦૦ માનદ વેતન આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુવક-તાલીમ તથા રમતગમતની તાલીમ વગેરે શિબિરોના સંચાલકોને રૂા. ૧૦૦નું માનદ વેતન આપવામાં આવે છે.)

૯૦. તા. ૭-૯-૧૯૬૨ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, જ્યારે જ્યારે આસિસ્ટન્ટ ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન, શ્રી. એલ. એ. હકુરલે યુનિવર્સિટી આંતરવિભાગીય રમતોમાં રેફરી તરીકે કામ કરવા માટે નિયુક્ત કરવામાં આવે ત્યારે તથા યુનિવર્સિટીની ટુકડી સાથે મૅનેજર-કોચ તરીકે મોકલવામાં આવે ત્યારે તથા તેમને પણ બીજા રેફરીઓને અને મૅનેજર-કોચને અપાય છે તે પ્રમાણે રેલભેાડું તથા ભથ્થું આપવાનું મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

(નોંધ—બીજા રેફરીઓને બહારગામ મોકલીએ ત્યારે આવવાજવાનું પ્રથમ વર્ગનું રેલવેભાડું તથા જવાઆવવાના ખર્ચ પેટે દરેક વખતના રૂા. ૫નું ભથ્થું તથા જો તેઓના જમવાની-રહેવાની વ્યવસ્થા વિભાગ તરફથી કરવામાં ન આવી હોય તો રૂા. ૫નું ભથ્થું આપવાનું ઠરાવેલું છે તથા આંતરયુનિવર્સિટીમાં ટુકડીઓ સાથે જનાર મૅનેજર-કોચને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ભાડું ભથ્થું ચૂકવવામાં આવે છે.)

૯૨. યુનિવર્સિટીના ઇન્ટરનલ ઑડિટર્સ મેસર્સ. રોશન્સ એસ. એંજિનિયર્સ એન્ડ કંપનીના યુનિવર્સિટીના વાર્ષિક હિસાબના સને ૧૯૬૦-૬૧ માટેના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત:

૯૩. યુનિવર્સિટીના હૉલેરિથ વિભાગ માટે વધુ ચાર હૅન્ડ પન્ચીઝ મશીન અને ચાર હૅન્ડ વેરીફાયર મશીન ઇન્ટરનેશનલ કૉમ્પ્યુટર અને ટેબ્યુલેટર (ઇન્ડિયા) પ્રા. લિ. પાસેથી ભાડેથી લેવા બાબત.

(નોંધ.—આ માટે કુલ માસિક ભાડું રૂા. ૩૦૦ થશે.)

૯૪. યુ. પી. આર્ટ્સ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈમાં નિમાયેલ સમાજશાસ્ત્રના થોડા સમયના વ્યાખ્યાતા તરીકેની નિમણૂક આપ્યા કરવા માટે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. બી. એમ. પટેલે બી.એ., બીજા વર્ગથી તથા એમ.એ.(પૂર્ણ સમાજશાસ્ત્ર)ની પરીક્ષા પસાર કરી છે. નિયમ મુજબ બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.

(૨) જોડાણની શરત સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા નીમવાની છે, પરંતુ કૉલેજમાં સમાજશાસ્ત્રના ફક્ત ૧૨ જ વિદ્યાર્થીઓ હોવાથી સપ્તાહ દરમિયાન ૪ પીરિયડ હોય છે તેથી પૂરા સમયના વ્યાખ્યાતા નહિ નીમતાં થોડા સમયના વ્યાખ્યાતા નીમ્યા છે.]

૯૫. (૧) એમ.એ., એમ.એસસીના વર્ગમાં શીખવવામાં આવતા સ્ટેટિસ્ટિક્સ વિષય માટે અનુ. નિયમ નં. ૨૬-એમાં ટ્યૂશન ફી અંગે કોઈ સ્પષ્ટતા ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત; (૨) અનુ. નિયમ નં. ૪૪ અનુસાર, એમ.એ., એમ.એસસી સ્ટેટિસ્ટિક્સ વિષય માટે કેટલી રકમની સબસિડી આપી શકાય તે પરત્વે વિચારણા કરવા બાબત.

અનુ. નિયમ નં. ૨૬(એ) તથા નં. ૪૪ નીચે મુજબ છે :

Rule No. 26 (a) :

The following shall be the tuition fees for post-graduate students and it will be collected by the centres;

Rs. 75/- per term for the Faculty of Arts including Education for subjects other than Home Science and Archaeology, Law and Commerce;

Rs. 100/- per term for the courses in Home Science and Archaeology under the Faculty of Arts including Education.

Rs. 100/- per term for the Faculty of Medicine.

Rs. 125/- per term for all other faculties.

Tuition fees for post-graduate instructions for the Master's degree by papers and also for the Ph.D. degree in faculty shall be the same.

Tuition fees for the students for the M.Sc. and Ph.D. Degrees in Mathematics will be fixed for the Faculty of Arts including Education, i.e., Rs. 75/- per term.

The fees collected shall be retained by the centres and shall be, in addition to such fees, not exceeding Rs. 15/- in the aggregate per term as to the centres may charge for gymkhana, library and other service.

(*N.B.*—To be in force from June 1962.)

Rule No. 44 :

Where a Centre for a subject other than Mathematics under the Science Faculty or for Home Science and/or Archaeology under the Faculty of Arts including Education is instituted; the Centre will be entitled to financial assistance according to the following adhoc basis in respect of the expenditure on Chemicals and other substances incurred by the Centre :

Chemistry per student per year	..	Rs. 300/-
For all other subjects under Science Faculty except Chemistry and Mathematics	..	Rs. 150/-
*For Home Science and Archaeology per student per year	..	Rs. 200/-

These rates shall be applicable in case of students working for the Master's degree. The Institution will be paid at the rate of Rs. 300/- for the Chemicals and other materials used by them. This amount will be payable to the Centre at the end of the year.

This subsidy shall be paid at the end of year by the University on receipt of a certified statement from the Professor-in-charge that the students concerned have worked satisfactorily during the year under payment. No expenditure other than that specifically provided for by the University under relevant rules shall be paid by the University.

This rule regarding financial assistance shall also apply *mutatis mutandis* to recognised Institutions in respect of students working for their Ph.D. Degree.

૧૦૧. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં પીએચ.ડી. વિજ્ઞાન માટે દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીને માટે પ્રી-પીએચ.ડી.ના અભ્યાસ માટે વિદ્યાર્થીઓને દાખલ કરવા બાબત યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

૧૦૨. અનુસ્નાતક ભવનોના વહીવટી તથા હિસાબી કામકાજનું વિકેન્દ્રીકરણ કરવા બાબત.

૧૦૮. "શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. એસ. પંચાલ સાયન્સ કૉલેજ"નું નામ બદલીને "શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ" રાખવાની મજકૂર કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

તે પછી સભાનું કામકાજ સમાપ્ત થયું હતું અને સર્વસંમતિથી, સિન્ડિકેટની ઑકટોબર માસની સભા તા. ૨૦-૧૦-૧૯૬૨ના રોજ રાખવાનું નક્કી થયું હતું.

નં. સિં./૮૪૬૪૨/૧૯૬૨.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ઑકટોબર ૧૮, ૧૯૬૨.
આશ્વિન ૨૬, ૧૮૮૪ (શક).

ક. ચ. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
ફાર્મકોલજ ક્રમાંક ૨૧

M.A.

V. ANCIENT INDIAN CULTURE

R. 28 :

PAPER I

(*a*) Cultural Anthropology

General history of the word 'Culture' — 'Culture' and 'Civilisation' — Definitions — descriptive, historical, normative, psychological, structural and genetic;

The nature of Culture — the components of Culture — distinctive properties of Culture — Culture and Psychology — Culture and Language — Relation of Culture to Society, Individuals, Environment and Artifacts.

(*b*) Pre-History and Proto-History of India

(*i*) *Archaeological Sources.* — Pre-history and Archaeology — wet and dry periods — the Early Stone Industries — the Recent Stone Cultures;

Pre-Harappan Cultures of peasant potters of Makran, Baluchistan and Sindh — Buff-ware and Red-ware Cultures;

The Harappan Civilization — Sites in Pakistan and India — Harappa and Mohanjodaro — Lothal and Rangpur — Town Planning and masonry — Copper and bronze — household equipment — tools and weapons — Arts and crafts — Customs and amusements — Chronology and connections — The time of troubles and the end of the cities;

Rock paintings and engravings:

Stone and Copper Cultures of the Dark age — The Threshold of history and the coming of iron.

(*ii*) *Literary Sources.*— Race movements and pre-historic culture — Dravidian and other non-Aryan races — The Indo-Europeans, the Indo-Iranians and the Indo-Aryans — Aryan Settlements in India;

Puranic traditions from the earliest times to the Bharata-war and from the time of Pariksit to the time of Bimbisara.

Books recommended

1. Kroeber A. L. and Kluckhohn Clyde : *"Culture" — A critical Review of Concepts and Definitions* (Cambridge, 1952).
2. Malinowaski B. : *"Culture", Encyclopvedia of the Social Sciences,* Vol. IV (London, 1911).
3. Shaw, Charles Gray : *"Culture", Encyclopaedia of Religion and Ethics,* Vol. IV (New York, 1911).
4. Eliot T. S. : *Notes Towards ihe Definition of Culture* (London, 1948).
5. Gordon D. H. : *The Pre-Historic Background of Indian Culture* (Bombay, 1960).
6. Piggott, Stuart : *Pre-Historic India* (Harmondsworth, 1950).
7. Mackay E. : *Early Indus Civilisations* (London, 1948).
8. શાસ્ત્રી હરિપ્રસાદ : હરપ્પા ને મોહન-જો-દરો (અમદાવાદ, ૧૯૫૨).
9. Govt. of India, 1950 : *Archaeology in India* (pp. 17–50).
10. Majmudar R. C. (Ed.) : *The Vedic Age,* Chapters X–XV (London, 1956).
11. Pargiter F. E. : *Ancient Indian Historical Tradition,* Chapters I–XV (London, 1922).

PAPER II

An Outline Study of the Ancient Civilisations of the World up to the end of the third Century A. C.

Archaeology and history — Palaeolithic savagery — Neolithic barbarism — the higher barbarism of the Copper age — the urban revolution;

Egypt — writing and decipherment — Chronology — the old kingdom — the middle kingdom — the Hykos domination — the New kingdom or the Empire — the Late period — the Persian period — The Ptolemaic period;

Administration — Society and Economy — Religion — Art and Architecture — Science — Literature and Learning;

The Tigris — Euphrates Valley — Sumer and Akkad — Early history — Sumerian Society — Government — Economy — Art and architecture — Science and education — Religion — Literature — Contributions of Sumer;

Babylonia — Hammurabi — the Kassite domination — Assyrian domination — New Babylonia or Chaldaea — Society — Economy — Religion — Art — Literature — Science — Contributions;

Assyria — History — the Empire fall — Government — Society and economy — Religion — Science — Art and architecture — Literature — Libraries — Contributions;

The Hittites — the Phoenicians — The Aramanians;

The Hebrew kingdom — the Hebrew Religion;

Elam — Media Persia — Early history — Government — Religion — Art — Literature and Learning — Contributions;

China — Early history — Society and economy — Political Institutions — Religion and philosophy — Spread of Buddhism — Chinese pilgrims to India;

Japan — Early history — Religion - Shinto — Spread of Buddhism — Social customs and manners — Literature — Arts and crafts;

America — Ancient people — the Maya culture;

The Aegean basin — Rediscovery of the Brone Age Civilisation — Minoan periods — the Mycenean Age — Society and economy — Politics — Writing — Religion — Art — Contributions;

Hellas and the Hellenes — the Homeric Age — the City states — The rise of Sparta — the Spartan Society — The Rise of Athens — The formative period — The Athenian Empire — the Periclean age — the Macedonian unification of Hellas — the Macedonian imperialism — The Hellenistic age;

Hellenic civilisation — Society and economy — Political theories and institutions — Literature and learning (with special reference to drama) — Religion and philosophy (different theories and systems of Greek philosophy) — the Salient features of the Hellenistic civilisation — Contributions;

